'નવરંગ'ની ૮ માં સાલની ભેટ.

દેલજંગ દલેર.

બ. ન. કાબરાજી.

"નવરંગ"ની ૬ ઠ્ઠી ભેટ.

દેલજંગ દલેર.

એક વારતા.

(ઇંગ્રેજી ઉપરથી)

રચનાર—બહમનજી નવરોજજી કાબરાજી.

"નવરંગ" પ્રીન્ટીંગ પ્રેસમાં
અરદેશર ખરશેદજી દેસાઇએ છાપી પ્રગટ કર્યું.
૨૩૭, બજારગેટ સ્ત્રીટ, કોટ, મુંબઇ.

આવૃતિ બીજી.

ઇ. સ. ૧૯૨૨.

દીબાચો.

(બીજી આવૃતીનો.)

એક બીજી આવૃતીના દીબાચાને કોઇ વિશેષ અગત આપવા જરૂર રેહેતી નથી, અને તેથી માહરે લાંબું કરવું નથી. આ વારતા માહરાં 'પુરસદ'ની સ્થાપના જયારે છેક છોકરવન ઉંમરે, ૪૨ વરસોની વાતપર, મેં કરી ત્યારે ગોહરાં' એ માસીકને માટે મેં ખાસ પસંદ કરી અને લખી હતી, અને 'પુરસદ' જે મોટી વિખ્યાતી અને કીર્તી સંપાદન કરવાને પાછલાં વર્ષોમાં ભાગ્યશાળી થયું છે તે ખરેખર તો એ દીલપઝીર વારતાનાજ પુન પ્રતાપ છે. ત્યાર પછીથી મેં તે પુસ્તક રૂપે બાહેર પાડી હતી, અને તેની જે ૧૦૦૦ નકલો છપાવી હતી તેમાંથી નજદીક ૮૦૦ નકલો તો ટપોટપ, તે બાહેર પડવા પેહેલાંજ, ભરાઇ ગઈ હતી, કે જે ખરીદદારોનાં મુબારક નામ તે જમાનાના રેવાજ મુજબ એ માહરી પેહેલ્લી આવૃતીના પાછલા સફાઓ ભરી ભરીને મેં છાપી રાખેલાં ઘણાંકોએ જોયલાં તેઓનાં લક્ષમાં તાજાં હશે. એવી રીતે તે જમાનાની એ વારતા તે જમાનામાં અજબ જેવી લોકોને ગમી ગઇ અને પ્યારી થઇ હતી-જોકે આજે તે તેટલીજ હદ સુધી લોકોમાં ઉમંગ ફેલાવશે કે કેમ તે એકદમ કહી શકાતું નથી. ત્યાર પછીથી વરસો ગણડયાં છે, અને પારસી

ગુજરાતી સાહીત્ય તે વખતે જે હતું તેથી ઘણું વધારે પગ-ભર થયું છે. ખરેખર, આજના જમાનાની માહરી અનેક વારતાઓને મુકાબ્લે મને પોતાને વટીક આ વારતા હાલમાં હવે થોડીક નબલી લાગે છે એ પ્રમાણીક એકરાર આ પ્રસતાવનામાં હીંમતથી રજુ કરતાં હું જરાએ ખંચાતો કે શરમાતો નથી. અગતકરીને વારતાનું કાચું ને નબલું લખાણ મને ઘ[illegible] શરમાવે છે ને ઘણી રમુજ આપે છે, પણ નજદીક ૪૫ વર-સો પર, માહરાં સ્કુલ કરીયર લગોલગ, એ લખાયું છે તે હું ભુલી જઈ શકતો નથી, અને એક આખા જમાના બાદ હાલ જ્યારે તેની બીજી (ખરેખરતો ત્રીજી) આવૃતી ફરીને બાહેર [illegible]ડે છે ત્યારે તે સુધારીને આજની માહરી એબારત કે શુદ્ધતાથી લખવાને મેં જરાએ દરકાર કરી નથી. હું ઉમેદ કરૂંછ કે આજનાં માહરાં હજારો વાંચનારાં ને મેહેરબાન વખા-ણનારાંઓને એ વારતા તેના કાચાં લખાંણનાં અસલ સ્વરૂપ-માંજ જોવા વધારે ગમશે, અને વારતા તેના જોરદાર પ્લૉટ અને ઉંડી નસીહતમાં માહરી આજ તલકની હજનોબંધ વારતામાં જરા એ ઉતરતી નથી, એટલે નવીન વાંચનારાંઓને મોટા કરૂણારસની એ દીલજીત વારતા કશીજ રીતે નાઉમેદ કરવાની નથી તે વાતની હુ હીંમત સાથે ખાત્રી રાખું છું. એ વારતાની એક હજાર પ્રતો ખપી જવાને વર્ષો થઈ ગયલાં છતાં હું પાછી ને પાછી તે ખરીદી લઇ અત્યાર સુધી રૂ. ૧૦ ને રૂ. ૧૫ નાં મોઘાં દામે સેંકડહેન્ડ વેચતો રહેલો હતો,

અને તે છતાં તેની માંગણી લગભગ હુંમેશની ચાલુ હતી ને છે—એટલે "નવરંગ" માગ્નીકના સાહસીક અધીપતીને એનો આ બીજી આવૃતી માટેનો હક ખરીદી લઈ તે પરવરતાવવાનું જે સુઝ્યું છે તે અમો બંનેના તેમજ શોખીન વાંચનારી આલમના લાભમાં સારૂંજ સુઝ્યું છે એમ હું માનું છું.

માહરી તો અજાયબીજ ભાગતી નથી. આ માસીકો પરવરતાવનારા ગ્રહસ્થોને આવી મોટી, ખરેખરી કીંમતી ને ખરચાલુ ભેટો હર વરસ આપવાનું પોષાતું કેમ હશે, ને એ ભાઈઓ એમ કરીને પોતે કમાઈના ગાંસડા શું બાંધતા હશે તે માહરી અજાએબી છે. આ માહરી લોકપસંદ વારતામાં હક મેં માહરા એ જવાંન મિત્રને ઘણે મોંઘે દામે વેચ્યો છે, અને આવું એક મોટું દળદાર પુસ્તક પ્રગટ કરવા પાછળ આજના કાતીલ મોંઘવારીના ઐયામમાં એમને દીલનું ચાગડું ઉતરી જાએ એવું દામ બેઠું હશે; મગર "બન્યા એસા ભોલા કે લવીંગમે પેસા તોલા!" જેવોજ આ કાંઈક મામલો લાગે છે. માહરો આ નવરંગ્યો ભાઈબંધ એમ તો કાંઈ કાચો પોચો નથી. એ ગ્રહસ્થ બડા ગણત્રીબાજ ને બાહોસ છે તે એ પરથીજ જોવાશે કે "નવરંગ"ની આગમચનાં ઘણાંએક માસીકો ઘાસમોરડુ થઈ ગયાં કે રીબનરાબન જીવે છે, ત્યારે એ ભાઈએ જન્મ પામતાં સાથે "ફુરસદ"નું પુછડું પકડી લીધું, ને આ ગરીબ લખનારની મીસ્કીન મદદ સાથ શરૂઆત

કરી, કુનેહ, કાબેલ્યત ને સીફતથી તેને એવું બચાવી દીધ
કે તે આજે 'પુરસદ'ની લગભગ લગોલગનીજ નામના ભોગવતું
થયું છે! એટલાગાટે "દેલજંગ દલેર" ની આ માહરી
વારતાનો ખરચાલુ સાહાસ એમની ખાત્રીજ હોવી જોઈએ કે
એમને માથે પડવાનો નથી, અને હું એ ભાઇને ફત્તેહ
ચાહું છું.

એકજ બોલ વધારે: આ વારતા ૪૨ વરસો પર પ્રગટ
થઈ ત્યારે તે મેં તે વખતના માહરા જીવેજાન દોસ્ત ડા૦
રૂસતમ રાણીનાને અર્પણ કરી હતી. તે વખતનો માહરે
માટેનો એ ભાઇનો ચાહ અને આ વારતા વાસ્તેનો એમનો
કુમેહ બેહદ વગરનો હતો, મગર પછીથી એ રંગઢંગ બદલાયા
છે, એટલે એજ અર્પણ આ બીજી આવૃતીમાં શામીલ નહી
કરતાં, તેને બદલે, હમણાંજ બેહેસ્ત પામેલાં માહરાં હેતવંતાં
વડાં બેહેન ભાઇ ભીખાઇજી હો૦ પ્રીન્ટરની અશો યાદને
તે અર્પણ કરવાનું મેં વધારે મુનાસેબ માન્યું છે, અને તેમ
કરી છાપાના નીયમનું હું કશુંજ ઉલંઘણ કરતો નથી એવી
માહરે આશા રાખવાની છે.

બ. ન. કાબરાજી,
રચનાર.

ફ્રીઅર રોડ; કોટ.
મુંબાઇ, તા૦ ૧૮-૮-૨૨.

અરદેશર ખરશેદજી દેશાઇના આધિપતિપણા હેઠળ
પ્રગટ થતું માસિક.

'નવરંગ.'

હિન્દુ, મુસ્લિમ અને પારસી કોમમાં એકસરખું વખણાય છે સબબ બે મોટી દિલપઝીર વાર્તાઓ, બે ટુંકી ફાંકડી કથાઓ, સુંદર કવિતા, ઉમદા નિબંધો, ધુમ હસાવનારી રમુજો ઇત્યાદીથી ભરપુર ૭૦ ઉપર સફાનું વાંચન તેમાં દર માસ આવે છે.

વાર્ષીક ગ્રાહકોને આ પુસ્તક જેવું દળદાર વારતાનું પુસ્તક દર સાલ ભેટ મળે છે.

વાર્ષીક લવાજમ હિન્દમાં રૂ. ૪.
" " પ્રદેશામાં રૂ. ૫.

લખો:—

મેનેજર, 'નવરંગ,'
૨૬૭, બજારગેટ, કોટ, મુંબઈ નં. ૧.

દીબાચો.

(આવૃતી પહેલીનો.)

એક નામીચો લખનાર એક ઠેકાંણે કહે છે કેઃ—

"But what strange Art, what magic can dispose
The troubled mind to change its native woes?
Or lead us willing from ourselves to see
Others more wretched–more undone than we?
This books can do: nor this alone; they give
New views to life and teach us how to live;
They soothe the grieved–the stubborn they chastise,
Fools they admonish, and confirm the wise;
Their aid they yield to all; they never shun
The man of sorrow, nor the wretch undone;
Unlike the hard, the selfish and the proud
They fly not sullen from the suppliant crowd;
Nor tell to various people various things,
But Show to subjects what they show to Kings."

અને તે એક નીતિમાન વારતાના બાબમાં કેટલી વધતી હદ સુધી ખરૂં છે તે અમારે સમજાવવું પડવાનું નથી, કાંકે અમને અમારાં વાંચનાર મેહેરબાનીની રાહે કેહુવાને રજા આપશે કે અમોએ અમારી આ વારતા એજ ધોરણે સાચવી

તૈયાર કરી છે. એક ચોપડી—અને અકસર કરીને એક વાર્તાની ચોપડી—એક થાકેલાં મનને આસાએશ અને કંટાળનાં મગજને આરામ થઇ પડે છે, કે જેવો આરામ કદાચ બીજી કોઈ જુગ્તિઓથી મેળવી શકાતો નથી. પણ એક (વારતાની) ચોપડી એ અને એટલોજ લાભ આપે છે એમ નથી. એક સારી ચોપડી શું શું કરી શકે તે જે ઉપલા લખનારે જણાવ્યું છે તે સઘળું, કશી પણ સહુરાગત વિના બોલેબોલ, એક વારતાની ચોપડી માટે ખરૂં છે; પણ તે ખરૂં ઠરાવા કાજે તે ચોપડીમાં જે કાંઈ સમાવામાં આવ્યું હોય તેનો સાર નીતિમાન અને બાનક આપનારો હોવા ઉપરાંત તેનું લખાણ કંગાળ અને કુચા સરખું કે કંટાળો ઉપજાવે એવું નહી હોય તેની લખનારે સંભાળ લેવાની અવશ્ય જરૂર છે, અને અમો કહીયે છીએ જે એ સઘળી સંભાળ લઈ એક વારતા લખનાર તરીકે જાહેરમાં આવવાની આ અમારી પ્રથમ કોશેશમાં બને ત્યાં સુધી ફ-તેહમંદ નીવડવાને અમોએ અમારી અદના કોશેશની સઘળી પુરેપુરી હદ સુધી સઘળું અને બનતું કીધું છે. ગુજરાતી ભાષામાં પુસ્તકોની અને અકસરકરીને વારતાનાં પુસ્તકોની કશી કમી નથી (જોકે અંગ્રેજી સાહીત્ય સાથે સરખાવતાં તેની સંખ્યા નહીં જેવી થઈ પડશે), અને તોપણ નવી નવી

…ારતાની ચોપડી બાહેર પડવે જો ઉપલા નામીચા લખનારે અણીજ બારીકાઈથી વરણુવેલી હાંસલોમાંની સઘળી નહી ને થોડી પણ હાથ કરી શકાતી હોય તો અમો સમજયે છીએ કે તેવાં લખાણો દેશીઓ વચ્ચે જેમ વધુ થાય તેમ આપ-ણુને તેથી નારાજ થવાને કશું નથી. દેશી શોખ વાંચવા લખવાની બાબદમાં હજી ગમે તે પણ ઉધરતો છે, અને તેથી તેઓમાં વિદ્યા સંબંધી અને શાસ્ત્ર સંબંધી અતી ઉપયોગી પણ તુરત વેળા લુખ્ખાં ગણાતાં પુસ્તકોનો પ્રસાર કરવે જેટલી હાંસલની વકી રાખી શકાય તેથી કદાચ વધતી હાંસલ એક વારતાનાં પુસ્તકથી થાય એમ જો અમો કહીએ તો અમને આશા છે જે અમો ભુલ અથવા સહુરાગત કરીએ છીએ એવું માનવામાં આવશે નહીં

"દેલજંગ દલેર" કલ્પીત નામો સાથે એક અંગ્રેજી 'નાવેલ'નો માત્ર સાર ગ્રહણ કરી તૈયાર કરેલી એક ગુજરાતી વારતા છે, અને જો બરાબર બોલીએ તો આ પુસ્તકઆકારે તેની બીજી આવૃતી બાહેર પડે છે. એ વારતા અમારે હસ્તક પ્રસિદ્ધ થતાં અત્રેનાં "ફુરસદ" ચોપાન્યાંની કટારોમાં અમો છેલ્લાં બે વરસ થયા લખતા આવ્યા હતા, અને તે માટે એક અવાજે ઘણા ભારથી જાહેર કરવામાં આવેલી પસંદગીએ આ વારતાને એક પુસ્તક આકારે સામટો દેખાવ

કરવાને કારણ આપ્યું છે. "ફુરસદ"નાં ગ્રાહકોમાં "દેલજંગ દલેર" એટલી તો મનમાનતી અને પસંદ પડતી વારતા થઇ પડી હતી કે એક ખરા ખુલાસા તરીકે અમારાં વાંચનાર અમોને જાહેર કરવાને પરવાનગી આપશે કે તેની તારીફનાં કાગળોપર કાગળો તેનાં છેલ્લાં વરસના હફતામાં અમને મળ્યાં ગયાં હતાં, અને અંતે ખાનગી પત્રોની મારફતે અમને કરવામાં આવેલી ઘણીક એલ્તેમાસોને અનુસરી અમોએ એ વારતા જે કટકે કટકે છપાઈ હતી તેને સુધારા સાથે નવેસરથી એક નવાં પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાને દુરસ્ત જોયું છે.

"દેલજંગ દલેર" એક કળાબાજ લુટારાની વારતા છે, અને તેનાં પાપના પ્રપંચો વાંચનારને નીશંક રસ ઉપજાવે એવા છે. એ વારતામાં અમોએ જુદાં પાડી બે જુદાં જુદાં ચિત્રો દોર્યાં છે, જે માંહે એક બદીનું અને બીજું નેકીનું છે, અને તે બંનેનાં સેવટો અસરકારક રીતે બતાવી આપી દુન્યાદારીનો એક જમાનાના જમાનાથી ચાલુ રહેલો ખરો રવૈયો બતાવી આપવાને અમોએ મેહેનત કરી છે. એક ઇંગ્રેજી વારતામાંથી જેટલું ઘટતું, જરૂરનું અને જોઇતું હતું તેટલુંજ લઇ અમોએ આ અમારી વારતા દેશી શોખને અનુસરતી ઢપે ઘણા મોટા ફેરફારો સહીત ઉપજાવી કાઢી છે,

અને તેટલામાટે અમને આશા છે કે અમારા નુક્તેચીનો ઇનસાફની રાહે અમોને અમારાં પુસ્તકની તપાસથી ઇનસાફ આપશે. કદાચ અમોને અમારાં "નૉવેલ" માટે હજી પછી કાંઈક વધારે બોલવું થશે, માટે અતરે લંબાણ કરવાની ઝાઝી જરૂર જણાતી નથી, તોપણ અમારા આ દીબાચાની સેવટે અમો આશા રાખ્યે છીએ કે અમારાં વાંચનારાંઓ અને અમારા નુકતેચીનો અમારી વારતા આખી વાંચવા તુલક તે વિશે કાંઈ પણ અભિપ્રાય બાંધવાને અને આપવાને થોબશે.

અમને આ અમારાં કામમાં જાહેરમાં ઘણી કીંમતી મદદ થઈ છે, અને તેથી જે સાહેબોએ આગળથી અમારાં ગ્રાહુકોની ટીપમાં નામ નોંધાવી અમને માન આપ્યું છે તેમનો આ તકે ઉપકાર માન્યા વના ચાલતું નથી. પાછલા ભાગ ઉપર અમો તે નામનું લીસ્ટ સદાબરૂં ઉતારીએ છીએ, અને તે માંહે કેટલાક દેશી અધીકારીઓ અને અત્રેના જાણીતા ગ્રાહુસ્થોનાં નામો નજરે આવશે, જે સઘળાઓનાં નામ એક માનને અર્થે મેળવી અમારી આ પેહેલી કોશેશના પાછલા સફા ઉપર સાચવી રાખવાને અમો છાજતી રીતે મગરૂર છીએ, અને એ કેટલાક સાહેબો માત્ર અમારી અકેક ચીઠીનેજ માન આપી અમને મદદ કરવાને બાહેર આવ્યા છે તે ઉપર હેસાંન સાથે અમારો સંતોશ જાહેર

કરવાને ઘણી ખુશી ઉપજે છે. દરેક ઉધરતા લખનારને તેનાં લખાંણનો ગુણ અવગુણ જોઇ વહ્યા કેડે, વાંચનારે આલમ ઘટતો ઇનસાફ આપવાને તૈયાર થાય એ બીલકુલ વાજબી છે, અને તેટલા માટે એ ઇનસાફ મેળવી શકવાનું અને તે ઇનસાફને લાયક ઠડી શકવાનું તેને સાંધન મેળવી આપવાનો કહીએ તો એક ધર્મ આપણી આસપાસના લગાર વગવાલા શ્રીમંત શેઠીયાઓનો છે. તેઓ પોતાની શકિતનાં પ્રમાણમાં દામથી તેમજ પોતાનાં પ્રસિદ્ધ નામથી એક નવા લખનારને સઘળું જોઇતું ઉત્તેજન આપી રસ્તે પાડવામાં મગરૂરી સમજે એ કેળવણીની આંખે જોતાં પણ ઘણું પસંદ કરવા જોગ છે, અને તેથી જ્યારે માત્ર અમારી અકેક ચીઠીને માન આપી કેટલંક વગવાલા ગ્રહુસ્થો અને બાહેરના રાજકીય અધીકારીઓએ અમને ખુશીથી મદદ કરી છે ત્યારે તે ઉપર અમો અમારો સંતોશ જાહેર કરીએ એ વાંચનાર જોશે કે તદન સ્વાભાવિક છે.

આ વારતા સાથ અમને જાહેરમાં ઇનસાફી નુકતેચીનો અને કદરદાંન વાંચનારાઓથી કેવો ને કેટલો આવકાર મળે છે તે જોવાને અમો અતરે થોભીએ છીએ, અને અમારાં "ફુરસદ" ચોપાન્યાંની કટારો મારફતે કટકે કટકે જાહેરમાં દેખાવ કરતાં એ વારતાએ અમને જેટલું મગરૂર થવાને

કારણ આપ્યું છે તેનું અરધું પણ ખુશી થવાને આ બીજી મરતબે તે અમને કારણ આપશે તો અમો અમારી મેહેનત અને હેતુની એકત્ર કદર પીછાંણાયલી સમજી સંતોશ પામીશું, અને તે સંતોશ વચ્ચે એક બીજી વારતાથી અમારાં ગ્રાહકોની બીજી મરતબે જાહેરમાં મુલાકાત લેવાનો સમો અમો દુર સમજતા નથી એવું બતાવવાને પાછલા ભાગ ઉપર આપેલી જાહેર ખબર ઉપર તેમનું નમનતાઇ સહીત ધ્યાંન ખેંચી તુરત વેળા અત્રે રૂખસદ ચાહશું.

બ. ન. કાબરાજી,

બનાવનાર.

નવેંબર, ૧૮૮૩.

અર્પણ.

વાહાલાં બેહેન ભીખાં,

મરહુમ બાઈ ભીખાઈજી હોરમજજી પ્રીન્ટર

જેઓ

અમો પાંચ ભાઈઓ અને બે બેહેનોમાં વડાં બેહેન હતાં, તથા જેઓનાં માહરે માટેનાં અને માહરાં "પુરસદ" અને વારતાઓ તેમજ નાટકો માટેનાં હદ વગરનાં હેતમાં એક બી સહરાગત અમોએ કોઇએ કદી જાણી નથી,

અને જેઓ

૭૦ વરસની બુજોર્ગ વયે શેહેનશાહી રોઝ ગુવાદયઝદ, માહા બહમન અમસાસપંદ, યઝદેઝરદી સને ૧૨૯૧ અને તા૦ ૨૮ મી જુલાઇ સને ૧૯૨૨ ના શુક્રવારની બામદાદે બેહેસ્તમુકામ પામ્યાં છે,

તેઓની

ભલી અશો યાદને

અર્પણ.

બ. ન. કાબરાજી.

હેલજંગ હલેર!

એક વારતા.

પ્રકરણ ૧ લું.

મુસાફરી—લુંટ.

લગભગ પાછલી રાતના ચારેકનો અમલ થવા આવ્યો હતો, અને કંગદઝ શેહેરના એક અતી વેરાન ભાગમાંથી બે ઘોડેસ્વારો મારતે ઘોડે કુચ કરી જતા હતા. આ બંને ઘોડેસ્વારો કાંઇ લાંબા વખતના મિત્રો ન હતા. તેઓની મુલાકાત આ પાછલી રાતની પોતાની મુસાફરી તેઓએ પાછી શરૂ કીધી તે રાત્રે તેઓએ કંગદઝ ખાતેની જે ધર્મશાળામાં ઉતારો કર્યો હતો ત્યાંજ પેહેલી થઈ હતી, અને એકજ જગ્યાએ જવાના હોવાથી બંનેએ દીવસ ઉગવા પહેલાં સાથે નીકલી પડવાનો ઠરાવ કર્યો હતો, જે ઠરાવને અમલમાં લાવતાં આપણે હમણાં તેમને જોઇએ છીએ. આ બે ઘોડેસ્વારોમાં એક કદાવર, ખુબસુરત, ઉંચાં કુલનો અને અમીરી ખવાસનો જવાંન

હતા, અને તેનું નામ નોઝર હતું. તેનો ઉમરાવ બાપ ઘણુંકની વાત પર માત્ર સોખને અર્થે એક સફરે ગયો હતો, જ્યાંથી તે પાછો ફર્યોજ ન હતો, અથવા કાંઈ તેની તરફથી કે તેને વિશે કોઇને ખબર પડી ન હતી, જેથી એવું ધારવામાં આવતું હતું કે તે દરીઆમાં દોહવાઇને મરી ગયો હશે, અથવા કોઇએ તેને મારી નાંખ્યો હશે. એ રીતે પોતાના મુરબ્બી પીતાનાં અચાનક ગુમ થવા પછી નોઝર પોતાના કાકા સાથે રહેલો હતો, અને હમણાં તે કાંઇ કામ સારૂ હોમાવરાન ખાતે જવા નીકલ્યો છે. હોમાવરાન તરફ જતાં કંગદઝ ખાતેની ધર્મશાળામાં તેણે ઉતારો કર્યો, જ્યાં તેનો આ તેની સાથે કુચ કરતા બીજા સોબતી જોડે નહીં ધારેલો મેલાપ થયો હતો. એ બીજો સોબતી તેના જેવો ઉંચાં ખાનદાનનો નબીરો ન હતો. તે માત્ર એક ગરીબ, ભોલો પણ ભલો પેગામચી મુસાફર હતો તે ગામે ગામના પેગામો લઇ જવાની ખેપ કરનારો હતો; અને હમણાં જ્યારે તેને આપણે કુચ કરતો જોઇએ છીએ ત્યારે પણ કાગલપત્રોનો એક મોટો કોથલો તેની કમ્મર આસપાસ મજબુત બાંધેલો છે. એટલા માટે નોઝર જેવા એક કુળવાન જવાંને આવા એક ખેપીઆને પોતાનો સાથી કીધો તેમાં અચરત થવા જેવું કાંઇ નથી. વડાંઓનાં કેહવાં મુજબ "વાત છોડીએ પણ સાથ નહીં છોડીએ" તેમ નોઝરે આ ખેપીઓ કે જે હોમાવરાન ખાતેજ પેહેલાં જનાર હતો, તેની 'સાથ' નહીં છોડવાને દરૂસ્ત વિચારતાં દરજ્જાની નકામી નડને હાલ તુરત બાજુ મુકી હતી. વળી તે જવાંનને રસ્તો પણ પુરો ખબર ન હતો એટલે આ ખેપીઆની 'સાથ' તેને વધારે ગુણકારી માલમ પડી, અને તે રીતે આપણે હમણાં તેમને સાથે કુચ કરતા જોઇયે છીએ. કંગદઝ તેઓ ઘણા વારનું મુકી

આવવાથી પાછલ રહી ગયું છે અને હોમાવરાંન હજી ઘણું દુર રહ્યુ છે. રસ્તો–અમે ઉપર કહ્યું તેમ–તદન વેરાન હતો. બેઉ આજુ-બાજુ ગીચ્ચ ઝાડો આવી રહેલાં હતાં, જે ઝાડોની વચ્ચેથી પેલી પારનાં ખેતરોનો કશો દેખાવ જણાતો ન હતો, અને સેહેજ વાર પછી તઝુ થનાર ખુરશેદનાં તેજદાર કીરણો અંધારી રાતનો શીહા પડદો ફાડી દુર કરી શકયાં ન હતાં—અને તેથી ઝઝખલું અને અંધારૂં સાથે મલી વધારે કદરબીહામનો દેખાંવ કરતાં હતાં. એવામાં જોશબંધ દોડતા તેજી ઘોડાઓના પગની લોખંડી એડનો આજુબાજુનાં ખેતરોમાં ઘણા મોટા સાદે પડઘા પડતો હતો, અને તે કોઈ હીચકારાં દીલને વધારે હીચકારૂં બનાવવા સાંધન થઇ પડે એમ હતું; પણ નોઝર અથવા પેલો પેગામચી એ બેમાંથી કોઇ પણ બીહી જાય એવો ન હતો. કાગળોપર કોઇ લુચ્ચાઓ દરોરો પાડે નહીં માટે પેગામચી પગથી માથાંવેર હથીયારબંધ હતો, અને નોઝર પણ આવી વીકટ જગ્યાએથી ખાલી હાથે કુચ કરવા જેવો અવિચારી જવાંન ન હતો. એમ છતાં સાધારણે એવી એકાદ કદરબીહાંમની જગ્યાઓપરથી મુંસાફરી કરતાં આપણા વચ્ચે આપણી દેખીતી નારાજી છતાં જે વાતચીત જન્મ પામે છે તે ભુત દાકણ અને ચોરચખારનીજ હોય છે, અને તેજ માફક હમણાં નોઝર અને પેલા ખેપીઆ વચે લુચ્ચા લુટારાઓનીજ વાત ચાલતી હતી. જે વેરાન જગ્યાપરથી તેઓ કુચ કરતા હતા ત્યાં કેટલી ચોરી ને કેટલાં ખુન થયાં હતાં, તેનો આ બે મુસાફરો માત્ર વાતચીતને સર હસાબ કરતા જતા હતા,–પણ તેટલો પાછલથી પેલા પેગામચીનાં માથાંપર એક દાંગનો જબરદસ્ત

જરબ પડયો, અને તેથી તે તુરત ગુમરી ખાઇ જમીનપર પડયો. એમ થતાં નોઝરે તુરત પોતાનાં હથીઆરોપર હાથ નાખી પાછલ ફરી જોયું, અને જોકે તે હીચકારો ન હતો તોપણુ પોતા સામે ખુંનથી ચમકતી ચશમો જોઈ તે જવાંન હીમત હારી ગયો. તેણે જોયું કે તેની સાંમે એક નહીં પણુ બે દુસ્મનો તદ્દન હથીઆરબર ઉભેલા હતા, અને તે પેગામચી (તેણે ધારયું તેમ) મુવેલો જમીનપર પડેલો હતો. પેલા દુસ્મનોમાં, વળી તેણે જોયું કે એક તો પીલતન જેવો કદાવર અને ખવીસ જેવા ખવાસનો ખુંનપર ચડેલો કોઈ ચંડાલ હતો, અને તેથી તે પુરી હીંમત હારી ગયો. તેણે જવાન નોઝરે આ સઘળી તાસો ચશમ ફેરવી ધારવામાં આવે તે કરતાં બી અતી ઓછા વખતમાં કરી લીધી. પેલો પેગામચી જરબથી જખમી થઇ ભોંયપર પડયો તે પછી એકજ બીજી પલ--અને નોઝર ઘોડાને એડ મારી પવનવેરે નાહસીને ગુમ થઇ ગયો.

પેલા લુટારૂઓ તેની પુઠે દોડયા નહીં.--દોડવાની તેમની મકસદજ નહીં હતી, તેઓ માત્ર કાગળોનો કોથલોજ લુટવા આવ્યા હતા, અને તેજ પેલા પેગામચી પાસેથી તેઓએ છોડી લીધો, જ્યારે બીજી પલે તે મુવેલો છે યા બેસુદ્ધ થયેલો છે તે કશું બી તેહેકીક કરીને જાણ્યા અથવા જાણવાની દરકાર કર્યા વના તેને અને તેના ઘોડાને ત્યાંજ તે બે હેરેમદો પડતા મેલી પાસેની ઝાડીમાં ભરાઈ ગુમ થઈ ગયા; પણુ આપણે એ રાહગીર લુટારૂઓની પુઠે જઇએ તે આગમચ અમો અમારાં વાંચનારાં જોડે તેમની ઓલખાણુ કરાવાને થોબીશું.

નોઝરે જેને ખુંની ખવાસથી ચમકતી આંખનો ને બાંધાનો કદાવર જોયો તે ખરેખર તેવોજ હતો. તેની ઉમ્મર આસરે ચાલીસેકની હશે. તે જ્યારે ખુંનપર ચઢતો ત્યારેજ કદરૂપો ને કદરબીહાંમનો લાગતો; નહીં ત્યારેતો તે એક મજાહની ખુબસુરતી ધરાવનારો જવાંમર્દ જણાતો. તેનું કપાલ મોટું અને પોહોલું હતું, અને તે આંગે ભરેલો હતો, પણ છેક ચરબદાર કે ફરબે બની ગયો ન હતો. તેનો ખુબસુરત ચેહરો હજી વધારે--ઘણો વધારે--ખુબસુરત દેખાતે, પણ ઘણાં વરસોથી લુટફાટ, દગોફટકો, ચોરીચખારી ને ગલાંફાંસુ ખુંનીનો રખડેલ ધંધો હાથ કરવાથી તેનો ચેહરો ઘણો જર્દ થતો ચાલ્યો હતો. તેનું કાંઇ એક ઘર ન હતું. તે શેહેરે શેહેરનાં લોકોને પોતાના બુરા પેસાથી તોબા પોકરાવતો એક ઘણોજ પાકો અને પરાકરમથી ભરેલો લુટારો હતો, અને શેહેરે શેહેરનાં લોક તેના નામથી થથરી પડતાં હતાં. સત્તાવાલાઓને તે હંફાવતો અને હઠાવતો હતો. તે તેમની સત્તાનો જાહેર ઇનકાર કરતો, અને જો કોઇ વાર તેમના હાથપર પકડાતો તો ગમે એવાં બંદીખાનાંમાંથી તે કલાબાજ ચોર છુટી નાહસી સત્તાવાલાઓને માહાત કરી લોકોને અચરત કરતો!

એવો તે એક જબરો જોરેમંદ લુટારૂ હતો, અને એવા એક લુટારાનાં ચાલીસ વરસ પછીનાં કરમોની કાંહાણી અને કરણીનો રસદાર કીસ્સો અમો અમારાં વાંચનારાં આગળ મુકવા માંગે છીએ. તેનું નામ 'દેલજંગ' હતું, અને તેના કહયા અથવા માંગ્યા વગર તેની કળા અને હુસ્યારીપર હેરત રહી લોકોએ તેને 'દલેર' નો માનભર્યો એલકાબ આપ્યો હતો, માટે તે "દેલજંગ દલેર" નાં નામે બોલ-

ખાતો હતો; 'દેલજંગ' કાંઈ એનું ખરૂં નામ ન હતું. એનુ ખરૂં નામ તો સોગાદ કરી હતું, પણ તે નામને પોતેજ નાપસંદ કરી એણે 'દેલજંગ'નું વધારે વજનદાર નામ ચાલુ કર્યું હતું. અને વળી દેલજંગના પેલા સાથીનું નામ દારાબ હતું. તે કાંઇ તેના જેવો જબરો જોરાવર કલાબાજ લુટારો ન હતો. તે તો એક હીચકારો, પતલો—આશરે ૪૫ વરસનો અઢોર પુરૂશ હતો. તે સત્તાવાલાથી બીહીતો ફરતો હતો—જ્યારે દેલજંગ સત્તાવાલાનો ખરાં જીગરથી તુચ્છકાર કરતો હતો! પણ વાંચનાર પુછશે કે ત્યારે એવા એક નબળા અને પોતાથી તદન ઉલટા ગુણના આસામીને પોતાનાં પરાક્રમ વચ્ચે આમેજ કરવાની દેલજંગની શી મતલબ હશે? મતલબ કશી નહીં, પણ દારાબ એ દેલજંગનો બચગીનો વફાદાર મિત્ર હતો, અને કુત્રો પોતાના ધણીના ધાક વચ્ચે તેને ચાહે તેમ દારાબ એ દેલજંગને ચાહતો હતો, જ્યારે તે વફાદાર સાથીના ચાહનો ઇનકાર કરવા જેવું માણસ દેલજંગ હતો નહીં. તેણે દારાબને પોતાની સંફમાં લઈ તેને પોતાની ઘણીક રાહ રસમોથી જાણીતો કીધો હતો, અને તોબી દારાબ પોતાનાં ખુદરતી હીચકારાંપણાંથી હમેશનો ઘણો પછાત પડેલો હતો.

એવા એ લુટારાઓ દેલજંગ અને દારાબ હતા, અને તેમના જોડેની આપણી આ ઓળખાણ પછી આપણે તેમને પેહેલ્લાં ટપાલના કોથલાપર ધાડ પાડતા જોયા છે. કાગળોમાં તે વેળાએ નાદર રકમો બીડી મોકલવામાં આવતી હતી તે હાથ કરવાના હેતુથી આ લુચ્ચાઓએ કાગલોનો આખો કોથલો લુટી લીધો હતો. અને પોતાની આ નવી ફત્તેહપર ખુશીથી મુછમાં હસતા હવે એકાંત રસ્તો શોધવા તેઓ ઉતાવલે કદમે આગલ વધે છે.

પ્રકરણ ૨ જું.

નવી શોધ-નવો ઠરાવ.

ઝાડ પાન અને ઝાડી ઝાંખરાંઓથી ગુંચવણમાં નાખતા ગીચ રસ્તા ઉપર રાહ આપતા અને ઝાડોપર રેહેઠાણ કરી પડેલાં જંગલવાસી પક્ષીઓ અને કોતરોમાં વસ્તાં સસલાં અને હરણોને પોતાના ભારી પગનાં શાંત વખતે પડતા મોટા પડઘાના સાદથી જાગરૂત કરી તેમની સલામતીની શંકાથી હેરાનગતીમાં નાખતા તે બંને જાણીતા લુટારૂઓ—દેલજંગ અને દારાબ—પેલા લુટેલા કાગળોના કોથલા સહીત બેધડક આગલ વધ્યા, અને એક એકાંત જંગલમાં જ્યારે તેઓ જઇ પુગ્યા ત્યારે દેલજંગ કોથલો બાજુએ ફેંકી દવથી બોંજાયલાં મોટાં ઘાસમાં બેશી ગયો, જેની સોડમાં તેના બીકીકણ સાથી દારાબે જગ્યા લીધી. અમોએ કહ્યું તેમ દારાબ ઘણો હીચકારો હતો. તેનામાં તેના જોરેમંદ સાથીથી સઘળા બીલકુલ ઉલટાજ ખવાસો હતા, અને તેથી તે દર પલે કોઇ સિપાહો પુઠે આવે છે કે નહીં તે જોવાને ચોપાસ નજર નાંખીને દેલાવર દેલજંગને ખુબ ચીડ ચહડાવતો!

"એ હીચકારા," બેઠા પછી દારાબને ત્રીજી વાર પોતાની પછવાડે ધાસ્તીની નજર નાંખતો જોઇને દેલજંગ પોકાર મારી બોલ્યો, "હોસ પકડ. બીહીવાનું શું છે? આપણને કોણનો ડર છે? અપણને કોણથી બીહીવાનું છે? કયો જબરદસ્ત દુશમન હું જંગીને જેર કરનાર છે?"

'અરે હારે યાર," દારાબે પોતાને છાજતાં બીહીકણુપણાંથી કહયું, "પણ ખોદાયજી ખેર કરે ત્યારેની ?"

ખોદાયજી ખેર કરે એ દારાબનું એક પ્યારામાંપ્યારૂં વાકય છે,-બલ્કે એ તેનાં દરેક વાકયનો દીબાચો છે. દરેક વાકયની શરૂઆતમાં અને શરૂઆતમાં નહી તો અંતે પણ ઘણુંકરીને તે એ બોલવાને વીસરતો નહીં, અને એ વાકય સાંભળતાં દેલજંગ જેટલો કંટાલતો તેટલો તે બીજાં કશાંથી કંટાલતો ન હતો.

દેલજંગે હવે પોતાની લુટની તપાસ લેવા માંડી, અને કોથલાનું મોં ઉઘાડયું કે પેહેલુંજ પત્ર ખેંચી કાઢી તે ઉખેડી જોતાં તેણે ખુશીથી આંખ ચમકાવી. "દોસ્ત દારાબ," તે બોલ્યો, "સગન તો સારા છે! આં એકજ કાગળમાં આઠ હજાર દેરમની નાદર રકમ બીડાઇ છે!"

"ત્યારે દલદર ફીટયું તો ખરૂં, દોસ્ત," દારાબે ખુશાલી બતાવી, "પણ ખોદાયજી ખેર કરે ત્યારેની ?"

"ચુપ રહે હેમક," દેલજંગે પાછો ગુસ્સો બતાવ્યો, પણ બીજીજ પલે કાગળોમાંથી બીજી ઘણીક કીંમતી રકમો મલી આવતાં તેનો ગુસ્સો ઉતરતો ગયો. એ રીતે તે નાણાંની તલબમાં દરેક કાગળ ઉખેડી જોતો, અને જે નકામાં જણાતાં તે વાંચીને તે તુરત ફાડી નાંખતો ગયો, પણ એમ કરતાં એક કાગળ—જેમાં રૂપીઆ પઇસા જેવું કશુંજ ન હતું તે જોઇ ન ધારેલી રીતે દેલજંગનાં ભેજાંમાં એક જુદોજ વિચાર આવ્યો, અને તે વિચારની મતલબથી અમો અમારાં વાંચનારાંઓને વાકેફ કરીએ તે પેહેલાં તે કાગળમાં શું એવું લખેલું છે તેજ જોઇએ:-

"નસરઆબાદ, શેહેર ગુલરંગ.

"મેહેરબાંન સાહેબ,—

ગઇ પરમદીને અમોપર તમો તરફથી આવેલા એક રૂકાને માન આપી અમો નીચે સહી કરનારા તમારા સેવકોએ તમો સાહેબપર આપણા વહીવટ અને કારોબારનો ખાનગી પણ ખરો હસાબ રવાના કર્યો હતો, પણ અમોને એમ લાગે છે કે તમો શેઠ જોડે આપણા ધંધા સંબંધી જોઇતી વીગતવાર પરપુછ કરવા અને તમારી તરફવાલાઓની પેહેડીની આવક જાવકનો એક ખરો આંકડો મેલવવા અમો તરફથી એક અમારા આડતીયાને તમો તરફ રવાના કરવાની જરૂર છે. એટલા માટે અમારા ભાગીદાર અને શરીક જવાંન આતબીનને તમો તરફ અમો આ ચાલુ માસની આખેરી પેહેલાં રવાના કરશું. તે ગ્રહસ્થ આપણાં કામ જોગાં કાગજ્યાં સાથે લેતા આવશે, માટે કાગળપત્રો કરતાં અરસપરસ રૂબરૂ વધારે ખાત્રીબર ખુલાસાઓનો જલદી નીવેડો આવશે એવી આશા છે. એ અમારા દોસ્ત અને આડતીઆની સારી મદારત કરશો એવી ઉમેદ છે. એ ગ્રહસ્થને જો કશી અડચણ નહીં નડશે તો કંગદઝ ખાતે લગાર કામ છે તે કરી આજથી બરાબર વીસ રોજ પછી તેઓ તમારી તરફ આવવા ઉપડશે તે જાણજો. તસદી દરગુજર.

લી○ તાબેદાર,

મેહેરનોશ અને આજર."

"હો! હો!" દેલજંગ એ કાગળ પુરૂ કરતાં દારાબ કે જે દેલજંગનાં ખભાં ઉપર ટીંગાઇને વાંચતો હતો તેના હાથ ખભાંપરથી

કાઢી તેને જમીનપર પટકતાં ખુશીનો કુદકો મારી ઉઠી ઉભો થઇ બોલ્યો, "દોસ્ત દારાબ, આતો વળી વખતોજ સદ્દર બીલ્લુ હાથ આવ્યો! જો એમ આવ. આ કાગળ નશ્નરઆબાદનાં ગુલરંગ શેહેરમાંથી નાણાંના બે મોટા વેપારી નાણાવટીઓએ શબેસ્તાન નામનાં મોટાં શેહેરના એક અસપંદીઆર નામના બુઢા પણ ઘણા તાલેવંત વેપારી આડતીઆ ઉપર લખેલો છે. હું એ સર્વને ઓલખું છું. કેમ, હવે શું કરવું તે સમજ પડેછ?"

ગરીબ બચારો દારાબ! તેને કશું સમજણ પડયું નહીં. તેણે માત્ર એટલુંજ ધાર્યું કે એ તો ખોદાએ ખેર કીધી, અને તેને નહી સમજી શકવાની ઇધાંણીમાં પોતાનાં બેસી ગએલાં દાચાંનું મોં લગાર ઉંધારુ મેલી અચરતીમાં ચુપ ઉભેલો જોઈ તેનાં સાથીએ વધારે ખુલાસાથી બોલવા માંડયું.

"જો સમજ," તેણે કહયું; "એ કાગળમાં જણાવ્યા પ્રમાણે જે આડતીઓ આજથી વીસ દીવસ પછી એને મકાને જવા નીકલ-વાનો છે તેને બદલે તેને નામે અને તેને કામે હું પોતે આજથીજ તેને ઘેર જાઉં છું. મારા હાથમાં વીસ દીવસો છે અને એ વીસ દીવસમાં હું હજારો રૂપીઆની તેને ઘેર તેનુંજ ખાઇને સાહુકારી ઉઠલપાઠલો અને ગઠલમઠલો કરી નાખશ! હા–હા–હા–" અને હયાં તે ખુશાલીથી હસી પડયો.

"પણ ત્યારે હું?" દારાબે દધાઇને પુછયું.

"તું? તું મારી સાથેજ રેહશે. હું તુંને એક મારા મિત્ર તરીકે લેતો જવશ, અને પોતાના ભાગીદારોના એક માનવંત આડતીઆ

૧૦૦૯૪

આતબીનના પુરાણા રફીકને તેઓ ઘણી ઇજ્જત અને બોંહસભરેલી ખુશીથી પોતાનાં ઘેરમાં રાખશે !"

"વાહ !" દારાબે ખુશી બતાવી, "ત્યારે તો ચાંપવાની બી મજાહ પડશે."

"હા, પણ દારાબ," દેલજંગે ગંભીરાઇથી કહયું, "તપાસજે હો, ચુક નહીં થાય. આજથી હું દેલજંગ તેમ તું વળી દારાબ બી નથી."

"શું હું દારાબ નહી ?" દારાબે ઘણી અચરતીમાં પુકારયું. "ખુદા ખેર કરે રફીક, એ શું કહોછ ?"

"બુબખ !" વળી દેલજંગે લગાર તાતો થઇ બુમ પાડી, "તું દારાબનાં નામે તે મોટાં ઘેરમાં કેમ આવી શકે ? એ નામથી તું મારા સાથી તરીકે ઓલખાયલો છે તો પછી એ તારૂં નામ શક નહીં પેદા કરે, ને શક સાએટી નહીં ઉભી કરે ? હવે આપણે ભપકા-ભરેલા પોશાકો પેહડી ચાલુ મુકશું, પણ જો તપાસજે હો, તારી મોહકાનમાં હું નહી ફશું. તારા ખુદા પાસ તું ત્યાં પણ ઘડી ઘડીએ ખેર કરાવતો ના, નહીં તો હું કોઇ વાર ચીડમાં આવી ખેર તો નહી પણ તારો ખુરદો કરી નાંખશ; તપાસજે. અરે પણ આ શું ?" દેલજંગે એક બીજા કાગળનું શરનામું વાંચી ચોંકીને તે બાહાર ખેંચી કાઢતાં કહયું, "આ તો પેલા આપણા નામને નામોશી લગાડનારા હીચકારા લુટારા ખુશનવાઝના દસ્કત ! એ શું લખે છે ?" અને એમ બોલતાં દેલજંગે તે કાગળ વાંચ્યું, જે પછી તે બીડીને ગજવાંમાં મુકતાં બોલ્યો, "એ બી ઠીક છે. એ ખુશનવાઝે શમુસ્તાંન શેહેરથી

થોડેક દુર એક એકાંત જગ્યામાં કોઇ ઘોડા રાખનારા નામે નરીમાનની ઉપર કાંઇક લખ્યું છે. આ નરીમાન બી કોઇ આ કાગળપરથી લુચ્ચાનો પીર જણાય છે, અને આપણને લુચ્ચાઓ સાથેજ કામ છે, માટે એ કાગળ એનું ઠેકાણું જાણવા સાથે રાખેલું કામનુંજ છેઃ પણ એ દારાબ, દાચું વકાસીને દેહેકાંનીની પેઠે મારા ભણી ટીકયા શું કરે છ? ચાલ, ચાલવા માંડઃ પણ આજથી તું દારાબ નથી હો. હું મેહેરનોશ અને આજરનો તાલેવંત આડતીઓ અને કીરતીવંત રફીક આતબીન છું, અને તું મારો માનવંત દોસ્ત તાલેવંત ઉમરાવ ગજદોહમ છે. શું સમજયો? ત્યારે ઉમરાવ ગજદોહમ, હવે ચાલવા માંડો" અને એમ કેહેતાં તે બંને લુટારાઓએ પોશાકો બદલવા અને બુઢા અસપંદીઆરને ઘેર જઇ તેની સામે એક ભયંકાર કાવતરૂં ચલાવી તે બુઢાનો બુઢાપો રદ કરવા, ના–તેનાં ઘેરમાં ખાતર પાડી ખાનાખરાબી કરવા હવે ચાલુ મુકયું!

ખચ્ચીત, એકાંતવાસમાં પણ એક સોબતીની કેટલી જરૂર છે? આપણે જોયું કે દારાબ દેલજંગને કશાં કામનો ન હતો. તે સાંમો ઘડી ઘડીએ ખુદા પાસ ખેર કરાવતો દેલજંગને ચોખ્ખો માથે પડેલો હતો, અને તોબી તેને દેલજંગ પોતાની સાથે રાખે છે બલ્કે ચાહે છે તે સૌ શા માટે? એટલાંજ કારણથી કે પોતાના એકાંતવાસ વચ્ચે પોતાને મોં હીલવવાને તે એક સાથી થાય. સાથીના સધ્યારા જોર હોય છે. તદન એકાંતવાસ વચ્ચે ગમે એવા બુબખ સાથીમાં પણ સુખ અને દીલાસો છે, તો દેલજંગ એ દારાબ જેવા બચગીથી સાથે ઉછરેલા હીચકારા પણ વફાદાર દોસ્તને મુકી બીજાને કયાં શોધવા જાય?

પણ પેલાં કાગળો? પેલાં બાકીનાં કાગળો? વાંચનાર પુછશે કે તેનું શું થયું? તેઓ ત્યાંજ પડી રહયાં. દીકરાદીકરીઓની માતાઓ અને મોહબતભર્યા ભરથારોની ઓરતો, બાપના બેટાઓ અને બેટાઓના બાપો, ગરીબો અને તાલેવંતો, લુચ્ચાઓ અને સદ્દગુણીઓ એ સર્વે પોતે આતુરતાથી વાટ જોયલાં કાગળો માટે તવલતાં રહયાં, જયારે તે કાગળો તેમને હાથ જવાને બદલે પવને ક્યાંનાં કયાં બારેવાટ કરી નાખ્યાં!

પ્રકરણું ૩ જું.

નવી પીછાણો—નવા દોસ્તો.

હવે દેલજંગ અને દારાબ હજી રસ્તામાં છે તેટલાં એ તાલેવંત નાણાવટી અસપંદીઆર અને તેનું કુટુંબ, કે જેમને લુટવાની મકસદથી પેલા લુચ્ચાઓ આવે છે તેઓની સાથે અમો અમારાં વાંચનારાંની ટુંક ઓલખાણ કરાવીશું.

શબેસ્તાન શેહેરમાં વસ્તી બોહોલી હતી. એ શેહેર વેપારનું મોટું મથક હતું, પણ જ્યાં બુઝોર્ગ અસપંદીઆર રહેતો હતો તે મોહલ્લો ઘણી ગીચ વસ્તીનો ન હોવાથી ત્યાં કાંઇ ઘણી આવ-જાવ ન હતી. એ મોહલ્લામાં ગરીબ કરતાં તવંગરોની ઉંચી હવેલીઓ વધતી જોવામાં આવતી, જેથી એ રસ્તાપર ઝાઝી ગડબડ જેવું હતું નહીં.

એ અસપંદીઆરનું મકાન પણ ઘણું કુશાદે હતું. એ મકાન એક મેહેલ સરખુંજ હતું. તેને ચોપાસ ફરતો એક ચોગાન બાગ હતો, જે બાગમાં તરેહવાર જાતની ફુલફલાદી અને ફુલ પાણોની પેદાશ હતી. બાગમાં એક મોટો ફુવારો હતો, અને ત્યાં તરેહવાર જાતનાં પરંદાં આવી પાણીમાં અછાડ પછાડની રમુજો કરી જોનારની આંખને ખુશ કરતાં હતાં.

અસપંદીઆર પોતે એક ૫૫ વરસનો ડોસો હતો. તેનો કુબીલો કાંઇ મોટો નહીં હતો એટલે ઘરની તેને ઘણી જંજાલ નહી હતી, પણ તોબી તે પૈસા સંઘરવાની હમેશ મેહનત કરતો. બેશક, અમો એમ કેહતાં અમારાં વાંચનારાંને એવું નથી સમજાવા માંગતા કે તે કંજુસ હતો; લેશ નહીં. તે શોખીન જીવનો બુઢો પોતાનાં ગણુત્રીનાં વ્હાલાં-ઓને સુખ દેખાડવામાં મોજ માની લેતો, ને તે મોજને ખાતર પૈસા વેરવાને તે કશીએ આંચકી ખાતો ન હતો. પોતાનાં વ્હાલાંઓનાં સુખમાં તો તે પોતાનું સુખ માનતો. તે કદે પાતલો અને કમ્મરે લગાર વલેલો હતો. તેનાં દાચાં બેસી ગએલાં હતાં, તેનાં કપાલપર કરચલીઓ ચઢેલી હતી, અને તેના બાલ પાકી ગયા હતા. એવો એ અસપંદીઆર પોતે હતો, અને લગભગ તેના જેવીજ તેની 'વ્હાલી' (બાએડી) હતી. જેમ અપસંદીઆર તેણીને ચાહતો હતો, તેમ તે બુઢી તેને ઓછા પ્યારથી ચાહતી હતી નહીં, પણ વળી એ બુઢી કોઇ ઉંચા ખાનદાનની દીકરી ન હતી. અસપંદીઆરના વડવાઓ જ્યારે અમીરી ખાનદાનના હતા, ત્યારે સોદાબે—અસપંદી-આરની સ્ત્રી—ના વડવાઓ બધા બુરજીગર હતા. સોદાબે એક બુરજી-

ગરની બેટી હતી, પણ અસપંદીઆરે પોતાની જવાંનીમાં તેની ખુબસુરતીપર મોહી પડી તેને પોતાની મોહોરદાર બનાવવાને ઇચ્છાવાથી પોતે સ્વતંત્ર હોવે પોતાના પૈસાને જોરે તેને પોતાની ઇચ્છા સફળ કરવામાં કશી મુશ્કેલી પડી હતી નહીં. એમ છતાં સોદાબેની ખુબસુરતી જેવી તેણીની અકકલ નહીં હતી, અને વરસોની ભરતી થવે તેની ખુબસુરતી જોડે તેની અકકલની પણ ઓટ થતી ચાલતી હતી. હમણાં અમો જ્યારે તેણીની અમારાં વાંચનારાં જોડે ઓલખાણ કરાવ્યે છીએ ત્યારે રાતનો સમો છે, અને તે પોતાના ખાવંદ જોડે ખાનાંપર બેઠેલી છે! પણ એ ખાનાંપર એઓ બેજ જણાં નથી. કોઇ ત્રીજુંબી છે. એ ત્રીજુ કોણ છે? એ–એ ચંદ્રમુખી સુંદરી કોણ છે? અસપંદીઆરને કશાં છોકરાં થયાંજ નથી ત્યારે એ કોણ? એ કોણ કે જે અસપંદીઆર અને સોદાબેની સોડમાં ભરાઇ ખુશ મીજાજે વાત કરતી, હસતી, અને હસાવતી, બોલતી અને બોલાવતી અસપંદીઆરનાં ખાનાંમાં ભાગ લે છે? એ કોણ છે?

એ અસપંદીઆરના એક બેહસ્તનશીન ભાઇની અતી ખુબસુરત પણ કમબખ્ત માબાપ વગરની નાવારેસ બેટી છે. 'માબાપ વગરની ને નાવારેસ' અમે કહયું? ના, અમે ભુલ કીધી. તેનાં માબાપ મરી ગયાં હતાં–તેણીની બચગીમાંજ–તે બે ચાર મહીનાની હતી ત્યારેજ તેના પીતાએ તો આ જેહાંનને છેલ્લી સલામ કરી હતી, અને તેની માતા પણ તેણીને વરસનીજ કરવા પામી હતી, તોબી તેમનાં મરણ પછી એ છોકરીને પોતાની કરી લેનાર-પોતાની દીકરીની પેઠે ચાહનાર, ખવાડનાર પીવાડનાર, સુખી કરનાર અને તેનાપર દુઃખનો જરા પણ

'ઓલો' નહીં પડવા દેવાને અતી આતુરતાભરી કાલજી ધરાવનાર તેનાં બીજાં પ્યારભર માતપીતા તે બુર્જોર્ગ અસપંદીઆર અને જેરૂ સોદાબે હૈયાત છે. તેઓએજ એને કેળવણી આપી હતી. સર્વ ગુણ જ્ઞાને સંપુર્ણ એવી એ નમાની, ગરીબ અને ભલી છોકરી પરીન–આપણી વારતામાં હવે પછી આપણને ઘણો રસ ઉપજાવનાર એ જવાંન નાર જેટલી ભલી, જેટલી નેક, અને જેટલી રાંક હતી તેટલી તે ખુબસુરત હતી. આપણાં મોટાંમાએ કહે તેમ 'ચાલે તો ઓલા પડે,' ને 'પાણી પીએ તો ઘાંટીમાંથી ઉતરતું દેખાય' એવું તેણીનું સુંદર સ્વરુપ હતું. તેણીની ઉંમર હમણાં વરસ અઢારેકની હશે. સોદાબેમાં તે બીજી માતા અને અસપંદીઆરમાં એક બીજો પીતા તેણી જોતી હતી. અને તેણીથી અસપંદીઆરનું કુટુંબ ખલાસ થતું હતું. અસપંદીઆર, સોદાબે અને પરીન એજ અસપંદીઆરનું કુટુંબ હતું, અને તેથી મોટાં કુટુંબની મોટી ખટપટ વગર તેઓ સુખી હતાં. તેમનુ મકાન ભારે સણગારથી સોભાવેલું હતું, અને હાલ આપણે ઉપર કહયું તેમ તેઓ પોતાપર આવતાં વાદલથી બેખબર ખાનાંપર બેશી ખુશખુશાલીભર્યાં વાતો રાબેતા પેઠે કરતાં હતાં. પણ તેટલાં બાહારનો દરવાજો જોરથી ઠોકાયો. સર્વેએ ખાનાપરથી હાથ ખાંચ્યા. તેઓ જમી તો રહયાંજ હતાં, એટલે આ કારણથી વધતી ઉતાવલથી ખાનાંપરથી ઉઠયાં. જુદે જુદે રસ્તે ત્રણ નોકરો દરવાજાપર મોડેથી રાતને સમે અને અસાધારણ વખતે ખખડાત થતો સાંભલી દોડી પોંહોંચ્યા. બીજીજ પલે એક નોકર અસપંદીઆર પાસ આવ્યો, અને નમીને ખબર કરી કે બાહાર દરવાજાપર કોઇ બે આબરદાર ગ્રહસ્થો

આવીને ઉભા છે, અને એકે પોતાનુ નામ મેહેરનોશ અને આજરવાલી મોટી પેહેડીના આડતીઆ આતબીન તરીકે જાહેર કીધું છે.

"આતબીન!" અસપંદીઆર અચરતીથી પુકારી બોલ્યો; "આવી રાતને સમે આતબીન હયાં! કેમ થયું હશે? પણ જે હોય તે; કાંઇ અગત્યનું કામ હશે, ને તેમાં મારી તાકીદની સલાહ જોઇતી હશે, માટે દાખલ કર તે શેઠને સીતાબ!"

નોકર દરવાજાપર દોડયો.

હવે આ બે આબરૂદાર શેઠીયાઓ કોણ છે તે કેહેવાની અને તેમને અમારાં વાચનારાં જોડે કાંઇ ઓળખાવી આપવાની અગત છે? કશીએ નહીં. થોડા વારમાં નોકર નમીને એક મોટાં દીવાનખાનાંમાં મકાનના માલેકો-ત્રણ જણ-એકઠાં બેઠાં હતાં, ત્યાં તે આબરૂદાર ગ્રહસ્થોને દાખલ કરી ખસી ગયો. આ આબરૂદાર ગ્રહસ્થો (?) બંને ઘણાજ ભપકાભરેલા પોશાકમાં સજ્જ થઇ આવ્યા હતા. પેહેલો છાતી કાઢી આગળ ચાલતો હતો; બીજો બીહીકથી પેહેલાની કોર કઢણે ભરાતો તેની પછવાડે તેના ડગલાની કોર પકડી ઘસડાતો હતો, અને ડગલે ડગલે પોતાના મનમાં ખોદાએજી પાસ ખેર કરાવતો હતો! પેહેલો પોતાના ભપકાભરેલા પોશાકમાં શોભી રેહતો, ત્યારે બીજો તેના ભપકા વચ્ચે "ઓય-ખલીર-ઉંચકી-જાય" તેવો દેખાવ કરતો હતો.

"માફ કરજો હો શેઠ," દેલજંગે દાખલ થતાં વાર બાનુઓને નમી અસપંદીઆરસે મુલાકાત કરતાં માફ માંગવા માંડી; "માફ કરજો હો કે આવી રાતને સમે—"

"અરે શેઠ, શેઠ," બોલા અસપંદીઆરે તેને પ્યારથી આવકાર દીધો, "એવું શું બોલોછ ? ચાહો તે વખતે ઘેર તમારૂંજ છે !"

"સાહેબની લાયકી કહો છો," દેલજંગે ભપકામાં નમીને કહયું, "પણ ખચ્ચીત મને માફ માંગવાની અગત છે કે છેક–"

"તમે બી અડગરા છેઓ દે–દે–દેલ–અરે આતબીન !" દારાએ દેલજંગના કાનમાં ભમરડો ગુમાવ્યો; "ના કહે તોબી માફ માંગવાની ઓહસ તે કેવી કરવાની ?" પણ તુરતજ કોઇ નહી જુએ તેમ દેલજંગે તેને ડોલા કાઢી ચુપ કરી નાંખ્યો.

"હું આજે સાંજેજ છેક મોડેથી આ શેહેરમાં આવ્યો," દેલજંગે સર્વનાં બેઠા પછી પાછું બોલવા માંડયું; "અને તરતને તરતજ તમો શેઠની મુલાકાત કરવાને દુરસ્ત જોવે પાધરો અત્રેજ આવ્યો."

"ઘણી મેહેરબાંની, ઘણીજ મેહેરબાંની," અસપંદીઆરે ઘણી મમતાથી કહયું; "તમારી મુલાકાત માટે હું જાબજા ખુશ છું."

"હું તો તમોને ચેતાવીનેજ આવનાર હતો. મેં વીસ દહાડા પછી નીકળવાને એક કાગળબી લખાવ્યો હતો," દેલજંગે હસી હસીનેજ વાત :સપર ચઢાવી, "પણ પછી વિચાર ફેરવ્યો તેથી હવે તે કાગળ હું પોતેજ હયાં મારી સાથે લેતો આવ્યો છું."–અને એમ કેહેતાં મેહેરનોશ ને આજરની સહીનું આતબીન વીસ દીન પછી અસપંદીઆરની મુલાકાતે આવશે એમ જણાવનારૂં જે કાગળ અમે ઉપર રજુ કર્યું છે, અને જે પેલા કોથલામાંથી કાઢી લેઇ દેલજંગે પોતાની પાસે રાખ્યું હતું તે હસ્તે ચેહરે તેણે અસપંદીઆરના હાથમાં મુકયું, જે હસ્તેજ ચેહરે લઇ તેણે પોતાના ખીસામાં મુકયું.

"એ આપે શેઠ કોણ ?" અસપંદીઆરે તે પછી દારાબને બતાવી હસ્તે ચેહરે પુછયું.

"હું પેહેલેથીજ ઓલખાણ કરાવાને વીસરી ગયો, માફ કરજો," દેલજંગે હસીને કહયું. "એઓ મારા એક પુરાણા અને જાંની મિત્ર છે. મોટા ઉમરાવ છે, સાહેબ. એઓની દોસ્તીને માટે હું મગરૂર છું. બાંનુઓ, એઓ જરાક શરમાલ છે ને ઘણું બોલતા નથી, પણ ઘણા કાબેલ ને અકલે પુરા છે. એઓનું નામ ઉમરાવ ગજદોહમ છે. એઓ મારી સાથના સાથ રહેછ."

સૌ દારાબને આ નવી ઓળખાણ કાજે નમ્યાં, અને દારાબ પોતે પણ વાંકો ટીકો અને કાંઇ આડો અટાડો થઇ તેના જવાબમાં પાછું નમ્યો.

"તમો સાહેબ કયાં ઉતરેલા છો ?" અસપંદીઆરે પુછયું.

"અત્રેનાં મોટાં ઉતારખાનાંમાં," દેલજંગે જવાબ આપ્યો.

"પણ જગ્યા કાંઇ સારી નહીં," દારાબે ટાહુકો પુર્યો.

"અરે પણ ત્યાં શું કરવા ?" સોદાબેએ સલાહ આપી; "આપણું મકાન નથી ?"

"અરે હા, લાખ વખત!" અસપંદીઆરે ટેકો આપ્યો; "દોસ્તો મારૂં મકાન તમારૂંજ છે—નહીં, ના ના પાડો. હું નાએ સમજવાનો નથી. મને ચાહતા હશો તો પંદર વીસ દહાડા મારાં ગરીબ મકાનમાં રહી મને માન આપશો."

"ઠીક છે, સાહેબ. તમો બોંહસ કરોછ તો તમારો સુખન માથે ચઢાવ્યો," દેલજંગે પોતાને જોઇતો હતો તેવોજ જવાબ આપી અસપંદીઆરને ખુશી કીધો.

હવાં અરસ પરસ ઓળખાંણ પીછાંણો પુરી થઇ, અને પછી પોતાના પ્યારા કાકા તરફથી ઇશારો થતાંજ સુંદર પરીન ઉઠીને શરાબનો શીશો અને જામ લેઇ આવી, જ્યારે દારૂની ખુમારીમાં અવાર નવાર બીજી ગપસપો ચલાવ્યા બાદ દારાબ અને દેલજંગે રજાચાહી, અને જતી વેળાએ બીજેજ દને પોતાના સરસામન સુધ્ધાં અસપંદીઆરનો 'સુખન રાખવા' તેનાં આલીશાંન મકાનમાં 'પાંચ દહાડા' આવી વસવાને, અને ત્યાંર પછીજ સઘળી કામ અને ધંધા સંબંધી વાતો કરવાના વિચારો કરીને તેઓ છુટા પડયા.

પ્રકરણ ૪ થું.

એક તડાકો.—"એ કોણ"

બીજી સહવારે દેલજંગ જે ઉતારૂખાનાંમાં તેઓ ઉતર્યા હતા ત્યાં કોઇ બીજું જાગી ઉઠે તે પેહેલાં ઉઠયો, અને ઉઠતાંને વાર બુમબરાડા કરી ઉતારૂખાનાંનાં નોકરોને ધભરાવી માર્યા. આખું ઘેર જાગી ઉઠયુ, અને એક નોકર બીહીતો ધ્રુજતો તેના ઓરડામાં દોડી આવ્યો.

"ચંડાલ!" તેને આવતો જોઇ તેના આંગપર ધસી તે પોકાર મારી બોલ્યો; "આએ શું મોહોકાન? રાત્રે ક્યાં ચોર આવ્યા! મારા બે હજાર ને ત્રણસો પચાસ દેરમ ક્યાંથી જતા રહયાછ?"

નોકર બીચારો દબાઇ ગયો. તે પાવલી ચોખા સમાય એવું દાચું વકાસી અચરતીમાં દેલજંગને ટીકતો ઉભો રહયો. તેણે લગભગ પોતાનો આખો જન્મારો આ ઉતારૂખાનાંમાં નોકરી કીધેલી હતી, અને છચોક ઉઘાડે બારણે સુવા છતાં કોઇ દીવસ કોઇની અરધી ગએલી તેણે જાણી ન હતી, અને આજે—કોઇ દહાડે નહીં ને આજેજ પેહેલી વાર આવી મોટી ચોરી થએલી સાંભળી તેની અકકલ હેરત રહી, અને જ્યાં સુધી દેલજંગે ઘણાજ ખીજવાટનું ડોલ ઘાલી તેનાં વકાસેલાં દાચાંમાં એક નળલી જેવી મુકકી મારી નહીં ત્યાં વેર તેની શુદ્ધ ઠેકાણે આવી નહીં!

"દોડ—અરે નીકલ," દેલજંગે પાછા પોકાર માર્યો; "તારો શેઠ કયાં મુવોછ?—બોલાવ તેને!"

નોકર હવે થોભ્યો નહીં. તેને પછવાડેથી કોઇ ખવીસ ખાવા આવતો હોય તેમ તે આંખ મીંચીને હેઠલા ખણમાં પોતાના શેઠ આગલ દોડયો. બીચારો શેઠ તે હકીકત સાંભળી પોતાના નોકર કરતાં ઓછો હેરત રહયો નહીં. તે બીજીજ પલે ચચાર ફાંડીએ ચઢી દેલજંગ પાસ જઇ ઉભો, ને દેલજંગે તો બસ તેનો તોતોજ પીસવા માંગ્યો. "ગુનેહગાર!" તેણે પોકાર કર્યો, "તારૂં મકાંન આબરૂદાર જાણી મેં ક્યાં વાસો કીધો, તો તું આબરૂદાર પહરોણાઓના માલ મત્તાની

આવીજ ચોકાસી રાખેછ કે? બોલ! મારા હઢી હજાર દેરમ ક્યાં ગયા? કોણ ખાઇ ગયું?"

ઉતારૂખાનાંવાલો બીચારો ધ્રુજવા પડ્યો. "શેઠ!" તે માનથી નમીને બોલ્યો, "જરા આસ્તે બોલો–હું એ વાત કાંઇ જાણતો નથી. તમારો સાદ સાંભળી મારા બીજા પહરોણાઓ ચોંકશે અને તેઓ મારૂં મકાન છોડી જશે તો માહરાં ઘરનો સાખો પડશે અને હું અને મારાં કમબખ્ત બચ્ચાં રવડી મરશું!"

"તારાં બચ્ચાં મરે કે તું મરે તેનું અહીં કોણને કેહવા આવ્યો?" દેલજંગે દમ કસ્યો; "તેથી શું મારી આવી મોટી રકમ હું ખોહી દેવશ કે? હું જાઉંછ હમણાંજ મારા મેહરબાંન રફીક અસપંદીઆરને ઘેર ને તેને––"

"નહીં, નહીં, શેઠ," ઉતારૂખાનાવાલો કગલવા લાગ્યો, "ખુદાને ખાતર એ ચોરીની વાત ઉઘાડી નાં પાડો. મારાં મકાનમાં આજ સુધીમાં ચોરીનું નામ ન હતું, પણ હવે મારાં હીનભાગ્યે–તેમ થયુંછ તો તમો શેઠની ખોટ હું ખુશીથી ભરી આપશ."–અને હયાં તે બીચારો હાથ મારવા પડ્યો.

"ઠીક છે," દેલજંગે તાણમાંજ કહયું; "મને તો કોઇ બી રીતે મારૂં નાણું મલે એટલે બસ. જા, તારાં મકાંનની આબરૂને ખાતર એ વાત બહાર નહીં પાડશું."

લાંબુ કરવાની અગત નથી. એટલુંજ કે દેલજંગની લુચ્ચાઇનાં ને ઉતારૂખાનાંવાલાની ભોલાઇનાં પરીણામ તરીકે લગભગ અઢી હજાર દેરમની નાદર રકમ દેલજંગનાં ગજવાંમાં ઘર બેઠાં ચાલી

આવી, અને ઉતારૂખાનાંવાલાએ પોતાનાં મકાનની આબરૂ વિશે અવાજ ઉઠવાથી સદા સુધીની રોટલી ખોહી બેસવાની ધાસ્તીને લીધે એ મોટી ખોટ ખુશી સાથે ખમી!

"દોસ્ત દારાબ," દેલજંગ આ સઘળી ધાંધલ નરમ પડવા પછી દારાબને પોતાના ઓરડામાં દાખલ થતો જોઇ હસીને બોલ્યો, "તુને ખબર કે? આપણે તો એક બીજો સીકકો બજાવ્યો!"–અને ઉપલા અઢી હજાર દેરમની હરામની આવક વીશેની પોતાની લુચ્ચાઇ તેણે તેને કહી સંભળાવી, પણ દારાબે તેને ટુંકમાં 'ખોદા-એજીની ખેર'ની યાદ આપી અને બોલ્યો, "દોસ્ત દેલજંગ, અત્યાર સુધી તો સૌ સરંજામ ઉતર્યું છે, પણ હવે પછી ખોદાએજી ખેર કરશે કે?"

"હેમક, વળી તું બીહી ગયો?" દેલજંગે હીંમત આપી; "હવે બીહીવાનું શું છે? ખુશી થા, દારાબ ખુશી થા! હવે આપણું નસીબ ખીલે છે. બુબખ અસપંદીઆરના મેહલ સરખાં મકાંનમાં હવે આપણે અએશ કરશું, અને પારકે પૈસે ધુમ મચાવશું!"

"હા, પણ મારી ગરીબ માદર!" દારાબે હવાં પોતાની એકલી પડેલી એક ગરીબ બુઢી માને યાદ કીધી. "તે બીચારી વાટ જોશે. રફીક દેલજંગ, હું એકલો પડુંછ ત્યારે આપણી સઘળી મોજ શોખ છતાં મને તે ઘણી યાદ આવેછ."

"બૈરાંઓને યાદ કરવાનું બાયલાઓનું કામ છે," દેલજંગે ઇનકાર કીધો; "એવાં બચ્ચાં જેવા વિચારો હજી તું મુકતોજ નથી, દારાબ?"

પણ હયાં તેગની વાતમાં ખલલ પડી. અસપંદીઆર પોતે તેમને પોતાનાં મકાનમાં બાઆબરૂ લઇ જવા અતરે આવ્યો, અને દેલજંગ અને દારાબે તેની જોડે ચાલુ મુકયું.

"દોસ્તો," બુઢો અસપંદીઆર જતાં જતાં હરખ સાથ બોલ્યો, "આજે મારાં સદાનાં શાંત મકાનમાં પહેરાણાંઓની ખુશીભરી ગડબડ સડબડ છે."

"એટલે સાહેબ ?" દેલજંગે અચરતીથી પુછ્યું.

"હા–એટલે ? સાહેબ ?" દારાબે દેલજંગની નકલ કીધી.

"એટલે !" ભોલા અસપંદીઆરે ખુશીથી હસતાં કહયું; "એટલે કે આજે તમે બે નામવરો ઉપરાંત એક બીજો બી પ્યારો પહેરાણો મારે ત્યાં આવનારૂં છે !"

"અને તે ?" દેલજંગે સવાલ કીધો.

"તે મારા એક ઘણાજ મેહેરબાન મરનાર દોસ્તનો દીકરો થાએ-છ," અસપંદીઆરે જવાબ આપ્યો. "દોસ્તો, તે મારાં મકાનમાં તમારી માફક આજે પેહેલોજ આવતો નથી. તેની અમારાં ઘરમાં ઘણી આવજા છે. તેણે ઘણી મુસાફરીઓ કરેલી છે. તેને મુસાફરી-નો બચગીથીજ શોખ હતો, ને હમણાં બી તે એક મુસાફરીથીજ પાછો ફર્યો છે. દોસ્ત આતબીન, ઉમરાવ ગજદોહમ, તે ખાલેસ દીલ જવાનસે તમો જેવા મોટા ગ્રહસ્થોની ઓળખાંણ કરાવતાં મને ખરેખર ઘણીજ ખુશી પેદા થશે."

મેહેરનોશ અને આજરની પેઢીના આડતીયા જવાંન આત-બીન (દેલજંગ) અને તેના 'એક ઉમરાવ મિત્ર ગજદોહમ' (દારાબ)

એઉ જણ ઉપલા સુખનો સાંભળી નમ્યા, અને અસપંદીઆરે આગલ ચલાવ્યું. "એ મારો નવો પહરોણો મારી બેટી (ભત્રીજી) પરીન પર કુરબાન છે, પણ હું નથી ધારતો કે તેને તે પોતે પસંદ કરતી હોય."—અને અસપંદીઆર પોતાની ભોલાઇના ભડાકા એ રીતે મારીં ગયો હોત, અને હજી વાત આગલ ઘણી લંબાવત, પણ તેને વખત મલ્યો નહીં, કારણ કે તે ઉપલું બોલી રહયો નહીં, તેટલાં ઘર આવ્યું.

હવે દેલજંગની અને દારાબની અસપંદીઆરનાં મકાનમાં કેવી ઉત્તમ પ્રકારની મહારત થઇ તે વિસ્તારવાની અતરે અગત રહેતી નથી. તેઓ બનેને માટે પુરતા સણગાર સાથે મકાનના માળ ઉપર એ જુદા જુદા ઓરડા તૈયાર કરાવવામાં આવ્યા, અને તેઓની દરેક સગવડ સચવાય એવી ગોઠવણો કરવામાં આવી; પણ અફસોસ, આ સઘળી મેહરબાંનીભરી મહારત અને મેહેનતનો કેવો ઘાટકી બદલો બુઢા અસપંદીઆરને મળનાર હતો!

દેલજંગને અમોએ અમારી વાર્તાનાં પેહેલાં પ્રકરણમાં અમારાં વાંચનારાંઓ જોડે ઓલખાવતાં તેનો ચેહરો ઘણો ખુબસુરત જણાવેલો છે, અને એ ચોર દગાબાજ હતો એમ એટલે સુધી વારતા જણ્યા પછી ફરીથી ઉમેરવાની અગત નથી. હવે તેથી રૂપ અને કળા એ બંનેનાં ભેગાં બલથી દેલજંગે બચ્ચાં જેવી નિરદોશ પરીનનું મન હરી લીધું. તે તેની આગલ બેસી ઘણીજ સભ્યતાથી અને અદાથી તરેહવાર અક્કલ હોશયારીની વાતો કરતો, અને જે સાફ સુંદરીએ પોતાના પ્યારા કાકાના એક દોસ્તના એક-

પુરા બાહોસ બેચનો હાથ નાપસંદ કર્યો હતો તે અફસોસ કે આ ચંડાલ સુટારાની જબાંદરોજીનો ભોગ થઇ પડી!

ખાનાંનો વખત થયો.

તરેહવાર જાતના સોહરમદાર સ્વાદીષ્ટ પકવાનોની અસંખ્ય રકાબીઓના ચીકાર ભરાયેલા ભાર તલે ખાનાંની ટેબલ જાણે બચી પડતી હોય તેવું લાગતું હતું, અને એવાં એક નામીચાં ખાનાંની ખુદા અસપંદીઆર પોતાના તાલેવંત મેહેમાનોને જેટલા દીવસ તેઓ તેનાં 'ગરીબ મકાનમાં' રહી તેને 'માન આપે' તેટલા દહાડા રોજ જીઆફત આપનાર છે!

સઘળાં ખાનાંપર બેઠાં, પણ તેટલાં દરવાજો જોરથી ખખડયો: કોઇ આવ્યું. એ વળી કોણ?

બીજીજ પલે જમવાના ઓરડાનું બારણું ઉઘડયું, અને એક નોકરે ખુદા અસપંદીઆરના મરનાર રફીકના દીકરા નોઝરને નમીને ઓરડામાં દાખલ કર્યો. પણ અરે, તે ઓરડામાં આવતાંજ ચોંકયો, અને ચોંકીને પાછો હઠયો! દેલજંગ બી ફીકકો પડયો, પણ તે એકજ—માત્ર એકજ પલ. તુરત બીજીજ પલે તે સાવધ થયો, અને જાણે કાંઇ નવાઇ જેવું થયું નહીં હોય તેમ તે દઘાઇ ગયલા નોઝર તરફ હસ્તે ચેહરે ટીકવા લાગ્યો: પણ પેલો ઉમરાવ ગજદોહમ? તેના ટાંટીઆ તો નોઝરને જોતાંજ ટેબલની તલે પાત્રાં પેરે ધ્રુજવા લાગ્યા, પણ સૌ ટેબલ આગલ બેઠેલાં હોવાથી તેના પગપર કોઇની નજર પોહોંચી શકી નહીં!

નોઝરની બારણામાં પેસતાંજ દેલજંગ ને દારાબ જે બારણું સામેજ મોંહ કરી બેઠેલા હતા તેમનીપર નજર પડી, ને નજર પડતાંજ તે ચોંકીને પાછો હટયો, જ્યારે ખુદો અસપંદીઆર તેને કાંઇ પણ સવાલ કરે તે પેહેલાં તે તેને ઘસડતો એક ખુણામાં લઇ ગયો, અને ઘણા ગભરાત સાથ બોલ્યો, "કહો એકદમ, એઓ કોણ છે ! અરે બોલો જલદી, એ કાકાજી, કોણ છે !"—અને તે દેલજંગને બતાવા લાગ્યો.

અસપંદીઆરની અચરતીનો પાર રહયો નહીં. "એ કોણ છે !" તેણે અચરતીથી કહયું, "કોણ વળી, નસરઆબાદ શેહેરના મારા બાગીદારો મેહેરનોશ અને આજરની પેહેડીનો આડતીયો જવાન આતબીન છે, ને બીજો તેનો એક રશીક નામીચો ઉમરાવ ગજદોહમ છે!"

હવે નોઝરની અચરત થવાની વારી આવી. તે આંખ ચોલવા લાગ્યો. શુ તેની આંખ તેને ઠગતી હતી ?

હયાં ખુલાસો આપવાની અગત છે. નોઝરના ગભરાત અને દેલજંગની ધાસ્તીનાં કારણ અમારે ખુલાસેવાર જણાવવાં જોઇયે છે.

નોઝરને અમારાં વાંચનારાં શું ભુલી ગયાં છે ? નોઝર અમારી આ વારતાના સફાઓપર હમણાં પેહેલોજ દેખાવ આપતો નથી. તેને વિશે અમે ઉપર લખી ચુકયા છીએ. અમે તેની ઓળખાંણ પણ આપી ચુકયા છીએ. એ તેજ નોઝર હતો કે જેણે પોતાની સાથે કુચ કરતા પેગામચીના કોથલાપર દેલજંગ ને દારાબને ધાડ પાડવા આવેલા જોઇ ઘોડાને એડ મારી નાહસી જતો આપણે આપણી આ વાર્તાનાં પેહલાંજ પ્રકરણમાં જોઇ આવ્યાં છીએ. તેજ એ નોઝર હતો, અને તેણે પોતાની દુંક ધાસતી વચ્ચે પણ દેલજંગ અને

દારાબને દીવસનાં શરૂ થઇ ચુકેલાં અજવાલાંમાં ઘણા સારી રવેસે જોયલા હતા, જેથી હમણાં તેઓનેજ આવાં એક આબરૂદાર કુટુંબને ત્યાંનાં ખાનાંપર બેઠેલા જોઇ તે જવાંન અચરત થાય એમાં નવાઇ નથી. તેજ રીતે વળી પોતાના ઝપાટામાંથી બચી નાહઠેલા એક શીકારને ઓલખી દેલજંગ અને દારાબ જોકે પેહેલાં ગભરાતમાં પડયા ખરા, પણ દેલજંગની સમયસુચકતાએ તેમને જીતાડયા. તેણે જ્યારે નોઝરને અસપંદીઆરને ખુણામાં ઘસડી લેઇ જતાં જોયો ત્યારે તે સારી રવેસે સમજી ગયો કે 'આફતનું વાદલ' છે, પણ જાંણે કશું જાણતોજ નહીં હોય તેમ તેઓ તરફ જોવાને બદલે તેં હસી હસીને સોદાબે જોડે વાતે વલગ્યો, અને તે રીતે જવાંન નોઝરને તેની અકકલથી ઉડાંવ્યો. તેણે બુઢા અસપંદીઆરને એ બે પહરોણાઓ વિશે ઘણી ખાત્રીથી બોલતો સાંભળી, તથા દેલજંગ અને દારાબને બીનદેહસ્ત વાતે વલગેલા જોઇ અનુમાન કીધું કે તે પોતેજ ઉલથાપ ખાયછે, અને આ બે ઉમરાવો માત્ર દેખાવેજ તે ગુનેહગાર લુટારૂઓને મલતા આવે છે! એક વાર એક સારૂં મત બેઠું તો તે ફેરવાતાં ઘણી વાર લાગે છે, માટે નોઝર ઉપલું મત બાંધ્યા કેડે તુરત દેલજંગ અને દારાબની જોડે ખુશીથી ભેલાઇ ગયો, અને ખાનું લેતાં તેઓ સાથે તરેહવાર બીનાઓપર તેણે વાત ચલાવી. એમ કરતાં નોઝરે પોતાની મુસાફરીની વાત કાઢી.

"શું કહું, મેહેરબાંનો!" તે બોલ્યો, "હું અને એક પેગામચી કંગદઝ શેહેરથી ઘોડેસ્વાર થઇ કુચ કરતા હતા તેટલાં પેલા ચંડાલ લુટારા દેલજંગ ને તેના તેવાજ હમશરીક દારાબે અમને હેરાન કીધા!"

"ખોદા પનાહમાં રાખે, દોસ્તો!" અસપંદીઆરે ધ્રુજીને કહ્યું, અને પરીન તથા સોહાબે? તેઓ તો ધાસ્તીથી સફેદ પુણી સરખાં થઇ ગયાં।

"પછી, પછી?" દેલજંગે વાતમાં રસ લાગતો હોય તેમ સફ્રરચંદ કાપતાં સવાલ કીધો; "પછી શેઠ?"

"અરે યાર પછી શું!" જવાન નોકરે કહ્યું; "હું એકલો ને તે બે ચંડાલો બાવીસને પુરા પડે એવા;"–હયાં દેલજંગ અને દારાબ કોઇ ન જોય તેમ અકેકને આંખ મારી હસ્યા–"એટલે મેં સામો થવા કરતાં નાહાસવામાંજ વધારે ડાહપણ જોયું," નોકરે બોલવાનું જારી રાખ્યું, "અને જોકે એ લુચ્ચા પાપીઓને મેં આગલ કદી જોયા નથી, તોપણ તેમનાં પાપભર્યાં પરાક્રમોના મેં એવા તો એહવાલ સાંભળ્યા છે કે તેમને જોતાંજ હું તેમને પીછાણી શક્યો, અને પેહેલીજ નજરની એ ચંડ્રાલોની પીછાણ મારાં મનમાં એવી તો ઠસી ગઇ કે—માફ કરજો, હો શેઠયાઓ! હમણાં ઓરડામાં આવતાં હું તમો સાહેબોને પહેલી નજરે તે લુચ્ચાઓજ સમજ્યો!"

આ વાકયથી ટેબલપર બેઠેલાં સર્વમાં હસાહસ થઈ રહી, અને દારાબને હસવું આવતું ન હતું તોબી ધમન માફક પોતાનાં બેસી ગયલાં દાચાં ઉપસાવી બેસાડી તે તાણી તોડીને હસવા લાગ્યો.

હવે દેલજંગે અસપંદીઆરનાં ઘેરમાં પંદર દીવસ રેહવાનું ઠરાવ્યું, અને તે ઠરાવથી દારાબને તેણે એકાંતમાં વાકેફ કીધો, અને વાકેફ કરતાં તે બોલ્યો, "યાદ રાખજે, દારાબ, કે આપણે માંથે હવે આફત કશી નથી. આપણા તરફથી આજેજીના હાથ ઉઠાવનાર

એક જીવ આ ઘરમાં છે, અને તે જીવની સાહયતામાં આપણે હયાં સલામત છીએ.'

પ્રકરણ ૫ મું.

"ચોર! ચોર!"

બીજી સહવારે અસપંદીઆરનાં ઘેરમાં આપણા ઉમરાવ ગજદોહમ રાખેતા કરતાં લગાર વેહેલા ઉઠયા. તે કાંઇ પાપની ધારણાથી નહીં હતું; તેમનો વીચાર હતો કે જરા હેઠે જઇ બાગમાં લતાર મારી આવવું, પણ સેહેતાંનજ આડો ફ્રરે ત્યાં તે બીચારો શું કરે? તૈયાર થઇને તે દાદરપરથી હેઠે ઉતરવા જતો હતો તેટલાં અસપંદીઆરની બાંનુ સોદાબેનો એક ખાનગી ઓરડો જે બરાબર દાદરની સામેજ આવેલો હતો તેનું બારણું તેણે અરધું ઉઘાડું જોયું. હવે તેનાથી કેમ થોભાય? તેણે પોતાનું ખલીરની ડોક જેવું લાંબું માથું દપદઇને ઓરડામાં ઘુસાડયું, અને જોયું તો ઓરડામાં કોઇ નહી હતું, પણ અરે, પેલું શું? પેલું-પેલું ટેબલપર ચલક ચલક થતું શું હતું? તે તો કીંમતી જવાહીરોનો એક નકસીદાર દાબડો હતો! અરે-અને વળી તે ઉઘાડો હતો! આ તો આપણા ઉમરાવને માટે તેમના ખેર કરતાં ખોદાએજી પોતેજ ઉતરી આવીને દાબડામાં જાણે સમાયા હતા, તો પછી જયારે ખોદાએજી પોતેજ આવે તો પછી તેમને બરાબર આગલ જઇને પગે પડયા વિના પાછું કેમ વલાય?

દારાબનો જીવ થોભ્યો નહીં. તેની આંખ ખુશીથી ચમકવા લાગી. તે દેલજંગને, પોતાની માતાને, અસપંદીઆરને સૌને વીસરી ગયો. તે પોતે પોતાનેજ વીસરી ગયો! તે એક ઉમરાવ છે ને તેને ત્યાં દોલતના ઢગલા પડેલા છે તેની પણ તેને યાદ રહી નહીં. તેણે કોઇ બી રીતે પેલાં જવાહીર હાથ કરવાની તલપ કીધી. જે ઓરડામાં તે લલચાવનારાં વાણાં પડેલાં હતાં તે ઓરડાની સામે દેલજંગનો ઓરડો હતો, એટલે તે તો "આવરે ભાઇ હરખા આપણે બેઉ સરખા" હોવાથી સઘળું ઠીકાઠીકજ હતું. ત્યાંથી કાંઇ બીહવા જેવું હતું નહી. જમના હાથપર તો તેનો પોતાનોજ ઓરડો હતો એટલે તેબી જાણે સમજ્યા. ધાસ્તી માત્ર ત્યારે દાબા હાથપર જે દાદર હતો ત્યાંનીજ હતી. કોઇ હેઠે માલપરથી આવી જાય! જે બને તે ખરી; ખોદાએજી ખેર કરશે. આવી ઉમદા તક હાથ આવેલી શું જતી મુકવી? બનેજ કેમ?

વધુ વિચારને માટે દારાબ થોભ્યો નહીં. તે ઓરડામાં ધસ્યો ગયો. જવાહીરોનો ઝલકાત જોરીથી છુટતી તેની ચશમો જોઇ શકી નહીં-તેની આંખો ઠડી શકી નહીં. તેણે જવાહીરના દાબડા ઉપર હાથ નાખ્યો-પણ અરે કમનસીબ! તેટલાં દાદરપર કોઇનાં પગલાં વાગ્યાં! દારાબ મુવો છુટો! હવે શું કરવું? કાંઇ ઓરડામાંથી બહાર તો નીકલી જવાયજ નહીં,-બાહાર જાય તો દાદર આગલજ એકઠાં થાય તો ઉમરાવ સાહેબ એક બાઇના ખાનગી ઓરડાની ભેટ લીએ તેનું કારણ તે શું કહે? આગલ ભરાઇ જવાની જગ્યા બી કાંઇ ઠીક દીસી નહીં-પણ પાસે એક કપડાં વખાતાં કરવાની નાયલી અંધારી ઓરડી

હતી. વળી ત્યારે પુછવું શું? એક કુદકે તે અંદર ભરાયો કે બીજી ગમથી બાનુ સોદાબે પોતે પોતાની દાસી મેહેરીન સાથે ઓરડામાં દાખલ થયાં.

"દાસી મેહેરીન," તેઓએ ટણકો કીધો; "એ આ ઓરડામાં કેટલું હાલહવાલ! પેલા ઉમરાવ ગજદોહમ કે તેઓના રફીક જવાન આતબીન ચઢતાં ઉતરતાં એ બેદાદી ને બેદરકારી જુએ તો તેઓ તારે ને મારે વાસ્તે શું વિચારે?"

"બાઇ સાહેબ," દાસીએ માનથી જવાબ દીધો, "આજે એ ઓરડામાં આવવાની મને ફુરસદજ મલી નહીં."

"લે દાસી,". શેઠાંણીએ કહ્યું; "આએ જવાહીરનો દાબડો તેની જગ્યાએ ઉંચો કર."

પણ તે જગ્યા શું? ક્યાં? કેઇ? દારાબનું પાકી ગયું. જેને ખાતર જેહેમત ખેંચીને ઓરડામાં આવ્યો, તે તો સદંતર છટકી ગયું, ને સાંમો આ ગંધ મારતી ઓરડીમાં પહરેજ પડયો! અરે પહરેજ તો પહરેજ, તે વિચાર કરવા લાગ્યો, "પણ ખોદાએજી ખેર કરે ને અહીં કોઇ આવી નહીં મરે તો ઠીક પડે!"

દારાબે ઘણું બી ઇચ્છયું કે જવાહેરનો દાબડો પેલાંઓ કયાં ઉંચો કરે છે તે જાંણે, પણ કમનસીબ તેનાં!–તેને કંઇ ખબર પડી શકી નહીં. હવે તો દારાબની તેના ખેર કરતાં ખોદાએજી પાસે એટલીજ અરજગુજારી હતી કે 'આ બે પીડાઓ જલ્દીથી પટે!'

પણ પટે ક્યાંથી? હયાં સોદાબે તો એક ખુરસી ખેંચી તેપર બેઠી, અને દાસીને પોતાના બાલ હોળવાનો હોકમ આપ્યો.

"દાસી," સોદાબેએ ખુશ મિજાજથી કહયું, "ઉમરાવ ગજદોહમ એક કરકડી જેવો લાગેછ બી મજાહનો જ્ને!"

"તારો બાપ મરે તારો!" દારાએ વિચાર્યું.

"ઓય ખલીર ઉંચકી જાવની તેવો!" સોદાબેએ ટીકકા ચલાવ્યા.

"ને ચાલેછ ત્યારે જાંણે પેટમા દુઃખતું હોયની તેમ મરડાઇ મોરાઇ જાએછ," હવે દાસીએ ટકોર કીધી, અને દારાબે તેને એક બીજી ચોપડી.

"પણ આતબીન ખરેખર ઘણોજ દેખાવલો છે," સોદાબેએ કહયું. "તેની અદબઅદા, તેની બોલવાની ઢપ સૌ ઘણું ખુશી ઉપજાવનારૂં છે. પરીનપર તેની અસર છે જો, મેહેરીન!"

"હા, બાઇ સાહેબ," દાસીએ ટેકો આપ્યો. "બાનું પરીનની હાલત એઓના આવ્યા પછી ઘણી બદલાઇ ગઇ છે. એઓ સાથે હોય તો તેવણ આતબીનપર ટીકયાજ કરે છે. ને એકલાં પડેછ તો વિચારમાં ને વિચારમાં કલાકના કલાક સુધી બેસી રહે છે."

હયાં બાલ હોળાઇ રહયા.

"દાસી મેહેરીન!" સોદાબેએ કહયું, "જોની વારૂં, કાંઇ સફેદ બાલ છે કે?"

"નહી બાઇ સાહેબ, એક બી નહીં." મેહેરીને કાસળ પટાવી, ને દારાબે ખુશી મનાવી કે એ તો ખોદાએજીએ ખેર કીધી, કાંએજે જો સફેદ બાલ હતે તો વળી અરધો કલાક તે ઘણી મુઇ ત્યાંજ ગગડી રેહતે!

પણુ અરે વળી આ શું પીડા ?

"દાસી !" સોહાબેએ કહયું, "આએ કપડાં વખાતાં કરવાની ઓરડીમાં મારી સુફેદ શાલ રહી ગેઇછ તે લાવ તો !"

દારાબે જોયું કે ધાન બગડયો ખરો. તે જવાહેરો, સોહાબે, દાસી સર્વેને એક સરખી કદુવા દેઇ ધ્રુજવા પડયો. એક ઉમરાવ સાહેબ એક કપડાં વખાતા કરવાની અંધારી અને ગંધ મારતી ઓરડીમાં ! તે જવાબ શું દેશે ?

કાંઇ બી કરવું તો જોઇએ ! દાસી ઓય આવતી હશે. હવે અંતે તે જે દોરીપર કપડાં વખાતાં કીધાં હતાં તે ઓરણુની પછવાડે ભરાયો, ને કપડાંને પોહલાં કરીને પોતાના પગવેર તાણ્યાં. એવી બેમાર હાલતમા 'ખોદા–ખોદા' કરતો તે ઉભો હતો તેટલાં દાસી આવી.

"એ આય બધાં કપડાં કેમ પાંથરી મુકયાં છે !" દાસીએ શેઠાંણીનું ધ્યાન ખેંચ્યું, ને તે એક નાંકેથી સરખાં કરતી આવી. હવે દારાબનું હાડે હાડ ધ્રુજવા લાગ્યું. અંતે દાસી તેની આગલનાં કપડાં આગલ આવી ને દારાબનાં બુટપર તેણીનો પગ પડયો. કમબખ્ત દારાબ ! એક તો પગપર આંટણુ પડેલું હતું તેથી હેરાન હતો, ને આ વળી નવો પીડા ! તે બીજી વખત હતે તો બુમ પાડી દેતે, પણુ હમણાં તો જેમ તેમ દાંત બીડીને થતી કલ ખમી. તે પુરો દમ પણુ નહીં લેતો હતો કે રખેને દમ લેવાના સાદથી પકડાઇ આવે ! પણુ દાસીનો બુટપર પગ પડયો કે તે તુરત ચીરડાઇ ઉઠી. "બાઇ સાહેબ," તે બોલી, "શેઠ પોતાનાં બુટ બી હવે તો આ ઓરડીમાં મુકેછ !"

"હં !" શેઠાણીએ નેણ ફેરવી કહયું, "એ શું બોલી ? શેઠને એ ઓરડામાં આવવાનું કામજ શું છે ? બુટ્ર લેઇને ફેંકી દે બહાર એકદમ, દાસી !"

હવે શેઠાણીનો હોકમ મળ્યો તો દાસી થોભેજ શું કરવા ? તેણે વાંકી વળીને દારાબના પગ પકડયા, ને બુટને બદલે લાંબા દીવાસલી જેવા પાતલા પગ જોઇ તે બુમ પાડી ઉઠી.

"ચોર ! ચોર !" અને બીજી પળે તે ચીચ્યારી પાડતી ઓરડામાંથી બાહાર ધસી ગઇ.

સોહાબેથી બોલાયું નહી. તેણીની તો છાતીજ બેસી જવા લાગી, ને ઘરમાં ઘણાક ચોરો ભરાઇ ખુંનામરકી ચલાવતા હોય તેમ ચીચ્યારી ને બુમ મારતાં તેઓ બને દાદરપરથી હેઠે ઉતરી નાઠાં એટલે આખાં ઘેરમાં ગભરાત થઇ રહયો. "ચોર" ના પોકારો આખે ઘેર વાગી રહયા. નોકર નફરો દોડી આવ્યા, સોહાબે બેશુદ્ધ થઇ ગયાં, અને દાસીએ ધુજતી ધુજતી એ "ચોર" ની બીના કહી સંભળાવી.

પણ એ હેઠે ગડબડ થાય ત્યારે દારાબ થોભે શું કરવાને ? તે દોડ મારતો પોતાના ઓરડામાં જઇને ભરાઇ ગયો, ને દેલજંગને ઉપલો ગભરાત સાંભળી હેઠે ઉતરતો જોયો ત્યારે પોતે બી પોતાના ઓરડામાંથી 'ડીકઠાક' થઇને બાહાર નીકળ્યો.

"એ શું છે ?" દેલજંગે પુછયું.

"હા, એ શું છે, હેં ?" દારાબે દમામ બતાવ્યો.

પણ તેમને જવાબ આપવાનો વખત ન હતો. દારાબે દેલજંગને એક કોઇ નહીં જુએ તેમ આંખ મારી કે તે ચતુર ચોર તુરત ચેતી ગયો કે કાંઇ બુઝર્ગ દારાબજ 'આટો બાકૃયો' હતો!

બુઝર્ગ અસપંદીઆરે તો ચોરોને 'મારીજ નાંખવા' માંગ્યું, ને એક તેના જેવોજ બુઝર્ગ ને હીચકારો નોકર તેને મદદ કરવા બહાર આવ્યો.

"શેઠ," તે બોલ્યો, "મારા ભલા શેઠ, તમારી ભલાઇ ઘણી છે, માટે આજે તમારી સાથે મારવું કે મરવું એજ મારો વિચાર છે."–અને હયાં તેણે એક આંસુ લુછ્યું!

આ વખતે સોદાબે હોસમાં આવ્યાં, અને પોતાના ખાવંદને આ રીતે તૈયાર થઇ ઉપર ચોરો સાંમે લડવા 'મોતના મોંનામાં' જતાં સાંભળી તેઓ ધુમ રડીયાં ને તેમને થોભાવા લાગ્યાં, પણ ડોસાજી સમજાવેલા સમજ્યા નહીં. સૌ રડારડ કરવા પડયાં, અને છેલ્લે અસપંદીઆર આગલ ને તેની પુઠે નોકર એમ સઘળાં માલ ઉપર ચહડયાં. દેલજંગ ને દારાબ કશું બોલતા ન હતા. તેઓને હસવુંજ એટલું આવતું હતું કે બોલવાની ઇચ્છા છતાં તેઓથી કશું બોલી શકાતું ન હતું.

અસપંદીઆરે 'ખોડયો ડુંગર ને મારયો ઉંદર!' તેઓ ધામાધામી કરી ઓરડામાં ગયા, અને જો શેઠ બીહીને એક ડગલું પાછલ હઠતો તો પેલો જીવ આપવા તૈયાર થએલો નોકર છ ડગલાં પાછો હઠતો! અંતે હીંમત કરી અસપંદીઆરે ઓરડામાં દોકાવ્યું; ત્યાં કોઇ નજરે આવ્યું નહીં. હોય કોણ જે નજરે આવે?

ગરીબ બીચારી દાસી! તે વગર હેફટની સર્વના ઠપકામાં આવી. તેણે જે જોયું હતું તે વિશે તેની પોતાની ખાત્રી તો હતી તોબી તે બીજાને મનાવાને શું કરી શકે?

અંતે ધીમે ધીમે સોહાબે બી હોશ્યાર થયાં, ને સર્વ કાંઇ પાછું શાંત થયું, જે પછી હોશાબે દેલજંગ આગળ સઘળી વાત માંડીને કહી તેને ખુબ રમુજ આપી.

પ્રકરણ ૬ ઠું.

એક નવી મુલાકાત.

અમારી વારતાનાં પેહેલાં પ્રકરણમાં પેલા પેગામચી જોડે કુચ કરતા જવાંન નોઝરની ઓળખ આપતાં અમોએ જે કાંઇ કહયું છે તે અમારાં વાંચનારાં ભુલી ગયાં નહીં હોય. અમોએ જણાવ્યું હતું કે બુઝોર્ગ અસ ંદીઆરની ચેહરેનમુન બેટી પરીનની માફક તે પણ માબાપની બાબદમાં કમબખ્ત હતો, અને પરીનનીજ પેઠે તે પણ પોતાના કાકા ભેગો રેહતો હતો. એ કાકાનું નામ ગોદરેજ હતું, અને તે એક મોટો તાલેવંત બુઝોર્ગ ગ્રહસ્થ હતો. જેમ અસપંદીઆર પરીનને પોતાની દીકરી સમાન ચાહતો હતો, તેજ પ્રમાણે બુઝોર્ગ ગોદરેજે વળી નોઝરને પુત્ર પેરે ચાહી ઉછેર્યો હતો.

એ જવાંન નોઝરની મોટી આશા અને હોંસ તે સુંદર પરીનના હાથની ઉમેદવારી હતી. તે બચગીથીજ ભલા અસપંદીઆરનાં મકાનમાં આવતો જતો હતો, અને જેમ જેમ તે પરીનને વધારે જોતો તેમ તેમ તે વધતો અને વધતો તેણીને પોતાની મોહરદાર બનાવવાને અને તે પોતાની ઇચ્છા તેને અને તેણીનાં ખેશીઓને જાહેર કરવાને ઉતાવલ કરવાની જરૂર જોતો, પણ એ બીના ખુલ્લી કરી કેહવાની તેની પોતાની છાતી ચાલતી નહીં, અને તેટલા માટે તેણે એક બીજાની મારફતે અસપંદીઆરના કાનપર એ તેની ઉમેદવારીની વાત લાવી નાખવાની જોગવાઇ હાથ કીધી. એ માટે તેણે પોતાના પીતા સમાન પ્યારા કાકાને સમજાવી પટાવી અસપંદીઆર આગલ મોકલ્યો, અને તે પોતાના દીકરાના સુખન સારૂ છેક હોમાવરાન ખાતેથી શએસ્તાંન વેર અસપંદીઆરનાં મકાનમાં આવ્યો છે, અને તેણે એકાંત મુલાકાત કરવાની ખાહેશ બતલાવવાથી એક ખાનગી દીવાનખાંનામાં એ બેહુ બોખા ખુદાઓ હમણાં વાતે વળગેલા છે, જે તેમની વાત તેમના પોતાનાજ બોલમાં અતરે ઉતારી લેવાને ઘટતું ધારવામાં આવે છે.

"બેસો, શેઠ બેસો, ભલે આવ્યા," બુજરગ અસપંદીઆર બુઢા ગોદરેજને આબરૂભર્યો આવકાર આપતાં બોલ્યો; "તમો શેઠનાં આવવાથી મુજ ગરીબનાં ઘેરને માન મલ્યું. શું ફરમાસ છે, સાહેબ?"

"ફરમાસ?" બુઢો ગોદરેજ (જેને વારંવાર પોતાના એક વાર બોલેલા બોલો પાછા અને પાછા બોલવાની ઢઢંગી આદત હતી તે) બોલ્યો, "ફરમાસ,–ફરમાસ તો એજ કે મારા દીકરા નોઝરને ખાતર મને

તમોને તજદી આપવી પડી, દોસ્ત અસપંદીઆર. માફ કરજો હો શેઠ, હું તમોને પીછાંણુતો નહીં હોવા છતાં એકદમ તમારે ઘેર ચાલી આવ્યો છું માટે માફ કરજો."

"શેઠ," અસપંદીઆરે પાછી લાયકી બતાવી, "મકાન તમારૂંજ છે; પણ કાંઈ હોકમ?"

"વારૂ ત્યારે અસપંદીઆર," ગોદરેજે હવે વાત પર આવવા માંડયું, "તમારી એક ભત્રીજી છેની?"

"હા સાહેબ," અસપંદીઆરે ટુંકમાં પતાવ્યું.

"અને વળી તે ખુબસુરત—ઘણી ખુબસુરત છેની?" ગોદરેજે પાછું પુછયું, અને અસપંદીઆરે હસીને 'હા' નું ડોકું ધુણાવવે તેણે પાછું આગળ બોલવા માંડયુ. "એ ભત્રીજી પરીનને સારૂ મારૂં અહીં ઘેર આવવું થયું છે. મારો દીકરો નોઝર એણીનો હાથ પામવાની આરજુ ધરાવે છે, અને શેઠ," ગોદરેજે હયાં મગરૂબીથી ગરદન લગાર ઉપર ખેંચી વધાયુ "શેઠ, મારો નોઝર બી કંઇ હલકાં કુળનું બચ્ચું નથી જો."

"મને તે રોશન છે, સાહેબ," અસપંદીઆરે હસીને કહયું.

"હા, રોશન છે તો સારૂં," ગોદરેજે પાછું ચલાવ્યું; "રોશન છે તે તો સારૂં. એ બી ઉંચી તોખમનો, ઘણી ઉંચી તોખમનો બેટો છે. મારો બેરાદર તે એનો બાપ કોણ જાણે કયાં--કયાં ગુમ થઇ ગયો તે જણાયું નથી. એ કમબખ્તની માતા તો એને બચગીમાંજ મુકી મરણ પામી હતી, પણ એનો બાપ મુસાફરી કરવા નિકલ્યો ત્યાંથી

કદી પાછો ફરેજ નહીં, અને તેની શોધને માટે કશી બાકી નહીં રાખવા છતાં આજ સુધી તેનું નામ નીશાન નાબુદ થઇ ગયલું છે એ મારે માટે સંતાપની વાત છે, સાહેબ,—માહા સંતાપની વાત છે!"

"એ સઘળી વાત મને ખબર છે, શેઠ," અસપંદીઆરે ગોદરેજને ગમ ખાતો જોઇ વચ્ચે કાંઇ બોલવાની મતલબથી કહયું, અને ગોદરેજે વળી બોલવા માંડયું.

"એ બાપનાં ગુમ થઈ જવા પછી નાવારેસ નોઝરને મેં મારે ઘેર પાલી ઉછેર્યો, અને ખરા પ્યારથી આજ તુલક તમે પણ એના સંબંધમાં એક મુરબ્બી અને ખેરખાહાની જગ્યા સાચવી છે."

"એ તો તમારી લાયકી કહો છો, દોસ્ત," અસપંદીઆરે જવાબ દીધો; "હું તો કશું કરી શકતો નથી."

"નહીં કેમ, નહી કેમ, શેઠ?" ગોદરેજે ચીચવાવા માંડયું; "ઘણું બી! તમારાં ઘેરમાં તો એ ખાતો પીતો છે,—પણ હવે એ વાત બાડી વાલ્યે ને કામનીજ વાત કરયે. કહોની શેઠ, મારા નઓજુવાંન નોઝરને તમારા જગાઇ તરીકે કબુલ રાખવાની તમારી ખુશી છે?"

"શેઠ," અસપંદીઆરે ગંભીરતાથી કહયું, "મારી ખુશી તો લાખ વખત, પણ મારી ખુશી એ વાતમાં કશો ઇલાકો ધરાવી શકતી નથી. મારી બેટીની પરવાનગી અને પસંદગીપર તમો શેઠના આ સવાલના જવાબનો આધાર રહે છે."

"પણ તે વળી ના શું કરવા કહેશે?" ગોદરેજે ગુસ્સો બતાવા માંડયો; "શું મારો નોઝર જવાંન નથી? ખુબસુરત નથી? સદગુણી નથી? પૈસે પુર નથી? હેં, એ સઘળું—સઘળું તેની પાસે નથી શું?"

"બધું છે–ઘણું છે, શેઠ મારા, ઘણું બી છે," અસપંદીઆરે સમજ આપી, "પણ જયાં મનની ખુદરતી વલાંણુજ નહીં હોય ત્યાં જીંદગીમાં સુખની આશા તે કેવી? તે કરતાં હું આજે એ મારી બેટી જોડે એ વીશે વાત કરી કાલે તમને નક્કી જે તે જવાબ જરૂર કેહેવડાવશ. હાલ તો ખાણું તઈયાર છે, અને––"

"ઠીક છે––ઠીક છે, ત્યારે એ બી ઠીક છે," ગોદરેજે ટુંકું કીધું; "એ વાત બી મારે કબુલ છે, પણ કાલે જવાબ કેહવાડજો હો, બચ્ચીત કેહેવાડજો."

હયાં એ બંને બુઢાઓ ઉઠયા, અને દીવાનખાનાંમાં જયાં દેલજંગ, દારાબ, અને સોદાબે બેસી વાતો ચલાવતાં હતાં ત્યાં ગયા. અસપંદીઆરે આ નવા પહરોણાની ઉપલાં ત્રણ જણ જોડે અરસંપરસ ઓળખાણ કરાવી, અને સઘળાં જણ ખાનાં ઉપર બેઠાં. ખાતી વેળાએ અવારનવાર ગામ ગપાતાનાં તાહેલાં ચાલ્યા પછી દેલજંગે બેદરકારીનું ડોળ ઘાલી ગોદરેજને પુછ્યું, "અને શેઠ, કંગદઝ તરફથી આવતાં ત્યાંના શું સમાચાર?"

"ખાનાંખરાબીનાજ તો!" ગોદરેજે ચીડથી કહયું. "કોઈ બે ચંડાળોએ ટપાલના કાગળોપર હમણાં થોડુંએકપર દરોરો પાડયો હતો તેનીજ વાત થયા કરે છે.–હા, તેની ને તેનીજ વાત!"

"શું હજી તે તાહેલાંનો અંત આવ્યો નથી?" દેલજંગે ખરેખરી અચરતી બતાવી.

"હા, હેં શું હજી એ પંચાત જારી છે?" દારાબે કાંઇ બી બોલવાની મકસદથી પુછ્યું.

"તો નહીં હોય ?" ગોદરેજે મોટા દમામથી કહ્યું; "નહીં હોય? તેં બે લુચ્છાઓ તરીકે પેલા જાણીતા નીચ ચંડાલો દેલજંગ ને દારાબપર શક પડયા છે, અને તેઓ જે શેહેરની સરહદને મુલાકાત આપી આવે ત્યાંનાં બીહીધેલાં લોકનો ગભરાત કાંઇ જેમ તેમ નરમ પડવાનો છે ?"

"પણ એની એ વાત ચાલુ રાખવામાં હાંસલ કેવી ?" દેલજંગે સવાલ કીધો.

"શું સાહેબ !" ગોદરેજે નેણ ચઢાવી કહ્યું, "હાંસલ નહીં ? કેટલા હજારનું ઇનામ તેમને પકડી આપવા જાહેર થએલું છે ને હાંસલ નહીં ? વાત શું કરોછ, મારા શેઠ !"

"અરે તે બાંગડો કાંઇ એમ હાથ આવવાના છે!" અસપંદીઆરે શક બતાવ્યો.

"ફોકટજ ફાંફાં તો !" સોહ્રાબેએ વધાર્યું.

"તે ઇનામના ઉમેદવારોએ દેલજંગને પકડી આપવા માટે પોતાના જીવથી હાથ ધોવા જોઇશે," દેલજંગે ખરી મગરૂરીથી કહ્યું.

"અને વળી તે દેલજંગ સાથ તેના જેટલોજ દલેર તેનો એક હમશરીક દારાબ પણ તેની સાથે છે તો!"હવે દારાબે બડાઇ મારી.

"દોસ્તો, તમે સૌ ગમે તે કહો," ગોદરેજે કહ્યું, "પણ મોડે વેહલે એ પાપીઓ અને શેહેરે શેહેરની પીડાઓનાં પાપનો ઘડો ફુટી જયા વના કાંઈ રેહેવાનો છે વારૂ ?"

હયાં એ પછી બીજી ત્રીજી ઘણીએક વાતચીત કરી ખાનાંથી સૌ ફારેગ થયાં, અને પછી થોડેક વારે ગોદરેજે રૂખસદ લીધી.

પ્રકરણ ૭ મું.

પાપ અને પસ્તાવો.

ઉપલાં ખાનાની વેળાએ કોણ કોણ હાજર હતું? નવો પહરોણો ગોદરેજ, ઠગારા દેલજંગ અને દારાબ, અને ઘેરધણી અસપંદીઆર સાથ તેની મોહોરદાર સોદાબે એટલાંનેજ આપણે ખાનાં પર બેઠેલાં ઉપલાં પ્રકરણમાં જોઇ આવ્યાં છીએ, પણ ત્યારે શું કોઇ ખાનાંગર ઘટતું નથી? વાંચનારને અસપંદીઆરનાં કુટુંબનાં ગણત્રીનાં માણસો જો યાદ હશે તો તે તુરત કેહશે કે ઉપલાં ખાનાંની વેળાએ-એક માત્ર એકજ જણ હાજર નહી હતું, અને તે એક જણ તે સુંદર પરીન હતી.

પણ ત્યારે તે કયાં છે? તે હાજર કેમ નથી? ખુજોગ ગોદરેજ છેક હોગાવરાન વેરથી તેણીને માટે માંગું લઇને આવ્યો હતો, અને જ્યારે તેણીને પરણાવા અદરાવાની વાતો થતી હતી ત્યારે તે કયાં હતી? તે શું કરતી હતી?

અસપંદીઆર અને સોદાબેને દાસી મેહેરીન પાસ તેણીએ જે પેગાંમ કેહેવાડયો હતો તે એજ કે "જરા મારો જીવ ગભરાયેલો છે,

માટે હું ખાનાંપર હાજર થવાની નથી. હું થોડો વાર પછી દીવાનખાનામાં આવશ."—અને શું એ ખરૂં હશે ? એ પેગાંમની સચ્ચાઇ આપણને તપાસવી છે, અને અફસોસ કે જે પાક, સાફ અને નીરાલી નાર તરીકે અમોએ અમારાં પેહેલાં બે ત્રણ પ્રકરણમાં એ પરીચહેર પરીનને મોટી મગરૂબીથી ચીતારી હતી તેજ પરીનને તેવા ઉંચાં એલકાબો સાથે હવે અમો અમારાં વાંચનારાં આગળ ખડી કરી શકતા નથી. હવે તેને અમો એક અપરાધી કમબખ્ત કંગાલ નાર તરીકે જાહેર કરીએ છીએ. એક વારની તે બચ્ચાં સરખી નીર્દોશ, સાહલેસ અને સદગુણી પરીન તે હાલ ખુદાની, પોતાનાં વ્હાલાંની અને કુળે જગતની સાથે ખુદ પોતાની નજરમાં પણ એક પાપી. અને ઠગારી ઠડેલી, દુ:ખી અને અભાગણી સાબેત થએલી, રડતી અને હાય અફસોસ કરતી નારી છે ! તેણીએ પાપ કરયું છે. પોતાનાં કુળને કલંક, જાતને દાધ, અને નાગને એબ લગાડી છે. એ એક વારની સાફ અને પાક ઓરત તે પેલા પાપી પલીદ દેલજંગે બીછાવેલી પાપની જાલનો ભોગ થઇ પડી છે, અને હવે-હવે આટલે અસુરે તે પોતાનાં એકાંત ઓરડાનાં એક ખુણામાં રડતી પડેલી છે. તે હવે પોતે પોતાનેજ ધીકકારે છે !

અરેરે, નિર્દોશ નારીઓને ફરેબથી ફસાવી નખ્ખોદ અને નીરાશી સાથ શરમ અને રૂસવાઇના દરીઆવમાં ડુબાડી મારતા દોજખી દેવોપર તે કીરતારનો કરડામાંકરડો કેહેર વરસજો ! નબળી નારીઓનાં શાંત સુખનો ભંગ કરનારા અજીમ અપરાધીઓ–દરેક સમજુ આદમીના બળતા ધીકકારને લાયકના તે બુરાઓ દુ:ખી દુ:ખી થઇ મરજો !

દેલજંગને ખુદ્દ અસપંદીઆરનાં મકાનમાં આવી વસવાને લગભગ બે અઠવાડયાં ગુજરી ગયાં છે. જે જવાંન આતબીન-મેહેરનોશ અને નોઝરવાલી પહેડીનો ખરો અને હકદાર આડતીઓ-આવનાર છે, અને જેની તે આવવાની મુદત જણાવનારૂં પત્ર ઠગાબાજ દેલજંગે ફોડી વાંચ્યું હતું તે મુદત હવે નજદીક આવી હતી. માત્ર ત્રણ રોજ પછી ખરો આતબીન અસપંદીઆરનાં ઘેરમાં આવે એમ હતું અને ત્યારે અને તેટલામાં-એટલાં ટુંક, ઘણુંજ ટુંક અવસરમાં કમબખ્ત અને અપરાધી પરીનને ધ્રુજતી અને રડતી આપણે તેના એકાંત ઓરડાનાં એક ખુણાંમાં પડેલી જોઇએ છીએ એ શું? એ શું ખરી વાત છે?

અફસોસ, પ્રિય વાંચનાર! એ ખરૂં છે, અને તે પરીનનાં નબળાં મનની નિશાંન છે. તેણીની સુંદરતા તેણીને એક કદુવા થઈ પડી છે. તેણીનુ સ્વરૂપ તેણીની કંગાલ્યત થઈ પડી છે, અને હાલ તેણીની હાલત ધીક્કાર કરતાં દયાને વધારે લાયક છે।

પરીન દેલજંગને જોતાંજ બેતાબ બની હતી. તે ઠગારા લુચ્ચાની બોલવાની લતરાજભરી ઢપ અને ફુતરાજ ઉપર અને ખુદરતે તેને આપેલી ખુબસુરતી ઉપર તેનાં ધારણ કરેલાં મોટાં નામ સાથે તેણી મોહી પડી હતી. તે કમબખ્ત નારને ખબર ન હતી કે તે એક પાપીમાં-પાપી, ચોર, ગલાંફાંસુ, અને ખુંની છે. જો તે એ વાત જાણતી હતે તો તેવા એક આદમરૂપી દેવથી તે કમકમીને પાછલ હઠતે, પણ પોતાની અંજાઇ ગયલી આંખ સાથ-કે જે આંખે નોઝર જેવા લાએકને નાલાએક અને અણગમો ઠેરવ્યો તે આંખ સાથે—તેણે દેલજંગમાં એક નેકીનો નમુનો અને સદગુણી ફીરેસ્તો જોયો. કવીઓ

કહે છે કે પ્યારનો દેવ આંધળો છે, અને પરીને તે અંધાપાની આંખે જોયું, જેનાં પરીણામ તરીકે તે દેખીતી આંખના અંધાપાએ તેણીને દોજખના અંધારા ગારમાં હોમાવી દીધી!

પરીન જેમ દેલજંગને વધારે જોતી તેમ તેમ તે વધારે અને વધારે બેતાબ બનતી ગઇ. એ તેણીની નબળાઇ અને ઉભરતો પ્યાર જેને જીતવાને તે વારની તે સાફ સુંદરીએ દરેક કોશેશ કરી તે–પેલો પરાક્રમમાં પુર દેલજંગ પ્રગટ જોઇ શકયો, અને તેવા એક સાફ પ્યારનો દુરઉપયોગ કરી તે નબળી નારને સદાની દુઃખી કરવાનો પાપભર્યો એકલપેટો વિચાર તેણે આગમચથી કરી રાખ્યો અને તે નીચ તે વિચારમાં ફત્તેહ પણ પામ્યો. તે કંગાલે ધીરે ધીરે પરીન પાસ તેણીના એ ઉભરતા પ્યારનો એકરાર કરાવ્યો, અને તેણીને ફરેબ ભરેલી કબુલાતો અને દગાભરેલી આશાઓ આપી એક વાર તેની નબળાઇનો લાભ લીધો.

એ દીન પછી, એ કમબખ્ત, કંગાળ, શ્રાપીત દીન પછીની પરીન દુઃખી અને દલદર થઇ પડી છે. તેણીનું ઉભરતું સ્વરૂપ ઉડી જવા લાગ્યું છે. પોતાના કાકા અને કાકીના ચેહરા સામું જ્યારે તે નિર્દોશ હતી ત્યારે જેવે હસ્તે ચેહરે અને સાફ હૈયે તે જોઇ શકતી હતી તેમ હવે તે કરી શકતી નથી. દેલજંગે તેને આપેલી જુઠી કબુલાતોપર તે નારને પુરતો વિશ્વાસ હતો–તે ધારતી હતી કે જેવા ને જેટલા અખંડ પ્યારથી તેણી તેને ચાહતી હતી તેવા ને તેટલાજ પ્રેમથી તે તેણીને ચાહતો હતો, પણ દેલજંગના દીલમાં પાપ અને ચંડાલપણું હતું તેથી એ બીન વાકેફ છોકરી કેટલી બેખબર

હતી ! અને તેથી એ જુઠી કબુલાતોમાં પુરો વિશ્વાસ મેલી, પોતાની નેકી-ઓનો સર્વોતમ સણગાર અને સવથી બેમુલ જવાહીર ખોહવા પછી પણ તેણે આપેલી દેખહતી રીતે ખાત્રીભર આશાઓ છતાં તે સદાની દુઃખી હતી. એ ખુદરતની સજા છે, પણ શું તે એટલીજ હદમાં આવી રહે છે? આવી જબરી એબમાંની અને બેવફાઇભરી બન્દ ફીયાંનતની શીક્ષા મનની બેચેની માત્રમાંજ સમાઇ રહે છે? કદી નહીં. એવા મોટા અપરાધની સજા પણ હમેશ મોટી હોય છે, અને પાપમાં પગ ઉછારી એ એક પગલું ભર્યા પછી પરીને જે કાંઇ સઘળું સોસ્યું અને સહયું, અને હજી પછી જે માહાભારત દુઃખો તેણીને માટે ખુદરતના ખરા ખાર તરીકે સચવાઈ રેહેલાં છે તે સઘળાનું દુઃખભરેલું વર્ણન અમારાં વાંચનારાં માટે અતરે આપી એવાં એક પાપની ખરી સજામાં ખુદરતનો ખરો હાથ ખુલ્લો દેખાડી આપવાનું અમારે માંથે રહયું છે.

એક પાપ પછી બીજું પાપ અતી સેહેલાઇથી થાય છે, અને પરીનના બાબમાં પણ તેમજ હતું. તે પોતાનાં પ્યારાં મુરબ્બી તોલનાં ભોળાં અને ભલાં કાકા કાકીની હજુરમાં ટકી શકતી નહીં. કેમ ટકી શકે ? તેનું દીલ એવાં વિશ્વાસ મુકતાં વ્હાલાંઓને ઠગવા માટે તેને કરડીને ખાઇ જતું, અને તેથી તે દાગાભર્યા હસતે ચેહરે અને અંદરખાંનેથી બળતે જીગરે પોતાનાં એ વ્હાલાંઓ હજુરમાં અગાઉ માફક બેસી રહી શકતી નહીં, માટે તેમને ઉડાવવા આજે ઉપર માફકનો જુઠો પેગાંમ કેહવાડી તેને આ પ્રકરણની શરૂઆતમાં પોતાનાં પેહેલાં લઅને મોટાં પાપને ઢાંકવા સારૂ પોતાની જબરી નાખુશી

છતાં કરવા પડતાં બીજાં અનેક નાપાક પાપો માટે અને તેવાં પાપથી ભરપુર પોતાની હાલત માટે અફસોસ કરી રડતી આપણે જોઈ આવ્યાં છીએ. કોઇ વાર તેણીને દીલનો ડંખ એવો જનુન લાગતો હતો કે દોડી જઇ પોતાનાં ખુન્નોગર્વાર કાકા કાકી આગળ ગુઠણે પડી પોતાનાં પાપનો એકરાર કરવાને તે ઓરડા બાહાર ધસતી. પણ નહીં-પણ નહીં; તેમ કરવાને તે નબળી નારીની છાતી ચાલતી નહીં, ને બીજીજ પળે તે પાછી પોતાના ઓરડામાં જઇ એક ખુણામાં ભરાઇ રડવા પડતી!

પેલી તરફ ગોદરેજનાં રૂખસદ ચાહી ઉઠી જવા પછી સૌ પોતપોતાના ઓરડામાં ગયાં, પણ દેલજંગ પોતાના ઓરડામાં ગયો નહીં. તે લુચ્ચો ધસ્યો પરીનના ઓરડા તરફ ગયો, અને ત્યાં જઇ વાંકું કીધેલું બારણું તેણે હળવે રહી ઉઘાડયું. પરીન પોતાના વિચારોના વમલમાં વીંટલાયલી અરધી સુનેલી હાલતમાં અલેટાયલી હતી. તેણીનો ચેહરો ફીકકો, દુઃખી, ગમગીન હતો. તેણીની બંને આંખોમાં એકેક આંસુ એક ચગકતા તારાની માફક ચળકતું હતું. એ વખતે બારણું ઉઘડતાં તેનાં મજાગરાંએ એક જીણો અવાજ કીધો, અને તોપણ પરીન ચોંકી નહીં. દેલજંગ ધીમે કદમે ઓરડામાં દાખલ થયો. પરીનનું મોં સામી કોરે કીધેલું હોવાથી તેને દેલજંગનાં આવવાની કશી ખબર પડી નહીં. બરફ સરખા સફેદ હાથની એક નાજુક આંગળી દુઃખથી કરચલી વળેલાં પોતાનાં કપાલનાં એક ખુણાં ઉપર ટેકવી તે સુંદરી વીચારમાં ગરકાવ થઇ પડી હતી. તેણીનું મોંહ એટલો તો દયા ઉપજાવનારો દેખાવ આપતું હતું, તેણીનો સઘળો દેખાવજ એવો તો

દયામણો, એવો તો દુઃખઆધીન દેખાતો હતો કે કોઇ કઠણ છાતીનો આદમી પણ પીગળ્યા વના રહે નહીં; પણ ક્રુર હેલજંગનાં મન ઉપર તેથી કશી અસર થઇ નહીં. તે એક પળ–માત્ર એકજ પળ અચરતીથી ચુપકીદીમાં અચકી ઉભો ખરો, અને તે પોતાનાં પાપના કમનસીબ ભોગ તરફ એકી નજરે ટીકવા લાગ્યો, પણ બીજીજ પળે મન કઠણ કરી તેણે એક પળ આગમચ જન્મ પામેલી તે સેહેજ શંકાને તુરત દાબી નાખી, પગ ઘસડી, પરીનને તેની હાજરીથી જાણીતી કરી, અને ત્યારેજ તે બાળા ઓરડામાં કોઇના પગલાં સાંભળી ભડકી ઉઠી. પાપનું હૃદય સદા ચોંકતું હોય છે. પાપીઓ સદા ચોંકેલા છે. તેમનું પાપ વગર અગતે તેમને ચોંકાવ ચોંકાવ કરે છે. પરીન એક ઉછાલા સમેત કોચ ઉપર બેઠી થઈ, અને હેલજંગને જોઇ તે તેના તરફ ધસી તે પાપીના હાથમાં પડતાં દવામણાં દચકાં ખાવા લાગી.

“અરેરે અતબીન !” તે કરગરવા લાગી, “તું ઘીલ કાંએ કરેછ ? મારા મુરબ્બી પાસ તારી કબુલાત મુજબ મારા હાથની માંગણી કરવામાં તું ઘીલ કાંએ કરતો હશે ?”

“ધીરજ ધર, વ્હાલી પરીન, જરા ધીરજ પકડ,” હેલજંગે દાગાથી સધ્યારો આપ્યો; “તુંને મારામાં વીશ્વાસ તો છેની ? મારી હોરમતપર તને એતેકાદ તો છેની ?”

“તે એતેકાદની ઇધાંણુ,” પરીન દચકાં ખાતી બોલી, “મેં તને કીમતીમાં કીમતી આપી છે. રે પ્યારા આતબીન, તને મારૂં તન બદન અર્પણ કરી હું હવે બવિશને માટે ધ્રુજું છું ! રે દયા,

દયા, આતબીન, દયા કર! જો તેં મને તારી ઇચ્છાનો એક કમનસીબ ભોગ માત્ર બનાવી હોય તો હવે દયાને ખાતર મારો નેકામાં હાથ કબુલી મને સધ્યારો આપ, અને મને આ ખરાબ જતી હાલતથી છોડવ. રે દયા કર! હું આ ગુઠણપર પડી માંગી લઉં છું."–અને પરીન ખરેખર દેલગંજના પગ પાસ ગલીચા ઉપર ગુઠણપર પડી!

"ઉઠ, પરીન, ઉઠ," દેલજંગ ફરીને તેણીને પતાવા લાગ્યો; "મારા પર વિશ્વાશ રાખ. હવે તક મળવે જરૂર હું તારા હાથની માંગણી તારા કાકા પાસ કરશ, ને આપણે સુખી થઇશું. એ મેં જે અત્યાર સુધી ધીલ કરી છે તે તારી મોહબતની કસોટી કરવા ખાતરજ કરી હતી."

"મોહબતની કસોટી!" પરીન બુમ પાડી બોલી; "શું મોહબતની કસોટી હજી બાકી છે? અરેરે આતબીન! તને મેં મારો જાંન ગણી જાંન આપ્યો, અને તું મોહબતની કસોટીની બાકી સાકી કાહાડે છે? નહીં, ઓ વ્હાલા આતબીન! તું જાંણ કે તું એક દોજખી દેવ સરીખો હોય તોબી હવે તો હું તારી અને તારીજ છું!"

"પરીન!" દેલજંગ ગંભીરતાથી બોલ્યો, "તપાસજે હો. તું બોલેછ તેનો તને વિચાર છે? ધાર કે હું કોઇ તું કહે છે એવો છેક દોજખી દેવ તો નહીં પણ એક ઠગારો કે ચોર હોઉં, તોબી શું તું મને તારા ખાવંદ તરીકે કબુલ રાખવાને ખુશી થશે? કદાચ હું ચોર કરતાં બી ન બેહેત્તર લુટારો, ગળાંફાંસુ હોઉં,

તોબી–હું પુછુંછ કે તોબી તું મને પરણવા તૈયાર છે? બોલ, અય ઓરત! તારા ખુદાને તારે માથે જાંણી મને ખરો જવાબ દે!"

"હા," પરીન જુસ્સાથી બોલી; "હા–સદા હા, હજાર વખત હા, તું આતબીન ગમે એવા હતે, જે ચંડાલની વાત આપણી આગલ જવાન નોકરે કરી છે, અને જેને માટે આપણે આટલું સાંભલ્યું છે તે તું દેલજંગ પોતે હતે, તોબી હવે હંમેશ મારે મન મારો ખાવંદ તુંજ અને તુંજ,–પણ રે! આવા નકામા સવાલોની જરૂર શું છે, આતબીન! કહી દે રે કહી દે કે આ ચીંતાની ચિત્તામાંથી તું કયે દહાડે મને છુટી કરશે?"

"પરીન," દેલજંગ હવે ગંભીર ચેહેરે બોલવા લાગ્યો, "તો તો તઇયાર થા. તારા કસમને આધારે ત્યારે એક વાતથી વાકેફ થવા તઇયાર થા, અને જાંણ કે જેને તું ખરા જીગરથી ચાહેછ– જેને તેં તારૂં દીલ આપ્યુંછ–જેને તું પરણવા તઇયાર થઇછ–અને જે તારી આગલ હમણા ઉભોછ તેનું નામ આતબીન નથી; મેહેરનોસ અને આજરની પેહેડી સાથ તેનો કશો બી સંબંધ નથી, પણ તે પોતાનાં પરાક્રમોથી જગતમાં પંકાયલો અને જગતમાં કીર્તી પામેલો કલાબાજ લુટારો–"

પણ દેલજંગ આગલ બોલી શકયો નહીં. એક દુઃખની ચીચીઆરી પાડી કમબખ્ત પરીન વલ ખાઇ ગાલીચા પર બેસુદ્ધ થઇ પડી. તે કમબખ્ત અબળાએ ઝેહેર મારતા કાંને અને ગુમતાં ભેજાંએ દેલજંગનો ઉપલો ખોલાસો થોડો ઘણો સાંભળ્યો ખરો, પણ તે દરામણું નામ તે સાંભલી શકી નહીં; તે આગમચ તે બેફામ થઇ પડી!

પ્રકરણ ૮ મું.

આતથીન--ખુન.

કમબખ્ત અને અપરાધી પરીતની એ બેભાની ઘણો લાંબો વખત સુધી ચાલુ રહી, અને તે સઘળો વખત તે એક વારની નિર્દોશ નારનું નખોદ વાલી મુકનાર દગાબાજ દેલજંગ તેણીની પાસે બેસી રહયો. અંતે લગલગ એક કલાકે તેણીએ આંખ ઉઘાડી. તેણીનાં કમનસીબની વાત તેણીની આંખ ઉઘડતાં તેણીને એકદમ યાદ આવી શકી નહીં. તે પાંચ વરસની માંદગીની બેમારીભરી ઉંઘથી બેદાર થાઈ હોય તેમ પોતાનાં કપાલ પર હાથ ફેરવી તે પોતે કયાં છે અને કોણુની સાથે છે તે આજુબાજુ જોઇ યાદ કરવા લાગી, અને જયારે તેને યાદ આવ્યું,—જયારે એક વીજળીના ચમકારા પેરે બનેલા બનાવો તેનાં મગજમાં તાજા થયા ત્યારે તેનું આખું શરીર દુઃખના પ્રહાર રૂપી વમલમાં વીંટલાઇને વલ ખાઇ મરતું પ્રગટ જણાતું હતું. તેને પોતાનાં હીણુ ભાગ્યની પેહેલી યાદ આવતાંજ તે પાસે બેઠેલા દેલજંગને એક આદમરૂપી દોજખી દેવ તરીકે પીછાંણી કમકમીને પાછી હઠવા જતી હતી, પણુ નહીં; પાછી હઠી હવે કયાં જાય? તેણે પોતાનાં એકબાલને શરણ થવામાં ડાહા પણ જોયું. તેણે દેલજંગને રડી, કાલાવાલા કરીને, વિનવીને સમજાવ્યું કે હવે તે તેણીને વગર ધીલે નેકાનાં પાક બંધણુથી પોતાની ઓરત કરે, કે જેથી તેનાં પાપનો બોજ જરા પણુ તેને માટે હલકો

થાય. દીલનો ડંખ જણુન છે, અને તે ગમે એવાં દેખીતાં સુખ વચ્ચે હ્રદયને કોતરીને ખાઇ જાય છે.

એ દીવસ પણ નીકલી ગયો. પરીનસે મેળાપ કરી તેના ભોલા અને ભલા કાકાએ જવાંન નોઝર તરફથી તેણીનું માંગુ લાવેલા નોઝરના કાકા સબંધી હેવાલ કહી સંભળાવ્યો, અને નોઝર વિષે તેણીની મરજી પુછી! કેવો બારીક સમો? કેવી ભયભીત કસોટી! પરીને પોતાનાં સઘળાં નબળાં બળને એકઠું કરી મોંહ છુપાવી નોઝર તરફની પોતાની નાપસંદગી શરમીંદગીથી લાલ ચેહેરે કહી સંભળાવી, અને તેણીના કાકાનાં દેખતાં તેણીએ હસવાની ફોકટ કોશેશો કીધી ખરી, પણ અફસોસ! પોતાના ભલા કાકાને છેતરવા સારૂ—તેની તરફ આમ મોટો ઢગો રમવા સારૂ તેણીનું હ્રદય તો રડતું હતું!

બુજોર્ગ અસપંદીઆરે જવાંન નોઝરના કાકા ગોદરેજને આપેલાં વચન મુજબ પરીનની નામરજીથી તેને જાણીતો કરવાની મતલબનો તુરત તેણે તેની ઉપર એક રૂકો રવાંના કર્યો, અને તેમાં નોઝરને પરીનની મરજી ઉપરાંત પોતાના જમાઇ તરીકે કબુલ કરી શકવાનાં પોતાનાં અશકતપણાં ઉપર ભારે ઓજરખ્વાહીભરી દલગીરી જાહેર કરી.

એજ દીવસે સાંજે દેલજંગના ઓરડામાં દેલજંગ અને દારાબ બે જણ એકલા પડયા, અને ત્યાં તેઓએ કીધેલી વાત તેમનાજ બોલમાં નીચે ઉતારશું:—

"બસ, નક્કી થઇ ચુક્યું," તેઓ એકલા પડતાંજ દેલજંગે દારાબને ખભાંપર હાથ મારી ખુશાલીથી કહયું, 'દોસ્ત દારાબ, નક્કી થઇ ચુક્યું!"

"શું નક્કી થઇ ચુક્યું ? રફીક દેલજંગ ?" દારાબે ભોલાઇથી પુછયુ, "કે આજે આપણુને બેવડાનાં બે કોપટાં વધતાં ચહડાવવાનાં મલશે એમ ?"

"હે હેમક !" દેલજંગે ચીરડાઇને બુમ પાડી, "ખાંણી પીણીના ખ્યાલોમાંજ તું તારી પેઠે મારો વખત બી રોકાયલો સમજેછ શું ?"

"પણુ ત્યારે શું નક્કી કીધું છે ?" દારાબે પાછુ પુછયું; "ખુદા ખેર કરે દોસ્ત, શું નક્કી કીધું છે ?"

"નક્કી એમ," દેલજંગે વળી નરમ પડી સમજાવા માંડયું, "કે આપણુને આએજ મકાંનમાં હવેથી રેહેવુ થશે."

"આએજ મકાનમાં ? આવાજ ભપકાથી ? આવાંજ ખાણુ પાંણુ અને રંગ રાગ વચ્ચે ?" દારાબે અત્યંત ખુશાલી બતાવી, "ખરૂં, દોસ્ત દેલજંગ ? અરે વાહરે ! ખરૂં કેહુંછ, દોસ્ત, કે ગામે ગામના ધરમના ધકેલા ને રસ્તે રસ્તેની લુટના કરતાં મને તો અહીં સાહેબ સોખ રેહેવું ઘણુંજ વધારે પસંદ આવેછ, પણુ"–બીજીજ પળે તેણે ઉદાસ ચેહરે વધાર્યું, "ખોદાયજી ખેર કરે, તે બનશેજ કેમ જો ?"

"કાંય નહીં બનશે ?" દેલજંગે ગુસ્સાથી પુછયું; "કાંય નહી બનશે ? જો સાંભળ, પેલા બેવકુફ બુઢા અસપંદીઆરની

બેટી પરીનને મેં મારો શિકાર બનાવી છે, અને હવે તેથી તેનાથી મને છેડાય કે છોડાય એવું નથી. તેણી કોઇ બી રીતે હવે તો મને પોતાનો ખાવંદ બનાવવાને આજુમંદ છે, અને એક વાર અમારી શાદી થયા પછી જો અસપંદીઆર આપણી ખરી હાલત ને ખરા પેશાથી વાકેફગાર થાય તો આપણા એક બાલને તે પોતાની બેટીને લીધે ઇજા આપી શકશે નહીં, માટે હવે પરીન સાથના મારા નેકાનોજ વીલંબ જાણવો."

"અને પેલો ખરો આતબીન?" દારાબે યાદ આપી, "ખોદા યજી બેર કરે તે તે ખરો આતબીન તારી શાદી થાય તે આગમચનો અહીં આવી પુગે તો તું અને હું બેઉ મુવાજ છુટા!"

"પણ તેને આવવાજ શું કામ દઇશું?" દેલજંગે મગરૂરીથી કહ્યું; "શું આપણે તેના કરતાં ઓછા છીએ?"

"પણ ત્યારે શું કરશું?" દારાબે પાછું પુછ્યું; "શું તે આવશે તેને આડા હાથ કરશું?"

"આડા હાથ?" દેલજંગે તુચ્છકારથી કહયું, "આડાં હથિયાર કરશું! શું, સમજ્યો કે દારાબ," દેલજંગ ભોગમભર્યા ભારથી બોલ્યો, "આડાં હથિયાર કરશું?"

"એટલે કે," દારાબે ભરમ ભાંજ્યો, "એટલે કે તે અહીં આવશે તે આગમચ આપણે તેને પુરો ને પોંહતો કરશું, એમજકેની? પણ રફીક, હવે તો ખુનોના વિચારોએજ મારૂં બુધું હાડ ધુજેછ."

"એ હીચકારા!" દેલજંગે વળી પાછી બુમ મારી, "હોસ પકડ! શું આ મકાનમાં આવી બાયલો બની ગયોછ? આપણો

ધધોજ શું છે ? લુટફાટ, ચોરી, ખુંન, મારફાર, દગો અને ફરેબ એતો આપણો બાપીકો રેવાજ છે. સઘળું ચોકઠું ગોઠવી રાખ્યું છે. મેહેરનોશ ને આજરની પેહડીવાસી ખરો આતબીન જો આપણે બેખબર રહીએ તો આવતી કાલે અતરે આવી પુગે અને આપણને ઉંધાડા પાડી આપદમાં નાખે, પણ તે પેહેલાં આજેજ રાત્રે તેને આપણને પુરો કરવો પડશે!"

"આજે રાત્રે ?" દારાબે હબાઇને પુછ્યું.

"હા, આજેજ રાત્રે," દેલજંગે બારુથી કહયું; "આજેજ, નહીં તો કાલ તારી અને મારી નથી. આપણા પર કશો શક નહી આવે માટે આપણે હયાંથી આજ રાત્રે બધાં ઉંઘમાં પડશે ત્યારે નીકળશું. જો આસ"—અને એમ કેહેતાં કુંચીનો એક ઝુરો તેણે પોતાનાં ગજવાંમાંથી બાહાર એંચી કાઢયો, "આય ખોટી કુંચીઓથી મેહેલનાં સઘળાં બારણાં આપણને મોકળો રસતો આપશે. આપણે અગ્યાર કલાકે કુચ કરશું."—અને હયાં એ વતરોગે પોતાના બીજા પાપી પ્રપંચોની રચણા કરી દેલજંગ અને દારાબ તુરત જૂદા છુટા પડયા.

રાત પડી. નિર્દોષ ભલાંઓને ગારેની રાત, અને પાપી બુરાંઓ માટેની દીસ સરખી તે રાત પડી. આબરૂદાર ધંધાથી ફારેગ થઇ પોતાનાં થાકેલાં તન તથા મનને આશાએશથી આસુદું બનાવવાને સારૂ આબરૂદાર લોકોને ગાટે તે શાંત રાત્રી શરૂ થઇ, કે જયારે જંગલી જનાવર પેરે રાત્રે શિકાર મારવા સહવારે ભરાઇ બેસી અંધારી રાત્રે પોતાના પાપના બુરા પેશા ચલાવનારા ચંડાલોને માટે રાત

જરાક વધારે બરાબર રીતે બોલ્યે તો ઠીક થઇ. એ રાત્રે પેલા આલબીન-મેહરનોશ અને બાજરની એરડીવાળાઓના જવાંન આડ-તીઆનું ખુંન કરવા ખુંનીઓના હાથ તલપેલા છે તેની તે બેખબરને કેવી ને કેટલી થોડી ખબર છે! તે પોતાની મુસાફરીની મોટી ગાડીમાં નીરાંતે ઉંઘાય છે, કે જ્યારે મોહત તેનાં માથાં ઉપર ઘું ઘું કરતું ભમતું ફરે છે. બુરાઓની બુરાઇનો એ બીનવાકેફ ભોગ પોતા માથે સેહેજ વારમાં આવી પડનાર આફતથી અજાંણ્યો પોતાનાં ભલાં મનની સાફુચેત સલાંમતી વચ્ચે હાલ તો ખુશ નિંદ કાઢે છે, કે જ્યારે તેની ગાડીને જોડેલા ચાર કદાવર ઘોડા અને તેના બે હાંકનાર જવાંનો રસ્તાને જેમ બને તેમ જલદી કાપી જઇ પોતાનાં મકાનમાં જઇ પોતાની થાક નિવારવાને ઉતાવળ કરે છે.

૧૧ કલાકનો અમલ થયો છે. અસપંદીઆરનાં મેહેલ સરખાં મકાનમાં સર્વ કોઈ પોતપોતાના ઓરડામાં સુવા ગએલાં છે. બુઢો અસપંદીઆર અને તેની બાનું ઉપર નફકરાઇની ખુશ નીંદે અમલ કરેલો છે. દાસી મેહર અને બીજાં ચાકર નફરો આખા દીવસની જેહમત પછી નીરાંતે ઘોરે છે, પણ પરીન બેદાર આંખે બીછાંણાંમાં જાગૃત પડેલી છે! એક વાર પાપ કર્યા પછી-અને તે પણ એવું ઘોર પાપ કીધા પછી ઉંઘ અને ભુખ, સુખ અને શાંતી સર્વે કાંઇ તેને તજી ગયાં છે. તે મરવા જેવી થઇ છે. દરરોજ તે દર વરસના જેટલી લાંબી માંદગીથી હોય તેમ તવાતી જાય છે, એ ફેરફાર તેનાં કરૂણાળ કાકા કાકી નહીં જોતાં હોય એમ નથી. તેઓ તેને માટે બહુ ચીંતા કરે છે, કે જ્યારે પરીન તેમને ખોટી ખાત્રી આપવાની કોશેશો કરે છે કે તેણીને કશું નથી-તે તદન સારી પેઠે છે અને સુખી છે, અને

તોબી આપણે હાલ તેને જાગૃત અને દુ:ખી, નિરાશ અને નાચાર બીછાંણુંમાં પડેલી જોઇએ છીએ !

પણ ત્યારે સવાલ ઉઠે છે કે દેલજંગ અને દારાબ શું કરે છે? શું તેઓ પણ અસપંદીઆર અથવા સોદાબે માફક, કે મેહેર અને બીજાં તે મકાંનનાં નિર્દોષ અને મેહેનતુ નોકર માણુસો મુઆફક સુખી ઉંઘમાં સંતોખી સુતા છે? અથવા શું તેઓ પણ પાપી હોવે ઉંઘ મેલવવાનાં ફોકટ ફાંફાં મારતા પોતે કરેલાં અગણીત પાપોના ભારી બોજા તળે સુંદર પણ દુ:ખી પરીન માફક બળાપે બળી મરતા બીછાંણુંમાં પડેલા છે? પાપ તો તેઓએ પણ કરેલાં છે, અને તે પણ વળી પરીન કરતાં નહીં કલ્પી શકાય એવાં વધારે ભારે અને અઝીમ પાપો કરેલાં છે; ત્યારે શું પરીન કરતાં વધતી બેચેની અને બેદાદીની હાલતે તેઓ પડી રહી ઉંઘની આજીજીભરી રાહ જુએ છે? કશું એ નહીં. એવા ભારી પાપીઓને તેમનાં પાપનો ભાર ઘણો જ બુન જલદીથી નથી લાગતો. પાપમાં હૃદય એકવાર સંગીન થઇ જવે, અને બુરાઇની બાબદમાં મનને મારી મારીને સેહતાંનના શરીક થઇ પડવે પાપ તે પાપી જીગરને ઘણું તુરત વેળા હેરાંન કરતું નથી,— જોકે મોડે વેહલે તેની સજા તો છેજ, પણ તુરત વેળા તે તેમને એટલી બેજારી આપતું નથી: માટે દેલજંગ અને દારાબ હાલ જાગૃત છે ખરા, પણ તોબી તે કાંઇ પાપના ભારની જાગૃતાવસ્થા નથી. તેઓ તો હજી બીજું પાપ કરવાના વિચારોથીજ જાગે છે.

અમોએ જણાવ્યું કે અગયાર વાગ્યા;–ઘરનાં અને આજુબાજુના મોટા મિનારાઓનાં અનેક ઘડીઆલોના લોખંડી હથોડી રૂપી હાથાએ

રાતના શાંત સમે ૧૧ ટકોરા દરેક જાગતા જીવ પાસ ગણાવ્યા, ત્યારે દેલજંગ અને દારાબ પોતપોતાનાં બીછાણાંમાંથી કુદકો મારી ઉભા થયા. દેલજંગે પોતાનાં ગજવાંમાં થોડોક સામન લીધો, અને પોતાના પગના અંગુઠા ઉપર ચાલતો અને દરેક પલે થોભીને દમ ખાતો અને આજુબાજુ જોઇ વલતો તથા સાંભલતો તે દારાબના ઓરડામાં ગયો. દારાબ તૈયારજ હતો. તેણે થોડીઘણી ધ્રુજતા સાદે પોતાના ઓરડા-માંથી બાહાર આવતાં પોતાના ખોદાયજી પાસે ખેર કરાવી લીધી, અને પછી પોતાના પાપી હમશરીક પુઠે તેનીજ પેઠ ચાલતો થયો.

તેઓ મોટી ઉભી ચાલમાં થઇ મોટા સંગેમરમરના દાદરને પડતો મેલી હેઠલા ખણુમાં જવા સારૂ પાછલી તરફના એક ન્હાના ચકરાવદાર દાદરપરથી ગયા. ત્યાં કોઇ હતું નહીં. સર્વ શાંત હતુ. ગંભીરતાભરી ચુપકીદી નબલા દારાબનાં દીલને ધબકાવતી હતી. દાદરપરથી ઉતરતાં તે દેલજંગનાં બદનને પકડી રહયો હતો. ઉતરતી વેલાએ દાદરનાં પગઠીઆં ઘોંઘાટ નહીં કરે તે માટે બનેથી સઘળી સંભાલ લેવામાં આવવા છતાં દાદરનાં કમબખ્ત પગઠીયાં પગના ભાર તલે દબાઇ કડક-કડક વાગી અવાજ કરતાં, અને અવાજ કરી ધ્રુજતા દારાબને ધાસ્તીથી વધારે ધ્રુજાવતાં અને દેલજંગને પણ ઘણો ખીજ-વાટ ઉપજાવતાં. તેઓ દાદરના દરેક અવાજે વધારે સંભાલથી બીજાં પગઠીઆંપર પગ મુકવા થોભીને દમ ખાતા, અને તોપણ રાત એટલી શાંત હતી કે દરેક બીજુંં પગઠીઉં પેહેલાંના કરતાં બેવડો વધતો અવાજ કરતું હોય એમ લાગતું !

એમ કરતાં અંતે દાદરો ઉતરાઇ રહયા, અને ત્યારેજ દેલજંગે અને દારાબે એક છુટકારાનો દમ ખેંચ્યો. હવે તેઓ એક મોટાં

બારણાં આગળ ગયા. ત્યાં દેલજંગે સાથે લીધેલા કુંચીઓના ઝુડા-માંથી એક કુંચી કાઢી કલને લગાડી, અને બારણું વગર અવાજ કરવે ઉઘાડયું, એટલે તેઓ બહાર પડયા. તે પછી પોતાની પુઠે તુરત દેલજંગે તે બારણું પાછું બંધ કરી લીધું, અને હવે આગલા મોટા દરવાજા તેટ-લીજ સંભાલથી ઉઘાડયા. ત્યાંથી તેઓ બહાર રસ્તા ઉપર પડયા, અને ત્યાંની ઠંડી હવાથી દારાબના ગભરાયલા જીવને ઘણી શાંત મલી. હયાંથી તેઓએ ઝપાટાબંધ ચાલવા માંડયું. રાત એટલી તો સીહા હતી કે એક ડગલું આગલ શું છે તે બી દેખાતું નહીં હતું. તારાની રોશની પણ જાણે તે પાપીઓને તેમનાં પાપમાં મદદ કરવાં માંગતી હોય તેમ સીહા વાદળ હેઠળ છુપાઇ બેઠી હતી. એવીજ અંધકાર સીહા રાત દેલજંગ જેવા દરામણા ગલાંકાંસુઓને વધતી પસંદ હોય છે. ચંદણી તેઓ અંતકરણથી ધીકારે છે. ખુદરતનો એ નુરાંની પ્રકાશ તેમને તેમનાં કાલાં કામમાં હરકત નાંખી આડો આવે છે, માટે સીહા અંધારી રાત એવા બુરાઓને બહુ મનગમતી હોય છે, અને તેવી એક રાત તે આજની હતી!

અંતે દેલજંગ દરેક પળે ઠોકડ ખાતા દારાબને ચલાવતો બલ્કે ઘસડતો એક નીચાં છાપડાંનાં કંગાલ દેખાવનાં ઘર આગળ લઇ આવ્યો. આ કાંઇ ઘર હતુંજ નહીં; એ તો એક તબેલો હતો. તેનાં કામરાંનાં બારણાં અલગાંજ હતાં. દેલજંગે તે હલવે રહીને ઉંઘાડયાં. અંદર ચોપાસ ઘોડાઓ બાંધેલા હતા. તે અમીરી અને તેજી જાનવરો પોતપોતાની જગ્યાઓ પર સુખથી ઉભાં ઉભાં આસાએસ લેતાં હતાં, અને બાજુએ એક ઘાસની ગંજી ઉપર એક આસરે

ત્રીસ વર્ષનો જવાંન ઉંઘતો હતો, જ્યારે તબેલાની વચ્ચોવચમાં લટકાવેલાં એક ભાગા કાચનાં ફાનુસમાં એક દીવો ઝરમર ઝરમર બળતો-ભડકે ઝુલતો હતો. દેલજંગે અંદર ડોકું ખોસ્યું કે દારાએ તેનાં ખભાંની ઉપર ટીંગાઇ અંદર શું હતું ને કોણ હતું તે જોઇ લીધું. દેલજંગે પેલા જવાંનને ઉઠાડયો. એ જવાંન તે ઘોડાનો વેપારી હતો, અને તેનું નામ નરીમાન હતું. આ નરીમાનને અમારાં વાંચનારાંઓ ઓળખે છે. અમારી વારતાના સટ્ટા ઉપર એ પુરૂષ હાલ નવો નથી આવતો. એક વાર એને વિશે અમે બોલી ચુકયા છીએ. અમારી વારતાનાં બીજાંજ પ્રકરણમાં કાગળો ફોડી વાંચતાં દેલજંગે એક કાગળ નરીમાન નામના એક ઘોડા રાખનારપર લખાયલો ફોડી, વાંચી, ગજવાંમાં મુંકતાં દારાબને કહ્યું હતું કે:–

"એ બી ઠીકજ છે * * * એ કાગળ સબેસ્તાન શેહેરથી થોડેક દુર એક એકાંત જગ્યામાં નરીમાન નામના કોઇ ઘોડા રાખનારા ઉપર લખ્યું છે. આ નરીમાન બી આ કાગળપરથી કોઇ લુચ્ચાનો પીર જણાય છે, અને આપણને લુચ્ચાઓ સાથેજ કામ છે, માટે એ કાગળ એ લુચ્ચાનું ઠેકાણું જાણવા સાથે રાખેલું કામનુંજ છે."

અને તે નરીમાનનું દેલજંગને હમણાં કામ પડેલું આપણે જોઇએ છીએ. એ નરીમાન ઘોડાનો વેપારી હતો, પણ તે લુચ્ચાઓનો મદદનીશ અને દોસ્ત હતો. તે પોતાનાં જાનવરનો રૂડો તેમજ નઠારો ઉપયોગ કરી જાંણતો. હાલ દેલજંગને ઘોડાની અગત હતી; આતબીનને અધવચે અટકાવી મારી નાખવા ઝડફથી અડધે રસ્તે નિકળી

જવાનુ હતું માટે બે ઘોડાની જરૂર હતી, અને આ રાતને સમે તેને ઘોડા કોણુ આપે? અને આપે તો જ્યારે બીજે દીવસે ખુંન જાહેર પડે ત્યારે તેનાપર શક ના લાવે? એવો શક નહીં લાવનાર મદદનીશ દેલજંગને જોઇતો હતો, ને તે તેનો મદદનીશ તે આ લુચ્ચો નરીમાન દેલજંગને મળ્યો હતો. દેલજંગે તેના બે ઘોડા ચાર કલાકની બોલીએ ભાડે લીધા હતા, અને પોતાની બુરી મતલબથી તેને થોડા ઘણો વાકેફ કરી પૈસાની ભારે રકમે તેનું મોં બીડી દીધું હતું.

દેલજંગે તેને પોકાર મારી જગાડયો, અને પછી બે તૈયાર કરી મેલેલા ઘોડાપર સવાર થઇ દેલજંગ અને દારાબ નિકલી ચાલ્યા. તેઓ અકેકથી રસ્તામાં સો બસો કદમ દુર ચાલતા કે કોઈ રાહદારી મલે તો તેને કશો શક પેદા થાય નહીં. ઘોડાઓને પગે-રાત દીવસ રસ્તો આવી રેહેલો હોવાથી તે તેજી જાનવરો પોતાના ભાર સહીત પવન પેરે દોડયા, અને પેલા ફાંસીનાં લાકડાં સરખા દારાબને તો તેના ઘોડાએ એક અરધા કલાકમાં અરધો દોદરો કરી નાખ્યો.

અંતે તે કરપીણુ કરમ કરવા લાયક એક એકાંત જગ્યાપર તેઓ આવી પુગ્યા, અને સામી કોરેથી આવતી ગાડીનો ઘોંઘાટ અને ઘોડાઓની જમીનપર પડતી લોખંડી એડનો અવાજ દુરથી સંભળાવા લાગ્યો. દેલજંગ અને દારાબ હયાં ઉતર્યા અને થોભ્યા. તેઓએ પોતાના ઘોડાઓને બાજુએ બે ઝાડ સાથ બાંધ્યા, અને બહાર આવી ઉભા રહયા.

ગાડી આવી પુગી. દેલજંગે એક કુદકો મારી ગાડીના હાંકનારાને એક જબરદસ્ત જરબ મારી હેઠે પાડયો. ને દારાબે ગાડી તુરત

ઉભી રખાવી. દેલજંગ એ પછી તુરત ગાડીની બારી તરફ દોડયો. અંદર સુતેલો આતબીન આ આંખના પલકારામાં બનેલી ગભરાત ભરી ગડબડથી ચોંકીને જાગી ઉઠયો હતો, અને બારી બહાર ડોકું કાઢી બુમ મારવા જતો હતો, તેટલાં દેલજંગે અંદર ધસી તેને ગલચીમાંથી પકડયો, અને જરા પણ દયા લાવ્યા વના કંમરેથી એક મોટી વહેતી છુરી કાઢી તે બિનહથીઆરી, લાચાર, નિર્દોષ, કમબખ્ત આતબીનનાં કલેજામાં આરપાર ચલાવી દીધી!

પ્રકરણ ૯ મું.

"ખુન કોણનું ?"

કમનસીબ આતબીનને તેની નિરાશ્રીત હાલત વચ્ચે ઠાર કરી અને એ મુજબ મારી નાખવા પછી દેલજંગ ગાડીમાંથી બાહાર કુદી પડયો, અને તેણે જોયું કે દારાબે ઘોડાઓને તેમના બંધમાંથી છુટા કર્યા હતા, જ્યારે બેસુદ્ધ પડેલા ઘોડાવાલા આગળ ઉભો રહી તે તેમના ગજવાંમાંનો કીંમતી ભાર પોતાનાં ગજવામાં મુકી હલકો કરી આપલામાં ગુંઠાયલો હતો. હયાં તુરત વેળા બીહીવા જેવું કશું નહીં જોઇને તે ક્રુર ચંડાળ પોતે એક પલ આગમચ કરેલાં કરપીણ કરમને આસાંનીથી બાર ઉતારવા કાજે દારાબ આગલ-લગાર બડાઇ મારી પાછો ગાડી માંહે ગયો, અને ત્યાં પોતાનાં પાપના તે ભોગ આતબીનનાં મુરદાં

આગળ તેણે એક મોટી છરી (જેણે ખુન કર્યું હતું તે નહીં પણ એક જુદીજ) તેનાં લોહીમાં ખરડી નાખી. તેણે વળી લોહીના દાઘા પાડી તેની લોથની બીજી બાજુએ એક રૂમાલ નાખ્યો, એટલુંજ નહીં પણ આતબીનનાં ગજવાંમાંથી સઘળી કીંમતી ચીજો કાઢી લેવાને બદલે તેણે માત્ર સઘળાં કરકાગળ્યાંજ કાઢી લીધાં, અને તેમની જગ્યે બીજાં નવાં કાગળોનું એક બંડલ પોતાના પટામાંથી ખેંચી કાહાડી તેણે સેરવી દીધું, જે કીધા બાદ નિર્દોશ આતબીનની લોથ એક વગર અગતનો લાકડાંનો કકડો હોય તેમ તેને કશી દરકાર વીનાં બાજુ હડસેલી મારી તે ગાડીમાંથી બાહાર આવ્યો, અને દારાબને સાથે લઇ બાજુએ બાંધેલા પોતપોતાના ઘોડા ઉપર સ્વાર થઇ તેઓ ત્યાંથી નીકલી નાઠા.

પાછા ફરતાં તેઓ જે તબેલામાંથી ઘોડા લઇ ગયા હતા ત્યાં પાછા જઇ પેલા ઘોડાના વેપારીને તેના ઘોડા પાછા સપુર્દ કર્યા, અને સહવારે ખુંનની વાત જાહેરમાં આવતાં તે શક ઉપરથા તેમને નહીં પકડાવે માટે તેને ભારે ઇનામથી તૃપ્ત અને ચુપ કર્યો, જે પછી બંને પાપીઓ બુજોર્ગ અસપંદીઆરના મેહેલ તરફ પાછા ફર્યા. જે રસ્તે તેઓ રાત્રે ૧૧ કલાકે ખુંન કરવાને બાહાર પડયા હતા તેજ રસ્તે તેટલીજ સંભાળથી તેઓ પાછા મકાનમાં દાખલ થઈ પોત પોતાના ઓરડામાં ધુસ્યા, અને કશું બન્યું નહીં હોય તેમ બેફીકર, બેપરવાહ, થાકના માર્યા ઘોંટાઇ ગયા. દેલજંગ અને દારાબ જ્યારે અસપંદીઆરના મકાનમાં પાછા ફર્યા ત્યારે લગભગ પાછલી રાત થવા આવેલી હતી, તેઓ ઘરે પાછા આવ્યા ત્યારે સાડાત્રણ થઈ ગયા હતા!

બીજી સહવારે જ્યારે તેઓ ઉઠયા ત્યારે સારાં શેહેરમાં મોટી હોહોકાર મચી રહી હતી. તેઓનાં આ ઘોર કર્મની ઠેકાણે ઠેકાણે, ઘરેઘર, રસ્તે રસ્તે અને ચૌટે ચૌટે વાતો ચાલી રહી હતી. દેલજંગ અને દારાબ જ્યારે સહવારે તઇયાર થઇ અસપંદીઆરનાં દીવાનખાનાંમાં ગયા ત્યારે ત્યાં પણ એ ખુંનનીજ વાત ચાલી રેહી હતી, અને બુઝોર્ગ અસપંદીઆર અને તેની બાંનુ સોદાબે તથા પાલક બેટી પરીન જાંણે તેઓનાં પોતાનાંજ મકાનમાં કોઇ તેમનાં પોતાનાં જ વહાલાંનું ભયંકર ખુંન થયું હોય તેમ ધારતીથી હેબત ખાઇ તરેહવાર તરંગો અને તકરારો ચલાવતાં હતાં. દેલજંગે દીવાનખાનાંમાં દાખલ થતાંજ એ દેખાવ જોઇ દારાબનો પોતાના હાથમાં પકડેલો હાથ જોરથી દાબ્યો, પણ ઓરડામાં દાખલ થઈ ચુકયા પછી તેઓએં અજાણપણાંનું દોલ ઘાલ્યું, અને અસપંદીઆર અને સોદાબેએ તેમને નવેસરથી તે ખુંનની વાતથી વાકેફ કર્યા. તેઓએ તેમને જણાવેલી વાતનો સાર આ હતો:—

તે સહવારે બે ખેડુતો કામપર જતા હતા તેટલાં તેઓએ એક મોટી ગાડી રસ્તામાં અધવચે અટકી ઉભેલી જોઇ. આગલ જઇ તપાસ કરતાં તેમને માલમ પડયું કે ઘોડા છુટા થઇ બીનદેહેસત પાસેની એક ઘાસની ગંજી ઉપર ચરતા હતા. અને ઘોડાવાલા ત્યાં જખમી થઇ ભોંય ઉપર પડેલા હતા. વધારે તેહેકીક કરતાં તેમને જણાયું કે ગાડીની અંદર એક ભયંકર ખુંન થએલું હતું. તેઓએ શોર મચાવ્યો અને સરકારનાં માણસો ત્યાં ભેગાં થયાં, અને તલાસ ચલાવતાં એવો સાર મલ્યો કે ખુંનીઓ કોઇ લુટારા હશે, ને પેલા

ગાડીમાં બેઠેલા ગૃહસ્થને મારી નાખી તેને લુટવાનો કસદ કરતા હશે, પણ કમનસીબે છરી ભોકતાંજ તેઓએ કોઇને આવતું સાંભળ્યું હોય, જેથી હેબત ખાઇ તેઓ ત્યાંથી નીકલી નાઠા, ને તેમ કરતાં તે લોહીથી ખરડાયલી છરી અને પોતાનો રૂમાલ તેઓ ધાસ્તીના માર્યા ઉતાવલમાં ત્યાંજ પડતાં નાખી ગયા. તે છરીની ઉપર તેમજ રૂમાલ પર એકજ સરખું નામ હતું, અને તે 'આદરખુજીન' કરી હતું, જે તે ખુંની લુંટારાનું નામ હશે એવી સરકારે અટકલ બાંધી છે, અને પેલા ખુંન થયલા ગ્રહસ્થનાં ગજવાં તપાસતાં સઘળી દોલત અને ઝવેરાત વગેરે સલામત મલી આવવાથી ઉપલી અટકલ (કે ખુંનીઓ ધાસ્તી ખાઇને લુટવાને થોભ્યા નહીં, પણ ખુંન કરતાંજ બીહીને સંઘળું ત્યાંજ પડતું મેલી નાઠા) ખરી હકીકત તરીકે માંની લેવાને વધારે મજબુત કારણ મલે છે. વળી તે મરનાર ગ્રહસ્થનાં ગજવાંમાંથી કાગળ પત્રો કાઢી તપાસી જોતાં માલમ પડયું કે તે કોઇ આદરબાદ શેહેરનો વેપારી નામે 'મઉસલ' કરી હતો, અને આદરબાદથી બીજે શેહેર જતાં રસ્તામાં તે ખુની લુટારાઓનો ભોગ થઇ પડયો હતો, પેલી ગાડીમાંથી મલી આવેલી છરી અને રૂમાલ ઉપરથી સરકાર ખુંનીઓનો પતો સેહેજમાં મેલવી શકવાની ઉમેદ ધરાવે છે, અને તે મુવેલા વેપારી મઉસલનાં ખેશીઓની પણ ખોલમાં છે.

અસપંદીઆર અને સોદાગરે ધાસ્તીથી બાગાટુટા બોલોમાં જે સાર જાહેર કર્યો તે ઉપલો હતો, અને તે ચાલુ સીલસીલામાં ગોઠવી અમોએ અમારાં વાંચનારાં આગલ વધારે સેહેલથી સમજ પડે એવી રૂપમાં મુકયો છે, ને તેથી તેઓ જોઇ શકશે કે ઠાગાબાજ

દેલજંગ કેવો ને કેટલો પક્કો ચોર હતો. તેણે ગોઠવી રાખેલી સઘળી તેની હીકમત પાર થઇ હતી. ઉપર મુજબનો હેવાલ લોકોમાં જાહેર થશે અને સરકાર ઉપર કહેલીજ તર્કો બાંધશે એ દેલજંગ આગલથી જણાતો હતો. તેણે જો આતબીનનાં ગજવાંમાંથી તેનાં કાગળપત્રો કાઢી લેઈ પેલાં જુઠાં નામનાં કાગળો નહીં નાખ્યાં હોત, ને વિચાર-અંધ થઇ માત્ર ખુંન કરીજ ચાલતો થયો હોત તો આતબીનનાં કાગળપત્રોથી તે મરનાર મેહેરનોશ ને આજરની પેહેડીના જવાંન આડતીઆ આતબીન તરીકે તુરત જાંણુમાં આવી શકતે, ને દેલજંગનું પાપ જાહેર પડી તે ઘટતે ફેજે ભુગતે; પણ તેમ નહીં થાય તેની તેણે આગમચથી સંભાળ લીધી હતી. તે આગલથી ઘરેથી 'મઉસલ' નામનાં ઘણાંક ખોટાં કાગળો લખી લઇ આવ્યો હતો, જે કાગળો પરથી એવો સાર મલતો હતો કે મરનાર મઉસલ નામનો વેપારી છે, ને વેપાર અર્થે એક ગામથી બીજે ગામની મુસાફ્રીએ નીકલ્યો છે, અને આતબીનને એ શેહેરમાં કોઇ ચેહેરેથી ઓલખતું નહીં મલી આવવે એ વાત સર્વેએ સેહેલથી માન્ય કરી.

વળી જે છરીએ ખુંન કર્યું તે છરી સાથે લઇ જઇ કોઇ ભલતાં નામની એક છરી અને ભલતાં નામનો એક રૂમાલ પણ ગાડીમાં નાખી જવામાં લુચ્ચા દેલજંગની બે મતલબ હતી. એક તો એકે સરકારને ખુંનીનું ભલતુ નામ આપી નાહક ફાંફાં મરાવવાં, અને બીજી વાત એ કે ચોરીનીજ મકસદ હતી ને લુટારાઓ ચોરી કરતાંજ ગભરાતમાં નાહસી ગયા એ વાત સૌ લોકો માની લીએ, ને તે વાત જો માંને તો દેલજંગ ને દારાબ પર કશી ધાડ આવી શકે નહીં.

એ રીતે આપણે જોયું કે પરાક્રમી દેલજંગનાં રચેલા પ્રપંચોની પુરણ જય થઇ હતી, અને દેલજંગ જ્યારે બારી વાટે ઉભો રહી લોકનાં થોકબંધ ટોલેટોળાંને રસ્તા ઉપર ભેગાં મલી "ખુંની કોણ?" અને "ખુંન કોણનું?" તે વાતના તર્ક અને તુરંગ ચલાવતાં જોતો, ત્યારે તે મનમાં અને મુછમાં હસી પોતે કરેલાં દુષ્ટ કર્મ ઉપર મગરૂરી માની લેતો.

પણ પેલી પરીન? પેલી પરીન ઉપર ખુંનની એ ભયંકાર વાતથી કેવી અસર થઇ હતી? વાંચનાર, જેઓ પાપમાં મસ્ત થએલાં નથી, જેઓનું પાપમાં પેહેલું પગલું છે અને વળી તે પગલાંનુ પરીણામ પસ્તાવો છે, તેઓનાં મન ઉપર પાપની વાતથી થતી અસરનું શું પુછવું? જો તેમનો પસ્તાવો ખરો, અંતઃકરણનો ને સંગીન હોય છે તો પાપનું કામજ નહી પણ નામ માત્ર પણ તેમને ચોંકાવ ચોંકાવ અને ચમકાવ ચમકાવ કરવાને બસ છે. તેઓ કોઇના પાપથી પોતાનું પાપ યાદ કરી ધ્રુજીને કમકમે છે, અને કમકમીને તે કીરતાર આગળ પસ્તાવાથી પોતાની છાતી ખુલ્લી કરી તેનાજ પાક આધારમાં આશરો શોધે છે,

---

પ્રકરણ ૬૦ મું.

:o:

દારાબની ગફલતી.

ઉપલાં ખુંનની વાત નવી જુની થઇ ગઇ. કલાબાજ દેલજંગની કલા ફત્તેહ પામી. ખુંની પકડાઇ શકયો નહીં. થોડા દીવસ

શેહેરમાં એ વાતે બહુ મોટું રૂપ ધારણ કર્યું ખરૂં. પણ તે પછી તે વાત ઘણે પ્રકારે નવી જુની થઇ ગઇ. લોક તે વાત કરતું બંધ પડ્યું, અને સરકારે ખુંનનો પતો મેલવવાની આશા ફોકટ જોઈ.

એ બનાવને થોડા દહાડા ગુજરી ગયા. એક રાત્રે બુજોરગ અસપંદીઆરનાં મકાંનમાં ઘણાંક જણ એકઠાં મળ્યાં હતાં. તેમાં ઘરનાં ઉપરાંત જવાંન નોઝર-જે સુંદર પરીનના હાથનો ઉમેદવાર હતો, અને જેને દેલજંગ અને દારાએ આપણી વારતાનાં પેહલાંજ પ્રકરણમાં લુટેલો આપણે જોઇ આવ્યાં છીએ તે—પણ હતો. અજાયબ જેવું એ છે કે તે દીને તે ભેગાં મલેલાં 'સર્કલ'માં તાહેલાં ચાલતાં વાતે એક અજબ વલાણું લીધી. બીજી વાતો ઉપરથી નારીઓની બેવફાઇ ઉપર વાત ચાલી. તેવી નારો માબાપને અને ખેસીઓને કેવી દુ:ખની સાંધન થઇ પડે છે એ અને એ વગેરે બીજી વાતો ચાલી, અને તે વેળાએ પરીન ત્યાં બેઠી હતી! અરેરે, તેણીએ ઇચ્છયું કે એ વાત ત્યાંજ બંધ પડે, અને બંધ નહીં પડે તો તેણીના કાંન ફાટી જાય કે એ નાપસંદ વાત સાંભળવાનાં મહા સંકટ અને સંતાપથી તે મોકળી થાય; પણ તેમ કાંઇ થયું? બુજોર્ગ અસપંદીઆર તો તેવી નારીઓની ઉપર લેઆંનત વરસાવતોજ ગયો, અને સઘળાં ફરતાં ફરતાં તેવી નારોનાં પાપો કેવા પીડાકારી છે, અને તેનાં સેવટ તેમને પોતાને માટે તેમજ તેમનાં સગાંવ્હાલાંઓને માટે કેવાં દુ:ખદાયક આવે છે તે વિશે બોધ કરવા લાગ્યાં, જ્યારે તે બોધનાં દબાંણ હેઠલ પરીન છેક કચડાઇ મરતી ગઇ. તેણે તે ઓરડામાંથી ઉઠી જવાનું મન કર્યું,

પણ તેના દાંટવાજ ચાલ્યા નહીં. તેણીના હોઠો ફીકકા મારી ગયા, અને તેણીનાં મોંપર તહરેવાર ફેરફારો થતા! આ ફેરફારો એવા તો ખુલ્લા હતા કે કોઇ પણ પરીનને એ વાતનાં દમાંણના ભાર હેઠલ કચડાઇ મરતી સેહેલાઇથી જોઇ શકે, અને જ્યારે એ પ્રમાણે સૌ ટીકકા અને તાહેલાં કરવામાં રોકાયલાં હતાં ત્યારે એક જણ પરીન પર બલાપાનાં જીગરથી ટીકતો બેઠો હતો. તે પ્રથમથી નહીં કે પરીન પાપી છે એમ જાણતો હતો તેથી; તેવું કશું નહીં, પણ તે ટીકવાનું કારણ તેનો નાઉમેદ થયલો પ્યાર હતો. તે ટીકનાર પેલો જવાંન નોઝર હતો. એકવાર તે પરીનને મોટા પ્યારથી ચાહતો હતો, અને દેલજંગ ને દારાબનું 'ફગલું' બુર્ઝોર્ગ અસ્પંદીઆરનાં મકાનમાં આવ્યું ત્યાં વેર તે પરીનનો હાથ મેલવવાની પકકી ઉમેદમાં હતો, પણ આપણે જોયું કે દેલજંગનાં આવવાથી પરીને તેને અજાણમાં એક વાર પોતાનું તન મન અર્પણ કરી દીધું, અને નોઝરનો હાથ નાકબુલ રાખી તેને નીરાશાના દરીઆવમાં દુબતો કરી મેલ્યો. નોઝરને એનો ક્રોધ હતો, અને તેથી હમણાં જ્યારે પેહેલાં ખાનું લીધા પછી સૌ વાતે બેઠાં ત્યારે પરીનની આગલ દેલજંગને બેઠેલો જોઇ અને પાસે બેસી તે ખુબસુરત નાજનીન જોડે હસી હસીને હસાવી હસાવી ખુશ ચેહરે પોતાના એ હરીફ દેલજંગને વાતો કરતો જોઇ જવાંન નોઝરનું જીગર બલીને ખાક થતું હતું, અને તેથી બલતાં જીગરની પોતાની અદેખી નજર તે પરીન ઉપરથી ખુદરતી રીતે ખસાડી શકતો ન હતો. એવામાં અચઅુચ ત્યાં બેઠેલાંઓમાં વાતે નવી વલાંણ પકડી, અને જ્યારે નારોની બેવફાઇપર વાત નીકળી ત્યારે પરીનનાં મોંપર થતા ફેરફારો નોઝર નહીં જોય એ બનેજ કેમ? તેણે જોયું, અને

તે ચતુરને તુરત શંકા—એક ઘણીજ ખ્યાલી પણ છાતી ફાટે એવી—પરીનની પાકદામાની વિષે શંકા પેદા થઇ. જેમ પરીન વધતી બેજાર થતી, અને આજુબાજુ થતી વાતોથી વધતી બેજારી પામી વધતી ચુપ બેસી મુંઝાતી—જેમ જેમ તેણીનાં મોંપર લોહી ધાઇ આવતું ને જતું—જેમ જેમ તે નીચું જોઇ શરમાતી અને તેણીની છાતી દચકાંથી ઉભાતી, અને એ તેનાં દુઃખથી જેમ જેમ ગભરાયલો દેલ-જંગ તેના કાન ઉપર પડી તેને સાવધ રેહેવાને વધતી ને વધતી અરજ કરતો તેમ તેમ સાંમે બેઠેલો નોઝર તેઓપર વધતી બારીક નજર ને તપાસ રાખતો ગયો, અને અંતે તેની વધતી ને વધતીજ ખાત્રી થતી ગઇ કે પરીન એક વાર સાફ હતી તેવી આજે સાફ નોહતી!

આં કેવી અચબુચ શોધ! કેવી દુઃખદાયક શોધ!

પણ તાહેલે બેઠેલાં તે પરવારતાંઓની વાત હજી અટકી નહીં. તે વાત આગલ ને આગલ ચાલી, અને તે એટલી હદ સુધી કે અશકત થઇ પડેલી પરીનનું દીલ સઘળું જાણે ખવાઇ ગયું, અને તેણે તે અસહય દુઃખથી છેલ્લે અંતે એક ચીચારી પાડી દીધી! એ વેળાએ સૌનું ધ્યાન તેણીની ઉપર દોડયું, અને સૌ તેનો જીવ બગડી આવ્યો ગાની જયારે સાલારવાર કરવા પડયાં, ત્યારે દારાબ જે પાસેની ટેબલ ઉપર પડેલી એક હીરાની વીંટી તફડાવવાની વેતરણમાં હતો તે પોતાનું પાપ કોઇએ જોયું ને ગડગડ થઇ કરી ગભરાયો કે શું તે તુરત તે ઓરડામાંથી ગભરાયલો બાહેર નાઠો. તે નાઠો તેવો બાગમાં ગયો. અલબત, તેને નીકળી નાહસતાં બધાએ જોયો નહીં પણ

નોઝરે જોયો, અને વળી તેનાં મનમાં એક શક-માત્ર ઘણોજ ખાલી દુરનો અટકલભર્યો એક શક પેદા થયો એટલે તે દારાબને નાહસતો જોઇ વળી કાંઇ નવી કુંચી મેળવવાની મતલબથી તેને પુઠે ધસ્યો. એ વખતે દારાબ બાગમાં હતો, અને તેણે પોતાની પુઠે કોઇને ઉતાવલમાં આવતું જોયુ એટલે તે સદાનો હીચકારો આ દેખાવથી પુરૂં ભાન ભુલ્યો. તેને કશી સુધ્ધ રહી નહીં. બાગમાં અંધારૂં હતું, માટે પોતા પુઠે ધસ્યા આવતા નોઝરને તે કોઇ નોકર આદમી સમજ્યો.

"ઉમરાવ ગજદોહમ," દારાબને હાથમાંથી મજબુત પકડી પાડી તે બોલ્યો, "શું છે? તમે એમ હયાં કેમ નાહસી આવ્યા?"

પણ દારાએ કશું સાંભળ્યું નહીં. તેનાં ગભરાયલાં મગજે તેનાં મનમાં તરેહવાર વિચારો પેદા કીધા. તેણે નોઝરને (કોઇ નોકર સમજી) પૈસાથી તૃપ્ત કરવા માંગ્યો, ને ગજવામાંથી એક કોઠલી કાઢી તેણે ઉતાવલમાં નોઝરના હાથમાં મુકી. નોઝર આથી ઘણો અચરત થયો, ને અચરતીમાં તે કોઠલી તપાસવા જેવો દારાબનો હાથ મુકયો કે તે ત્યાંથી એકદમ તીરી ગયો।

નોઝરને અચરતી પર અચરતી લાગ્યા કીધી. તેણે પરીનનું પાપ પકડયું એ એક અચરતી, ને વળી આ બીજી અચરતી! ઉમરાવ ગજદોહમ એટલો ગભરાયલો કાંએ હતો? તેણે તેને પૈસા કાંએ આપ્યા? તે નાહાસી કાંએ ગયો? તેને તુરત કશું સમજ પડયું નહીં, પણ કોઠલી દાબી જોતાં માંહે કાંઇ કાગળ્યાંબી દબાયાં. હવે તેને કાંઇ નવોજ વિચાર આવ્યો. મોડી રાત થવા આવેલી હતી માટે તે પાછો અસપંદીઆરનાં મકાંનમાં જવાને બદલે હવે

ખસ્યો પોતાને ઘેર ગયો, અને પોતાના ઓરડામાં જઇ તેણે ધડકતી છાતીએ, કાંઇ પાપ પકડવાની મકસદથી, તે કોઠલી ગજવામાંથી ખેંચી કાઢી. કેવી મેલી ખાર કોઠલી! એક ઉમરાવ-આવો મોટો માણસ અને વળી મોટા માણસનો આવો દોસ્ત, તે આવી મેલી કોઠલીમાં પઇસા રાખે! પણ આ કાગળ શું? અરે આ કાગળમાં નામ શું? આ કાગળમાં લખેલી વાત શું? કેવી અચાનક, નહીં ધારેલી શોધ! ને તોબી અફસોસ, કમબખ્ત પરીનના બાબમાં કેવી દુઃખદાયક શોધ જવાન નોઝરે દારાબની કોઠલી માંહેલાં એ કાગળ્યાંથી કીધી! કેવાં ધ્રુજતાં હૈયાં સાથે તેણે તે કાગળ્યાં વાંચ્યાં, અને તે કાગળ્યાંમાંથી તેણે કેવી શોધો કીધી-શોધો કે જે પરીન તે અસપંદીઆરનાં કુંટુંબને લગતી હતી એજ નહીં, શોધો કે જે દેલજંગ ને દારાબને લગતી હતી એટલુંજ નહીં, પણ શોધો કે જે તેને પોતાને લગતી હતી! જેમાં તેની આખી જીંદગીનું સંકટ સમાયું હતું, જે શોધને માટે તેનું હૃદય રાત ને દીન તલપીને રડતું હતું, જે શોધની ઉમેદ-વારીમાં તે પોતાની આખી જીંદગીનો ભોગ આપવાને ડર કે દરકાર કરે નહીં તેવી કીમતી પણ દુઃખદાયક શોધોની થોડીઘણી બાલ પણ તે દારાબની કોઠલી માંહેલાં કાગળ્યાંઓથી તે મેલવી શકયો!

———:૦:———

પ્રકરણ ૧૧ મું.

—:o:—

દારાબ અને દેલજંગ.

પેલા હાથપર દારાબ જવાંન નોઝરના હાથમાંથી છુટયો તેવો દેવાંના સરખો આગળ ને આગળ નાહસ્યા કીધો. બુઢા અસપંદીઆરનાં મકાંનમાં જ્યારે બધાં વાતે વલગેલાં હતાં ત્યારે એ લુચ્ચો ત્યાં ટેબલ ઉપર ઉંઘાડી પડેલી એક હીરાથી મઢી લીધેલી વીંટી તફડાવવાની વેતરણમાં હતો, અને તે ઉપર તેણે બીહીતાં બીહીતાં હાથ નાંખ્યો તેજ પલે સુંદર પરીને મહા દુઃખથી એક ચીચીઆરી પાડી તે તેને આમ લુચ્ચાઇ કરતો જોઇનેજ પાડી એમ સમજી દારાબ ત્યાંથી બાગમાં નાઠો, અને બાગમાં નોઝરનાં પુંઠે જઇ લાગવાથી તે બુબખ બીધેલાએ તેનાં હાથમાં પોતાની કોહલી મુકી દીધી. હયાંથી ગભરાએલો તે વળી નોઝરનો હાથ છટકાવી આગળ ને આગળ નીકળી નાઠો. તે કયાં જાય છે તે તેને કશું સમજ પડતું ન હતું. તેના વિચારો વચ્ચે તે ગભરાયલો દીસતો હતો, અને ઉંઘમાં ચાલતો હોય તેમ આંખ વીંચી તે 'કાંઇ કાચું કપાયું છે' સમજી માત્ર આગળ ને આગળ ધસ્યો જતો હતો!

એ પ્રમાણે તે લગભગ એક અથવા બે કલાક સુધી આગળ વધ્યો, અને અંતે એક નદીકાઠે આવી પોંહોચ્યો. એ આરસામાં ચંદ્રમા આસ્માનમાં જાહેર થઇ પોતાના તેજસ્વી પ્રકાશથી સૃષ્ટીને શોભાવતો હતો. નદીકાંઠે સઘળું શાંત હતું. પવનની ખુશનુમા ઠંડી લેહેરકી મનને શાંતી અને તાજગી બખ્શતી હતી. નદીનાં નિર્મળ

નીર સઘલાં સીથિલ થઇ પડયાં હતાં, અને તોપણ તળેથી વેહે-વાનો તેમના 'ગુર-ગુર'તા અવાજનો ધીમો શરોદ એક ઠંડાં ગાયન પેરે કાનને આવી અથડી આરામ પમાડતો હતો. ચંદ્રએ પોતાની સુફેદીભરી ચાદર આખાં શેહેરપર પાંથરી મેલી રાતનાં અંધારાંને ઢાંકી કાઢયું હતું, અને નદીને કાંઠેથી નીરખતાં સારાં શેહેરનો ઠાઠમાઠ પોતાના શુધ્ધ સફેદ પોશાકમાં એક આંખને વિચીત્ર અને અતી રમણ્ય દેખાવ આપતો હતો. શેહેરના મોટા મિનારાઓ અને ઉંચી હવેલીઓ ગગનસે સર પોહોંચાડી સેતારાઓસે વાતો ચલાવતાં હોય એવા મરોરમાં ઉભાં દેખાતાં હતાં, અને આસપાસના વિખ્યાત બાગબગીચાઓ, ઝાડપાન, ફુલફુલાદી અને લીલોતરીથી શબેસ્તાંન શહે-રની શોભા અકલને હેરત કરતી હતી. ચંદ્રના નુરાંની પ્રકાશનો છાપ નદીનાં પાણીમાં પ્રગટ પડતો હતો, અને જમીનની સપાટી અને આબનાં હેઠાણમાં બીજો એક ચંદ્ર ફુટી નીકલી સામેના ખરા ચંદ્ર જોડે મુંસાફરીની-ની સરસાઇ ચલાવતો હોય એવું લાગતું હતું. એવો એ શબેસ્તાંન શેહેરમાં તે 'મેહેર આવર' નદીને કાંઠેથી જોયલો ચંદની રાતનો રમણ્ય દેખાવ ઠાકેલાં તનને આસુદગી અને ગભરાયલાં મનને આશાએસ અને આરામ પમાડતો હતો, અને હયાં એવા વખતે દારાબ આવીને થોભ્યો. તે ગભરાયલો, હાંફતો, દોડયો આવ્યો, અને આવ્યો ત્યાર પછી હયાંજ થોભ્યો. તેના ગભરાત વચ્ચે પણ કુદરતના એ બેમુલા નકશની કદર બુજયા વના તે રહયો નહી, અને ઉપર વર્ણવેલી કુદ રતની ખરી ખુબસુરતીઓને પુર દમામમાં શોભતી જોનો હેરત થઈ ઉભો રહયો. નદીનાં કીનારાની પાસે કીધેલી બેઠકો પર તે હવે થોડોક વાર બેઠો, અને પોતાના ગભરાત અને તે ગભરાત થવાનાં

કારણુ ઉપર બેઠો તેવો વિચાર કરવા પડયો. તેણે નાહસવાને શરૂ કર્યા પછી હવે પેહેલીજ વાર વિચાર કીધો કે 'હવે ક્યાં જવું ?' હવે તેણે ઘરે પાછું જવું કે આમ ભટકતી ભીખારી જીંદગીએ રખડયા કરવું તે તુરત તેને સમજ પડી શક્યું નહીં, પણ તેનાં મનનો ગભરાત થોડો ઘણો નરમ પડયા પછી તેણે જોયું કે, આમ ભટકવાથી કાંઇ પાલવે નહીં, અને દેલજંગને તાકીદે જઇ મલી તેનાથી સલ્લાહ અને ખુલાસો ચાહવાની અગત છે. હવે તે ઉઠયો. મધરાત થઇ ગઇ હતી. આજુબાજુના મોટા મીનારાઓનાં અસંખ્ય ઘડીઆલો પોતાની સોપંડી જુબાનના જોરેમંદ સાદથી મધરાતનો એક જણાવી ચુકયાં હતાં, અને હવે તે જેમ દોડતો આવ્યો હતો તેમજ દોડતો આપસંદીઆરનાં ઘર તરફ પાછો ફર્યો, ને તે ત્યાં પુગ્યો ત્યારે બે વાગી ગયા હતા. તે મકાન માંહેલાં સર્વ કોઇ ખાબમાં એકાંમ થઇ પડયાં હતાં, અને દેલજંગ એકલોજ દારાબનાં અચબુચાં અને અજાએબ જેવાં ગુમ થઇ જવા ઉપર ભારે અચરતીથી જાગતો અને ચિંતાથી હેરાંન થતો બેઠો હતો. એટલા માટે તેણે જ્યારે દારાબને ખરડાયલો, હાંફતો, ગભરાએલો આવી મોડી રાત્રે પાછો આવેલો જોયો ત્યારે તે સઘળાં વિષે તેણે શું ધારવું તે તે કશું સમજી શકયો નહીં અને તે તુરત પુછપરછ કરવા પડયો.

"ખુદાને ખાતર કેહે કે તું આટલો વાર કયાં દટાઇ ગયો હતો, દારાબ ?" દેલજંગે ચિંતાથી પુછયું.

"અરે યાર, ખુદાને ખાતર તું પહેલાં મને કાંઇ પુછ ના, પણ કાંઇબી મને પીવાનું આપ, દેલજંગ !" દારાબે હાંફનાં હાંફતાં કહયું; "પાણી, શરાબ કાંઇ–કાંઇ બી છેની ?"

દેલજંગે તુરત પાસેથી પાણી લાવી તેને પાયું. ને તે ઠંડાં નીરથી દારાબ ઘણો ઠંડો પડી પોતાના ગભરાતનું અને તે ગભરાતનાં મુળ અને કારણનું દેલજંગ આગલ વીગતવાર બ્યાંન આપવા બેઠો, જ્યારે દેલજંગ પેહેલેથી તે છેલ્લે સુધી તેને સાંભળી લઇ સ્વભાવીક રીતે તેની ઉપર ઘણો ચિરંડાઇ ઉઠયો, કાંએજે પરીને જે કારણથી બુમ પાડી હતી તે કારણ તો વાંચનાર જાણે છે તેમ જુદુંજ હતું, અને તે કારણ દેલજંગ બરાબર સમજતો હતો. હવે તેણે તેથી દારાબને પરીને બુમ પાડવાનું ખરૂં કારણ સમજાવ્યું, અને હવે દારાબનો ગભરાત નરમ પડી તેને પસ્તાવો શરૂ થયો.

"ત્યારે તો મને પસ્તાવો થાયછ, દોસ્ત દેલજંગ!" દારાબે કહયું.

"પસ્તાવો ? પસ્તાવો શાંનો ?" દેલજંગે ચીડથી પુછ્યું.

"તો ખોદાયજી ખેર કરે તે પેલી વીટી ફોકટમાં ખોહી દીધીની!" દારાબે કહયું, "એવું જાણુતે તો તે વીંટી મુકતેજ નહીં, ને એવા ગભરાતમાં તે નાધલી જેવી ચીજને ગજવાંમાં સેરવી દેવાને બી જેવું જોઇએ તેવું સવલ પડતા"

"અરે હેમક!" દેલજંગે ચીરડાઇને બુમ પાડી, "તું ચોર નથી, લુટારો છે. એમ નાધલી ચીજોપર હીચકારી તરાપ મારવાનો તારો પેશો નથી, બહાદુરીથી સાંમે થઇને, આજેજ કરીને, મેહનત કરીને માલ કમાવાનો આપણો આબરૂદાર પેસો ને પાક તરીકો તું વાસરી કેમ જાય છે? શું આ ઘર તે કાંઇ ચોરીને લાયકનું મકાન છે? હયાં સઉનાં દેખતાં એ મુઆફેક ચોરી કરવી એ તારા જેવા અકલના દુશમનોનાંજ કામ છે!"

દેલજંગનું ઉપલું જોસ્સાબંધ કહી સંભળાવેલું ભાષણ ભોલા દારાબને કશું સમજ પડયું નહીં. તે માત્ર નજર ફાડી અને દાચુ વકાસી દેલજંગ તરફ તીકતો બેસી રહયો, અને જ્યાંવેર દેલજંગે એક ગુસ્સાનો બીજો પોકાર મારી તેને પાછો જાગૃત કર્યો નહીં ત્યાંવેર તે પોતાની આ અસાવધ હાલતમાંથી ઉઠયો નહીં.

"તાહરે ખાતર નાહક મને ઉજાગરો થયો," દેલજંગે હવે ખીજવાટ બતાવ્યો, પણ વળી બીજીજ પલે તે નરમ પડી જઇ બોલ્યો, "પણ વારૂં ચાલ, ખેર, બની તે બની; પણ હવે પછીથી તપાસીને કામ કરજે. આ મેહેલમાંના કશા પણ માલને હવેથી હાથ લગાડતો ના. તે હવે થોડાજ રોજમાં તારો અને મારોજ થશે."

"અને તે કેમ?" દારાબે વળી ભોલાઇભરી અચરતીથી પુછયું.

"તે કેમ?" દેલજંગે મોટી મગરૂરીથી સર ઉપર ખેંચી દારાબના બોલના પડઘા પાડયા, "તે કેમ પુછેછ, દારાબ? તે એમ કે પરીન સાથના મારા નેકા નકકી થઈ ચુકયા છે. ચંદરોઝમાં હવે મારી શાદી થનાર છે, દોસ્ત દારાબ!"

"હેં, ખરેખર?" દારાબે પારવનાની ખુશીથી કહયું, "ત્યારે નેકાની ધમાલભરી ધુમચકરીમાં ચાંપવાની–"અને હયાં વળી 'ચાંપવા'નાં નામથી દેલજંગને ડોળા કકડાવતો જોઇ દારાબ તે વાકય અધુરૂં મુકી ફેરવી તોલતાં બોલ્યો,–"નેકાની ધમાલની ધુમચકરીથી પઇસે તર થવાની મજાહ છે! પણ દોસ્ત દેલજંગ, શું પેલા ઘરડા અસ-પંદીઆર ને તેની પેલી એબલગાંમણી 'મહોરદારે' હા પાડી? તેઓ વાતમાં ફાંચડ તો નહી મારે?"

"કશીએ નહી," દેલજંગે સમજ આપી;' 'તેઓએ ખુશીથી હા પાડી છે, અને એકવાર અમારૂં જોડું સંધાયું તો પછી આપણો ખરો પેસો ને આપણી ખરી હાલત જાહેરમાં આવે તો પણ અસપંદીઆર તારા કે મારા એક બાલને ઇજા પોહોંચાડનાર નથી !"

દારાએ શુકરગુજારી કીધી.

"હવે નેકાને ઝાઝો વીલંબ નથી, દારાબ," દેલજંગે લાહાટપર આવી વાત જારીજ રાખી. "આજથી બરાબર પંદરમો દીવસ એ ખુબસુરત નાજનીન જોડેના મારા નેકાનો ખુશબખ્તીભર્યો દીવસ છે!"

"હા ખોદાતાલા !" દારાએ વળી હાય મારી, "હું નેકાની ધમાલમાં મોજ સોખ કરશ, ને મારી બુઢી માએ ઘેર તલસી મરતી હોશે !".

હયાં દારાએ વળી પોતાની પેલી બુઢી માતાને યાદ કીધી, જે માતાને દગાબાજ દેલજંગની પાપી સંગતમાં નીકળી આવવા પછી દારાએ કદી ફરીને જોઇ નહીં હતી,–જે સદા કંગાલ્યતમાં તેનાં એક એકાંત ઘરનાં એક ખુણામાં તલસતી પડી હતી–તે માતાને દારાએ વળી યાદ કીધી, અને તેથી તેની ઉપર દેલજંગને વળી કેહેર પેદા થયો.

"બૈરાંઓને યાદ કરી હીચકારા થવું એ બાયલાઓનોજ પેસો છે," તે બુમ પાડી બોલ્યો, "ને તેવા હીચકારા બાયલાઓને હું મારાં ખરાં જીગરથી ધીક્કારૂંછ."

અંતે થોડી ગરમ તો થોડી નરમ ઉપર કીસમની બીજી કેટલીક વાતચીતો કરી બુઢા અસપંદીઆરના આ લુચ્ચા મેહમાંનો

છેક રાત લગભગ વીતી જવા આવી ત્યારે રાતનો આરામ કરવા જવા છુટા પડયા.

પ્રકરણ ૧૨ મું.

નોઝરની તપાસો.

હવે આપણે જવાંન નોઝરને બુઝખ દારાએ ગભરાતમાં આપી દીધેલી પોતાની પૈસાની કોઠલી ઉપરથી કાંઇક શોધોનો પત્તો મેળવતાં મુકી આવ્યા છીએ તેની તરફ પાછાં ફરીએ.

નોઝરને એક રાતની રમતમાં, બલ્કે એક કલાકના ટુંક અવસરમાં કેટલી શોધો હાથ લાગી ગઇ ! તેની આગલ સઘળા મલી કેટલા ભરમો ખુલ્લા થયા ! પેહલાં તો તેણે જોઇ લીધું કે પરીન એક વાર જયારે તે તેણીના હાથનો ઉમેદવાર હતો ત્યારે જેવી સાફ હતી તેવી આજે નથી. આજે નથી કરી તે કાંઇ ખાત્રીથી કહી શકતો ન હતો; ખાત્રીથી કેમ કહે ? માત્ર નજરના પુરાવા સિવાએ તેની પાસે બીજી સાબીતીઓ શી હતી ? કશી એ નહીં. તેણે માત્ર જોયું કે અસપંદીઆરનાં મકાનમાં ખાનાંથી ફારેગ થયા પછી ભેગાં થયલાં મંડળે તાહેલે બેસી તહરેવાર વાતો ઉપરથી સ્ત્રીની નીતીની વાત હાથ લીધી, ત્યારે તે વાત પરીનને ગમતી દેખાતી ન હતી. ત્યારે તે વાતથી ઘણી બેજાર અને બેચેન બની ગઇ.

વળી તેણે વધારે જોયું કે જેમ જેમ વાત આગળ વધતી, જેમ જેમ બેવફા નારીના ધીક્કારમાં વધતું ને વધતું બોલાતું, તેમ તેમ પરીનનાં મોં પરથી વધતો અને વધતો રંગ ઉડી જતો, અને તે પોતાની બેઠક ઉપર વધતી અને વધતી બેચેન બનતી જતી. વળી તેણે વધારે જોયું,—ને તે બી ઘણી તીક્ષણ આંખે જોયું—કે ફૈસલજંગ પોતે એ વાતથી ઓછો ગભરાયલો ન હતો, અને તે તેનો ગભરાત પરીનના ગભરાત ઉપરથીજ જન્મ પામતો હતો, અને તોબી એ માત્ર દેખાવોની દલીલોથી નોઝરનાં મનમાં જવાન પરીનનાં એ નીતીભંગ પાપ વિશે એક શુક–એક ખાલી શક–સાંમે કાંઇ નહી દેખાય અને ઘણે દુરથી આવતી એકાદ ગાલ્લીના બળદીઆઓનાં ગલાં માહેલી ઘાંતરડીના જીણા અને અતી તીણા અવાજ સરખો–કાંઇ નહીં જેવો, એક નજીવો ખાલી શક હજી તો નોઝરના મનમાં પેદા થયો છે, પણ શું શક સાબેતીઓ પેદા કરતો નથી? એક બાબદ વિષે આપણને શંકા થઇ, કે પછી તેની પુઠે પડી સાબેતીઓ પકડી કાઢતાં ઘણો વીલંબ લાગતો નથી; અને તેમ જો નોઝરને શક પડયો છે તો તે શું સાબેતીઓ નહીં મેળવી શકશે?

એ આપણે કહ્યું કે નોઝરની પેહેલી શોધ હતી. બીજી શોધ, અને બરાબર બોલ્યે તો શોધ નહીં પણ બીજો શક તેને દારાબની હોરગત ઉપર આવ્યો હતો. પરીને પાડેલા ચીચીઆરીથી તેને એટલો ગભરાત કાં પેદા થયો? તે નાહસી કાં ગયો? તેણે તેને કોકળી કાં આપી દીધી? એ બીજો શક હતો!

નોઝરે એ મુઆફેક શકમંદ અને ધડકતી છાતીએ ઘરે આવી દારાબની કોઠળીની તપાસ ચલાવી. તે કોઠળીમાંથી તેને એક બે કાગળ્યાં મળ્યા, અને તે કાગળ્યાં ઉપરથી તેને એ ત્રીજો શક પેદા થયો કે ઉમરાવ ગજદોહમ કાંઇ ખરેખર ઉમરાવ ગજદોહમ નથી. તેમાં જેખી કાગળ્યાં હતાં તે સઘળાં 'દારાબ' ને નામનાં હતાં, અને ત્યારે તે કોથળીના માલેકનું નામ તો 'દારાબ' હોવું જોઇએ. "દારાબ?" જવાંન નોઝર એકલો પોતાના ઓરડામાં પોતાનાં મનસે ઘોર કરવા પડયો, "દારાબ? દારાબ તો પેલા લુટારા દેલજંગ દલેરના હમશરીકનુંજ નામ છે, ને યજદાં! એઓને પેહેલાં જોતાંજ મેં તેમને કંગદઝ ખાતે મને લુટનારા લુચ્ચા ચંડાળ દેલજંગ અને દારાબ તરીકે પીછાણ્યા હતા! અરે, ત્યારે શું તેજ મહા મુજીઓ ભોળા અને ભલા અસપંદીઆરનાં ઘરમાં ભરાઇ ખાતર પાડી ખરાબી કરે છે?" હયાં નોઝર ચુપ થઈ, પાસેની ટેબલ પર હાથની કોણી મુકી અને તે હાથની એક આંગળી પોતાના કપાળસે ટેકવી, અતી ઉંડા વિચારોમાં ગરક થઈ ગયો: "અને તોબી," થોડે વારે તે પાછું મનસે મોટે સાદે બોલવા પડયો, "અને તોબી દારાબ નામ તો સેહેંકડો છે, અને ચેહરાના મલતાપણાં અસખ્ય મળી આવે! કેમ કેહવાય? જે હોય તે," અને હ્યાં નોઝરે તે સઘળાં કાગળ્યાં સંભાળથી ગજવાગાં પાછાં મુકયાં, "જે હોય તે, પણ આવતી કાલે હું હ્યાંથી કુચ કરશ. આ કાગળો માહેલું એક કાગળ એ કોણ છે તેની મને સાબેતી આપશે. હું આવતી કાલેજ હ્યાંથી મુલ્કેહનાવર તરફ જવશ, અને ત્યાં જઇ મારી જુસ્તેજો જારી કરી સેહેજ દનમાં હું જો એઓ લુચ્ચાજ હોશે તો એ મહા ચંડાળોને પકડી કાઢી શકશ: અને જો

તેમ હોશે,-એઓ તે ચંડાળોજ હોશે તો હા પરીન ! મારૂ તું ઉપરનું વેર પુરૂં વળશે. આવા બેમરદતને હાથ આપવામાં તેં મારી ઉમેદ-વારીનો ઇનકાર કીધો છે, તો જ્યારે તું જાણશે કે એક કેવા નીચને તેં તારૂં તન મન અને ધન અર્પણ કીધું છે ત્યારે તને જે કમકમા-ટની કંપારી છુટશે, અને જેને તું મોટો ઉમરાવ ધારે છે તેને એક અલાંઘાંસુ ચોર, રખડેલ લુટારા તરીકે તારી સનમુખ જોશે ત્યારે મારી આબરૂદાર મુરાદનો ભંગ કરી મને નિરાશાના દરિઆવમાં ડુબતો કરવા વાસ્તેનો મારો સઘળો ખાર વળશે !"

એ પછી તુરતવેળા રાત ઘણી ગુજરી જવાના સબબે નોઝર સુવા ગયો, અને તેના ખાબ વચ્ચે તેને પરીનનાં પાપના, પાપની સાબેતીના, સાબેતીની શોધના, શોધનાં પરીણામના અને પરીણામોની ફ્તેહ સાથે દેલજંગના દગાના, તેના હમશરીકની હાલતના વગેરે વગેરે અનેક તરેહના અને અનેક પ્રકારના સ્વપનાઓ આવ્યા અને ગયા !

પ્રકરણ ૧૩ મુ.

નોઝરની તપાસો. (ચાલુ)

બીજે દીને નોઝર સકાળે ઉઠગો. તેને કાંઇ ઘણી ખુશ ઉંઘ આવી હતી નહીં. સવારે ઉઠતાં સાથે કાંઇ ઘણું અગતનું કામ હાથ કરવાના વિચારથી જે રાત્રે આપણે ખાબ કરવાં જઇએ છીએ તે

રાત્રે આપણે ઘણી ચિંતાની ઉંઘથી ઉંઘાઇએ છીએ, અને જાગ્રે છીએ ત્યારે મન ઉંઘથી આશાએશ પામી તદન આસુદ્દ થયલું નથી હોતું, પણ આપણે બીમાર હોઇએ, તાવ આવતો હોય, એવી બેચેન હાલતમાં આંગમાં લગાર ગરમી સાથે અને માથું દુખવા સરખાં કાંઇ દરદની લાગણીઓ સાથે આપણે જાગ્યે છીએ. એજ હાલતમાં જવાંન નોઝર ભડકી ઉઠયો, અને તે ઉઠયો તેવો તેને તેણે માથે લીધેલું કામ યાદ આવી ગયું એટલે કાંઇ પણ આનાંકાનીઓ કર્યા વના તે તુરત પોતાનાં બીછાણાંમાંથી બાહેર આવ્યો, જ્યારે બાહેર આવ્યો તેવોજ પોતાની મુસાફરીની તૈયારીઓ કરવા કરાવવા પડયો.

તેનો બુજોર્ગ કાકો તુરત તેને મલવા આવ્યો. તેને તેણે કાંઈ ધંધાનેસર બાહાર જવાનું કહી ઉડાવ્યો, કાંકે પોતાની મુસાફરીની અગતનાં ખરાં કારણથી તે બુઢાને વાકેફ કરી કંટાલો આપવાને તેણે કશી જરૂર જોઇ નહીં. તે બુઢા કાકાએ વળી પોતા તરફથી કુચ કરતા નોઝરને એક બીજી 'ખબર' આપી, જેનો સાર એ હતો કે ગઇ કાલે બુઢો અસપંદીઆર તેની મુલાકાતે આવી ગયો હતો, અને ખુબસુરત પરીનના નેકા પેલા જવાંન આતબીન જોડે પંદરમે દહાડે કરવાની 'વધાઇ' કહી ગયો હતો. હવે નોઝરને આ લગ્ન અટકાવવાં હતાં. જો દેલજંગ, જેને તે હજી માત્ર આતબીન તરીકેજ પીછાણે છે તે દેલજંગજ નીકલે તો તેને ઉંઘાડો પાડી સજા કરાવી આ લગનને બને તેમ અટકાવવાનો નોઝરનો વિચાર છે; પણ શું તે ફાવશે ?

નોઝર બીજે રોઝની સહવારે મુલ્કેહનાવર પુગી ગયો. આ શેહેરમાં વસ્તી ઝાઝી નહીં હતી. લોકો ગરીબ હતાં, જેઓ ખેતી

ફરી પુરૂં કરતાં હતાં. તેણે ત્યાંના એક પેહેલે વાંધેનાં ઉતારૂખાનાંમાં ઉતારો કર્યો અને લગાર આરામ પામી થાક ઉતાર્યો પછી પોતાને કામે નીકલ્યો. તેણે પોતાના ગજવાંમાંથી પેલી કોથલી કાઢી, તે કોથલીમાંથી પેલો ચોક્કસ કાગળ કાઢ્યો, અને તે કાગળમાંથી એક ચોક્કસ બંધાંણી જોઇ લીધી, જે પછી તે બંધાંણીની સહરદે તેણે ચાલુ મુક્યું.

આસરે અરધેક કલાકે તે પોતાની બંધાંણીવાલી જગ્યાએ આવી પુગ્યો. ત્યાં એક લાઇનમાં નીચી બાંધણીનાં ઘણુંક નાહનાં ઘરો હતાં તેમાંથી એક ચોક્કસ ઘર આગલ તે થોભ્યો. ત્યાં એક સારો ફરમે ગામડયો પોતાના પોહલા પલાંથા ઉપર એક નાહનાં બાળકને (તેના 'પેરા પોયરા' ને) રમાડતો હતો, અને તેને પસવાડીને 'પોઢી જવા' સમજાવતો હતો. નોઝરે તેની આગળ જઇ ઘણુ મીઠાસથી એક ચોક્કસ બાઈનું નામ કહી તે ત્યાં રેહેતી હતી કે નહીં તે પુછ્યું.

"અરે ઉવેરે હાબ," તે ગામડયાએ પોરીઆને ભોંયપર મુકી દઇ જવાબ આપ્યો, "ઓલે ઉપર તે રહે ની તો કાં જાએ જે?"

"જરા મને ત્યાં તેણીની પાસે લેઇ ચાલશો?" નોઝરે પુછ્યું.

"હા, એમાં તે હી મોટી વાત!" તે ભલા ગમારે કહ્યું. "લે ચાલો," અને પછી પોતાના "પેરા પોયરા"ને તેણે તેની 'વ્હાલી'ને હવાલે કરી દીધો, અને તેને 'પોઢાવી દેવા'ની તાકીદ કરી.

તે પછી તે ગામડયો આગળ ચાલ્યો,–નોઝર તેની પુઠે ગયો. ગામડયો બધો વખત હાલી બકવા કર્યા કરતો. તે જવાંન નોઝરને પોતાનાં ઘરની તહરેવાર તવારીખ સંભળાવતો ધીમે કદમે ચાલ્યો. "તે હાબ,

અહીં આપરે અહીં તો હઉ એવું તતો," ગામડયાએ સમજાવ્યું; "ગરીબ મનીખ તે ઇહ્રા આય ધંધો કરીને ખાવું. આ ઘેર તો હાજને કેહું તો મારૂં કહેવાય. પેલા કહે તેમ હઉ હારૂં ને પાણી ખારૂં! હારૂં છે તો, પણ લગાર––"

અને એ મુઆફક ઘણોક બકબકારો કરી તે નોઝરને કંટાલો આપ્યા કરત, પણ તેટલાં જે બાઇને નોઝર મલવા આવ્યો હતો તેનો ઓરડો આવ્યો, અને નોઝરે તેની મહેનતનાં બદલામા તે ગમારના હાથમાં ત્રણ દેરમ મુકયા, અને તે ગામડયો તેનો ઉપકાર માંની પોતાને ઘરે ગયો, અને નોઝર તે, બાઇના ઓરડામાં દાખલ થયો. આ ઓરડો કંગાળ્યતની ખરીજ ઇધાંણી આપતો હતો. તેમાં સરસામન તો હતોજ નહીં, ને જે કાંઇ ઝુઝવી હતું તે સઘળું મન મન ધુલ ખાતું પડેલું હતું.

ઓરડો બી કોઇ રીતે કાંઈ ઘણો કુશાદે હતો નહીં. તેની લબાઇ તેમજ પોહોલાઈ ઘણી સાંકડી હતી, અને એ ઓરડાના એક ખુંણામાં તવાઇ ગએલી એક ડોશી બીછાંણાંમાં પડેલી હતી. નોઝરને દાખલ થતો જોઇ તે ફાળ ખાઇ તુરત ઉઠી ઉભી થઇ. નોઝરે તેને સધ્યારો આપ્યો, અને પોતે બેસી તેણીને પોતાની સાંમે બેસાડી. તે બુઢાપાથી ઘણી ઝુમી પડતી હતી. તેણીની ચામડી ઉપર સઘળી કરચલીઓ વળી ગઇ હતી, અને તેના ચેહેરા ઉપર ભારે ગમગીની અને જુદાઇનો છાપ પ્રગટ જણાતો હતો.

"ભાઇ, તમો કોણ છો, અને હું નાચાર અબળા પાસે શું માંગો છો?" હોમાએ--કે જે તે ડોસીનું નામ હતું તેણે–ઘણી ગભરાઇને સવાલ કીધો.

"ગભરાઓ ના, બાઈ;" નોઝરે સધ્યારો આપ્યો, "હું કાંઇ તમોને ઇજા કરવાની મકસદથી નથી આવ્યો; હું તો એક ખુલાસો ચાહવા આવ્યો છું."

"ખુલાસો ? બાઇ, શાંનો ખુલાસો ?" તે બુઢ્ઢયાએ પુછ્યુ.

"તમને કોઈ બેટા છેની ?" નોઝરે ભરમમાં પુછ્યું, "અને આ દસ્કત તથા સહી તમારી પોતાનીજ છેની ?" અને હયાં નોઝરે તેણીના ધ્રુજતા હાથમાં એક રૂકો મેલ્યો.

"હા બેટા," હોમાએ જવાબ દીધો. "મારૂંજ એ કાગળ. મેં મારા દીકરાપર લખેલું; પણ રે, ત્યારે તો કહો ભાઈ. શું તમે મારા બેટા દારાબ તરફથી આવ્યાછ ? શું તેણે પોતાની અભાગની માદરને અંતે યાદ કીધીછ ? આ કાગળ તમારા હાથમાં ક્યાંથી આવ્યું ?"

"એ કાગળ તેણે મને ખુશીથી આપ્યું," નોઝરે ભરમમાં પણ સાચ્ચુંજ કહયું; "તેણે મને એ આપ્યું, અને તે તમારા તરફ કેટલો ને કેવો માયાલુ છે તેની જુસ્તેજો કરવા હું આવ્યો છું."

"માયાલુ !" તે બાઇએ મહા દુ:ખથી એક સરદ હાય મારી કહયું; "અરે ભાઇ, આજ કેટલાં વરસ થયાં તેના દીદાર કોણે દીઠાં છે ! તેના દસ્કત કોણે જોયા છે ? એ દેલજંગ, મુઓ ચંડાલ !"

"દેલજંગ ?" નોઝરે કુદકો મારી પુછયું; "દેલજંગ કોણ ?"

"દેલજંગ તે તેનો સાથી, સાહેબ," હોમાએ કહયું; "તમોએ શું એ નામ નથી સાંભળ્યું ? પેલો ચંડાલ લુટારો ! તે મુઓએ તેને મારી ગોદમાંથી ખુંચવી લીધો !"

કેવી ભંયકાર શોધ! નોઝરને અંતે એક શક તો ખરો પડયો કે ઉમરાવ ગુજદોહમ અને જવાંન આતબીન તે દારાબ અને દેલજંગ ચંડાલો સિવાએ બીજા કોઇ નથી! એ શું કાંઇ જેવી તેવી શોધ તેણે કીધી?

"બાઇ," નોઝરે તે પછી વધતી ગંભીરાઇથી કહયું, "મને તમારી દયા આવે છે."

"પણ મારા બેટાનાં કાંઇ સમાચાર?", હોમાએ અધીરાઇથી પુછયું.

"તે જીવે છે, અને હજી પોતાના પાપી હમશરીક સાથે પાપના પેશાથીજ પુરૂં કરી જીવે છે," નોઝરે દુઃખથી કહયું.

"અરરે, તે ચંડાલને કોઇ જબેહ કરો! એક મરતી માતાની હાય તે નાપેકારનાં સર પર જઇ વસો!" હોમાએ દેલજંગને કદુવા દીધી, "તે બુરા ચંડાલે મારૂં ઘેર ભાંજયું. હું લાચાર, નાવારેસ, બુઢયાની ખાનાખરાબી કરી. રે! મારો વાલી મારા ખુદા વના મારે માથે કોઇ રહયો નહીં,"—અને હયાં તે ડોસી નવધાર આંસુથી રડવા લાગી.

દયાલુ દીલના નોઝરને એથી થોડું લાગ્યું નહીં. તે ભલા મર્દની આંખ પણ આંસુઓથી ભરાઇ ગઇ, અને તેણે એક પૈસાની ભરેલી કોથલી તેણીને આપી, જયારે આ દુ.ખદાયક શોધ કરવા પછી તે ઉઠી જવાની હીલચાલ કરતો હતો તેવામાં હોમાએ જઇ તેનો હાથ પકડયો.

"સબર કરો, સાહેબ," તેણી બોલી, "મારી આગળથી મારા દીકરાને લગતી સઘળી હકીકત જાણી તમો કયાં જાઓછ? મને

કહો કે તમોએ એ સઘળું શા માટે જાણવા માગ્યું? અરેરે, તે ભલો બુડો પણ મારો દીકરો છે તો ખુદાના કસમ બાઇ કહો કે તમો તેને ઓલખ્યા પછી કશી હેરાંનગતી આપશો નહીં. કહો બાઇ, મને વચન આપો," અને તેણે આજીજીથી હાથ જોડયા, જ્યારે એ જોડેલા હાથ તરફ દયાની આંખથી ટીકતાં જવાંન નોઝર ચોંકયો. કેમ? તેણે તે બાઇના હાથનાં એક આંગલાપર શું જોયું? એક વીટી! અને તે વીટી કોણની?

"બાઇ," તેણે ઘણો ઉશ્કેરાઇ આવી ધ્રુજતા સાદે પુછયું, "એકદમ મને કહો કે આ વીટી તમારા હાથમાં કયાંથી આવી?"

"એ મને મારા બેટાએજ ભેટ આપી'તી, સાહેબ," હોમાએ કહયું; "અને તે બેટાના દીદાર જોવાનાં બેનસીબ વચ્ચે હું એ સદા મારી આંગલીએ પેહેડી રાખુંછ."

"અને તે બેટો એ કયાંથી લાવ્યો? બોલો, બાઇ, બોલો જલદી!" નોઝરે અતી અધીરાઇ બતાવી.

"મારા બેટાના આગળ આ શેહેરમાં બીજા સાથીઓ હતા તેમને ઘેરથી તે તરેહવાર ચીજ મારે માટે ભેટ લાવતો. તે ઘણાં વરસોની વાત છે."

"અને તે સાથીઓ માંહેલા કોઇનું બી નામ?" નોઝરે ચીંતાથી પુછયું.

"તેમાંના એક વડાનું નામ સલમ હતું," તે બાઇએ કહયું.

"અને તેનું ઠેકાણું?" નોઝરે ફરીને પુછયું.

"અહીંથી ઘણે દુર સીધા જતાં એક એકાંત ભાગના એક ખુંણાની જમની બાજુમાં એક ઝુપડું છે એમ મને મારો બેટો કહેતો હતો; મેં તે કદી જોયું નથી, ભાઇ;" પણ બીજીજ પલે તે વિચાર કરી બોલી; "પણ એટલા બધા સવાલોની કાંઇ અગત? આ એકાએક તમારી હાલત ઉસ્કેરાઇ આવવાનો શું ભેદ?—બોલો ભાઇ—"

પણ નોઝર થોભ્યો નહીં. તે ઉસ્કેરાઇ આવેલો, ઉતાવલો આવ્યો તેથી એવડી ઝડપથી ઓરડામાંથી નીકલી ગયો, જ્યારે અચરતી અને દુ:ખમાં ગરકાવ થઇ ગયલી દારાબની દુ:ખી માતાની દારાબને કશી હાંની નહી પોહોંચાડવાની આરજુમંદ આજીજી અને કાકલુદીઓ તેણે કશી સાંભળી નહીં. તેનું મન જુદીજ બાબદોમાં હવે રોકાયલું હતું. તે દાદરપરથી ઉતરવાને બદલે જાંણે ગબડી જતો હતો, અને રસ્તાપર ચાલવાને બદલે દોડતો હતો! પેલા હેઠેવાલા ગામડયાએ તેના 'પેરા પોએરાને' બતાવા નોઝરને જતો જોઇ ઘણીક હાંકો મારી પણ તે તેણે સાંભળી નહી, ને સાંભળી હોય તો તે માટે થોભી તે પર ધ્યાન આપવાને કનવાર કરી નહીં.

અત્યાર સુધીમાં જવાંન નોઝર જે જે કાંઇ જોઇ અને શોધી શકયો છે તે સઘળાંનો સારાંશ માત્ર એજ કે તે દેલજંગ અને દારાબને તેમનાં ખરાં રૂપમાં પુરતી રીતે પીછાંણી શકયો છે, અને જો તે ચાહે તો આજે પાછો શએસ્તાંન કુચ કરી એ બે મહા પાપી દગારાઓને સપડાવી દીએ, અને ભલા અસપંદીઆરને તેની અતીશય ભોલાઇની ભયંકર ભુલ બતાવી આપે; પણ તેણે તેમ

કીધું નહીં. વળી બીજા હાથ પર જો તે ચાહે તો પેલા મેહેરનોશ અને આજરની પેહેડીવાલાઓને નશરઆબાદ તુરત જઇને ખબર પોંહોંચાડી તેમને નામે બુઢ્ઢા અસપંદીઆરનાં ઘરમાં ચાલતી મહા-ભારત ઠગાઇની તેમને એક માહીતગારી આપે — કાંકે સઘળો સાર શોધતાં ચતુર નોઝર તુરત ચેતી ગયો કે પેલા જે જવાંન વેપારીનું શબેસ્તાંન ખાતે ખુંન થયું હતું તે કોઇજ નહીં પણ મેહેરનોશ ને આજરની પેહેડીનો ખરો આડતીઓ આતબીન હોવો જોઇએ, અને કંગદઝ ખાતે તેને પોતાને લુટનાર પણ એજ તે મરનાર આત-બીનના ખુંનીઓ ચંડાલ દેલજંગ અને દારાબ હતા, માટે મેહેરનોશ ને આજરવાલી પેહેડીને આતબીનનાં ખુંનની, ખરા ખુંનીની અને તેમને નામે ચાલતી ઠગાઇ વગેરે બાબદોની વાકેફગારી આપતાં નોઝર પોતાના હાથના પરીને કરેલા ઇનકારનો સેહેજમાં ખાર લઇ શકે એવું હતું, પણ આપણે જોયું કે તેણે એમાંનું તુરત વેલા કશું કર્યું નથી. આપણે જોયું કે તેણે દારાબની એકલી પડેલી બુઢી માને એક મુલાકાત આપી, અને તેણીને મોંઢેથી પોતાના સઘળા સનાવાર શકોને સવાયો રૂપે બાહાર પાડી ખરા કરી તે બહાર નીકલ્યો. પણ તે જેવાં મનની સમાધાનીથી તે બુઢ્યાનાં ઘરમાં ગયો હતો તેથી ઉલટીજ હાલતે-ઉતાવલો, આકલો, દોડતો બાહેર આવ્યો ! એ શું બનાવ હતો ? એ સઘળા જુસ્સાઓ આપણે જાણ્યે છીએ કે તેનાં મનમાં તે ગુઠણપર પડેલી દારાબની દુઃખી માએ મીનતજારી કરતાં જોડેલા હાથનાં એક આંગલાં ઉપર કાંઇક વરસોથી પેહેરેલી અને કાટખાઇ ગએલી એક વીટી પર નજર પોંહોંચતાં પેદા થયા હતા, ત્યારે તે

વીટી કોણની છે ? તે વીટી ઉપર નજર પડતાંજ તે ઉશ્કેરાઇ આવ્યો છે, અને તે વીટી તેણીને ક્યાંથી મલી તેના થોડા ઘણા ઉતાવલા સવાલ જવાબો કરતાંજ અને તે વીટી જે જગ્યાએથી આવીને તે બુઢ્યાના હાથમાં પડી તે જગ્યાનું ઠેકાણું મલતાંજ નોઝર દોડયો છે, તો તે દોડયો છે તે એ ચોક્કસ ઇધાણી મેલવેલાં ઠેકાણેજ દોડયો છે, અને તે વીટી ઉપરથી બીજી કાંઇ અગત્યની શોધને સારૂંજ દોડયો છે એટલું આપણે હાલ તરત વાંચેલી સઘળી હકીકતના સારથી સેહેલાઇથી અટકલી શકયે છીએ, પણ તે વીટી કોણની છે અને તેમાં તેને લગતો શો ભેદ સમાયલો છે તે એજ મીસાલે આગલથી અટકલે સમજવું કોઇ રીતે એટલું સેહેલ નથી.

નોઝર એ રીતે જયારે ઉશ્કેરાયલો અને ઉતાવળો દોડતો હતો ત્યારે તેનાં મનમાં તે વીટીનેજ લગતા ખ્યાલો હતા. તેનાં ધ્યાનમાંથી દેલજંગ, દારાબ, તેમનાં પાપ અને ઠગાઇઓ, અસપંદીઆર અને સોહ્રાબે, પોતાનો કાકો, મેહેરનોશ અને આજરની પેહડીવાલાઓ, ખુંનનો ભોગ થઇ પડેલો આતબીન તથા પરીન અને પરીનની સુંદરતા સાથે તેણીના હાથ માટેની પોતાની ઉમેદવારી, ને તે ઉમેદવારીનો અપમાનભરેલો ઇનેકાર, તથા તે ઇનકારનો ખાર,—એ સઘળું-સઘળું બીલકુલ વીસરાઇ ગયું હતું. તેનું ધ્યાન એકજ બાબત ઉપર ઘોર કરતું તેના દોડતા પગ સંગાથે દોડતું હતું, અને તે એકજ બાબત કોઇ એકજ પુરૂષને લગતા ચોક્કસ બની ચુકેલા બનાવોની શોધને લગતી હતી!

ઉપર વીસ્તારેલી હાલતમાં નોઝર આસરે બે કલાક દોડયો. તે આજુ બાજુ જોતો ન હતો. આજુ બાજુ તરેહવાર ખુશનુમા

ખેતરોમાં ખુદરતનો રમણ્ય હાથ ડગેડગ રમતો હતો, પણ તે પર તે ધ્યાન પુગાડતો ન હતો. કોઇ વાર ચાલતાં ચાલતાં તે ઓહલાં અને પોહલાં ખેતરોમાં આવતો, તો કોઇ વાર આજુ બાજુ બેઉ તરફ ઉભાં, ઉંચાં, મોટાં દરખ્તો ગીચ્ચ પાસે પાસે આવી રહી વચ્ચે લાંબી સીધી સરલ વાટો પુડેલી લાંબે સુધી જણાતી હતી ત્યાં તે મોટા વૃક્ષ–છત્રોની વચ્ચે આવી પોંહોંચતો. નોઝરને રાહદારી ઘણા મલતા ન હતાં. કોઈ છુટો છવાયો ભરવાડ ખાંધે મોટી લાકડી મારી પોતાનાં "બચરર–બે" ને હંકાલતો ખુશ સાદે કાંઇ કઠોર ગાણું ગાતો ધીમે ધીમે પસાર થતો મલતો, તો કોઇ મોટે તફાવતે વળી ચપલ પગલાંની કોઇ ચાતુરી, મેહેનતુ અને ખુબસુરત ગામડવણ, પોતાના જેવીજ પોતાની કોઇ બેહેનપણી જોડે હલકદાર સાદે હસતી અને બોલતી હાથમાં હાથ ભેલવી ઠુમકદાર ચાલથી ચાલી જતી જણાતી હતી; પણ એ સઘળું જોવાને અને સાંભળવાને નોઝરની આંખ અને નોઝરના કાંન બંધ હતાં, અને તે એકજ બાબદનો વિચાર કરતો આગલ વધ્યો જતો હતો.

અંતે દારાબની દુઃખી માવતરે આપેલી ચોક્કસ ઇધાણી પ્રમાણે એક ખેતરના એક એકાંત ખુણામાં એક ઝુપડું સરખું કાંઇ નજરે આવતું નોઝરને જણાયું.

એ વેલાએ છેક સ્હાંજ પડવા આવેલી હતી. આફતાબ પોતાના તાતા પ્રકાશમાં ધીમો પડી પશ્ચિમમાં ગલતો જતો હતો, અને સાંમે દ્રષ્ટિમર્યાદાની સહરદે તે રોશનીના રાતા ગોળાને ધીમે ધીમે અસ્ત થતો જોવામાં ખોદાની ન્યારી ખુદરતનો એક ખરો ખ્યાલ ધ્યાનમાં

આવી જાય, તથા નાસ્તીકો એ ખુદરતની ખુબીથી ભરપુર રોજ બનતા મોટા બનાવો એકજ દહાડો ધીરજથી તપાસે તો ખુદાની શકિતની ખાત્રીભર પીછાંણુમાં તુરત આસ્તીક થઇ જાય એવું લાગતું હતું. સ્હાંજના શીતલ સમયે તે અસ્ત થતા આફતાબનાં ઝાંખાં ગુલાબી કીરણોથી કીરમજી થઇ રહેલાં ખેતરો વચ્ચેથી જોએલો એક એકાંત ગાંમડાંનો ખુબસુરત દેખાવ ખુદરતની શકિતનો એક ખરો ખ્યાલ આપવે બસ છે. તે અને શીહા રાતના અંધકાર પરડાનાં સઘળે અહીં ફરી વલવાની આગાહી પામેલાં પરંદા પંખેરાંઓને સૂર્યનાં સઘળાં નુરમંદ કીરણો દુર થાય તે પહેલાં પોતપોતાના માળામાં જઇ પોહોંચવાને કલાહોલં સાથે નાહાસભાગ કરતાં જોવાં એ, એવા અનેક જોવા ને તપાસવા જોગ સ્હાંજના દેખાવો કોઇ બાહોશ ચીતારાની કલમને કાંઇ ઓછો અચ્છો નકશ આપી શકશે ?

નોઝર અંતે તે દુરથી જોયલાં ઝુપડાં પાસે આવી પહોંચ્યો. તે ઝુપડાંનું બારણું બંધ હતું. નોઝરે ને થોકયું. એક પળ—અને કોઇએ તે બારણું આવી ઉઘાડયું. કોઇ ! કોણ ? નોઝર દંગ થઇ જઇ વગર હીલવે અને વગર બોલવે બારણાંમાંજ કેમ ઉભો થઇ રહયો ? શું આફતાબના ઉપર જણાવેલાં અસ્ત પામી જવા પછી આ બીજો કોઇ માહાતાબ વાદળાંઓ વચ્ચેથી તલુ થઇ પોતાના સઘળા ઠાઠમાઠ સહીત તે બારણું ઉઘડવે દેખાતો હતો, અથવા શું આફતાબ પોતે પશ્ચિમમાં અસ્ત પામી જમીન વાટે આ ઝુંપડાંમાં પાછો ફુટી નીકળતો ? છેક તેમ નહીં. આ તો નોઝરની સાંમે ઉભેલું નોઝરનાં જેવુંજ કોઇ જાંનધારી આદમ હતું, અને તે આદમ એક છોકરી

હતી, જે અચરતી પમાડે એવી ખુબસુરતી ધરાવનાર હતી. હવે ત્યારે આવી એક પરીજાદ નાર આવાં એકાંત શક ઉપજાવે એવાં એકલાં ઝુપડાંમાં!–શો ભેદ?

નોઝર ઘણો વાર સુધી થંભ થઇ તે નારની નુરાંની ઉપર ટીકતો હોય; અને જ્યાંવેર તે જવાંન નારે નોઝરનાં એ અમર્યાદશીલ ટીકવાથી શરમાઇ જઇ ,લાલચોલ થઇ ગયલા ચેહરાએ નીચું જોયું નહીં, અને ધીમા, મીઠા, ઠંડા સરોદે જ્યાંવેર નોઝરને તેનું કામ અને કારણ પૂછયું નહીં ત્યાં સુધી તે પોતાની એ ગફલત જોઇ શકયો નહીં, અને જયારે તેણે પોતાની એ બેઅદબી જોઇ ત્યારે તુરત શરમાઇ, સુદ્ધ ઠેકાંણે લાવી, તે પોતાની મતલબને અનુ-સરતા સવાલો કરવા પડયો.

પ્રકરણ ૧૫ મું.

નોઝરની તપાસો (ચાલુ).

આ ઝુંપડું એક ઉતારૂખાનાં તરીકે જણાયલું હતું, પણ તે એક એવા તો એકાંત ભાગમાં આવેલું હતું કે કોઇ પણ મુસાફરને તે તેની આબરૂદાર હાલત વિષે શક પેદા કર્યા વના રેહે નહીં. તે દેખાવે એટલું તો કંગાળ અને ભાગુંતુટું હતું, અને કશી પણ મરામત વના એટલી તો બીસમાર હાલતમાં આવી ગયું હતું કે તેમાં

કોઇ વસે છે યા નહીં તે પણ બાહારથી પેહેલે દેખાવે જોતાં તો ખાત્રી સાથ કશું કેહેવાએ નહીં. એવાં એ ઝુપડાં આગળ ઉપલાં પ્રકરણમાં બિસ્તારેલી હાલતે નોઝર જે ભેદ પામવા આવ્યો તેમાં પ્રથમ તો એટલુંજ હતું કે એ ઝુપડાંમાં કોણ અને કેવાં લોક વસ્તાં હતાં તે પોતે જાતે એક વાર જોઇ લે, અને એ મતલબથી આ ઝુપડાં આગળ આવી તેનું બારણું ઠોકતાં નોઝરે તે બારણું ઉઘાડનારમાં જેને જોવાની વકી રાખી હતી તે કોઇ કદરૂપો, બીહામણો, ખરબચડો સરખો નાપસંદ ચેહરો ધરાવનાર પુરૂશ અથવા સ્ત્રી હતી, પણ જ્યારે, તેથી બીલકુલ, ઉલટું બારણું ઉઘડતાં તેણે પોતાની સાંમે એક અતી ખુબસુરત દેખાવની નારને ઉભેલી જોઇ ત્યારે તે અચરતીથી ત્યાં દંગ થઇ ઉભો રહી જાય એમાં નવાઈ જેવું કશું નથી. પરીણામમાં, જ્યારે તેને પેલી નારીએ તેની બેઅદબીની પોતાની શરમીંદગીથી નીચી કરેલી ચશમોએ યાદ આપી ત્યારેજ તે સુદ્ધ ઠેકાંણે લાવી પોતાની મતલબ સચવાએ એવા સવાલો કરવા પડયો.

"આ શું એક મુસાફરખાંનું છે?" નોઝેરે સવાલ કીધો.

"હા, બાઇ," તે સુંદર છોકરીએ શીરીન હલકે કહયું, "પણ તમો પોતે કોણ છો અને હયાં શું માંગોછ?"

"હું એક રાહદારી મુસાફર છું," નોઝરે જુદું કહી તેણીને ઉડાવી; "આ આજુબાજુની રળીઆમણી કુદરતનો એક નકશ લેવાની ઉમેદથી હું અતરે આવ્યો છૂં, અને અહીં આવતાં અસુરં થઈ ગયું છે એટલે રાતેરાત જો આ એક ઉતારખાંનું હોય તો હયાંજ વાસો કરી પડવાનો મારો વિચાર છે."

તે નારે નોઝર તરફ, એ સાંભળતાં, કાંઇ નહીં સમજી શકાય એવી ઢપથી નજર નાંખી. નોઝરને કશું સમજ પડયું નહીં. તે શું તેની દયા ખાતી હતી? તેને ત્યાંથી ચાલી જવા કેહતી હતી?

"આ ઉતારૂખાંનાંનો માલેક કોણુ છે?" નોઝરે ફરીને પુછયું.

"તેઓ એક મરદ અને ઓરત છે," તે નારે જવાબ દીધો, "ને તેઓ કાંઇ ખરીદી સારૂ શેહેરમાં ગયાં છે."—પણુ બીજીજ પળે તેણી દુરવેર સાંમે નજર પોંહોચાડી બોલી, "જુઓ સાંમે—દુરથી તેઓજ બંને આવતાં દેખાય છે. તમો અંદર આવો. તેઓએ તમને મારી જોડે વાત કરતા જોયા હશે અને તમો પાછા જશો તો તેઓ મારી ઉપર ચીરડાશે."—અને એમ કેહતાં તેણીએ બારણું ખોલ્લું કરી નોઝરને અંદર લીધો.

અંદર ઘર સંસારી જે સમાન હતો તે પણુ કાંઇ ઓછો કંગાળ ન હતો. નોઝર થાકી ગયો હતો. ઉપરે કહેલી પોતાની સઘળી જેહે મતભરી ઝડપોથી તે ઘણો સુસ્ત થઇ ગયો હતો, માટે અંદર જતાંજ તે એક ખુરસીમાં બેસી પડયો.

"હયાં શું તમો ત્રણુજ રહો છો? બીજું કોઇ નહી?" વળી એક વાર ચુપકીદી તોડી નોઝરે સવાલ નાખ્યો.

"કોઇજ નહીં," તે નારે જવાબ દીધો, "હું; અને એ બે ઓરત મરદ વના બીજું કોઇ નહીં."

નોઝર હવે હયાં આટલું તો સ્પષ્ટ જોઇ શકયો કે તે "ઓરત

ગરદ" આ જવાંન નારનાં માત પીતા હતાં નહીં. તેણીની બોલવાની ઢપથી તે તેઓની બેટી હોય એવું કશુંજ જણાતું ન હતું.

"હયાં શું ઘણી કમાઇ છે? ઘણા ઉતારૂઓ આવે છે?" નોઝરે વળી એક વાર સવાલ કર્યો, પણ એ જવાબ આપવા જેટલો તે છોકરીને હાથ વખત રહયો નહીં-તેટલાં પેલાં મકાંનનાં માલેકો આવી પુગ્યાં. તે જવાંન નાર-જેનું નામ શીરીન હતું તેણે-તુરત પેલા નવા પહેરોણાની મકસદથી તેઓને વાકેફ કીધાં, ને નોઝર પર તથા નોઝરના પોશાક અને ઢપછપપર નજર નાખી તેઓ ઘણાં ખુશ થઇ ગયાં હોય એવું તેમના દેખાવ ઉપરથી લાગ્યું. તેઓએ નોઝરને ઘણા મીઠાસથી આવકાર દીધો, અને તેઓનાં 'ગરીબડાં મકાંનને' આશરો આપવાની તેની શુભ મકસદ સારૂ તેઓએ તેનો ફરી ફરીને ઉપકાર માંન્યો. નોઝરે પેલી નારીને જણાવેલું ખોટું બાંહણું વળી પાછું આ લોકોને પણ જણાવ્યું અને ખાંણાની તલબ કરી, એટલે તુરત ઘણી ધાંધલ કરીને તેઓએ કાંઇ સુકું પાકું ખાંણું નોઝર આગળ લાવી પીરસ્યું, અને કાંઇક શરાબ મોં આગળ મેલ્યો. હવે નોઝરે જોયું કે જયારે તે મકાંનનાં માલેકો તેને રાજી રાખવા સારૂ સઘળી ખોટી ધરપકડ ને દોડાદોડી કરતાં હતાં, ત્યારે સુંદર શીરીન તેની 'મેનેજ'માં ખરેખરી ઉલટથી ભાગ લઇ ખરી મહારત કરતી હતી. નોઝરે શીરીનને છેલ્લો પુછેલો સવાલ ફરીને આ સ્ત્રી પુરૂષને પુછયો, ને તેના જવાબમાં તેને કેહ-વામાં આવ્યું કે અવાર નવાર કોઇ મુસાફરો આવે છે ખરા, અને તેઓનાં ઉદાર દીલ તરફથી મલતી મદદ કોઇ બીજો તેવો સખી દીલચુરદાવાલો નર આવી મલે છે ત્યાંવેર તેમનાં પોષણ માટે

પુરતી થાય છે. એ અને એ વગેરે બીજી વાતો કરતાં રાત ઘણી વહી ગઇ એટલે નોઝર પડોશમાંના સુવાના ઓરડામાં ગયો. હવાં એક કંગાલ બીછાણું તેને માટે જેમ તેમ થોકી થાકીને ગોઠવીગાદ્દી ઉભું કરેલું હતું. નોઝરને આ ઓરડો કશી રીતે પસંદ આવ્યો નહીં. તે ઓરડામાં એક ઝાંખો ચેરાગ બલતો હતો, અને તે રોશની ત્યાંના દેખાવને કશી બી તાજગી બખ્શવાને બદલે તેનાં ભયંકારપણામાં ઓર વધારો કરી આપતી હતી. એક અંધકાર સરખા ઓરડામાં એક ઝુકતોઝાકતો દીવો મેલો, ને જુઓ કે તે રોશની તે ઓરડાની કંગાલ્યતમાં ઓર ઉમેરો કરે છે કે નહીં, અને તેવા એક ઓરડામાં નોઝર જેવા એક દલેર જવાંનને રેહેતાં પણ હજારો શંકા પેદા થઇ. જે કારણથી તે જેહેમત ખેંડી આ જગે આવ્યો અને વાસો કરી રહયો હતો તે વાત તુરત તેને સાંભરી આવી, અને તે ઉપરથી તે "કદાચ આએજ ઓરડામાં" એમ બોલી ધ્રુજવા પડયો. તેની ઉંઘ ઉડી ગઇ, અને તે ત્યાં પડયો રહી બીજા બે કલાકવેર વિચારમાં ગશગુલ થઇ રહયો; પણ એ અરસા પછી પોતાના વિચારો વચ્ચે તે ચોંકી ઉઠયો. પાછલા ઓરડામાં કોઇ કજીયો કરતાં હોય એવો સાદ આવ્યો, અને ફરેકાર ઉપર કાન મેલી ધ્યાંનથી સાંભળતાં નોઝરને પેલાં ત્રણ જણના સાદ ખુલ્લા સમજાયા, તેમજ વાત અને કજીયાનું કારણ પણ તે સેહેલથી જોઇ શકયો!

"નાફરમાન દુકતી, તું મુગી મર," પેલા પુરૂષના ઘાડા સાદે કહયું; "તને કોણ વચ્ચે બોલાવેછ? આ મકાન મારૂં છે ને ત્યાં હું ગમે તે કરશ."

"હા," સુંદર શીરીને શીરીન હલકે કહયું, "પણ હવે વધારે વાર એ તમારાં ઘોર કર્મ ઉપર હું આંખમીચાંમણાં કરી શકનાર નથી. તમારાં ચંડાલપણાંએ હવે મારી છાતી ફાટી જાયછ, અને જોકે ભુખમરા અને ઠાર ઠંડીથી હું કોઇ વગર વાલીએ આવતી કાલે સાંજે મરી જવશ, તોબી આવતી સહવાર પછી તમારાં મકાંનમા હું એક પળ વધારે જીનહાર રેહેનાર નથી!"

"હું મારી નાંખશ, તારો જીવ લેવશ," તે પુરૂષ ઘણાજ ખીજવાતથી પાછો બોલતો સંભળાયો; "મારાં કામ વચ્ચે મને રોક ના; તે મારો ધંધોજ છે, ને ગુનેહગાર, તારે ખાતર હું ભુખે મરનાર નથી. ચાલ, બાજુ ખસ."–અને તેનો ચાલવાનો સાદ આવ્યો.

"તમારે ગમે તો મને અહીંજ મારી નાંખો, પણ આ બારણાં આગલથી મારામાં લોહીનું છેલ્લું ટીપું હોશે ત્યાં વેર હું ખસનાર નથી. એના પૈસા ચાલી ચાલીને તમોને વેર ચાલનાર છે?" શીરીને ઘણીજ દ્રઢતાથી કહ્યું.

"તે સઘળું તને કોણ પુછેછ, દાકણ?" પેલી ઓરતે હવે ખીજવાઇ અને ચીચવાઇને કહયું; "તે સઘળું અમારૂં કામ છે. ખસ, નહીં તો વધારે ગડબડ થવે તે જાગી ઉઠશે ને શીકાર હાથથી છટકી જશે; ચાલ રસ્તો છોડ!"

"કદી નહીં!" એક છેડાયલા સીંહ પેરે પરીણામોની દરકાર કર્યા વના તે ભુંડા પુરૂષે પોકાર માર્યો; "બાવીસ વરસના મારા ધંધામાં આજે તુ નાપેકાર આડે આવશે? ચાપ તારી કરણીનાં

ફુળ!"–અને હવાં એક મોટા ફટકાનો અવાજ–એક મોટી દુઃખભરી ચીચીઆરીનો સાદ, અને કાંઇ જોસથી જીંકાવાનો ધબકારો નોઝરને કાને આવ્યો. હવે તે થોભ્યો નહીં. એકજ કુદકા સમેત તે જે ઓરડામાં એ મારામારી થતી હતી ત્યાં આવી પુગ્યો. તે ઓરડાનું બારણું બંધ હતું; પણ જીવ પર આવી જોસપર ચઢેલા નોઝરે એકજ લાતથી તે બારણું ભાંજી ઉડારી નાંખ્યું. અને માંહે પેસતાં બારણાં આગલજ શીરીનને તદન બેસુધ્ધ હાલતમાં તેણે ભોંય પર પડેલી અને તેણીની આગળ ખીજવાતના દાંત કકડાવતો લાલ આંખે અને ખુંની સરખા ચેહરે હાથમાં એક જબરદસ્ત દાંગ સાથે પેલા પુરૂષને અને બાજુએ તેવાંજ રૂપ સાથ પેલી ઓરતને ઉભેલાં તેણે જોયાં! હવે નોઝરે જોઇ લીધું કે તેનો જાન બચાવા જતાં તે મોટાં મનની જવાન બાળા તે કરપીણના ફટકાનો ભોગ થઇ પડી હતી, અને તે મરી ગઇ હતી વા જીવતી હતી તે વિશેની શંકાશીલ હાલતમાં તે ઉભો હતો તેટલાં શીરીનને હીલચાલ કરતી જોઇ તેને તેની છાતી ઉપરથી એક મોટો પથ્થર ઉંચકી લેવાથી ખલાસી આવી આરામ થાય તેટલો કરાર વલ્યો. તે હવે તેથી પોતાના તરફ અચરતીથી ધુરતા અને ધુરકતા પેલા ખવીસ સરખા પુરૂષ ભણી જોવા લાગ્યો. એ સઘળું માત્ર એકજ ક્ષણમાં થઇ ગયું, અને પોતે સપડાઇ ગયો છે જાણી તે ખુંની પોતાની ભારે દાંગ ઉગાવી એક જરબ નોઝરને મારવા ગયો, પણ તે સમયસુચકતા રાખી બાજુ થઇ ગયો, ને તે દાંગ પાસેની મેજપર પડતાંજ તેનો ચુરો થઇ ગયો. બીજી એક પલ–અને નોઝરે એક કુદકો મારી તે ગભરાયલા શખ્સના હાથમાંથી પેલી દાંગ પડાવી લીધી.

અલબત તે કોઇ રીતે એમ સેહલથી દાંગ જવા દે એવો ન હતો; તે તુરત એક જંગલી વાઘની પેઠે નોઝરને વળગી પડયો. ને તેઓ વચ્ચે હાથોહાથ ખુબ બાઝમબાઝી ચાલી. પેલા પુરૂષને નોઝરે ભોંય પર પટકયો, પણ તેના જેવીજ તેની કરપીન સ્ત્રી ટેબલપરથી એક વેહેતી છુરી લઇને નોઝરને ઠાર કરવા દોડી આવી.--કેવી ભયંકર પલો! પણ ખુદા રાસ્ત કરે છે. તે સ્ત્રી છરી લઈ આવી તેજ પલે બરાબર પેલા પુરૂષે જોર મારી નોઝરને હેઠો પટકયો, અને પોતે ઉપર થયો. એ હીલચાલો બરાબર જોયા વના તે ગભરાયલી, ખીજવાયલી અને ઉસ્કેરાયલી નારીએ પેલી વેહેતી છુરી પોતાનાજ ખાવંદનાં પેટમાં આરપાર ચલાવી દીધી, ને તે પોતાનાંજ પાપનો કરપીણ ભોગ પોતાની ઓરતની આ ભયંકર ભુલ તરફ ખીજવાતના ડોળા કાઢી એકજ ચીચીઆરીથી પુરો થઈ રહયો, જયાર તેની નાર આમ પોતાની ઓચીંતી ગફલતથી પોતાની કુમક ટુટી ગયલી જોઇ, ખલાસી પામી ઉઠી ઉભા થયલા નોઝરના ડોળાથી ડરી જઇ "દયા દયા!" કરતી લોહીમાં ડુબી જતા પોતાના ખાવંદની લોથ આગળ પડી!

શીરીન એ સઘળા ગભરાતની ઘણું આગમચની સાવધ થઇ હતી. દરેક પલે તે નોઝરની સલામતીની ધાસ્તીઓ કરતી હતી, અને જયારે તેણે ઉપલું સેવટ જોયું ત્યારે પોતાના ગભરાત વચ્ચે પણ તે ખોદાનો ઉંચી આંખે ઉપકાર માન્યા વના રહી નહીં. એ પછી તે તુરત ઉભી થઇ. "નાહસ જવાંન," તે ઉતાવળથી ઉસ્કેરાઇ આવી બોલી, "નાહસ અહીંથી. આ કંગાલ ધામમાં વધારે વાર રહે ના. હું તારી સાથે આવું છું; નાહસ એકદમ!"

"નાહસું ?" નોઝરે તીરસ્કારથી કહયું, "શાંને માટે ? મને શું બીહીવાનું છે ? અને વળી આ નાચીજ કંગાલ ઓરતને તેનાં પાપની ફેજે પેહેલાં કાં નહીં પુગાડયે ?"

"નહીં, નહીં, જવાંન," શીરીન ફગલીને બોલી; "તારા ઉગરવાથી હું બેહદ ખુશી છું ખરી, તારો જવાંન જાન બચાવવા મેં મારા જીવને જોખમમાં નાંખ્યો ખરો, પણ આ પુરૂષનાં મુવાથી હું ખુશી નથી. એઓ કરપીણુ હતાં; પણ એઓના મારા પર એકુ બે નજીવા આભાર છે તેને ખાતર, મારે ખાતર તું એમને પડતાં મેલ, અને ચાલ અહીંથી મારી સાથ નાહાસ ! એને એના ખાવંદની પેઠે એની કરણીનાં ફળ મોડેવેહેલે ખુદા તરફથી મલશે.

અને "મારે ખાતર !" એ બોલો સાંભળતાં નોઝરને એ નહીં સમજાએ એવો હર્ષ કેમ પેદા થાય છે ? 'મારે ખાતર !' એ બે બોલોમાં એવો તે શો મીઠાસ સગાયલો હતો કે જેણે નોઝેરનાં ઉસ્કેરાયલાં મનના બળતા આતશને હોલવીને તેને પોતાને શાંતી અને ઠંડક પમાડી ?

નોઝરે હવે જીદ કરી નહીં. "અએ જવાન ઓરત," તેણે કહ્યું, "તને ખુશી રાખવા હું મારો જીવ આપવાને તઇયાર છું. મારે ખાતર તેં તારા જાંનની પરવાહ કરી નથી, તો તારે ખાતર હું શું નહી કરશ તે હું કહી શકતો નથી. ચાલ બાઇ," અને એમ કેહેતાં તેઓ એકમેકનો હાથ પકડી એકલાં ખાલેસ મનથી બાહેર નીકલ્યાં. તેઓ કાંય નાહસે છે કાંહાં નાહસે છે તે તેમને ખબર ન હતું. જેઓએ એકમેકને કદી આગળ ઓળખેલાં નહીં, કે જેઓ અરસપરસનાં નામ ઠામ પણ પુરાં નહીં જાંણે તેઓ એકમેકના સદગુણમાં પુરી ખાત્રી લાવી આવી

મધરાતે કશો બી વિચાર રાખ્યા વના ભાઇ બેહેનને છાજતા ખાલેસ પ્યાર ભર્યા વિશ્વાસથી એકમેકનો હાથ પકડી આગળ ને આગળ અંધારાં વચ્ચે રસ્તો શોધી ચાલ્યાં જાય છે!

પ્રકરણ ૧૬ મું.

નોઝરની તપાસો. (ચાલુ).

નોઝર સુંદર શીરીનને કેટલો આભારી હતો! જો એ જવાંન નારની મેહેરબાંનીભરી મદદ ન હતે, અને અગર વચ્ચે પડી ન હતે તો હમણાં એ જવાંન ઘણો વાર અગાઉનો આ જેહાંનથી અસબાબ ઉઠાવી ગયો હોત; પણ ખુદાનું કામ ખુદા કરે છે. તારનાર અને મારનાર તો તે એકલો સર્વ શકિતમાન સાહેબજ છે, અને જો તેની ખુશી નહીં હોય તો આદમબચ્ચાની હજાર હોનારત તેના એકલાની એક નાખુશી આગલ વ્યર્થ અને રદ છે. એમ છતાં નોઝરને શીરીનનો ઓછો પાડ માનવો હતો એમ નથી. કેવી રીતે જોસભર્યાં જોરથી સાંમે થઈ તે અશકત અબળાએ તેનો જીવ બચાવવાને તે બદદેઆનતી ઉતારૂખાનાંવાલા જોડે બાથ બીડી તકરાર ચલાવી હતી, અને તેની એ ભ્રષ્ટ બુદ્ધિથી ઉભી કરેલી યુકિતઓ તેણીએ પોતાની તેજ જબાંનનાં જોરથી કેવી જમીનદોસ્ત કરી આપી હતી તે સઘળું નોઝરે ખુદ કાને કાન સાંભળ્યું હતું,

અને તેથી જ્યારે તે પોતાના બચેલા જાનને માટે શીરીનની જોડેજોડ રસ્તે ચાલતાં તે બારેહકતાલાની હજારોહજાર શોકરગુજારી કરતો હતો, ત્યારે વળી તે પોતાના એ સુંદર સાથીનાં એહસાંનની ઓછી કદર બુજતો હતો એવું કશું નથી. અટલા માટે શું કરવા જતાં શું બની ગયું તે સઘળા ઓચિંતા બનાવોના અચરતી ઉપજાવનારા એહવાલ ઉપર ઘોર કરતો નોઝર આજુબાજુ જોયા વના ગુપચુપ સુંદર શીરીનનો હાથ હાથમાં પકડી અંધારાં વચ્ચેથી આગળ વધતો ચાલતો હતો !

પણ ત્યારે શીરીન કાં બોલતી નથી? તેણીને ચુપ રેહવાને શું કારણ છે? તેણીને ઓછું કારણ નથી, વાંચનાર. ઘોર કરવાને તેણીનાં ભેંજાને માટે ઓછા ખોરાકનો ભંડાર હતો એમ નથી: તેણીને બી ઘણું વિચારવાનું હતું. આજ સ્હાંજનો સુર્ય અસ્ત થતાં તેણીને ખબર ન હતી કે જે મકાંનમાં કંઇક વરસોથી જેમના સાહયા હેઠળ રહી હતી તે મકાંનમાં કાપાકાપીના દેખાવો જોઇ મધરાત થતાં પેહેલાં તેણીને તે છોડી જવું પડશે! એ ઓચિંતા બનેલા ઝડરી બનાવોથી તેણી ઓછી ગભરાઇ જાય એ કેમ બને? અને તેથી તેણી પણ નોઝરનીજ પેંડે લાંબો વખત વેર એ બન્યા બનાવોપર ઘોર કરતી આગળ વધતી; પણ અંતે તેણીની સુદ્ધ ઠેકાંણે આવી, અને સુદ્ધ ઠેકાંણે આવી તેવીજ અચકી ઉભી.

"આપણે કયાં જઇશું, બાઇ?" તેણે નોઝરને ગભરાઇને પુછયું; "કયા જવું તે નકકી કીધા વના આપણે કયાં જઇશું?"

"બાઇ," નોઝરે ઘણી ગમતાથી કહયું, "હું તને કશી રીતે ઠગવાને રાજી નથી. મેં જે તારાં મકાંનમાં આવતાં મને એક ચીતારા

તરીકે તને ઓળખાવ્યો હતો તે સઘળું ગલત હતું. મને તો અહીં એક જુદાંજ કામસર આવવું થયું છે. એક ભરમ સોહોધવા હું હયાં આવ્યો, અને તે એક ભરમ સોહોધવા જતાં બીજા એક જુદાજ અને વધતી અગતના ભરમની કળા પામવાથી તેને લગતી જુસ્તેજો કરવા હું તારાં મકાનમાં આવ્યો હતો."—અને હયાં એક સઘળા બાઇને છાજતા વિશ્વાશ અને પ્યારથી નોઝર જે ભેદ પામવા અહીં તુલીક જેહેમત ખેંચી આવ્યો હતો તે ભેદનો તેણે તેણી આગળ એક ટુંક સારાંશ કહી સંભળાવ્યો.

"ત્યારે તો મારૂં પણ સાંભળી લે, બેરાદર નોઝર," શીરીને પણ તેટલાજ વિશ્વાસથી કહયું; "મારી કેફીઅત ટુંક પણ દુ:ખ-ભરી છે. મારાં માતપીતા કોણ તે હું જાણતી નથી. હું એક ડોસી જોડે બચપણથીજ રેહેતી આવી હતી, અને તેણીને હું જયારે પણ મારાં માતપીતા વિશે સવાલ કરતી, ત્યારે હંમેશ તે વાત ઉડાવતી, અને મને એ વાત નહીં કાઢવાને મમતાથી સમજાવતી. એમ છતાં અવારનવાર તેનાથી પડી ગયલા નિસાસાથી હું આટલું તો જાણું છુ કે તે કોઇ મારી માતાની સગી થતી, અને મારી જીંદગીનાં પેહેલાં દમ સાથ મેં તેણીનીજ જોડે મારી બચગીનાં વરસો નિર્દોશતાની રંગભરી રમતોમાં ગુજાર્યાં હતાં. એ પછી એક રાત્રે તેણીને ચાલતાં ચાલતાં ઠોકર લાગી, અને તેણીએ પડીને તતકાળ પ્રાણ મેલી દીધો, જે એકાએક ગબડી આવેલા ગજબથી આ વિખ્યાત સૃષ્ટીની સંપાટી ઉપર મારે મનથી મારૂં જે એકપુરૂં વ્હાલું હતું તે પણ જતું રહયું, અને હું એકલી પડી. વળી એ વાતને બીજેજ રોજે એક પુરૂપ અમારાં મકાનમાં આવ્યો, અને

ત્યાંથી મને ઉપાડી લઇ આવી આજ રહાંજે જે ઝુપડાંમાં તું મને મલ્યો છે ત્યાં મુકી ગયો, જ્યારે જતી વેળાએ તે ઝુપડાંના પેલા મરનાર માલેકને કેહતો ગયો કે "મારી ઉપર થતા સઘળા ખરચ-ખુટણનો લવાજમ તેને દર માસે રવાના કરવામા આવશે," અને હું સમજની થવા પછીનું મેં જોયું છે કે તે પ્રમાણે એક ચોકકસ ઠરાવેલી રકમ દર માસે એ બુઢાને મળતી રહી હતી. એ બંને જણાં હું જોતી હતી કે ઉતારૂખાંનાંને નામે ભયંકર કરમો એ ઝુપડામાં ચલાવતાં હતાં, પણ તેની સામે થવાને હું એક નાચાર, નાવારેસ, અશકત અબળા શું કરી શકું? એમ છતાં તેઓ બંને મારાપર ઘણાં મેહેરબાંન હતાં, અને તેથીજ તે મરનારની ઓરતને તું બેરાદર કશી અલવલ નહીં પોંહોંચાડે એવી મેં ઇચ્છા બતાવી છે."

પણ હવે જવું કયાં? રાત ઘણી આગળ વધવા આવી હતી. એવામાં નોઝરને પેલું ઉતારૂખાંનું (જેમાં તે હોમાવરાનથી આવીને દારાબની માને મળવા ગયો તેની પહેલાં ઉતર્યો હતો તે) યાદ આવ્યું, અને શીરીનને તે વાતથી વાકેફ કરી તેઓએ તે તરફ ચાલવા માંડયું.

"એ મકાંનમાં કોઇ બી વાર કોઇ દેલજંગ અને દારાબ નાગના બે પુરૂશો આવતા હતા વારૂ?" નોઝરે રસ્તે જતાં શીરીનથી કાંઇ ભેદ પામવાની મકસદથી તેણીને સવાલ કીધો, અને દેલજંગ અને દારાબની પીછાંણ આપવા તેણે તેણીની આગળ તેમનાં કદ, રૂપ, રંગ વગેરેનું બારીકીથી બ્યાન કીધું, પણ શીરીન તે વિશે કશું ચોક્કસ યાદ કરી અથવા કહી શકી નહી. એમ કરતાં તેઓ પેલાં ઉતારૂખાનાં આગળ આવી પોંહોંચ્યાં.

ઉતારૂખાનાંમાં સઘળું ચુપચાપ હતું. નોઝરે તેના એકલા માલેક નેજ જગાડયો, અને તે આવી મોડી રાત્રે તેને એક જવાંન અને ખુબસુરત નાર જોડે આવેલો જોઇ પાકજાદ શીરીનની હોરમત વિષે કશું આડું નહીં વિચારે માટે તેણે તેને તરત પેલાં ઝુપડાંમાં બનેલી સઘળી કેફીઅતથી ટુંકમાં વાકેફ કર્યો, જ્યારે શીરીનને એક સફાઇદાર ઓરડો અને બીછાણું તૈયાર કરાવી આપી તે પોતે પોતાનાં ઠાકેલાં તનને આરામ આપી આસુદું બનાવા ખાતર બીજા ઓરડામાં સુવા ગયો.

બીજે દહાડે નોઝર સકાળે ઉઠયો, અને ઉઠયો તેવોજ હવે આગળ શું કરવું તેનો પાછો વિચાર કરવા પડયો. તેણે જોયું કે જે મકસદથી તે હયાં આવ્યો હતો તે મકસદ હજી અરધીજ પાર પડી હતી. દેલજંગ અને દારાબ તેજ આતબીન અને ગજદોહમ છે એ ભેદ તે ખાત્રીપુર્વક શોધી શકયો હતો, પણ પેલો બીજો ભેદ જે શોધી કાઢવાને તે આટલો આતુર અને આરજુવાર હતો તે ભેદ તો જેમનો તેમ હજી અંધારામાંજ રહી ગયો હતો. એ ભેદ શો છે?

પ્રકરણ ૧૭ મું.

નોઝરની તપાસો. (ચાલુ.)

આપણે હવાં લગાર અટકી નોઝરનો એ બીજો શો ભેદ છે તે તપાસયે. અમારી વારતાના સફ્ફાઓ ઉપર જ્યારે અમોએ જવાંન નોઝરની પેહલવેહેલી અમારા વાંચનારાં જોડે ઓળખાંણ કરાવી ત્યારે અમે કહયું હતું તે કે એક માબાપ વિનાનો બેટો હતો, અને તેનો બાપ એક સફરે જવા પછીનો અચપુચ ગુમ થઇ ગયો હતો, અને નોઝરનો એ બીજો ભેદ તે તેના પ્યારા પીદરનાં અચપુચાં ગુમ થઇ જવાને લગતોજ હતો. અમોએ લખ્યું છે કે નોઝરના બાપનો પત્તો મેળવવાને નોઝરે અને નોઝરના કાકાએ જુસ્તેજો ચલાવવામાં કશી બાકાત રાખી ન હતી, અને તોબી તેની કશી ભાલ લાગી શકી હતી નહીં; પણ એક દહાડે ખાનાંથી ફારેગ થયા બાદ બુર્જોર્ગ અસપંદીઆરનાં મકાનમાં ભેગાં મળેલાંઓ વચ્ચેથી બુબખ દારાબ વીટ્રી તફડાવતો ગભરાઇને નાહઠો, ને નોઝરે જઇને તેને પકડતાં તેણે પોતાની કોથળી ગભરાતમાં તેના હાથમાં મેલી દીધી તે ઘેર લઈ જઇ તપાસતાં તે માંહેથી મળેલાં એકાદ બે મેલાં ઘેલાં તેને નામનાં કાગળો વચ્ચેથી એક કાગળ નોઝરને મલ્યું હતું, જે જોતાંજ તે ચોંકયો હતો. તે કાગળ તેના પીતાની સહી સાથનો હતો, અને તે દારાબના હાથમાં આવેલો જ્યારે તે જવાંને જોયો ત્યારે સ્વભાવિક રીતે પોતાના બાપનાં ગુમ થઇ જવાને લગતા બનાવો સંબંધી શકો દારાબ

ઉપર લઇ જઇ તેને લગતી ખોલો કરવાના ઠરાવથી તે મુલ્કેહનાવર આવ્યો હતો એ સઘળું આ ખુલાસાથી વાંચનારને હવે સ્પષ્ટ સમજાશે. મુલ્કેહનાવર આવ્યા પછી નોઝર પેલી કોથળીમાંનાં એક કાગળમાંથી મલેલી ઇધાણી પ્રમાણે જ્યારે લુચ્ચા દારાબની દુ:ખી માની મુલાકાતે ગયો ત્યારે ત્યાં તે બુઢ્ઢયાને હાથે પેહેરેલી જે વીટી જોઇ તે ચોંકયો હતો તે પણ તેના પોતાના પીતાની હતી, અને તે વળી તેના બાપનાં ગુમ થઇ જવાને લગતા ભેદની એક બીજી ઇધાણી હતી, માટે તેને લગતા કેટલાક સવાલો કરી જ્યારે નોઝરે જાણ્યું કે તે વીટી દારાબ પેલાં ચોક્કસ ઝુપડાંમાંથી લાવ્યો હતો ત્યારે તે ઝુપડાંની ઉલટભર ઉતાવળમાં ઇધાણી મેલવી તે ઘરથો ત્યાં ગયો હતો, અને જ્યાં તે પછી જે કાંઇ બન્યું છે તે તો વાંચનારને સારી રવેશે રોશન છે.

નોઝર એ પછી તે મુલ્કેહનાવરવાલાં ઉતારૂખાંનાંમાં બીજી સહવારે જેવો જાગ્યો તેવોજ આગળ શું કરવું તે વિશે ખ્યાલ કરવા પડયો. તેણે જોયું કે દેલજંગ અને દારાબને લગતો ભેદ તો તે પામી શકયો છે, પણ પોતાના પ્યારા પીતાને લગતી ખોલો કરવાનું કામ હજી તેણે પાર ઉતાર્યું નથી, અને તેથી એક થોડા વધારે દીવસ મુલ્કેહનાવર ખાતેજ રહી તેને લગતી પોતાની તપાસો ચાલુ રાખવાને તેણે વધારે જરૂરનું જોયું, પણ બીજા હાથપર પોતાની સાથે એક ઉતારૂખાનાંમાં એક જવાંન નારને પણ રાખી મેલવી એ વાત તેને દુરસ્ત દીસી નહીં, જેથી સુંદર શીરીનને પોતાના પીદરના એક મરનાર જાંની મીત્રની એકલી પડેલી એક આબરૂદાર વીધવા બાંનુ નામે

તેહેમીનાને હરતક સોંપવાને તેણે વધારે આબરૂભરેલું જોયું. ખરેખર, એ વ્હાલાં વીનાની નાવારેસ શીરીનને પોતાની શોધોની જોહેમતભરી રોકાંણો વચ્ચે કશી વાતે મોહોતાજમંદ નહીં રાખવાની મમતાભારી મકસદથીજ જવાંન નોઝરે તેણીને બાંનુ તેહેમીનાને ત્યાં મેલી આવવાનું ઠરાવ્યું હતું. આ વીધવા બાઇ મુલ્કેહનાવરની પડોશ માંહેલાં નશરઆબાદ શેહેરમાં રેહેતી હતી, અને નોઝરને પોતાના પુત્ર પેરે ચાહતી હતી, માટે નોઝર તરફથી આવતા એક પહરોણાનો તો કદી બી અનાદર કરે એ કેવળ અશકય હતું, જ્યારે નોઝર તે ભલી બાઇના એ સઘળા ઉંચા અને ઉમદા ખવાસો ઘણા સારી રીતે જાંણતો હોવાથી શીરીનને સમજાવી ત્યાં લઇ જઇ મુકી આવવાને તેણે કશી આંચકી ખાધી નહીં.

નોઝર તે બાઇ વિશે ઉંચું મત ધરાવવામાં કશી રીતે ભુલ ખાતો ન હતો. તે બાઇ દરેક રીતે એવાં ઉંચાં મતને પુરેપુરી પાત્ર હતી. તેણીએ ખુબસુરત શીરીનને દીકરી પેરે ચાહીને આવકાર દેતાં કહયું, "બેટી, જો તું મારા દીકરા નોઝરની ભલામણ તારી સાથે નહી લેતી આવતે તોપણ હું તારી મુખમુદ્રા ઉપરથીજ તારા સદગુણો પામી જઇ તને આવો અને આટલોજ પ્રીતભર આશરો ખુશી સાથ આપતે!" અને એવી એક બાઇના હાથમાં સગી બેહેન જેવી એક પ્યારી નારને મુકી જતાં ભલા નોઝરને ભારે હર્ષ પેદા થયો, જ્યારે એક કંગાળ ઝુપડાંમાંથી ભલા નોઝરની મેહેરબાનીની મારફતે આવાં એક મેહેલ સરીખાં મકાંનમાં એક મા જેવી મમતાળુ બાઇના સાહયા તલે આવી વસવાથી જવાંન શીરીનને પણ ભારે ખુશાલી પેદા થઇ.

હવે નોઝરની અને શીરીનની એ અરસ્પરસની કાલજી અને ખુશાલી શું દેખાડી આપે છે? માત્ર એકજ રાતની ઓળખાંણે વધી જઇ પરસપર કાંઇક વરસોના ધાડા પ્યારનું રૂપ ધર્યુ છે એ શું! એ સઘળો માયનો- મોહબતનો મહીમા છે. એ સઘળા એક ખાલેસ દીલના ખરા પ્યારના પુણ્યવંત પ્રતાપ છે!

પ્રકરણ ૧૮ મું.

નોઝરની તપાસો. (ચાલુ)

શીરીનને નસરઆબાદ ખાતે છોડી આવવા પછી નોઝર મુલ્કે-હનાવર ખાતે પાછો આવી પેલાંજ ઉતારૂખાનાંમાં પાછો ઉતર્યો, અને ત્યાં ખાંનું લેઇ જ્યારે પેલાં ઝુપડા આગળ પાછો જવા નીકળ્યો ત્યારે અંધારૂં થવા આવ્યું હતું. તેણે વિચાર્યું કે અત્યારમાં સત્તા-વાલાઓને તે ખુંનની વાત ખબર પડી ચુકી હશે, અને તેઓએ તે મુડદાંને ટેકાણે પાડી તે જગ્યા કબજે પણ કરી લીધી હશે. વળી તે ધારતો હતો કે પેલા મરનારની ઓરત પણ અત્યારમાં તો સત્તા-વાલાઓની ચુંગાલથી બચી નાહાસવા હનાવર મુકી ઘણે દુર નીકળી ગઇ હશે, અને તેથી તે ઝુપડાંગાં એકાંતમાં કાંઇ પોતાના પીતાને લગતી તુરત વેલા અંજાણુ શોધ પામવાના હેતુથી જ્યારે રાતોરાત તે ઝુંપડાં તરફ તે જતો હતો, ત્યારે

રોશનીની અગત પડે તેથી રોશની મેલવવાનાં ઓજારો તે સાથે લેતો ગયો હતો. તે ઝુપડાં આગલ તે જઇ પોહોંચ્યો તે આગગચ દીવસ ઢલી ગયો હતો અને રાતનું રાજ શરૂ થઇ ચુકયું હતું. અને તેઓ રાતને રોશનીથી રમણ્ય કરી દીપાવનાર દીપક જે રાતની રાણી મહાતાબ તે પોતાના તેજસ્વી પ્રકાશમાં શોભતી પુર ઠાઠમાઠ સાથ પોતાનાં આકાશી તખ્તે બીરાજમાન થઇ ચુકી હતી, અને પોતાનાં નુરથી આખી જગતને નુરાની બનાવી દેતી હતી.

તે ઝુપડાં આગળ જઇ પોંહચતાં નોઝરે તેનું બારણું અર્ધું ઉઘાડું રહેલું જોયું, અને તેંના અડગરાના નકુચામાં એક તાલું ઉઘાડું લટકેલું જોયું! શું ત્યારે ઓરડામાં કોઇ હશે? કોણ હોય? અત્યારે—ત્યાં રાતને સમે કોણ હોય?

નોઝર ધીમે કદમે અંદર ગયો. પેહેલાં ઓરડામાં કોઇ હતું નહીં, અને તોબી કોઇ ધીમો દમ લેતું હોય એવો સાદ તો આવ્યો. નોઝર અચકી ઉભો—તેણે કાન દઇ સાંભળ્યું,—કોઇ મલે નહી! તે આગળ ચાલ્યો—બીજા પાસેના ઓરડામાં આવ્યો. આ તેજ ઓરડો હતો કે જયાં પેલી મારામારી થઇ હતી, અને ઝુપડાંના ગાલેકે—લોભ અને પાપના તે ભોગે—જાન લેવા જતાં જાન ખોહયો અને આપ્યો હતો. આ ઓરડામાં એક ખુણાંમાંની અરધી ઉઘાડી રહી ગયલી બારીમાંહેથી બાહેરની રોશનીનાં કીરણો માંહે પડયાથી ઝઝકલાં સરખું ઉજાસ થઇ રહયું હતું, અને તેની મદદથી નોઝર બતી સલગાવ્યા વના જોઇ શકયો કે જે જગ્યાએ પેલું મુડદું પડયું હતું ત્યાંહી તે મુડદું ઉપા-

ડવામાં આવ્યું હતું, લોહીના ડાઘો ત્યાં જેમના તેમ રહયા હતા. તેણે, તેથી, એ દુઃખી જનાવરોની કમકમાટભરી યાદ આપનાર દેખાવ ઉપરથી પોતાની ચક્ષુઓ ફેરવી નાખી, અને બરાબર તેજ પલે તેને કાને એક સરદ હાય આવી. આ હાય કોણે મારી? ત્યારે તો પડોશમાંના ઓરડામાં કોઇ હોવું જોઇએ.–તેણે કાન દઇ સાંભળ્યું,–વળી પાછું કોઇ મલે નહીં. તે બીચકારો ન હતો. ભુતભમાડાની વાતો તે માનતો ન હતો, અને તોબી આવી એકાંત જગ્યાએ આવાં એકલાં પડેલાં એક ઝુપડાંમાં આવે રાતને સમયે અંધારામાં તેને આમ ડગેડગ સંભળાતા ખડખડાટથી ત્રાસ પડે એ કુદરતી છે. વળી તે આગલ ચાલ્યો. હવે તેણે તુરત એક બતી સળગાવી, અને હીંમત ધરી તે પડોશના ઓરડામાં ધસ્યો ગયો, પણ બારણામાંજ તે દબાઇને ઉભો રહયો! પોતાના હાથમાં બતી પકડનારને પોતાની સાંમે એકદમ ખોલ્લું દેખાઇ શકાતું નથી, અને તેથી નોઝરની આંખ્યો પેહેલાં તો ઠરી નહીં; અને પછી જ્યારે તેણે જીવ ઠેકાણે લાવીને જોયું ત્યારે તેનો ગભરાત તુરત સમી ગયો, કાંકે એક ભાગીટુટી ઉઘાડી કબાટ આગળ કોઇજ નહીં પણ પેલા મરનાર ઉતારૂખાનાંવાલાની ઓરત તેની ઉપર ટીકતી ઉભી હતી!

નોઝર તેની સામે ગયો.

"અએ ઓરત," તેણે નેણ ચઢાવી કહયું, "હજી તું અહી શું કરે છે?"

"જવાંન મર્દ," તેણીએ દુખથી જવાબ દીધો, "અમારૂં આટલું નખ્ખોદ વાલી જવા છતાં હજી તું શું ધરાયો નથી જે વળી

કાંઇ નવો સીતમ ગુજારવા તું અહીં પાછો આવ્યો છે? હું હયાંથી નાહસી ગઇ હતી, પણ હમણાં રાતને વખતે મારું જે કાંઇ અગતનું છે તે લઇ જવા હયાં પાછી આવી છું, તો શું તું મને તે નહીં લઈ જવા દેશે?"

"તું ઘણી નાપેકાર નાર છે." નોઝરે દમ ભરાવવાનું જારીજ રાખ્યું; "તેં અને તારા ખાવંદે અહીં તહરેવાર સીતમગુજારીઓ કરેલી છે. પઇસાને ખાતર તેં ઘણાકોનાં ખુન કરેલાં છે, જે હું સઘળું જાણું છું, અને તેથી—"

"દયા! દયા!" તે વંત્રીએ ગુડણુપર પડી મીનુતજારી કરી; "દયા કર, અએ જવાંન! તું સઘળું જાણુતો દેખાય છે, પણ હું દુ:ખીને હવે તું વધારે દુ:ખી કર ના."

"તે એકજ સરતે," નોઝરે કહયું, "અને સરત એજ કે હું પુછું તે સઘળાંના તું ખરેખરાજ જવાબ દીએ."

"મારે કબુલ છે," તે ઓરતે લકડતા સાદે જવાબ દીધો.

"ત્યારે બોલ કે શું આએ મકાનમાં થોડાં વરસની વાતપર એક ગ્રહસ્થ આવી ઉતર્યો હતો?"-અને હયાં નોઝરે તે ગ્રહસ્થના ચેહરા વગેરેનું બ્યાંન કીધું, કે જે નોઝરનો પીતાજ હતો.

"હા; બરાબર," તે ઓરતે કહયું, "તે આવ્યો હતો, અને તેની પાસે પૈસાની ભારે ઠેલી જણાયાથી અમોએ તેનુ ખુન કર્યું હતું."

નોઝરે એક સરદ હાય મારી.

" તે કરપીણુ કરમમાં તું અને તારા પાપી ભરથાર વના કોઇ બીજું શામીલ હતું?" નોઝરે દુ:ખથી ફાટ ફાટ થતી છાતીએ પુછયું.

" હા, " તે કમ્બખ્ત ઓરતે પોતાના પાપના એકરારો પ્રમાણીકપણે ચાલુ રાખ્યા; " પેલા લુટારા દેલજંગ અને દારાબ તેમાં શામીલ હતા. તેઓનીજ એ ઉશ્કેરણી હતી, અને તેઓનેજ હાથે તે કપાઇ મુવો હતો!"

નોઝરે એક બીજી હાય મારી.

"પછી શું? અએ ઓરત, પછી શું?" તેણે વળી દુ:ખથી પુછયું.

" પછી તેને અમોએ દાટયો, " તે ગુન્હાગારે કહયું.

" દાટયો? કયાં? બતાવ તે, " નોઝરે ઘણોજ ઉશ્કેરાઇ આવી કહયું; પણ પેલી ઓરત જુદુંજ સમજી. તેણીએ ધાર્યું કે આ મરદ દાગાથી તેણીનાં પાપની કાંઇ સાબીતી મેળવવા માંગે છે, અને જો પેલું મુડદું મલે તો તેનો પુરાવો લઇ તે તેણીને હેરાંન કરશે, અને તેથી તે આગળ વધી નહીં. નોઝર પોતાના કમોહતે મરનાર પ્યારા બાપનાં મુડદાંને છ વરસે પણ બને તો એક છેલ્લો સેજદો કરવાને ઘણોજ તપી આવ્યો હતો. તે એક પોકાર મારી પેલી ઓરતની મતલબ પામી જઇને તેનાં આંગપર ધસ્યો. "હે નીચ કંગાલ," તે દુ:ખથી બોલ્યો, "ચાલ બતાવ મને તેની જગ્યા. તે મારો–" અને હયાં નોઝર રડી પડયો,– " મારો પોતાનો બાપ થતો હતો. હું તે બારેહકતાલાના કસમ લઇ કહું છું કે તું જો મારી મરજી મુઆફેક કરશે તો હું તને કશી હાંનીએ પુગાડશ નહીં."

હવે તે ઓરત નોઝરનાં ઉસ્કેરાઈ આવવાથી દબી જઇ આગલ ચાલી, અને નોઝર પુઠે ગયો. પછવાડેના ચોકમાં થઇ તેઓ એક ભાગા તુટા જુદા કાઢેલા એક ઓરડા સરખા ઠેકાણે આવી પુગ્યાં, અને ત્યાં તેણીએ તેને ખોદવા કહ્યું. નોઝરે તે ઉપરથી પોતાના હાથમાંની બતી ભોંય ઉપર બાજુએ મેલી દીધી, અને પાસે પડેલી એક પહરાઇ લઇ તે પેલી જગ્યા ખોદવા પડયો. તે પરસેવે ગરકાવ થઇ ગયો. મોટા પથ્થરો બાજુએ ખસેડતાં અને ગટોડાંના ઢગ મારતાં તે પાણી પાણી થઈ ગયો, અને જભાં કાઢી કુતરાં પેઠે હાંફવા લાગ્યો. આ સઘળો વખત પેલી ઓરત પાછળ ઉભી રહી તે સઘળું જોતી હતી. નોઝર પોતાનું કામ કર્યોજ ગયો, પણ બીજી એક જોરમાં પહરાઇ મારતાં પાસેનો એક સડી રહેલો થાંભલો ભાગી પડયો, અને છાપડાંનો એક ભાગ ધુળ અને ગટોડાં સાથે નોઝરના માથાં ઉપર આવી પડવે તે લગભગ આંધળો થઇ ગયો. આ ગડબડાટ અને ગભરાતનો લાભ લઇ પેલી કંગાલ ઓરતે એક બીજું કરપીણ કરમ કીધું. તે પાપી હતી, અને જેઓ પાપી હોય છે તેઓ બધાંને પાપીજ જુએ છે, માટે તે વંત્રીને નોઝરે લીધેલા કસમ ઉપર બીલકુલ એતેકાદ ન હતો. તેણીએ નકકીજ માંન્યું કે મુડદાંને હાથ કરવા પછી આ જવાન તેણીને સજા કરાવ્યા વના રેહેનાર નથી, માટે ભોંય ઉપર નોઝરે મુકેલી બતી લઇ તેણીએ તે ઓરડાનો એક ભાગ નોઝર નહીં જુએ તેમ સળગાવી મેલ્યો, અને પછી ધીમે રહીને પાછલે બારણેથી પોતે નાહસી ગઇ. નોઝર એવામાં બેભાંન સરખો બની ગયો હતો. તેણે હવે પીઠ ફેરવીને જોયું, પણ તેટલાં આગ આગળ વધી ગઇ હતી. ઝુપડું

જીતું થઇ રહેલું હતું, અને લાકડું સુકાઇને ખવાઇ રહેલું હતું તે અને અવલીઓએ ભગભગાત બળવા માંડયું, ને નોઝરે બે ચેલી સઘળી જેહગત ખુલ્લ થઈ. તેણે આગ હોલવવાને કોશેશો કરવા માંડી, પણ સઘળી ફોકટ. તે પેલી ઓરત ઉપર ખુબ ખીજવાઇ ગયો, અને દેવાના સરખો દાંત કચકચાવી તેણીની દુંબાલે દોડયો, અને તે રીતે તેના હાથ પગ અને શરીરના બીજા ભાગોમાં કાંટા ભોકાવે તે સઘળા લોહીલુહાણ થઈ ગયા, અને તોબી પોતાના બેહેસ્ત પામેલા બાપનો તે વહાદાર બેટો તે કંગાલ ઓરતની પુઠે દોડતો રહયો, અને થોડીક વારમાં તેણીને પકડી પાડી.

કસમો ખાઇ તેણે તેણીને હયાં વળી પાછા કેટલાક સવાલો કરવા માંડયા, પણ તે ઓરત હવે એક સખત ચુપકીદી અખ્ત્યાર કરી રહી. તે એક હરફ આગલ બોલી નહીં, અને તેથી નોઝરની પાર વનાની ચીડમાં બેવડો વધારો થયો. તેણે તુરત પોતાની કમ્મરેથી એક કમ્મરબંધ કાઢી પેલી ઓરતને મજબુત પકડી પડોસમાંનાં એક મોટાં ઝાડનાં થડ સાથે ખુબ સીકડીને મજબુત બાંધી,—એવી મકસદથી કે સત્તાવાળાઓની મદદ મેળવી તેમની મારફતે આ સ્ત્રી પાસ કેટલાક ખુલાસાઓ મેળવવા, અને તેથી તેણીને બાંધીને તે ત્યાંથી આગળ દોડયો. હવે તે ઓરતે ખુબ દયામણી બુમો મારવા માંડી, અને સઘળું કહી દેવાની તેણીની ખુશી જણાવી, પણ નોઝરે તે કશું સાંભળ્યું નહીં,—એટલો બધો તે ઉસ્કેરાઇ આવ્યો હતો!

હવે તે પેહેલાં પોતાનાં ઉતારૂખાનાંમાં ગયો, પણ તેમાં પેસતાંજે તેનો માલેક નોઝરને જોઇ ગભરાઇ ગયો. નોઝર લોહીલુહાણ, ખરડા-

ચલો, ફાટાતુટા પોશાકમાં દોડતો, ધ્રુજતો, હાંફતો, ફીકકો આવ્યો હતો. તેનું આંગ તપી આવેલું જણાતું હતું, અને તેની આંખના ડોળા તેમના ખાડાઓમાં તરતા જણાતા હતા! પેલા ઉતારખાનાં-વાલાને નોઝર કાંઇ કહેવા ગયો, પણ તેનાથી બોલાયું નહીં, અને તે ધબ દઇ ભોંય ઉપર બેહોસ થઇ પડયો!

પેલા માયાળુ ઉતારૂખાંનાંવાળાએ તેને તુરત બીછાંણાંપર લઇ જઇ સુવાડી મુલકેહનાવરના સઘળા બાહોસ તબીબોને બોલાવી મંગાવ્યા, જેઓએ આવીને નોઝરની હૈયાતીની ખાત્રી આપી. નોઝરને એક સખ્ત તાપ થઇ અને તાપમાં લવલવારો જારી થયો. પેલો ભલો ઉતારૂખાનાંવાલો શીરીનને નોઝર કયાં મેલી આવ્યો હતો તે જાણતો હતો, માટે તેણે તુરત નશરાઆબાદ ખાતે બાંનુ તેહેમીના અને સુંદર શીરીન ઉપર નોઝરની અતી ધાસ્તીભરી બીમારીના સમાચારોનો પેગામ એક માણુસ પુઠે સહવાર પડતે મોકળી આપ્યો.

પ્રકરણ ૧૯ મું.

એક ભેદી બનાવ.

અને તે દુઃખભર્યા સમાચાર સાંભળતાં સુંદર શીરીનને જે ભારે સંતાપ પેદા થયો તેનું વર્ણન થઇ શકતું નથી. બાંનુ તેહમીના જેણીને તે એક બીજી માતા તરીકેજ લેખતી

હતી, અને જેશુીના પ્યારભર્યા સાહયા હેઠળ તેણીનાં ઘરમાં તે પુરી સુખી હતી તેણીને એ જવાંન બાળાએ આંખમાં આંસુ આણી કગલીને તુરત નોઝર પાસે જવાને તલબ કરી કહયું, અને અમોએ આગળ કહેલું છે કે તે બાઇ પોતે પણ નોઝરને પુત્રપેરે ચાહતી હતી તેથી હવે વગર ઘીલે તેઓ બંને મુલ્કેહનાવર ખાતે નોઝર જે ઉતારૂખાનાંમાં બીમાર હતો ત્યાં બનતી ઉતાવળે જવા નિકલ્યાં. શીરીનની છાતી આખે રસ્તે દુઃખ અને દયા અને બાશા અને નીરાશાની ધાસ્તીઓથી ધડક ધડક થતી હતી ! તે કોમળાંગી કન્યાએ જોયું કે નોઝરનો તેણી ઉપર ઓછો પાડ ન હતો. રૂપે મનુષ પણ કરમે અને ખવાસે ખબીસ સરખાં પેલાં ઝુપડાંવાલાં તેના આગલાં સાથીઓથી તેણીને છોડાવીને છુટી કરીને તેણે તેણીને એક મોટું જીવતદાંન બખશ્યું હતું, અને એટલાંથી જાણે તે ધરાયો ન હોય તેમ તેણીને બાંતુ તેહમીના જેવી એક નેકજાદ અબળાના આશરા હેઠળ સોંપી તેના સરખાં એક નમાયાં બચ્ચાંને એક માયાવંત મા અપાવતાં, દુઃખના દરીઆવોમાં તેણી જે અથડીયાં ખાતી હતી ત્યાંથી ઘસડી કાઢી, ગોયા સુખના કીનારાઓપર તેણે તેને રમતી કરી મુકી હતી, જે સઘળી વાતોના ભારે ઉપકારનો બોજ તેણીને હમણાં હેબત ખવડાવતો હતો.

હવે ઉતારૂખાંનામાં પોંહોંચતાંજ તેના માલેકે શીરીનને ઓળખી, અને તેણીને તેણે સભ્યતાભરેલો આવકાર દીધો, અને શીરીને તુરત નોઝરની બીમારી વિશે કાળજીથી કરેલા કેટલાક સવાલોના જવાબમાં તેણીને જણાવવામાં આવ્યું કે મુલકેહનાવરના બાહોસમાંબાહોસ

તબીબો તે દરદીની આગળ બોલાવવામાં આવ્યા છે, પણ હજી સુધી તેની હાલતમાં કાંઇ ઝાઝો ફેરફાર જણાતો નથી. હવે તબીબોની રજાથી શીરીન અને બાનુ તેહમીના તે દરદીના ઓરડાગાં ગયાં.

ઓરડાનું બારણું અરધું વાંકુ કરેલુ હતું તે ઉઘાડી બાનુ તેહમીના અંદર દાખલ થઇ. નોઝરની આંખો તે વખતે મીંચેલી હતી, પણ તે બાઈ ઘણી સંભાળથી બારણું ઉઘાડી અંદર દાખલ થવા ગઈ તોપણ બારણાંએ તેનાં મજાગરાંઓ ઉપર ફરતાં ચીચવાઇને અવાજ કર્યો, અને નોઝરે પોતાની આંખો ઉઘાડી જોયું. તેણે બાનું તેહેમીના તરફ ખાલી નજરો કીધી. તે કશું જોઇ શકતો ન હતો—બરાબર બોલ્યે તો ગરીબ નોઝરની બીમારી એવી કીસમની હતી કે જેથી કરી તેની અક્કલની શક્તિ મોટી હદ સુધી કોતાહ થઇ ગઈ હતી, અને તેથી તે બાનુ તેહેમીનાને ઓળખી શકયો નહીં, અને તુરત તેણે પાછી આંખ બંધ કરી દીધી.

હવે તે બાઇ બાજુએ બેસવા પછી શીરીન તે દરદીનાં બીછાંણાં આગળ ગઇ, અને એક મા જણી બેહેનને છાજતા સઘળા પાક પ્યારની મમતાથી તેણીએ નોઝરના ફીક્કા પડી ગયલા રોખસારો ઉપર પોતાનો મખમલ સરખો સુંવાલો હાથ ફેરવ્યો, અને વળી નોઝરે આંખ ઉઘાડી ઉંચે જોયું,—અને કેવો ફેરફાર! શીરીનના હાથમાં શું કાંઇ જાદુજ હતું? તે બીમાર તે નાજનીન ભણી ટીકી-ટીકીને જોવા લાગ્યો.—તે તેણીને પુરેપુરી ઓલખી શકયો તો નહીં-જ, પણ તોબી તે સુંદરીના સુવાલા નરમ હાથની એજમતી અસ-ર તેનાં દીલની રગેરગમાં એવી તો રીતે વ્યાપી રહી કે તેને

કાંઇ અજબ ઉભરાઓ થયા, અને તેનું અર્ધું દુઃખ તેણે વીસારી દીધું હોય એવું લાગ્યું! તેના ફીકકા પડી ગયલા ગાલો ઉપર લોહી ધાઇ આવ્યું, તેની નબલી પડેલી આંખો પાછી ચળકી નીકળી, તેના ચીમરાઇ ગયલા હોઠ હલાવી તે મનમાં હસ્યો, અને શીરીનનો ઉપકાર માનતો હોય તેમ તેણીની ઉપર આરજુભરી ચશમોથી તે ટીકતો રહયો, જે પછી થોડી વારે તેની આંખોમાંથી આજુબાજુ આંસુઓ ગબડી પડયાં!

શીરીનને આ કેવો સંતોષ! પોતાનું આટલું બલું કરનાર બાઇ જોવાને તેણીની હાજરીથી તે જરાબી સુખી કરી શકી એ શું તેણીને માટે કોઇ રીતે ઓછા આનંદની વાત હતી? તે નોઝરનાં બીછાંણાંની પડોશમાંજ એક ખુરસી ખેંચી બેડી, અને તે પ્યારા દરદીની માવજત કરવા લાગી. સહવારની સાંજ થઇ અને સાંજની રાત થઇ, પણ ભલી શીરીને પોતાનો પ્યારો હવાલો મુકયો નહીં. તે માવજત કરતાં થાકી ગઇ અથવા કંટાળી ગઇ નહીં, અને તબીબોએ ઘણી અચરતી સંગાથે જોયું કે સઘળી રીતની દવાઇઓ કરતાં શીરીનની હાજરીજ નોઝરની બીમારીનો અકસીર ઉપાય થઇ પડયો હતો!

શીરીન પોતે ઘણીજ કમ આશાએશ લેતી. તે કાંઇ અજબ કાલજીથી નોઝરની માવજત કરતી. તે જાગતો હોય કે ઉંઘતો, ચુપ હોય કે લવારો કરતો પણ તે સઘળી વખતે તે તેની પાસે બેસી રહેતી;—અને નોઝરને મન તે મોટું સુખ હતું.

એમ કરતાં બે દીવસ વહી ગયા. નોઝરની બીમારી ઘણી ઘટતી ચાલી, અને તેની હાલતમાં ઘણોજ સંતોષકારક સુધારો થતો

આવ્યો, પણ તેમ હવે શીરીનની તબીએત બગડતી ચાલી. તે પુરી ઉંઘ ઉંઘાતી ન હતી અને પુરી ભુખે ખાતી ન હતી; નોઝરની સાહુએતીથી સેવા કરવા તે ઉંઘમાં ઝબકી ઝબકીને ઉઠતી, અને ખાણાપરથી ખાતી ખાતી દસ વાર દોડી આવતી, જેથી એવી રીતે સાત દીવસની જેહમતભરી માવજત કરતાં શીરીન બેચેન બનતી ગઇ, તેણીની તબીએત બગડતી ગઇ, અને તેણીનું હોસાન ઉડી જતું ચાલ્યું, એ ઉપરથી નોઝરપર ધ્યાંન આપવાને આવતા તબીબોએ જબરીથી શીરીનને નોઝરનું બીછાણું થોડાક કલાક પણ છોડવાની ફરજ પાડી. તેઓએ તે જવાંન છોકરીને સમજાવ્યું કે નોઝર કાંઇ આજ ને કાલ તનદરૂસ્ત થનાર નથી, અને જો તે પોતે સાજી રહી નોઝરની સારવાર કરવાને ખરેખરીજ આતુર હોય તો તેણીએ પ્રથમ પોતાની તનદરોસ્તી દરેક જોઇતી સંભાલથી સાચવવાની ઘણી ગોટી જરૂર હતી. એમ હોવાથી તે સાંજે તે હકીમોએ તેણીને કલાકેક બાહાર ખુલ્લી હવામાં ચાલતી જઇ આવવાને ભલામણ કરી, અને શીરીનને પોતાને ખાતર નહીં તો પોતાના વ્હાલા નોઝરને ખાતર પણ તેમ કરવાની ફરજ પડી.

તે સાંજનો સમો ઘણો ખુશનુમા હતો. ચારેકનો અમલ હશે; સુર્યનો જોર ઘણો કમી હતો, અને ઠંડી લેહેકી એક થેરાવલાં મગજને તાજગી બખશતી હતી તે વખતે શીરીન એક અરધા કલાકમાં અહીં તહીં આજુબાજુનાં ખેતરોમાં હકીમોનાં કહેવાથી લગાર લટાર મારી ઝટ પાછી આવવાનું કહી, તથા નોઝરનાં બીછાણાં આગલની ખુરસી ઉપર બાંનુ તેહેમીનાને બેસાડી બાહાર નીકળી. મુલ્કેહનાવરના રસ્તાથી

તે બીનમાહીતગાર ન હતી. વાંચનાર જાણે છે કે ત્યાંના પેલાં કંગાલ ઝુપડાંમાં પેલાં બે લુચ્ચાં વર બઇએર જોડે તેણીએ પોતાની જીંદગીનાં ઘણાં વરસો કહાડયાં હતાં, માટે તે એકલીજ તે ઉતારૂખાં-નાંમાંથી બહાર નીકળી ચાલી, અને ધીમાં કદમે નીચી નજરથી તરેહવાર બનાવોના વિચાર કરતી તે પોતાની અતી મોટી સુંદરતા વચ્ચે આગળ વધી.

*   *   *   *

શીરીનને જવાને એક કલાક થઇ ગયો—પણ શીરીન તે ઉતારૂ-ખાંનાંમાં નોઝર આગલ પાછી ફરી નહીં. એક બીજો કલાક—શીરીન મલે નહી! એમ કેમ? તે શું નોઝરની સારવાર કરતાં કંટાલીને તેને પડતો મુકી કેઠે ચાલી ગઇ?—ના, એ તો તે સાફ સુંદરીને માટે ધારવુંજ ગુનાહભરેલું હતું, પણ ત્યારે હતું શું? તે પાછી ફરતાં એટલી ધીર કેમ કરે?

એક ત્રીજો કલાક—અને હજી શીરીન મલે નહીં! બાનું તેહે-મીનાના ગભરાતનો હવે સુમાર રહયો નહીં. તેણી દોડતી ફરી. ઠેકાણે ઠેકાણે માણસો દોડયાં, પણ શીરીન કેઠે મલી નહીં!

સારાં નસીબે એ સઘળો વખત નોઝર ઉંઘાઇ રહેલો હતો. પણ હવે તે જાગ્યો, અને જાગ્યો તેવોજ સ્વરૂપવંતી શીરીનનો હસતો આફતાબી મુખડો જોવાની ઉમેદભરી નજર તેણે પોતાની આસપાસ નાખી, પણ શીરીન જણાઇ નહીં. હવે તેણે પોતાની ઉમેદભરી આંખો પોતાની પાસેની પેલી ખુરસી જે પર હંમેશ શીરીન બેસતી

હતી તેં પર નાંખી, પણ ત્યાંબી તેણે તે હસ્તો ચેહેરો દીઠો નહીં. આથી નાસીપાશીથી જખમાઇ તે નીસોશ થઇ પડયો, અને જેમ વીલંબ લાગતો ગયો તેમ તેમ અફસોસ-તેમ તેમ તે વધતો ને વધતો બેચેન બનતો ચાલ્યો, અને અંતે પાછી ઓસરેલી તાપ અને કમી થયલી બીમારી પાછી વધવા લાગી. દરેક ઓરડામાં આવનારથી જ્યારે જયારે બી બારણું ઉંધડતું, અને જ્યારે જ્યારેબી તે કમબખ્ત બારણું પોતાનાં મીજાગરાંઓ ઉપર ચીચવાતું, ત્યારે નાસીપાશીથી જખમાયલો નોઝર કેવો ફરી ફરીને ઉમેદવાર આંખો હરખપુર મકસદથી તે બારણાં તરફ ફેંકતો, અને જ્યારે શીરીનને ઠેકાણે કોઇ બીજુંજ ઓરડામાં દાખલ થતું ત્યારે તે કેટલો પોતાના મનસે ખીજવાઇ પોતાના દુ:ખમાં ઉમેરો કરતો પ્રગટ જણાઇ આવતો. તેનાથી પુરૂં બોલાતું હતું તો નહીં, પણ તોબી શીરીનની ગેરહાજરી અને નોઝરની વધતી જતી બીમારીથી બેજાર થયલી બાનું તેહેગીના કે કોઇ બીજું તેની સાહા રવાર કરવા જયારે બી તેનાં બીછાંણાં આગલ આવતું ત્યારે તે "શીરીનને લાવો, રે કોઇ શીરીનને લાવો" એમ કેહેવા માંગતો હોય તેમ કેવો કલવાઇને દુ:ખી ચેહરે કરગરતી નજર તેમના ઉપર ફેંકતો, પણ શીરીન કેઠે મલી નહીં! રાત આખી ગુજરી ગઇ, અને બીજી સહવાર થઇ ગઇ, પણ શીરીન મલે નહી. શું તે ગુમ થઇ ગઇ? જવાંન નોઝરના એક એ ખરા ખેરખાહને શું જમીન પોતાનું દરામણું ડાચું વકાશી ગલી ગઇ? ક્યાં ગઇ-રે ક્યાં ગઇ તે શીરીન?

નોઝરની બીમારી પાર વનાની વધતી ચાલી!

પ્રકરણ ૨૦ મું.

નવી ગોઠવણો.

નોઝર પોતાના પીતાનાં ગુમ થવાને લગતો કાંઇ પત્તો મેલવવા બાહાર પડયો તે પછી તેની ચાલુ તપાસોમાં આપણે પણ તેની જોડે ઘણાં દુર નીકળી ગયા છીએ, અને તે રીતે સબેસ્તાન ખાતેનાં બુજોર્ગ અસપંદીઆરનાં કુટુંબને અને તેના પેલા બે લુચ્ચા પહરેગીરો દેલજંગ અને દારાબને અત્યાર સુધી આપણે તદનજ વીસારી બેઠાં છીએ, એટલે હવે નોઝરને માંદગીનાં બીછાંણાં ઉપર તુરત વેલા પડતો મેલી આપણે એ લોકોની કાંઇક પાછી ખબર લઇએ.

વાંચનારને યાદ હશે કે દગાબાજ દેલજંગ જોડેના પેલી અપરાધી પરીનના નેકા આજથી પંદર દીવસની વાત ઉપર નકકી થઇ ચુકયા હતા અને તેની તૈયારીઓ થતી હતી, પણ તે પેહેલા દેલજંગે એક બીજી વાતની અગત જોઇ. પેલા મેહરનોશ અને આજરની પેહેડીવાલાઓના જવાંન આડતીઆ આતબીનને સીફતથી મારી નાખવાની વાત તો આજ સુધી અંધારામાંજ રહી હતી, અને તેથી મહેરનોશ અને આજર તો એમજ સમજતા હતા કે આતબીન તેમના ભાગીદાર અસપંદીઆરનાં મકાનમાંજ છે, માટે તેઓ આતબીનનેજ શેરનામે કાગલો લખ્યા જતા, અને દેલજંગ તે બેધડક ઉખેડી વાંચ્યો જતો, કે જયારે પોતે દસ્તખત વગેરેમાં પકડાઇ આવે માટે તહરેવાર હીલ્લાં

બાહણું કાહાડી તેને લખતા અને છાજતા સઘળા જવાબો તે બુઢ્ઢા અસપંદીઆર સોડેજ લખાવતો; પણ એમ કયાં સુધી ચાલે? આતશીન જો એટલા લાંબા અરસામાં તેઓ [illegible]ર એક પણ વાર કાગળ નહીં લખે તો તે પાલવેજ કેમ! તેઓને કાંઇ શક નહી પડે? માટે કોઇ બી રીતે દેલજંગે જોયું કે આતશીનને નામે મેહરનોશ અને આજ-રને સંતોષ પમાડવાની અગત હતી, નહીં તો બીજા પંદર વીસ દીવસ હતા તેટલાં કાંઇ પણ વળી નવું વાદળ આવ્યા વના રહેશે નહીં! એ બાબદ પર પુખ્ત વિચાર કરી તેણે અંતે જાતે એક વાર મેહરનોશ અને આજ-રની પેહેડીમાં જઇ આવવાને ઠરાવ્યું કે સઘળું સમાધાન કરી આવે, ને પછી જો નેકા થઇ ગયા બાદ એનું પાપ પકડાય તો તે બચી જઇ શકે. અંતે તે તરફે કરી એક અતીશે મોટાં અને જરૂરનાં કામનું બાંહણું કાઢી તે નસરઆબાદના ગુલરંગ શેહેરમાં (જ્યાં મેહરનોશ અને આજરની મોટી પેઢી હતી ત્યાં) જવા તૈયાર થયો. અસપંદીઆર અને સોહાબે-ને કાંઇક ખોટું ખોટું સમજાવી તેણે બે ચાર દહાડાની રજા માંગી લીધી, અને દુઃખા પરીનને અને બુગબ દારાબને પોતે કયાં જતો હતો અને કાંએ જતો હતો તે સઘળી વાતના ખરા બરમોથી એકાંતમાં વાકેફ કીધાં. આ ઉપરથી દારાબ તો ખોદાએજી પાસે તુરત ખેર કરાવવા પડયો, કાંકે તે બીહીધો કે રખેને એમ કરતાં દેલજંગ કાંઇ ગફલતથી તે તરફ સપડાય જાય ને તેને વળી પાછો ખેતરે ખેતર અને જંગલેજંગલ ધકેલા ખાતો નાહસવું પડે; પણ દેલજંગે તેને સુધારો આપ્યો અને પોતાની કલાઓ વિશે તેણે લંબાણથી સમજાવ્યું; પણ પેલી પરીન? અફસોસ! તેણીને સમજાવવું દેલજંગને

બહુજ કઠણ પડયું. તે અપરાધી સુંદરી પોતાનાં પાપથી ઘણી ચોંકેલી રેહતી હતી. તેણે જોયું કે જો દેલજંગ પોતાની કાંઇ ગફલતથી પકડાઈ આવી સપડાઇ જાએ અથવા જો તે તેણીની જોડે કાંઇ દગો કરી નાહસી જાએ તો તેણીનું જીવતર ફોકટ થતાં નખ્ખોદ સિવાએ તેણીનો કશો છુટક થવાનો નથી, અને તેથી જ્યારે તેણીએ વીલાપ કરી દેલજંગને એ નસરઆબાદ જવાનો વિચાર માંડી વાલવાને મીનતજારીઓ કરી ત્યારે દેલજંગે તેને પણ ઘણોક સધ્યારો આપ્યો, અને પછી અંતે તે તૈયારીઓ કરી નીકળી પડયો.

× × ×

નસરઆબાદનાં ગુલરંગ શેહરમાંનાં એક મોટાં ચોગાંણ—વેપારી બજાર માંહેલા ભારે ભરચકના ભીડભરેલા રસ્તા ઉપરથી કોઇ આસરે ૪૦—૪૫ વરસનો અદોર પુરૂશ લંગડાતો અને ખોડંતો હાથમાં લાકડીના ટેકા સાથે ચાલી જતો હતો. તેણે મોટો લાંબો ડગલો પેહરેલો હતો; આંખમાં લીલો ચશમો હતો, બાલ અધકચરા પાકેલા હતા, અને આંખવેર ઉતરી આવતી ટોપી પેહરેલી હતી. વાંચનારને કેહેવાની જરૂર છે કે એ છુપા લેબાશમાં નહીં ઓલખાય એવી ઢપે પેસો દગાબાજ દેલજંગ પોતેજ છુપાયલો હતો ?

તે આસ્તે આસ્તે પગમાં કાંઇ નુકશાંન થયું હોય તે ઢપે ચાલતો સીધો એક સાંમેની મોટી ઇમારત તરફ જતો જણાતો હતો. એ ઇમારત તે મેહરનોશ અને આજરની જાંણીતી પેહુડીવાલી હતી.

દરવાજા આગળ જઈ સવાલ નાંખતાં દેલજંગને જણાવવામાં આવ્યું કે વડો ભાગીદાર મેહરનોશ પેઢીપર હતો, પણ આજર કાંઇ કામસર બાહેર ગયલો હતો. દેલજંગને પણ તેવુંજ જોઇતું હતું. તેણે એક ખોટું નામ મેહરનોશપર મોકલી આપ્યું, અને કેહવાડયું કે બાહાર કોઇ ગોદરેજ નામનો પુરૂશ તેને મલવા આવ્યો હતો. તે પછી થોડાવારમાં નોકરે પાછો આવી દેલજંગને તેની પુઠે આવવા કહયું, અને એક ભપકાભરેલાં દીવાનખાનાંમાં એક ઉંચી બેઠક ઉપર મેહેરનોશ બેઠો હતો ત્યાં લઇ ગયો.

"શું ફરમાશ છે, સાહેબ?" મેહરનોશે તેને પાસે બોલાવી બેસવાને ખુરસી બતાવ્યા પછી ધંધાની ઢબે પુછયું.

"સાહેબના આડતીઆ બેરાદર આતબીન પાસથી હું આવ્યો છું, શેઠ," દેલજંગે સભ્યતાથી જવાબ દીધો; "તેઓએ મને હયાં મોકલ્યો છે."

"ઓહો, આતબીન તરફથી?" તે ખુશીથી બોલ્યો; "તે ખુબીવંતા જવાંનનો કોઇબી દોસ્ત કોઇ બી વખતે મારાં મકાનમાં ભલે આવ્યો છે. વારૂ આતબીને કાંઇ પેગામ આપ્યો છે?"

"નહીં સાહેબ," દેલજંગે ફરીથી કહયું; "તેઓએ અને અસપંદીઆરે તમોને માત્ર મીલાકાત કરી તેઓની ઘણી ઘણી સલામ કેહેવાને મને ફરમાવ્યું છે."

"હં: હં:" મેહરનોશે સંતોષ બતાવ્યો; "અસપંદીઆરને બી તમો પીછાણતા દેખું!"

"હા શેઠ. તેઓ મારા બચગીના ખેરખાહ થાય," દેલજંગે કહયું, "અને તેમની મારફતેજ તમારા ભલા આડતીઆ જોડે મને ઓલખાણુ પડી. અમો બંને સાથે બહાર એક બીજે ગામ ફરવા નીકલ્યા હતા, અને ત્યાંથી હયાં આવનાર હતા તેટલાં અકસ્માત આતબીનનો જીવ બગડી આવ્યાથી તે અસપંદીઆરનાં મકાંન તરફ પાછો ગયો અને મને અહીં મોકલ્યો. પણુ ખાસ્તી કરશો નહીં, શેઠ, બીરાદર આતબીનની બીમારી વગર બીસોદની છે. વળી, સાહેબ, તેઓએ મારી પાસે કહેવડાવ્યું છે કે અસપંદીઆર જોડેનું તમારૂં ધંધા સંબંધી કામ એટલું ફાયદામંદ છે કે આજ સુધી તમારા ઉપર એક કાગળ પણુ લખવાને મેં કશી જરૂર જોઇ નથી, કેમકે હવે તો પંદર વીસ રોઝ પછી હું પોતેજ આવીને બધી વાત માંડીને કેહેવશ.

"હો, કશી ઉતાવળ નથી–કેહજો સાહેબ," મેહરનોશે કહયું; "અમારે ખાતર તસદી લઇ એ અમારા ભલા આડતીઆને અમારી તરફથી સલામ સાથે મેહેરબાંની કરી કેહજો કે અમોને કશી ઉતાવળ નથી. અમો પંદર દહાડાના મહીનો દહાડો થોભશું. તે બહાર ગયો છે ત્યારે તો બેલાશક પાંચ દહાડા ફરીહરીનેજ આવવું. એની હોસ્યારીમાં અમોને એવો તો વિશ્વાસ છે, શેઠ, કે અમોને અમારા કામમાં કશી ઉતાવળ કરવાની અગતજ નથી: પણુ સાહેબનો શું ધંધો છે?"

"હું બી સાહેબ એક વેપારીજ છું, અને તમારા પગની પુનાઇથી મારે ત્યાં પણુ આવક જાવક ઘણી છે," દેલજંગે ભરમમાં કહયું; "તડાકો મારે તો તમારો સેવક એક કલાકમાં એક મોટી રકમ હાથ કરી શકે એમ છે, પણુ તે મુરબ્બી, સાહેબ, મારો ધંધો ઘણો જોખમનો છે. ઘડીની વચમાં માથું કપાવી નાંખે એવો છે!"

"શેઠ, ધંધો પડ્યો એટલે જોખમ તો પહેલો;" મેહેરનોશ આંગલો થઈ ડાહ્યો થવા લાગ્યો: "જોખમ વગરના તો વેપારજ કેવા? આ અમારે ત્યાં હજારોની ઉથલપાથલ રોજની થાય, પણ તે જોખમ વગર કાંઈ થયું?"

"ખરી, શેઠ, ખરી વાત છે," દેલજંગે ટુંકમાં પતાવ્યું, અને પછી બીજી કેટલીક વાંચનારને વગર અગતની વાતચીત કરી તેઓ છુટા પડયા.

દેલજંગે હવાં તો હવે સલામતી જોઇ. હવે મેહેરનોશ કે આજરવાલા અસપંદીઆરને ત્યાં મહીનો એક સુધી કાગળો લખશે બી નહીં ને ત્યાંથી કાગળોની વફી-રાખશે બી નહીં એ તેનાં ગોઠવ્યા પ્રમાણે ઠીક પાર ઉતર્યું હતું!

પ્રકરણ ૨૧ મું.

—:૦:—

નવી હીલચાલો—નવી હીકમતો.

અને એ એક કામ પાર ઉતાર્યા પછી હવે દેલજંગે એક બીજું કામ હાથમાં લીધું. હવે તે નસરઆબાદ શેહેરના એક મોટા ભાગમાં એક બીજી પેઢી હતી અને ત્યાં તેહેમાસ્પ કરી તે પેઢીવાલાઓનો એક મુનીમ કામ ચલાવતો હતો તેને મલવાને ગયો તે મુનીમ પેઢી

પરજ હતો. દેલજંગે જતાંને વાર રાખેતા મુંઆફેક તેને સલામ અકરામ કીધી.

"શી ફરમાશ છે, સાહેબ ?" મુનીમે તેહેમાસ્પે સવાલ કીધો.

"ફરેમાશ ?" દેલજંગે હસીને કહયું, "ત્યારે તમો મને પીછાંણી નથી શકતા શું ?"–અને તે મુનીમને અચરતીભરી ગંભીરતાથી 'ના'-નું ડોકુ ધુણાવતાં જોઇ તુરત દેલજંગે વધાર્યું–"હું ગુલશેહરનો કેરશાસ્પ બીન ગસ્તહમ છું."

"કેરશાસ્પ !" મુનીમે અતી અચરતીથી પુછયું, "કેરશાસ્પ !" અને થોડોવાર વિચાર કરી તથા દેલજંગના ચેહરા સામું ટાંકી ટાંકીને જોઇને કહયું–"હા, બરાબર તેજ–સાદબી તેજ ! કેમ, સાહેબ, આ છુપો લેબાસ ધારણ કરવાનો શું સબબ ?"

"છુપો લેબાસ ?" દેલજંગે હસીને કહયું, "છુપા લેબાસ જેવું તો કશુંજ નથી. એ રીતે મારા પોશાકમાં મન ફાવતા ફેરફારો તો હું રોજ કરૂં છું."

"મુખત્યાર છો," મુનીમે જાંણે દેલજંગનું બોલેલું પસંદ નહીં કીધું હોય, અને તેનો દેખાવ જાંણે તેને પસંદ નહીં આવતો હોય તેવી ઢપમાં ટુંકામાં પતાવ્યું, "પણ શું હોકમ છે સાહેબ ?"

"અરે યાર હોકમ શાંનો જો ?" દેલજંગે મુનીમે કરેલાં ટચકારાથી તુરત પેલા 'લોહીનો ગોટ ગલી' કહયું; "એ એમ આજે અજાણ્યા કેમ થાઓછ ? પેલા ૫૦૦૦ દેરમ કેહાહડેના અદા થયા છે તે આપશો કેની ?"

"હા સાહેબ," મુનીમે ગંભીરાઇથી કહયું, "તમારૂં નાણું અદા થયું છે એ વાત તો મને રોશન છે, પણ મોટા શેઠનો મને આએ વખતે ખાસ હોકમ છે કે તે [illegible]રી ખરેખરાં સુખમાં છે એમ હું જયાં વેર જાણું નહીં ત્યાં વેર એક દેરમ મારે તમને આપવો નહીં."

"તે કેમ બનશે?" દેલજંગે નેણ ચઢાવીને કહયું; "હું તમારી તે ખાતરી શી રીતે કરી શકશ જે?"

"કોઈ બી રીતે તે બાઇને હયાં લાવો અને જો તે હા કહે તો મારે આપવાની કશી ના નથી," મુનીમે જવાબ દીધો, અને જાંણે હવે દેલજંગની 'પીડા પતાવવા' માંગતો હોય તેમ એટલું બોલી તુરત તેણે પાછું પોતાના ચોપડામાં માથું ખોસ્યું.

દેલજંગને તે મુનીમપર ખાર તો ઘણો આવ્યો—તે દાચાં બેસી ગયલા નોતવાંન ડોસાને તે એક હાથની અંટીમાં ભચડી મુકે એમ હતું, પણ તેમ કાંઇ બન્યું? તે ધોકારે ચલતી પેઢીપર ને મુનીમ શું એકલોજ હતો?

"ઠીક છે, ત્યારે," દેલજંગે ભપકામાં ઉઠીને ઉભો થતાં મિજાજમાંજ કહયું; "ઠીક છે, તે બાઇને હું ત્યારે એક વખત અત્રે લઇ આવશ."—અને તે ત્યાંથી ચાલી ગયો.

દેલજંગ હયાંથી નીકળી પડોશમાંના એક ગામમાં ગયો. વાંચનારને રોશન છે કે સુંદર શીરીન એજ ગામમાં પેલાં નાલાયકોને ત્યાં રેહતી હતી, અને નોઝર પણ એજ શેહેરમાં હાલમાં બીમાર પડેલો હતો. ત્યાં પ્રથમ તે દારાબની દુઃખી મા જયાં રેહતી હતી ને ઘરમાં ગયો અને તે ડોસીને મળ્યો.

"અરે બાઇ, વળી તમે કોણ છો ?" તે ડોસીએ દેલજંગને જોતાંજ તેના કદાવર દેખાવથી દબાઇને પુછયું.

"ગભરા ના, બાઇ," દેલજંગે તેને ધીરજ આપી; "હું તને કશી ઇજા કરવાને આવ્યો નથી. હું તો તારા બેટા દારાબ તરફથી આવ્યો છું."

"દારાબ તરફથી ?" તે ઓરતે ઉશ્કેરાઇ આવી કહયું, "અરેરે, થોડાજ દીવસ ઉપર એક બીજો બી એજ પ્રમાણે આવીને હું ગરીબને ગભરાવી ગયો છે !"

"બીજો ? બીજો કોણ ?" દેલજંગે ખરેખરી અચરતીથી સંવાલ કીધો, પણ તે ડોસીને નોકરનું નામ ખબર ન હતું એટલે તેણીથી તે કશો ખુલાસો એ બાબદપર મેલવી શકયો નહીં. તે જેમ વધતો વિચાર કરતો તેમ એ બાબદપર તે વધતો ને વધતોજ ગુંચવાયા કરતો. તેને સમજ નહીં પડતું કે દારાબનાં મકાનમાં દારાબની મા પાસે તેઓને લગતી વાત કરવાને બીજું કોણ આવી ગયું છે.

"કહો, ભાઇ, ત્યારે તમો મારા બેટા તરફથી શા સમાચાર લાવ્યા છો ?" વળી તે ઓરતે કાલજી બતાવી, "તે ભુંડો કેવી હાલતમાં છે ?"

"તે સુખી છે," દેલજંગે કહયું, "અને આ બસો દેરમ તેણે તમારે માટે મોકલી આપ્યા છે."—અને એમ કેહતાં તેણે તે ડોસીના હાથમાં એક કોથલી મુકી.

મગર તે બુઢ્ઢીએ તે કોથળી મોટા ધીક્કાર સાથે દેલજંગના પગ પાસે પાછી ફેંકી દઈ કહ્યું; "કદીજ નહીં. એ ચોરીનું નાણું હું કદી કબુલ રાખનાર નથી. એ હરાંમનો, લુચ્ચાઇનો, ચોરીનો મેળવેલો પૈસો છે, અને તે હું જીનહાર કબુલ રાખવાની નથી."

"તમારી ઘણી ભુલ છે," દેલજંગે ઠાગાથી કહ્યું. "હવે તે તમારો દીકરો સુધરીને બીલકુલ આબરૂદાર થયો છે, અને તેણે વેપાર કરવા માંડયો છે, માટે આ તેની હલાલ મેહેનતનો પૈસો છે."

"શું એમ છે?" તે ભોલીભાલી ડોસીએ ખરેખર હરખથી ઉભરાતી છાતીથી કહ્યું; "અરે ભાઇ, તમો મને ઠગતા તો નથી? પણ નહીં; એક ગરીબ મરવા તલક થયલી બુઢીયાને ઠગવાથી તમારા હાથમાં શું આવે? અને ત્યારે હું એ પૈસા ઘણી ખુશીથી લેવશ." અને તેણીએ તે કોથલી હવે તરત ઉંચકી લઇ ઉંચી કરી. "મારા એ બેટાને મારી દુવા પહોંચાડજો, ને તેને કહેજો કે તારી માતાના તને આશીશ છે કે તું સારી રાહે ચાલી સદા સુખી થાય."

"તેણે તે સુખી છે તે કેહેવા અને આ નાણું તમને આપવા સારૂજ મને અહીં તલક મોકલ્યો," દેલજંગે વધાર્યું; "ધંધાની ધુમચકરીથી કરીને તે અહીં આવી શકયો નહીં, અને હું તેનો જાંની દોસ્ત થતો હતો માટે તેણે મને મોકલ્યો."*

"જાંની દોસ્ત!" તે ઓરતે ઢઘાઇને પુછ્યું. "અરે ભાઈ, એનો એક જાંની દોસ્ત તો એક મહા બુરો નાપેકાર છે. તેનું નામ દેલજંગ છે—તેનું શું થયું?"

*

"તે હવે તેની સાથે નથી," દેલજંગે સધ્યારો આપ્યો.

"શુક્ર ત્યારે, શુકર સદ હજાર!" તે ઓરતે હરખ બતાવ્યો. "તે મુજી નાપેકારે મારા ભલા અને ભોલા બેટાને ખોહાર કીધો. અરેરે, તે ચંડાલને તો જીવતો વેતરી નાંખે તોબી પાપ નહીં લાગે એટલો તે બુરો છે!"

"એટલો બધો?" દેલજંગે અનકાથી પુછ્યું.

"એથી બી ઘણો વધારે," તે બાઇએ ખરેખર દુઃખથી કહ્યું; "અરે, તેની બુરાઇનું પુરૂં બયાન કરવાને મારી નાતવાંન જંમાં ઉપડી શકતી નથી; તે ચંડાલને જો ખીલા જડેલાં પીપમાં નાખી ગબડાવી ગબંડાવી અને રીબાવી રીબાવી માર્યો હોય તોપણ મારો ખાર પુરેપુરો વલે નહીં. તે નાપેકારને લીધે મારો દીકરો નાહકનો નાહાસતો ભાગતો થયો છે, અને સત્તાવાલાઓનો તેની અને તેના તે ગુનેહગાર હમશરીક ઉપર ડોલો ખોબાઇ રહયો છે. તેઓ વારે વારે તેમની જુસ્તેજો કરવા અચપુચ આતરે ચઢી આવે છે."

"હયાં?" દેલજંગે અતી ગભરાતભરી અચરતીથી ઉભો થઇ પુછ્યું, "હેં બાઇ, હયાં આવેછ? ઠીક ત્યારે, ખુદા હાફેઝ; હું રૂખસદ ચાહું છું,"–એમ કહેતાં હજી તો દારાગની દુઃખી માં તેને કેટલું કેહવાની મુકવાની તેટલાં ત્યાંથી તે ગભરાતમાં નાહડો!

દેલજંગ મેહરનોશ અને આદરની પેહડી પર જઇ જે જોઠવણો કરી આવ્યો તે તો વાંચનારને ખુલ્લી સમજાઇ હશે, પણ ત્યાર પછી તેજ શેહેરમાં બીજી પેહડી પર જઇ ત્યાંના મુનીમ

સંગાથે તે જે વાત કરી આપ્યો તે અને આ મુલ્કેહનાવરમાં દારાબની માને નાણું આપવાની તેને શી જરૂર પડી તે સઘળાંનો ભાવાર્થ પામી જવાનું વાંચનારને કઠણ લાગ્યું હોય, તો તે ખુલાસા આપવા આપણે અતરે જરા થોભી જઈશું.

દેલજંગ જે બીજી પેહડીપર ગયો હતો ત્યાંથી તેને દર સાલ ૫૦૦૦ દેરમની મોટી રકમ મલતી જતી હતી. વાંચનાર જાણીને અચરત થશે કે દેલજંગ જેવો એક મહા પાપી પેલી સુંદર શીરીન જેવી એક નાવારેસ બાળાનો રખેવાલ હતો, અને તેની રખેવાલીના બદલામાં દેલજંગને દર સાલ એ રકમ મલતી હતી. તે રકમ આપતાં દેલજંગ સાથે એવા કરાર થયા હતા કે તેણે શીરીનને ઘણાજ સારા હાથમાં આબરૂદાર કુટુંબ વચ્ચે રાખવી, તેના ખાધા ખરચ, પેહેરવેશ વગેરેમાં કશી કશુર નહીં કરતાં તેને ઘણુંજ સુખમાં રાખવી, તથા જે ખરચ કરતાં નાણું બાકી રહે તે દેલજંગે પોતાની મહેનતના બદલામાં મજરે લેવું. હવે શીરીનને માટે આવી ભારી રકમ દર સાલ કોણ આપ્યું જતું હતું અને કાંએ આપ્યું જતું હતું, તથા તેને દેલજંગ જેવા એક મહા અપરાધી સાથે એમ કરાર કરવાને અને તે કરાર તે પાલે છે કે નહીં તેની જાતે તપાસ નહીં લેવાનું શું કારણ હતું તે સઘળા ખુલાસાઓ અતરે ન આપતાં કોઇ બીજી વધારે લાયક તક સારૂ સાચવી રાખ્યે છીએ, અને આટલુંજ તુરત વેલા પુરતું થશે કે શીરીનથી તદન હરૂસે દેલજંગ શીરીન પર એમ દેખરેખ રાખતો હતો, અને શીરીનનાં ગુજરાણ સારૂ જે રકમ જે શખ્સ તરફથી તેને મલતી હતી તે આસામી તે રકમ ઉપલી પેહઠી ખાતે વખતસર ભર્યો જતો, જ્યાંથી પેલા મુનીમ

પાસથી દેલજંગ તે ઉપાડગે જતો, અને વાંચનારને જણાવવાની જરૂર નથી કે દગાબાજ દેલજંગ તે ગંજાવર અવેજની એક નાધથી રકમ પેલા શીરીનનાં રખેવાલ બુચ્છાં ઉતારખાનાંવાલાંઓને આપી બાકીની સઘળી હજમ કરી જતો હતો. પેલા રૂપીઆ ભરનાર સાથ કીધેલા કરારથી તદન ઉલટીજ રીતે ઘણુંજ નીચ માણસો સાથે તેણે તે જવાંન નાજનીનને રાખી હતી તે વાંચનારને રોશન છે. પણ હવે આ તેના કરારથી ઉલટી ચાલની પેલા પૈસા આપનારને કોઇ રીતે ખબર પડી હશે, અને તેથી તેણે મુનીમને હોકમ કીધો હતો કે શીરીન પોતાને મોંઢેથી પોતે સુખી છે એમ જ્યાં સુધી જણાવી તેની પુરેપુરી ખાત્રી કરે નહીં ત્યાંસુધી તેણે દેલજંગને કંઇજ આપવું નહીં, અને તેથી આપણે જોયું કે મુનીમે શીરીનનાં મોંઢેથી મનપતીજ કરી લેવાની માંગણી કરી, અને દેલજંગ શીરીનને ત્યાં પેહેડીપર લાવવાનું કહી મીજાજમાં ઉઠી આવ્યો.

તે એ પેહડીપરથી પરભાઠો દારાબની માને મલવા ગયો તેનું કારણ એજ કે જ્યારે ત્યાંવેર છેક તે આવ્યો હતો ત્યારે તો તે શેહેરમાંથી થોડેજ દુર જઇ દારાબની સારી ચાલ વીશે તે બુઢયાને ઉંધુંચતું સમજાવી તથા કાંઇ નાણુ આપી રાજી કરી તેના કકલાતમાં તેણીને શાંત રાખવાનો એ કલાબાજ ચોરે રસ્તો લીધો. તેણે જોયું કે દારાબની માતાનાં મનમાં તેની પોતાની ચાલ વિશે ઘણો દાઘ હતો, માટે જયારે તે અહીં સુધી આવ્યો હતો ત્યારે એક ફેરો મારી તે ડોસીના વીચારો સુધર્યા છે કે નહીં તે જાણી લેવા અને ખોટા સધ્યારાઓ આપી તેણીને ચુપ કરવાને આ તક ઠીક છે, અને

તેથીજ તેને આપણે દારાબની માનાં મકાનમાં જઇ આવેલો જોયો છે,—અને હવે આટલા ખુલાસાઓ આપી રહેવા પછી આપણે આપણી વારતામાં પાછા રીતસર આગલ ચાલીશું.

હવે દારાબની માનાં મકાનમાંથી ઉતર્યા પછી હેઠે ઉભો રહી વળી જરા દેલજંગે વિચાર કીધો, અને પછી શીરીનને પેલી પેહેડીપર કાંઇ ઉંધું ચત્તું સમજાવી પેલા મુનીમ તેહેમાસ્પની ખાત્રી કરવાનું કેહવ- ડાવા લઇ જવા સારૂ તે પેલાં લુચ્ચાં ઉતારૂખાનાંવાલાંઓનાં ઝુંપડાં તરફ ચાલ્યો. તે અસ્પંદીઆરનાં મકાનમાં પાછો જાય તે પેહેલાં તેને આ ૫૦૦૦ દેરમની રકમ પડાવી લેવી હતી, કે જે તેના નેકાને અવસરે તેને લગાર કામ આવે, અને તેથી તે શીરીનને તેણે જ્યાર રાખી હતી ત્યાંથી તેણીને લઇ જવા તે ઝુંપડાં તરફ ચાલ્યો. ચંડાળ બેવચની ચોર! તેને થોડીજ ખબર હતી કે તે તેનાં પાપી હમશ- રીકો પોતાનાં કરતુકના ફેજે કેવારનાં પોંહોંચી તે કીરતારની પાક દરગાહની રાહ લઇ ચુકયાં છે, અને બદી અને પાપનું ધામ જે પેલું ઝુંપડુ તે બળીને ખાક થઇ ગયું છે, જ્યારે વળી તેનાં બેવચનનો તે નિર્દોષ ભોગ જે સુંદર શીરીન તે એ પાપીઓના બસથી બચી માયાવંત લોકોના મમતાભર્યા સાહયા હેઠળ જઇ રહી છે!

પ્રકરણ ૨૨ મું.

દેલજંગની તપાસો.

એ મુજબ દેલજંગ જ્યારે ચાલતો ચાલતો પેલાં નોઝરની ગફલતીથી બળી ગયલાં ઉતારૂખાનાં આગળ આવ્યો ત્યારે ત્યાં રાખના ઢગલા અને બળેલાં લાકડાંના કટકા વગેરે સિવાય બીજું કશું નહીં નજરે પડવાથી તેને જે અચરતી ઉપજી તે પાર વનાની હતી. જે ઝુપડાંમાંથી તે શીરીનને લઇ જવા આવ્યો તે ઝુપડાંને તે તદન બળીને ભોંય બરાબર થઇ ગયલું જોશે એવી તેને સ્વપને વકી ન હતી, અને એક વાર જયારે આપણુને કશો ખ્યાલ બી ન હોય એવો એક દેખાવ આપણે જે આશાથી આવ્યા અથવા ગયા હોઇએ તેથી બીલકુલ ઉલટીજ કીસમનો નજરે પડે ત્યારે તે આપણુને અચરતીમાં ગરકાવ કરી મેલે એ સ્વભાવિક છે. દેલજંગ તે બળેલાં ઝુપડાંનાં ખંડિએરો તરફ શાંત અચરતીમાં એકી નજરે થોડો વાર ટીકતો ઉભો, અને પછી જાંણે તેને તેના પગજ ચલાવતા હોય અને સાથે મન પોતાની ફરજ નહીં બજાવતું હોય તેવી ઢપમાં તે એ ઝુપડાંની આસપાસ વિચાર કરતો ચાલ્યો. શું થયું હશે? તે મનસે બડબડતો; 'થયું શું હશે? શું અકસ્માત ઝુપડાંમાં આગ લાગી હશે? રખે કોઇ બળી મુવું હોય? રખે શીરીન બળી મુઇ હોય!'

આગ કેમ લાગી, અકસ્માત લાગી કે કોઇએ જાંણી જોઇને લગાડી એ વાતનો વિચાર કરતો દેલજંગ તે ઝુપડાંની છેક પેલી કોરે

નિકળી ગયો, અને ત્યાં દુરથી એક ઝાડ આગળ તેને કાંઇ વાંકુ વળેલું દેખાયું. દેલજંગ આગળ ગયો. તે કોઇ ઓરત બેઠેલી હોય એવું જણાયું. આગળ જઇ તપાસ કરતાં તેણે જોયું કે તેણીને એક ઝાડનાં થડસે મજબુત બાંધી હતી, અને ગરીબ બીચારી મરણ પામેલી હતી. તેણીનું મોહત ઘણું ભયંકર આવ્યું હોય એવું દીસતું હતું. તેણીનું માથું તેણીની છાતી ઉપર ઝુમી પડયું હતું, અને દેલજંગ જયારે આગળ ગયો ત્યારે તેણીનાં ખોળાઆંથી એક મોટો લાલ ઉંદર કુદકો મારી બહાર નીકળી પડયો. તે પ્રાણી તે મુએલી બુઢયાના અંગભાગ ખાતો હતો! તેણીની આંખો અને નાક વગેરે તો ખવાઇ ગયાંજ હતાં. આ કમકમાત ઉપજાવનારા દેખાવ આગળથી દેલજંગ પણ એકદમ કમકમી દુર પાછો હઠયો, અને વળી તે ઓરત કોણ હશે, ઝુપડાંની પાસનાં ઝાડસે તેણીને બાંધી કાં હશે, તે અને તે વગેરે તેને લાગતી વળગતી બીજી અનેક બાબદોપર હજારો વિચારો કરતો ચાલ્યો. વ્યર્થ અટકલો! એ ઝુપડાંનાં બળી ભસ્મ થવામાં અને પેલી ઓરતનાં મરણમાં પોતાના હમનબર્દ નોઝરનો હાથ છે એમ તે કદી પણ કલ્પી શકવાનો છે? તેને થોડીજ ખબર છે કે હમણાં જે મુડદાંથી તે કમીકમીને પાછો હઠયો તે પેલા ઉતારૂખાંનાવાલાની સ્ત્રીનુંજ છે!

નોઝર જયારે એ ઉતારૂખાંના આગળથી છેલ્લો ગયો ત્યારે તેણે તે સ્ત્રીને મજબુત ઝાડ સાથ બાંધી લીધી હતી—એવી મકસદથી કે તે સત્તાવાળાઓની મદદ લઇ આવી તેણીને છોડવીને પોતાને જોઇતા સઘળા પોતાના પ્યારા પીતાને લગતા એકરારો તેની પાસે કરાવે; પણ સત્તાવાળાઓની મદદ માંગી લાવવાની જે મકસદથી તે

પોતાનાં ઉતારૂખાનાં તરફ ગયો હતો તે અકસ્દને તે પાર ઉતારી શકયો નહીં, કાંકે થાક, નીરાશા વગેરે દુઃખોથી તે ત્યાંજ બેશુદ્ધ થઇ પડયો, ને ત્યારથી તેની પેલી ભયભરેલી બીમારી શરૂ થઇ તે સઘળું વીગતવાર વાંચનારને નવેસરથી યાદ આપી સમજાવવાની જરૂર જણાતી નથી. હવે એટલુંજ કહેવું જોઇશે કે પેલી ઓરતને તેણીના બંદમાંથી કોઇએ છોડવી નહી, અને તેણી એવી બંધાયલી હાલતમાંજ અંતે તવલી તવલી અને રીબી રીબીને મરણ પામી. એ પાપની કરણીનો છેડો છે. કરણીનું બેહેસ્ત અને દોઝખ તે આ સંસારમાં પણ એકસાં નજરે આવે છે. કંટાલા અને વેદનાભરેલા કલાકો પર કલાકો સુધી તેણીએ જ્યારે બંધાયલી હાલતની બેજારીમાંથી કોઇ આવીને તેણીને ખલાસી આપે એવી ઉમેદો વચ્ચે કોઇ આદમી જાતની દરેક પલે આતુરતાથી રાહ જોઇ હશે, અને દરેક પલે તેણીની ઉમેદ ભ્રષ્ટ થઇ હશે ત્યારે તેણીને કેવું દુઃખ લાગ્યું હશે—તેણીના એ ડરામણા એકાંતવાસ વચ્ચે આગલી પોતાની સઘળી પાપભરી કરણી કેટલાં જોરથી તેણીનાં મનમાં ધાઇ આવી હશે, અને તેથી તેણી એક કેવા તવલતાં, તવાતાં મોહતે અંતે આજેજ થઇ મુઇ હશે તેનો ખ્યાલ કરવો બહુ ત્રાસદાયક છે!

નોઝર ઘણા માયાળુ સ્વભાવનો જવાંન હતો. તે જો સાજો હોત તો પોતે તરત દોડી જઇ તે સ્ત્રીને છોડવતે, અથવા પોતાથી નહીં જવાતે તો કોઇને ત્યાં મોકલીને બી તેણીને તે છોડાવતે, કાં કે તેણીને એમ મારી નાંખવાની તેની મતલબ હતીજ નહીં, પણ જ્યારે તેને તેની પોતાનીજ પોતાની માંદગી વચ્ચે કશી શુધ્ધ રહી ન હતી ત્યારે તેને બીજાંઓને માટે શુધ્ધ કયાંથી આવી શકે?

એ રીતે પોતાના ૫૦૦૦ દેરમ ખરા કરવાની મકસદથી પેલા મુનીમની ખોટી રીતે ખાત્રી કરી આપવાને સુંદર શીરીનને સમજાવી લઇ જવાની પોતાની પાપભરી ધારણામાં નિસ્ફલ થવાથી દેલજંગ ઘણા નાઉમેદ ચેહરે ચાલતો પેલાં ઝુંપડાં આગલથી પાછો ફર્યો. તે ધીમે કદમે એ રીતે વિચારમાં ગરકાવ હાલતે ચાલતો ઘણો આગળ વધી ગયો. શીરીનને હવે ક્યાં ખોલવી-કોણને પુછવું એ વગેરે વિચારોથી તે ચીરડાતો અને ગુંચવાતો હતો, તેટલામાં-અરે આ શું? તેજ ખેતરની સાંમી કોરેથી નીચી નજરે તેજ સુંદરી ધીમાં કદમે અને ગરોડદાર ચાલે ચાલી આવતી જણાઇ!

પ્રકરણ ૨૩ મું.

શીરીનનું સંકટ.

દેલજંગ ભુલતો તો ન હોય? ના, ભુલે શું? તેજ ચાલ-તેજ સદણ-તેજ અદા-તેજ મીઠાસ-તેજ લેહકો-સઘળું તેજ, અને ભુલે શું? દેલજંગનાં નીરાશ થએલાં દીલમાં એ દેખાવે નવી ગરમી આવી, અને તે ઝપાટાબંધ શીરીનની સાંમે જઇ ઉભો. તે પાકજાદ છોકરી તેને પીછાંણતી ન હતી. તે તેને જોતાંજ ચોંકી ઉભી રહી ગઇ. એક એગાંનો મર્દ તેની સામે આવી આમ ઉભો રહે? શીરીને પોતાની ધાસ્તીભરી ચશમો ચોપાસ ફેંકી, અને કેવું સાંટકભર્યું સંકટ!-આજુબાજુ એક બી જણ નજરે પડયું નહીં!

શીરીન નોકરને મુકી વૈદોની સલ્લાહથી ફરવા નીકળી હતી તે હવે થોડુંક ચાલી પાછી પોતાને ઘેર જવાનો ખ્યાલ કરતી હતી તેટલાંજ દેલજંગ તેની સાંમે આવી ઉભો!

"ગભરા ના, બાઇ," દેલજંગે તેણીને ગભરાતી જોઇ સધ્યારો આપવાને ઉતાવલ કરી; "ગભરા ના; તું શું મને પીછાંણતી નથી?"

"તમને?" શીરીને તેના દેખાવથી દબાઇને કહ્યું, "મેં તમને કદી જોયા નથી."

"તું ભુલેછ," દેલજંગે તેણીને યાદ આપી; "પેલા ઉતારૂખાંનામાં તને રાખનાર અને તારો ખરચ પુરો પાડનાર હું પોતેજ છું."

"ત્યારે તમો જો હું એક નાવારેસના વાલી સરખા છો તો મને હેરાન કરશો નહીં?" શીરીને આશાથી ઉશકેરાઇ આવી પુછયું.

"બાઇ, તે વિષે તું બીલકુલ બેશીકર રહે," દેલજંગ તદન ગંભીર થઇ બોલ્યો–"હું તારા એક બાલને બી ગ્માજાબ આપશ નહીં."

હયાં દેલજંગ ખરાં અંતઃકરણથી–સઘળા સચ્ચાઇના ભારથી બોલતો હતો.

"ત્યારે તમો મને શું કહેવા માંગોછ?" શીરીને હવે હીંમત પકડી પુછયું.

"મને પેહેલે જણાવ, શીરીન," દેલજંગે ઘણા આતુર ચેહેરે પુછયું, "કે પેલાં ઉતારૂખાનાં અને તેનાં માલેકોનું શું થયું? તું તેઓની સાથે હતીની?"

"હું સાથે હતી," શીરીને કહ્યુ, "પણ હવે સાથે નથી. તેઓ પાપી હતાં, અને તેઓનાં પાપની ફેજે તેઓ પુગ્યાં છે. એ ઝુપડું કેમ બળી ગયું તે વાત હું બરાબર જાણુતી નથી, પણ એ ઉતારૂખાનાવાલાનું ખુન એક જવાંન નામે નોઝર—"

"નોઝર!" દેલજંગ એક સર્પે તેના પગપર ડંખ માર્યો હોય તેમ ઉછળી બોલ્યો, "નોઝર' હયાં!"

"હા," શીરીને કહ્યું; "પણ તમો તેવણુને પીછાણુતા દેખાવો છો! એ કેવો તે જવાંન અસીલ, ખુબસુરત, ભોલો, ભલો—"

"બાહ, મને તે રોશન છે," દેલજંગે નોંઝરની તારીફ સાંભળવાને નાખુશી જણાવી, "પણ પેલી વાત શું? શું તે નોઝરે તે ઉતારૂખાનાવાલાનું ખુન કીધું?"

"તે જવાંનપર ખુનનો આરોપ મુકવો એ તે કીરતારની જનાબમાં એક ગુનાહ કરવા જેવું છે!" શીરીન નોઝર તરફ પ્યારભર્યો જુસ્સો લાવી બોલી, "તે ઉતારૂખાનાંવાલાએ તેની જીંદગી લેવાનો કસદ કર્યો પણ તેને મારવા જતાં તે પોતેજ ખુનથી થાર થયો!"

"અને તેની ઓરત!" દેલજંગે આ સઘળા અજબ ખુલાસાઓથી અચરતીમાં ડુબી જઇ સવાલો જારી રાખ્યા.

"તેની ઓરતનું શું થયું તે મને ખબર નથી," શીરીને સાદાઇથી કહ્યુ, "પણ મને વખત થાય છે–તાહેલાંમાં મેં ઘણો વખત

ગાલી કાઢયો. અરેરે, મને સુદ્ધ રહી નહીં; મને હવે જવાને રજા અને રસ્તો આપશો ?"

"શીરીન, તું ક્યાં જશે ? કોણને આશરે જશે ?" દેલજંગે વળી અચરત થઇ પુછ્યું.

"ક્યાં ?" શીરીને ભોલાઇથી કહયું; "પેલા નોઝર પાસ, તે ગરીબ જવાંન"—અને હયાં શીરીન ગગલી પડી—"મરવા સુતો છે !"

'ખુદા કરે ને તે એ સપાટામાંથી બચી ન જાયા' નાપાક દેલજંગે મનમાં મુરાદ ચાહી,— પણ પાપીઓની પાપભરી મુરાદો અને મકસદો સદા ભ્રષ્ટ થાય છે.

"અને તું તે નોઝરની સાથે રહેલી છે ?" થોડો વાર વિચાર કરી દેલજંગે પાછું પુછ્યું.

"એક તેની આબરૂદાર સગી સંગાથે રહી છું," શીરીને કહયું, "અને મને ત્યાં જવું છે. નોઝરની સારવારમાં મારી નહીં દુર થઇ શકે એવી જરૂર છે—રે તેનું શું થતું હોશે ?— મને જવા દેઓ !"

"હમણાં નહીં જવાશે," દેલજંગે તેણીનો રસ્તો રોકી કહયું, "મને તારૂં કામ છે, શીરીન, અને હું તારીજ શોધમાં નિકલ્યો છું."

"પણ મારીથી હમણા અવાશે નહીં," શીરીને ચીરડાઇને કહયું; "નોઝરને મરતો મેલી હું તમારી સાથે હમણાં જીનહાર આવનાર નથી. તે નહીં બને એવું છે."

"મારી આગલ બનવા ને નહીં બનવા જેવું કશું છેજ નહીં," દેલજંગે તેણીનો હાથ મજબુત પકડીને ડોળા કાઢી કહ્યું.

"પણ હું નથી આવવાની," શીરીને રડીને કહ્યું, 'તમો કોણ છો તે બી હું જાણુતી નથી. તમોને કામ હોય તો કાલે આવજો અને તે મારાં મેહરબાન દાદખંઓનાં દેખતાં જાહેર કરજો."

"તેવું કશું બની શકશેજ નહીં," દેલજંગે ચીરડાયલા ધીરા સાદે કહ્યું,—અને તેજ પલે એક મોટી ભાડુતી ગાડી તે ખેતરના નાકા આગલથી પસાર થતી હતી. આ તો દેલજંગને જેવું જોઇતું હતું તેવુંજ મલ્યું! તુરત તેણે તે ગાડી થોભાવી, અને આગલ જઇ ગજવામાંથી એક મુઠીમાં જેટલા પૈસા આવ્યા તેટલા કાઢી પેલા ઘોડાવાલાના હાથમાં મુકયા અને જણાવ્યું, "ગાડી તારે એકદમ હંકારવી, ને અંદરથી આ મારી બેટી જો કાંઇ બુમ ચીસ પાડે તો તે ઉપર તારે કશું ધ્યાન આપવું નહીં ને ગાડી થોભાવવી પણ નહીં, પણ પડોશમાં નસરઆબાદના ગુલરંગ શેહેર તરફ લઇ જવું, કે જયાં જો તું એ મારો હોકમ બરાબર બજા લાવ્યો હશે તો બીજું નાણું આપી હું તને ખુશી કરશ." હવે ઘોડાવાલાના ગજવાંમાં તો ખોદાયજીજ જઇને બેઠા તો પછી તે બીજાંની દરકાર શાંની કરે? તેણે દેલજંગનો દરેક હોકમ ખુશીથી કબુલ રાખવાને કહ્યું, અને દેલજંગે શીરીનની ચીસો વચે તેણીને કંમરમાંથી પકડી જબરીથી ગાડીમાં હડસેલી દઇ, પોતે અંદર જઇ, બારણું બંધ કીધું, ને ઘોડા વાલાએ પવન વેગે ઘોડા મારી મુકયો!

ગરીબ બીચારી શીરીન! કમનસીબે આ સઘળી વાતચીતની વખતે-ઉપલો સઘળો બનાવ બન્યો ત્યારે તેની વ્હારે ધાય એવું ત્યાં એક પણ જણ હતું નહીં—એક પણ જણ આવ્યું નહી, અને તે ગાડીમાં નીશોરા થઇ પડી રડવા લાગી. તેને નોઝર યાદ આવ્યો, તેની માંદગી યાદ આવી, અને તે તેથી દસકે દસકે રડી. નોઝરના તેનીપર શું ઓછા આભારે હતા? તે વગર ધરબારની નાવારેસને એક આબરૂદાર અને સુખી ઘર અપાવી શું નોઝરે તેણી ઉપર ઓછા પાડ કર્યા હતા?-અને જો આવી વેળાએ તે ઉપકારોનો તે બદલો વાલે નહીં તો પછી કયારે? પછી તક મલશેજ એમ કોણે જાણ્યું? કદાચ તે તેટલાં મરી બી જાય! એ સઘળા વિચારોથી શીરીન મહા દુ:ખ પામી અને તેથીજ તે રડતી હતી. દેલજંગનો તેને કશો ડર ન લાગતો હતો; જોકે દેલજંગનો દેખાવ ડરામણો હતો તોપણ તેણીના એક બાલને ઇજા નહીં કરવાને જયારે દેલજંગ બોલ્યો હતો ત્યારે એવા તો ખાત્રી આપનારા ભારથી, એવી સ્પષ્ટ સચ્ચાઇની નિર્દોશતાથી તે બોલ્યો હતો કે શીરીને મનમાં નકકી માની લીધું કે આ પુરૂષ ગમે એવો છે પણ મને એ ઇજા કરનારં નથી, માટે તે જે રડતી હતી તે દેલજંગથી ડરતી હતી માટે નહીં પણ નોઝર તરફનો તેણીનો પ્યાર તેને રડાવતો હતો।

"અરે રે!" તે રડીને મનમાં બળાપો કરતી, "તેઓ મારે વિશે શું ધારશે! હું ચાકરી કરતાં કંટાલી ગઇ હોવશ તેથી નોઝરને પડતો મેલી ચાલી ગઇ હોવશ એમ તેઓ નહીં માને? મારે માટે તેઓ કેટલાં ફીકરમંદ થશે! કેટલી શોધો કરાવશે?"

અમે એવાં દુઃખ વચ્ચે રડવાથી છાતી ખલાસી પામે છે, અને તેમ રડવાથી શીરીનની છાતી પણ મોટી ખલાસી પામી.

"તમે મને ક્યાં લઇ જાઓછ?" શીરીને મનનું લગાર સમાધાન થયા પછી પોતાની રડતી ચશમો દેલજંગ તરફ ફેરવી પુછ્યું.

"બાઇ," દેલજંગે ગંભીરાઇથી કહ્યું, "જે ગુલરંગ શેઠની પેઢી આતેથી તારા ખાધ-ખરચ અને પોશાકીના મને ૫૦૦૦ દેરમ દર સાલ મલ્યા જાયછ—"

"તે કોણ આપેછ?" શીરીને વાતમાં રસ લઇ વચ્ચે પુછ્યું.

"તે એક તમારો અતલગનો ખેશી આપે છે," દેલજંગે કહ્યું.

"અતલગનો ખેશી!" શીરીને દુઃખથી કહ્યું; "મારો અતલગનો ખેશી કોણ છે? હોય તો તેજ મારો વાલી કાંએ નથી થતો!"

"ચોકકસ કારણોને લીધે તે તમોને ધીક્કારેછ, અને તેથી તેણે મને તમારો વાલી નેમ્યો છે, અને મારૂં નામ કેરસાસ્પ ણીન ગસતહમ છે," દેલજંગે કહ્યું.

"ત્યારે, હમણાં તમે મને કયાં લઇ જાઓછ?" શીરીને પાછું પુછ્યું.

"જે પેઢી પર તે શખ્સ તમારે માટે એ નાણું ભર્યો જાયછ તેણે આ સાલ કાંઇ મનમાં પવન આવ્યાથી તે પેઢીના મુનીમને એવી તાકીદ કરી છે કે જ્યાં સુધી શીરીન પોતાને મોંઢે હું સુખી છું એમ કહે નહીં ત્યાં વેર તેણે મને એક ખોરો દેરગ આપવો નહીં, અને તેથી તને મારી સાથે લઇ આવવાની મને ફરજ પડી છે.

આજે તો રાત થવા આવી છે, માટે આવતી કાલે સહવારે આપણે તે પેઢીપર જઇશું. ત્યાં તારે એટલુંજ કેહવું કે એ કેરસાસ્પની રખેવાળી હેઠલ હું સુખી છું, એટલે આપણું કામ પુરૂં થશે."

"અને પછી મને મારાં વ્હાલાંઓ આગલ તમે જવા દેશો ?" શીરીને અતી આતુરતાથી પુછ્યું.

"મોટી ખુશીથી. હું તે આએ કોલ આપું છું," દેલજંગે કહ્યું, અને વળી તે હયાં શીરીનને ઠગતો ન હતો, કાંકે શીરીનને કાલે નોઝરને ઘર પાછી મોકલવાનો તો તેનો વિચારજ હતો. મોકલે નહીં તો શું કરે? તે પોતે રખડે તેની સાથે શીરીનને ક્યાં રખડાવ્યા કરે?

અતે નસરઆબાદનાં ગુલરંગ શેહેરનાં જે ઉતારૂખાનાંમાં દેલજંગ ઉતર્યો હતો ત્યાં ગાડી ઉભી, અને શીરીન અને દેલજંગ ઉતર્યાં. દેલજંગ ગાડી પાછી વાલી શીરીનને લઇ અંદર ગયો, અને તે ઉતારૂખાનાંવાલાની એક ઘણી આબરૂદાર અને રાંક સ્ત્રી હતી તેને હવાલે શીરીનને કરતાં કહ્યું, "આ બાઇને હું તારે હવાલે કરૂં છું. એને તારા ઓરડામાં તારી આંખ આગલજ પોઢાડજે. એ મારી ભત્રીજી થાય છે; એની દરેક હાજતો બોલ પડતાં પુરી કરજે, ને આજની રાત એને સુખ મલે એવું કરવામાં પઇસાની કસર જરા કરતી ના."

જે ભલાં હોય છે તેઓ ભલાં જોડે વ્હેલાં હલી જાય છે, તેમ શીરીન તે ભલી બાયડી જોડે જલદી હલી ગઇ, અને તેણીને ઘણો સધારો પેદા થયો. સહવાર પડતાં તે નોઝરને પાછી જઇ મલશે એ વિચારથી તે તુરત વેળા સુખ પામી સંતોસી રહી.

એ રીતે શીરીનનાં ભરમભરેલી રીતે ગુમ થવાની વાતનો આ ખુલાસો હવે વાંચનાર જાણે છે, પણ નોઝર અને બાનું તેહેમીના તે જાણતાં નથી. તેઓનો ગભરાટ જેવો ને તેવોજ છે-તેઓનો સંતાપ તેનો તેજ છે-પણ વળી નોઝરની માંદગી તેની તેજ નથી. તે તો વધારે ભય ભરેલી, વધારે નુકશાનકારક થઇ પડી છે!

પ્રકરણ ૨૪ મું.

એક દુઃખભરી કાંહાંણી.

શીરીન આવતી કાલની સહવારના પેલા મુનીમ આગલ દેલજંગ સાથ પેલા પોતાને ખાતે આપતા કરેલા ૫૦૦૦ દેરમ ખરા કરાવા જાય તે પેહેલાં તે કોણ આપે છે—કાંય આપે છે વગેરે બાબદોનો એક ખુલાસો—જેથી શીરીન પોતે હજી મુતલગ માહીતગાર નથી તે—અમારાં વાચનારાંઓને આપી લઇએ:—

શીરીન એક ઉમરાવ કબીલાનું ફરજંદ છે. શીરીનનાં—જેમ તે ધારે છે તેમ—આ સૃષ્ટીની આખી સપાટી ઉપર કોઇજ ખેશાવંદો નથી એમ નથી. એક અતલગનું ખેશી—એક મગાજો શીરીનનો છે. તે એક મોટો ઉમરાવ છે. તેની દોલત શુમાર વગરની છે. તેનો અખ્તીઆર પાર વગરનો છે. તેનો વગ, તેની હોરમત, તેનો પૈસો, તેની ભલમનસઇ એ સઘળું મોટું છે, અને તોપણ એ સઘળી મોટાઇઓ

જતાં તેણે પોતાની દીકરીની દીકરીને પારકાને હવાલે સોંપી તે કોમળ વયની કુમારી ઉપર અનેક સંતાપો ગુજરવા દીધા છે।

પહેલાં તો શીરીન નીચ લોકોની સાથે એક કંગાલ ઝુંપડામાં છે એ વાતની તેના મગાવાને કશીજ ખબર હતી નહીં. ખબર હતે તો તેવી હાલતમાં તે તેને કોઇ કાળે રહેવા દેતે નહીં. તેણે શીરીન કયાં છે—તે મરે છે કે જીવે છે—કેવી હાલતમાં છે તે કશું જાણવાની કશીએ કનવાર કદી કરી નહીં. કનવાર કરતે તો કદાચ જાંણી શકતે–પણ તેણે શીરીનનાં નામ પર દેલજંગને આપતા કરેલા ૫૦૦૦ દેરમ દર સાલ આપવા સિવાએ બીજી કશી કનવાર કરી નહીં: પણ વાંચનાર પુછશે કે તેનું કારણ? તેનું કારણ તે ડોસાએ દીલમાં પકડેલો એક દાઘ હતો. શીરીનની માતા તેણીને મેલી જવાંનીમાંજ આ જેહાંનથી ચાલતી થઈ હતી. તે એક તુટેલાં દીલની અબળા મરી ગઇ હતી. તે એક જવાંનપર પોતાની જવાંનીમાં મોહી પડી હતી, અને તેની સાથે પરણવાની તેણીએ પોતાના ઉમરાવ બાપ પાસ રજા માંગી હતી. (તેણીની મા પણ તેણીને બચગીમાં મુકીનેજ મરી ગઇ હતી.) આ રજા તેણીના પીતાએ આપી નહીં. તેના વિચારો મોટા હતા. પોતે મોટો, માતબર અને વગદાર ઉમરાવ હોવાથી એ ડોસાના અભીલાશો જુદાજ હતા. તે શીરીનની માતાને કોઇ પોતાના જેવાજ ઉંચ ખાનદાનના નબીરાસે નેકાથી જોડવાની ઉમેદ રાખતો હતો, પણ પ્યાર આંધળો છે. શીરીનની માતા એક સાહલેશ, શરમાઉ, રાંક અબળા હતી, અને તોપણ પોતાના પ્યારથી આંધળી થઇ તે પોતે પરણવા ધારેલા પોતાના ખાવંદ સાથે પોતીકા બાપનું ઘર તજી ગઇ.

બુઢાપામાં એ જખમ શીરીનના કુજોગે ગમાવાને મહા જબુન લાગ્યો. આ દુઃખી બનાવથી તેને સર્વ ઠેકાણે નીચું જોવાનું થયું, અને તે પોતે પોતાને એથી હજારો કડુવા દેવા પડયો, અને પોતાના બીજવાતના ખારમાં તેણે તે કીરતારને નામે કસમ લીધા કે એ નાફરમાંન એબલગાડુ દુકતીને પોતાની ઓસરીએ પાછી કદી ચઢાવવી નહીં એટલુંજ નહીં–તેણી જોડે કશો બ્યવહાર રાખવો નહીં એજ નહીં, પણ તેના ખાવંદ કે તેનાં બચ્ચાં—જો બચ્ચાં થાય તો–તેમને પણ ઠોકડે મારવાં. એ કસમ તેણે ખાધા પછી હવે થોડે દીવસે તેની દીકરી અને જમાઇ તેને સમજાવીને તેના આશીરવાદ તથા મહેરબાની મેલવવા આવ્યાં હતાં. એક બીજાં શેહરમાં જઇ શીરીનની માતા પોતાના વહાલા જોડે કદી નહીં તુટે એવા પાક નેકાના મજબુત બંધથી બંધાઇ આવી હતી, અને હવે તે પોતાના બાપને બન્યા બનાવ મીટતા નથી એમ કહી સમજાવી લેવાને તેના મેહેલમાં પાછી આવી હતી; પણ તે ડોસાએ પોતાના કસ્દ અને કસમ મુજબ તેમને ઠોકડે માર્યાં. તેણે તેમને ઘરમાંથી હાંકી કઢાવ્યાં, અને એ નવું જોડું અંતે તે બુઢ્ઢાની જીદ આગળ આજેજ થઇ એક દુર દેશાવરમાં જુદું ઘર માંડી રહયું.

એ પછી શીરીનની માતાનો ખાવંદ ટુંક અવસરમાં તેણીથી કંટાળી ગયો, અને તેણીને તે શેહેરનાં એકાંત ઝુપડાંમાં તેણીનાં નસીબને આધારે પડતી મેલી એક દીવસ તે તેણીને કશું કહયા કહાવ્યા વના મુકીને ચાલી ગયો. એ તે નબગી અબળાને બુઢાપામાં બાપને મોટો સંતાપ કરાવાની ગોયા સજા શરૂ થઇ. તે બુઢ્ઢા બાપની કડુવા

તે દીકરીને આમીન થતી જણાઇ. શીરીનની માતા પોતાનાં ઝુંપડાંમાં એકલી પડી. તેણીની અવસ્થા બારીક હતી. તેણીની હમેલદાર અવસ્થામાં તેણીની સહારવાર કરનારૂં-દુખ સુખ જાણનારૂં કોઇ તેની પાસે હતું નહીં. તેણીએ પોતાના દગાબાજ ખાવંદની ઘણી શોધ કીધી, પણ વ્યર્થ; અંતે ફગળી, કાલાવાલા કરી, દુઃખભરી મીનતજારીઓથી પોતાના બાપની તોજેશ કરતી અને વાંકની માફી ચહાતી તે નારે પોતાના બાપ ઉપર એક તેણીની ઉપર દયા કરવાનું લંબાણ કાગળ લખ્યું, પણ તે ડોસાએ તેનો જવાબ વાળ્યો નહીં. તેણે તે ગુનેહગાર દીકરીની દયા ખાધી નહીં.

શીરીનની માતાનાં પ્રસવ—વેદનાનાં સંકટને સમયે જો પાસેનાં ઝુંપડાંમાં રહેતા એક ગામડયાની ઓરતે જે ઘટે તેવી થોડી ઘણી સાહેતા આપી ન હોત તો શીરીન આ સંસાર જોવા પામતે નહીં, અને તેણીની માતાની જીંદગી તેણીને જન્મ આપવા પેહલાંથીજ આખર થઈ જતે; પણ ખુદાનું ધારવું જુદુંજ હતું. શીરીનનો જન્મ આપ્યા પછી તેણીની માતાની હાલત લગાર સુધરતી ચાલી. તે મેહનત મજુરી કરી પોતાનું અને પોતાની જીંદગીના આધાર, અને તેણીને તેણીના આવા ભારે એકાંતવાસ વચ્ચે હસવાને અને બોલવાને કારણ આપનારાં સાધન નિર્દોષ જીવ જે શીરીન તેનું ગુજરાણ મહા મુશકેલાઇએ કરતી. એવાં સંકટનાં તેણીએ છ વરસ પુરાં કીધાં, અને પછી તેણી એ તનનાં અને મનનાં સંકટોએ મોહતનાં બીછાંણાંપર માંદી પડી. મરવાને તે બીહીતી ન હતી. આ સંસારની માયા અને નમાંયાથી તે કંટાળી ગઈ હતી, અને મરવામાં તે છુટકારો

અને સુખ માનતી હતી, પણ તેણીનાં મુવા પછી તેણીના એક પાછળ રહેતા પ્યારા કોમળ જીવ–૭ વરસની તેની સ્વરૂપવંતી બેટી શીરીનનું શું થશે તેની તેને ભારે ચિંતા થવા લાગી. તેણીએ પેલી પડોસણ ગામડયણને બોલાવી આંખમાં આંસુ લાવી દયા ઉસકેરે એવી હાલતે કહયું, "તેં મારાપર ઘણા ઉપકાર કીધા છે, અને એ મેહેનતમાંથી તને છુટવાનો સમો નજદીક આવ્યો છે, તોપણ હવે તે તારી મહેનતભરી મેહેરબાનીઓમાં બે નવી મેહેરબાનીઓનો ઉમેરો કરજે. એક તો એ કે મારાં મરવા બાદ તારા ખાવંદ અને ખેશાવંદોની મદદથી મને ઠેકાણે પાડજે, અને બીજું તો એ કે મુજના મુવા પછી તુરત મારી શીરીનને લઇને, એક રૂકો હું લખી મુકશ તે લઇ માહરા બાપ આગળ જજે, અને કોઇબી રીતે તેની દયા ઉશકેરી એ મારાં પ્યારાં બાળકને તેની સંભાળમાં સોંપજે. "તેને કેહજે," શીરીનની કમબખ્ત માતા નવધાર આંજુએ રડીને ડચકાં ખાતી બોલી, "તેને કેહજે કે જો તારી દીકરીએ ગુનાહ કીધો હોય તો તેં તેને ઠોકડે મારી મરવા દીધી છે, એથી વધતી સજા આ દુનીઆની સજાઓમાં બીજી નહીં હશે, અને તેથી તારી આ દીકરીની દીકરીની નિર્દોશ આંસુભરી ચશમોપર રેહેમદીલીથી જોજે. અરેરે મારા પાપનો ભોગ એ કોમળ, નીર્દોશ, નાવારેસ જીવને થવા દેતો ના! વાંક મારો છે, એ બાળકનો નહીં. એ મધુર જીવે કોઇને ઇજા દીધી નથી તો કોઇ એને આજાબથી તેના ખીલતા બાહારમાં કરમાઇ મરવા દેતાં ના." એ વગેરે શીરીનની મરવા સુતેલી માતાએ તે ગામડયેણને ઘણુંક સમજાવી કહયું, અને તેણીનાં મુવા પછી સઘળું તેણીની મરજી મુઆફેક બજાવવાનું તે ભલી સ્ત્રીએ આંજુભરી આંખ સાથ

વચન આપ્યું, જે પછી શીરીનની માતાએ એક ઉપલીજ મતલબનું આશાવાલાભરેલું સમજાવતનું લંબાણ કાગળ લખી તૈયાર રાખ્યું. અને-તે ગભરાયલી, ફુગલાયલી, શીરીનને પોતાનાં પાસાંમાં દાબી પોતાને આમ હેરાન કરનાર ખાવંદને મરતી વેળાએ આ સઘળાં સંકટ અને અકાળ મોહોત માટે કહુઆ દઇ, અને શીરીન માટે પોતાના પીતાનાં દીલમાં તે કીરતાર રેહેમ મુકે એવી મકસદની એક ટુંક બંદગી સાથે પોતે લીધેલાં અવિચારી પગલાં માટે પસ્તાવો કરી તેણી-જે એક આવા ઉમરાવનું ફરજંદ હતું-જેણી ચાકર નફર, વાડી ગાડી, માલ મીલકત, રાચ રચીલાં, એશ આરામની ધણીઆણી હતી-તે એકાંતમાં એકલી, એક કંગાળ ઝુંપડાંમાં કંગાળ હાલતે મોહતના દુતને આધીન થઇ-અને તે સઘળું તેણીનાં એકજ ઉતાવલાં અવિચારી પગલાંથી-એકજ-માત્ર એકજ ભુલથી થયું!

શીરીન ઉપલા સઘળા બનાવો યાદ રાખી શકે એટલી તે વખતે સમજણમાં આવી ન હતી. તેણીએ પોતાની માતાને મરતી જોઇ હતી એ વાત ખરી, પણ તેણીને તે બનાવો આજે કશા યાદ નથી. કોઇ તેણીને એ સઘળાંની યાદ આપે તો કાંઇ સેહેજ-ઘણીજ સેહેજ યાદ તેણીનાં મનમાં તાજી થાય ખરી, પણ સઘળું જેમ હતું તેમ તે યાદ કરી શકે નહીં.

શીરીનની માતાનાં મુવા પછી તે ભલી ગામડણે તેણીની દરેક ફરજી પાલી. તેણીએ તેને બાહોરમત ઠેકાણે પડાવી, અને પછી શીરીનને લઇ તે એ મરનાર બાઇના બાપના મહેલમાં ગઇ. પેહેલાં તો તે ખારીલા ડોસાએ તેની દીકરી તરફનો કશો પેગામ લેવાને પણ ના

ફાડી, પણ જ્યારે તેની ખાત્રી કરવામાં આવી કે તે તો માનોઇ જેહા-નમાં વાસો કરી ચુકી હતી ત્યારેજ તેણે ચુપ ઉભો રહી તે બલી બાઇના કાલાવાલા અને કરગરવું તેણે ચલાવી સાંભળી લીધું, અને પછી પેલી ચીઠી વાંચતાં તેનું સંગદીલ થોડુંઘણું પીગળ્યું. તેણે પોતાના પેલા કસમ યાદ કીધા, અને તેથી તેણે શીરીનને પોતાનાં મકાનમાં રાખવાને સાફ ના પાડયું, પણ જો કોઇ શીરીનનો હવાલો લઇ તેને સુખમાં રાખવાને માથે લે તો દર સાલ તેને ૫૦૦૦ દેરમ આપ્યો જવાને તેણે ખુશી જાહેર કીધી. એતેફાક દેલજંગ એ વેલાએ તેની મતલબ સારે એવો માણસ તેને જણાયો, અને શીરીનને તેણે હાથ પકડી તેને હવાલે કરી તે ૫૦૦૦ દેરમનું તેનાસે સાટું કીધું, અને તે દહાડેથી શીરીન દેલજંગની દેખરેખ હેઠલ આવી. શીરીનના મમાવાએ દેલજંગને શીરીન સોંપી તેથી વાંચનારે એમ નહી માનવું જે તે તેને દેલજંગ તરીકે ઓળખીને સોંપી હતી. કશુંજ નહીં. તે બુઢ્ઢો તો એ બાંગડને માત્ર કેરસાસ્પ બીન ગસ્તહમ નામના એક સાધારણ આસામી તરીકેજ ઓળખતો હતો, અને તેથીજ તેને તેણે પોતાની દીકરીની દીકરી હવાલે કરી હતી. એ બુઢ્ઢો એ દેલજંગને કયાંથી પીછાંણી શકયો, અને એ તેના રસ્તામાં કેમ આવી લાગ્યો તે સઘળું અતરે સમજાવી દેવાને આ લાયક જગ્યા જણાતી નથી; એટલુંજ જાંણવું વાંચનાર માટે બસ છે કે શીરીન દેલજંગની દેખરેખ હેઠલ કેમ અને કયારે આવી, અને વાંચનારને જો આ વારતામાં રસ લાગતો હોય તો શીરીનની માતા કોણ હતી, તે કેમ, કયારે, અને કાંએ મરી ગઇ તે આ વારતાના છેલ્લા ભાગ સુધી તેને યાદ રાખવું જોઇશે.

શીરીન દેલજંગને સોપતાં શીરીનના બુઝોર્ગ મમાવાએ દેલ-જંગ સાથે એક બીજી શરત કરી હતી, અને તે એ કે તેણે શીરી-નને કદી પોતાનાં મકાનમાં લાવવી નહીં, અથવા તેણે પોતે કદી તે ૫૦૦૦ દેરમ માંગવાને જાતે તેના મેહેલમાં આવવું નહીં, પણ તે પોતેજ એક વરસ ખતમ થઇ બીજું શરૂ થશે કે બરાબર તેજ વ્હાડે તે નાણું તેની પોતાની મોટી પેઢીમાં નસરઆબાદનાં ગુલરંગ શેહરના કેરસાસ્પ બીન ગસ્તહમને નામે ભર્યો જશે, જે તેણે ત્યાંથી ઉપાડયો જવું. શીરીનને ઘણાં આબરૂદાર કુટુંબ વચ્ચે રાખવી, અને કોઇ રીતે મોહોતાજમંદ રહેવા દેવી નહીં.

દેલજંગને તો આ ખોદાયજી પાયા હતા! તે પાપીએ તે ડોસા જોડે કીધેલી શરત કેટલી હદ સુધી તેણે પાલી છે તે વાંચનાર જાણે છે. શીરીનના મમાવાને કશી કનવાર કરતો નહીં જોઇ તે પાપીએ તે પવિત્ર સુંદરીને કેવાં અધમ પાપીઓ ભેગી રાખી હતી તે ફરીને કેહવું પડે એમ નથી. એ ભારી રકમનો એક ઘણોજ ઝુઝવી ભાગ તે પેલાં ઉતારૂખાનાંવાલાંઓને શીરીનની ખાધખોરાકીનાં પેટાંમાં આપી બાકીની બધી ગંજાવર રકમ તે પોતે હજમ કરી જતો, કે જે તેને કરકાકરકીના વખતમાં કોઈ વખતે ઘણીજ સરસ રીતે કામ લાગી જતી; પણ એમ ઘણો લાંબો વખત ચાલ્યું નહી. શીરીનના બુઝોર્ગ મમાવાને એક દીવસ સ્વપ્નુ આવ્યું, જેમાં તેની સ્વર્ગવાસી બેટી જાણે તેને રડતી ચશમોએ શીરીન તરફની તેની ભારે બેદરકારી માટે ઠપકો દઇ ગઇ. આથી તે ડોસો ચોંકી ઉઠયો. જોકે આ તો તેનાં મનનો એક ખાલી ખ્યાલ હતો, તોપણ તે વાતનો

વિચાર કરતાં તે બુઢો શીરીન સુખી છે કે દુઃખી, સારે ઠેકાણે છે કે ગાઠે તે સઘળાંની આટલાં આટલાં વરેસ સુધી કશી બી ખબર નહી રાખવા કે કાઢવા માટે પસ્તાવા પડયો. અને તે વખતે વરસ પુરૂં બી થવા આવ્યું હતું માટે જ્યારે તે નાણું ભરવા મુનીમની પેઢી પર ગયો ત્યારે પોતે તાકીદ કરી ગયો કે કેરસાસ્પ (દેલજંગ) નાં કેહવા પરજ એતબાર લાવી તેણે તેને આ સાલ નાણું આપવું નહીં, પણ શીરીનને પોતાને તેડી મંગાવી તેણે તે સુખી છે કે નહીં તે સઘળું તેણીને મોઢે બોલાવી પોતે ખાત્રી કરી લેવી, અને પછી ઘટે તોજ દેલજંગને નાણું આપવું નહીં તો નહીં.

એ પછી આપણે જોયું છે કે દેલજંગ જયારે નવાં સાલનો લવાજમ લેવાને તે મુનીમની પેઢીપર ગયો ત્યારે તેણે તેને કશું આપ્યું નહીં, અને તેની ખાત્રી કરી આપવા શીરીનને લઇ આવવા ફરમાવ્યુ, જ્યારે બીજો ઉપાય નહીં જોઇ દેલજંગ શીરીનને લેવા પેલાં ઝુંપડાંમાં ઘણે લાંબે વખતે ગયો, અને ત્યાંથી નીરાશ થઇ પાછો વલતો હતો તેવામાંજ શીરીન જોડે રસ્તામાં તેનો નહી ધારેલો મેલાપ થઇ ગયો અને તે તેને પોતા સાથે ગુલરંગ શેહરમાં લઇ આવેલો છે.

દેલજંગે શીરીનને વચન આપ્યું હતું કે તે મુનીમની દેલજંગના લાભમાં ખાત્રી કરી આપવેજ તે તેણીને નોઝર પાસ મોકલી આપશે, પણ શીરીનને તે ઉતારૂખાંનાવાલાની ઓસે મેળવી આપ્યા પછી દેલજંગ જ્યારે તે ઉતારૂખાંના માંહેલા પોતાના ઓરડામાં એકલો પડયો, અને રાબેતા મુજબ તે આખા દીવસમાં બની ચુકેલા સઘળા બનાવો યાદ કરવા લાગ્યો, ત્યારે તે પોતાનું એ ઉપલું વચન

બાદ ફરી પસ્તાવા પડયો. તેણે જોયું કે નોઝર પરીનના બાગમાં તેનો કટ્ટો વેરી થઇ લાગો હતો, અને એક તેવાનાજ હાથમાં શીરીન જઇ રહે તેમાં તેની પોતાની કશી સલામતી હતી નહીં, ને તેથી શીરીનથી પોતાનું કામ કાઢી લેવા પછી તેને નોઝરને ત્યાં નહીં મોકલવાનો—તે સુંદરીની એ સર્વોત્તમ ઉમેદનો ભંગ કરવાનો, અને તેણીનો કાંઇ સહવારે ઉઠીને એ ધારેલાં કામથી પરવાર પામીને, બીજોજ રસ્તો કરવાની જોગવાઇ શોધી કાઢવાના ઠરાવથી તે બેવચની ચોર સુઇ ગયો.

ખુબસુરત શારીન ! તે પણ ઉંઘે છે. તે થાકી ગઇ છે. આજની મુસાફરીની બાબદમાં તેણીનાં તનને તેમજ મનને એટલી મેહેનત મલી છે કે હાલ તે ખુશ નિંદ્રામાં છે, અને તે નિંદ વચ્ચે તે પોતાના પ્યારા નોઝરના–તેને જઇ મલવાનાં સુખના વગેરેના સ્વપ્ના, આવતી કાલની સહવારે તેને જઇ મલવાની ઉમેદમાં, જુએ છે–પણ સહવાર પડતાં પોતાનું કામ કાઢી લઇ એ તે સુંદરીની ઉમેદ તો પેલો બેવચની ચોર ભાંગી નાંખવાનો છે;–પણ ચિંતા નહીં. માણસ ધારે છે શું ને ખુદાતું કરવું છે શું;–દેલજંગ દેલજંગના વિચારોમાં રમતો હશે, શીરીન શીરીનનાં વીચારોમાં રોકાયલી હશે, પણ સૌથી સારૂં શું છે તે એકલો તે કારતાર જાણે છે !

પ્રકરણ ૨૫ મું.

શીરીનના સંકટનું સુખભર્યું સેવટ.

સુંદર શીરીન બીજી સહવારે સકાળે ઉઠી, અને ઉઠી તેવીજ પોતાની આસપાસ નજર નાંખતાં તેને સઘળું નવું દીસ્યું તે જોઇ તેણી પોતે જાગે છે કે ઉંઘમાં સ્વપ્નો જુએ છે તે વિષે તેણીને વહેમ પડયો; પછી રફતે રફતે ગઇ કાલના સઘળા બનાવો તેણીને યાદ આવી ગઇ.–તેણે યાદ કર્યું કે ગઇ કાલે તે નોઝરની સાહ્રા-રવારમાં રોકાયલી હતી ત્યાંથી તબીબોએ તેણીને ગોંહોંસ કરીને ખુલ્લી હવામાં લગાર લટાર મારી આવવાને મોકલી, જ્યાંથી પેલો કેરસાસ્પ (દેલજંગ) તેણીને જબરીથી અતરે ઉપાડી લાવ્યો અને આ એક ઉતારૂખાનામાં રાખી છે, અને એ સઘળી બાબતોની યાદ મનમાં આવતાં વળી પાછી એક વાર નોઝરની દુઃખભરી બીમારી તે અસીલ બાળાને યાદ આવી, અને તેથી વળી તે બલાપાના આંસુ પાડવા લાગી. ત્યાં તેને માટે સઘળાં કેવી ચીંતા કરતાં હશે તેનો વિચાર કરતાં જે ચીંતા શીરીનને થઇ તે ચીંતાથી તે ચાતુરીનું ચંચલ મગજ ચકભ્રમ થઇ ગયું, અને તેથી જેમ તે વધારે વીચાર કરતી તેમ વધતી દુઃખી થતી. તેણીને એક પલ એક વરસ, ને એક કલાક એક જમાના જેવો લાગતો, પણ તેથી શું થયું ?

અંતે રડતી આંખે તે બદકારને બસ પડેલી છોકરી પોતાનાં બીછાંણાપરથી ઉઠીને ઉભી થઇ, અને ચા–પાણી વગેરે કરી લીધા

પછી એ કલાકમાં તે દેલજંગ જોડે જવાને તૈયાર થઇ. બારણાં આગલ ગાડી બોલાવવામાં આવી, અને તેઓ બંને જણે પેલા ૬૨ સાલના ૫૦૦૦ દેરમ આપનાર મુનીમ તેહેમાસ્પની મોટી પેઢી તરફ ચાલુ મુક્યું. રસ્તે જતાં દેલજંગે પોતાનો હક વધારે મજબુત કરવા શીરીનને તેણીનાં વચનની યાદ આપી. "શીરીન," તે બોલ્યો, "તપાસજે હો. કાંઇ ફાડું ફાડું બોલતી ના. ટુંકમાં તેને એકજ જવાબ આપવો કે હું આ મારા રખેવાલ કેરસાસ્પની સંભાલ હેઠલ સુખી છું, અને મને ફરીઆદ કરવાને કશું કારણ નથી. એ ગઇ કાલે તેં કરેલા તારા કરાર ઉપર ચોક્કસ ધયાંન આપજે."

"અને તમો પણ તમારો કરાર યાદ રાખજો," શીરીને ઘણીજ ફગલીને કહ્યું; "હું હયાં છું પણ હયાં તો મારા જીવનું ખાલી ખોખું માત્ર છે, અને મારો જીવ તો ત્યાં મારાં વાહાલાંઓમાં ભરાયો છે. મને ત્યાં તમારા કરાર પ્રમાણે હવે તુરત મોકલી આપજો."

દેલજંગે એ અરજ નહીં સાંભળવાના ઢોંગ કર્યા. શીરીન બોલતી હતી તે સઘળો વખત તે કાંઇ દુરની ચીજ ઘણીજ નીહાળીને ધ્યાંનથી જોવામાં તન મનથી ગુંટાઇ ગયો હોય તેમ ડોકું ગાડીની બાહેર કાઢી અમસ્તું એક ચોકકસ જગ્યાએ ટીકી ટીકીને જોતો બેસી રહયો, અને શીરીનને કશો જવાબ તેણે આપ્યો નહીં તેટલાં ગાડી પેલી પેઢી આગલ આવી પુગી.

શીરીન અને દેલજંગ પેઢીપર ગયાં. મુનીમ તેહેમાસ્પ તુરતનોજ આવેલો હતો. એ મુનીમની વાંચનારને નવી ઓલખાણ કરાવવી પડે એમ નથી. એ મુનીમ પાસે દેલજંગ એક વાર પોતાના

એ પાંચ હજાર દેરમની ઉધરાણીનાં નાણાં લેવા આવી ગયો હતો, ને તેણે તેને શીરીનને લઇ આવવા ફરમાવ્યું હતું તેનીજ યાદ આપી આપણે આગલ વધીશું.

મુનીમની પેઢીનું દીવાંનખાનું ઘણા ભપકામાં આરાસ્તા કરેલું હતું, અને ત્યાં ઘણાક કામદાર માણસો બાહર હારની હાર કામે વળગેલા હતા તે પરથીજ જણાતું હતું કે તેની પેઢી ઉપર કરોડોની રોજની ઉથલપાથલો ચાલતી હતી. મુનીમ શીરીન અને દેલજંગને જોતાંજ શીરીનનાં માન ખાતર પોતાની જગ્યાપરથી ઉઠીને હેઠો આવ્યો, અને પછી બંનેને બાઆબરૂ ખુરસી આપી બેસાડયાં.

"આ બાનું શીરીનને હું તમારી ખાત્રી કરવા લઇ આવ્યો છું, મુનીમ તેહેમારપ," દેલજંગે બેસતાં બેસતાં હસીને કહયું; પણ મુનીમે તેને જવાબ દીધો નહી, તે તો શીરીનના સુંદર સ્વરૂપ તરફ ટીકી ટીકીને જોવામાંજ ચકચુર થઇ ગયો હતો. શીરીનની અપાર ખુબસુરતીથી તે છક થઇને હેરત રહયો. શીરીનની માતાને એ મુનીમ બરાબર પીછાંણતો હતો, અને તેથી શીરીનમાં શીરીનની તે કમબખ્ત માતાની પ્રગટ પડેલી સબી જોઇ મુનીમની અકકલ જાણે ગુમ થઇ ગઇ, અને તેથી તે અચરતી અને વખાણની આંખે તેને જોતોજ રહયો, જયારે શીરીને તેનાં એ ટીકવાથી શરમાઇને જયાં વેર નીચું જોયું નહી ત્યા વેર તેને તે બાબે સુધ્ધ આવી નહી !

"બાનું, તમારાં સુખને સારૂં એક ચોકકસ ઠેકાણેથી દેરમ અપાયા જાય છે તે વાત તમને રોશન છે?" ખુદા તેહમારપે હવે સુધ્ધ ઠેકાણે લાવી સવાલ કીધો.

"હાજી, તે વાત મેં ગઇ કાલેજ જાણી," શરમાલ શીરીને ઝીણા સાદે અને નીચી નજરે જવાબ દીધો, "પણ તે કોણ આપે છે અને કાંય આપે છે તે વાત હું હજી જાણતી નથી."

"ત્યારે તે વાત તમારાથી વધારે વાર છુપાવવાની મને કશી જરૂર નથી," મુનીમે તેણીની સાલેસાઇથી ખુશ થઇ જઇ કહયું, "બાઇ તે રકમ તમારા બુજોર્ગ મમાવા દર સાલ આપ્યા જાય છે."

"મમાવા ?" શીરીને દઘાઇને કહયું; "મારી માદરના બાપ ! અને તે છતાં તેવણે મને કોઇ દહાડે પોતાનાં ઘરમાં બોલાવી નથી ! અરેરે !" શીરીન સઘળું વીસરી જઇ ઉસ્કેરાઇ આવીને બોલી, "હું આવી આફતની આફતમાં રહી અને તેવણે મને એક મમતાના સુખ-નથી, એક મીઠી ચશમથી-ના, પોતાની હસ્તીથી બી મને આજવેર બેન-સીબ રાખી !ઓ , મેં કદી કોઇને દુ:ખ દીધું નથી, કદી કોઇને વાંકો સુખન કહયો નથી," અને હયાં શીરીન રડી પડી, "અને તેઓ મારા મમાવા છતાં, કહો ભાઇ, કે મેં તેવણનો એવો તે શું અપ-રાધ કર્યો કે તેવણે મને એટલી નીવારી મેલી ?"

"બાઇ," તે મુનીમે ઘણીજ મમતાથી કહયું-કાંજે તેને શીરીનનાં ઉપલાં છેલ્લાં જોસભર બોલવાથી ઘણુંજ લાગી આવ્યું હતું-"બાઇ, તમારો વાંક કશો થયો નથી, પણ તે તમારાં માતા પોતાના બાપની મરજી ઉપરાંત પરણેલાં હોવાથી તેઓએ તેવણને, તેઓના ખાવંદને અને તેઓનાં બચ્ચાંને સૌને એક બારે કસમ લઇ નીવારી મેલ્યાં છે."

શીરીને કશો જવાબ દીધો નહી. તે રડતી બેસી રહી, પણ તેથી તો પેલા કરપીન દેલજંગનું પાકી આવ્યું.

"એમ એવાં નકામાં તાહેલાં અને બચ્ચાં સહી દેખાવોથી મારો કીંમતી વખત તમો લોક લેવા માંગશો તો મારા કામનો છેડો ક્યારે આવશે?" તેણે મુનીમને ડોલા કાઢી પુછ્યું, આ સવાલથી શીરીનને પણ સુધ્ધ આવી. અને તેણીએ પણ જોયું કે ત્યાં જે કામે તે આવી હતી તે કામનો જેમ જલદી નીવેડો આવે તેમ ભલું, કે તે પોતાના પ્યારા નોઝર આગલ વેહેલી પાછી જઇ શકે, અને તેથી તે પેલા મુનીમ તરફ ફરીને બોલી, "કહો ભાઇ, મારૂં શું કામ છે?"

"હમણાંજ તમો બોલ્યાં," તે મુનીમે યાદ કરી કહયું, "કે તમારાપર આફતની આફત ગુજરી તે બીના શું છે? શું આવી નાદર રકમો અપાતી હોવા છતાં તમો સુખમાં રહયાં ન હતાં? કહો મને કે તમે ક્યાં અને કોણ જોડે રહેતાં હતાં?"

"હું મુલ્કેહનાવરની સરહદ ઉપરનાં એક ઝુપડાંમાં તેના માલેકો સંગાથે રહેતી હતી," શીરીને સચ્ચાઇભરી સાદાઇથી કહયું.

"એક કંગાલ ઝુપડાંમાં," મુનીમે અચરત થઇ પોકારયું,— અને જાણે ખુલાસો ચાહતો હોય તેમ દેલજંગ તરફ તેણે નજર નાંખી, અને પછી પાછું બોલ્યો; "શું તે માણસો આબરૂદાર હતાં?"

"પૈસાના લોભનાં પાપથી તેઓ બુરાં થયાં હતાં, નહીં તો મને ફરીયાદ કરવા જેવું કાંઇ નથી," શીરીને કહયું.

"બુરાં!" મુનીમે એ બોલ ભારથી દેલજંગ તરફ ફરીને પાછો બોલી બતાવ્યો, અને પછી બોલ્યો, "વારૂ હજી તમો ત્યાંજ રહેવાને રાજી છો?"

"પણુ એવા લાંબા લાંબા સવાલો સાથ તમને કામ શું છે?" દેલજંગે બાજી બદલાતી જોઇ ગભરાઇને કહયું.

"સાહેબ," શીરીને દેલજંગનાં બોલવાપર ધ્યાંન આપ્યા વના કહયું, "હું તેને માટે હા કે ના કહી શકતી નથી. તે ઝુંપડું તો બલીને ખાખ થઇ ગયું છે."

"અને તેનાં પેલાં બુરાં માલેકો?" મુનીમે પુછયું.

"તેઓ ધણી-ધણીઆંણી હતાં," શીરીને સમજાવા માંડયું, "અને તે પુરૂષે એક જવાંન ઉતારૂનું ખુન કરવાનો કસદ કીધો, જે ખુન કરવા જતાં તે પોતેજ પોતાનાં પાપનો ગારેલો ખુનનો ભોગ થઇ પડયો!"

"સાહેબ," મુનીમ ડોલા કાઢી દેલજંગ તરફ જોઇ હવે ગુસ્સાથી બોલ્યો, "આ નાવારેસ નીરદોશ નારને તમે કેવાં સુખમાં-કેવાં આબરૂદાર માણસો વચ્ચે રાખી હતી તે તમારા કાન ખુલ્લા રાખી સાંભળતા રહો!"

દેલજંગ આ ઉપરથી ગુસ્સાભર કાંઇ ખીજવાઇને જવાબ દેવા જતો હતો, પણુ તેટલાં તે મુનીમના એક નોકરે આવી કાનમાં તેને કાંઇ કહયું.

"અજબ છે!" મુંનીમે તે નોકરને સાંભળી લઇ મોટે સાદે કહયું, અને પછી દેલજંગ તરફ ફરીને બોલ્યો, "આ બાઇના મમાવા પોતે અચબુચ હગણાં મને મલવા આવ્યા છે. તેઓ તમને હવાં જોઇ રાજી થશે નહીં, માટે મહેરબાંની કરી આ પાસેના

ઓરડામાં તુરત પેલા જતા રહો.—નહીં, ઓહોંસ ના કરો, એટલું મારૂં માંનો." અને એમ કહેતાં મુનીમે અચરત થયલા દેલજંગનો હાથ પકડી ઉઠાડી પાસેજ એક ઓરડાનું બારણું હતું તે ઉઘાડી તેમાં તેને હડસેલી દીધો, અને બારણું તુરત બંધ કરી દઇ બાહારથી સાંકલ દીધી.

પેલા હાથ પર શીરીન પોતાનો મમાવો ત્યાં આવ્યો છે એ વાત જાંણી, તથા દેલજંગના બાબમાં બનેલા બનાવો જોઇ ગભરાઇ ગઇ. તે તે મુનીમને કગલીને કાંઇ કહેવા જતી હતી, પણ તેણીને વખત મળ્યો નહીં:-તેટલામાં શીરીનનો મમાવો ત્યાં આવી ચઢયો, અને શીરીન મમતાના ઉછાલા સાથ અચરતીથી અને તે ડોસાનો ક્રોધના ડરથી દંગ થઇ દધાઇને બેઠી!

શીરીનનો મમાવો મુનીમના ઓરડામાં આવ્યો હતો, પણ તેણે ત્યાં તેની પાસે એક ચંદ્રમુખી નારને બેઠેલી જોઇ ત્યારે તે રોકાંણમાં હશે એમ માંની, તે "કાંઇ નહી, તમારૂં કામ કરી લેઓ, સાહેબ!" કહીને પાછો વલવા જતો હતો, પણ મુનીમ આગલ દોડી જઇ, તેનો હાથ પકડી તેને તેડી લાવ્યો.

"આવો સાહેબ, આવો મુરબ્બી," તે મુનીમ તે શેઠને માંનથી આવકાર દઇ બોલ્યો; "વળી પાછા શાંના વલતા હતા? હયાં કોણ છે જે! આ તો મારા ભાઇની બેટી છે, અને એણીની હાજરીમા વાત કરવાને જરાએ અચકાશો નહીં." અને એમ કહેતાં તેણે તે ખુદા લાવી શીરીનની બરાબર સાંમે ખુરસી આપી બેસાડયો, અને પોતાની વચ્ચેની બેઠક ઉપર તે પોતે બેઠો.

શીરીનનો ભમાવો એક પાંસઠ વરસનો વૃધ્ધ ઉમરાવ હતો. તેના સઘળા બાલ પાકીને સફેદ થઇ ગયા હતા. અને તેનું સફેદ કપાલ પોહોલું અને ચલકતું હતું. તેની કાઠી સારી હતી, અને આટલો ઘરડો છતાં તે કમરે ટટાર હતો. તે હાથમાં એક સોનેરી મુઠની લાકડી લઇ ચાલતો, અને તેના દેખાવ પરથીજ તે એક દબદબાભરેલો કરોડપતી આસામી જણાઈ આવતો.

"કેમ સાહેબ, શી ખબર છે?" મુનીમે તે ડોસો-કે જેનું નામ બેહેરોઝ હતું તેને બેસાડયા પછી હસીને ખેરઆફીઅત પુછી.

પણ બેહરોઝ-શીરીનના ભમાવા-એ તેને કશો જવાબ દીધો નહીં. તે પણ પેલા મુનીમનીજ પેઠે સુદ્ધ બુદ્ધ વીનાનો થઇ ગયો. તે પણ શીરીનને ધારીધારીને જોવા પડયો, અને જોતાં જોતાં તેની છાતી જુસ્સાઓથી ઉંચકાઇ જતી જણાઇ!

"આએ-આએ તમારી ભત્રીજી છે, મુંનીમ?" તે અચકાતો અચકાતો પુછવા લાગ્યો; "હેં મુનીમ સાહેબ, આએ તમારી ભત્રીજી છે?"

"હા સાહેબ," મુનીમે હસીને કહ્યું, "એવણ મારાં ભત્રીજી છે,-પણ કેમ, કાંઇ આપ અચરત થાઓછ?"

"નઃ ન-નહીં, એવણ ધ-ઘણુંજ ખુબસુરત છે," તે ડોસાએ શીરીન તરફ ટીકતાં ધીમે ધીમે વિચાર કરી બોલતો હોય તેમ હરફે હરફ છુટો પાડી બોલી જવાબ દીધો; "મ-મ મુનીમ, એવણને મેં આજવેર જોયાં કેમ નહીં? એઓ મારી મરનાર બેટીની હુબહુ તસવીર છે!"

"હાજી સાહેબ," મુનીમે કહયું. "જાણે બીલકુલ તેજ, અને તે મરનારની હયાત બેટી પણ એવીજ છે."

હજી તે ડોસાએ શીરીનના સુંદર મુંખડા ઉપરથી આંખ ખસેડી ન હતી. હજી તે તેણીની તરફ ટીકતોજ જવાબ આપ્યો જતો હતો.

"શું તે મરનાર મારી બેટીની બેટી ?" મુનીમનાં છેલ્લાં કહેવાથી ઉશ્કેરાઇ આવી બેહરોઝે પુછયું; "તેને તમોએ જોઇ ? કાંહાં ? કયારે ?"

"હયાં; હમણાંજ," મુનીમે મુછમાં હસીને કહયું; "તમોએ મને તે બાનુ કેરસાસ્પની સંભાલ અને દેખરેખ હેઠળ સુખી છે કે દુઃખી તે વિશે મારી ખાત્રી કરી લેવા કહયું હતું તે મુજબ મેં તેણીસે મેલાપ કર્યો છે."

"અને તે પોતાની મરનાર માતા જેવીજ—આ સાંમે બેઠેલી બાઇના જેટલીજ ખુબસુરત છે ?" બેહેરોઝે આંખમાંથી એક આંસુ લુછી પુછયું.

"તે એક શોભીતી સદગુણી ખુબસુરતીની મુર્તી છે. તેણીની અદબ, અદા, મીઠાસ, મરવત, મર્યાદા, સાલેસાઇ, સદગુણ, નેકી, અને નગનતાઇથી મારાં મનપર એક એવી તો—"

"બસ, બસ, મુનીમ," બેહેરોઝે દુઃખી થઇ કહયું; "એ વાત માંડી વાલો. તેણે કરી મારાં દીલમાં જખમો થાય છે."

"નામવર સાહેબ, મને માફ કરજો, પણ મને કહેવા દેઓ," મુનીમે ઘણીજ માનભરી ગંભીરતાથી અસરકારક સાદે કહયું. "મને

કહેવા દેવો કે તે તમારી બેટીની બેટીને પારકે આધારે—દુઃખમાં—હીણાયેલી હાલતે પરઆધીન પાપીઓ વચ્ચે રાખી મેલ્યાથી તમો તે નીર્દોષ નારને ભારે ગેરઇનસાફ કરો છો. સાહેબ, વાંક જો કાંઇ હોય તો વાંક તેણીની માતાનો છે, અને માતાનો વાંક પણ જબુન નથી. તેણીએ પોતાની કોઇ બદ ચાલથી કુલને કલંક લગાડયું નથી. દીલનાં ખેંચાણથી દોરાઇ જઇ તે તમને નાફરમાંન થઇ એ વાત ખરી, તમારી મરજી ઉપરાંત એક નાલાયક પુરૂષને પરણી અને પોતાના ભવનો તેણીએ નાશ કર્યો એ વાત પણ ખરી, પણ હયાં તેણીના વાંકનો છેડો આવે છે. એથી વધારે વાંક તેણીએ કીધો નથી—એથી વધારે આડી ચાલ તેણીએ ચલાવી નથી, અને તેણીને તમોએ જે સજા કરી છે તે તરફ હવે જુઓ। તેણીને તમોએ ઠોકડે મારી છે એટલુંજ નથી, તેણીનું નામ નીવારી મેલી તમારા પ્યાર અને પઇસાથી તેણીને બેનસીબ રાખી છે એજ નહીં, તેણીને નીરાધાર, એકલી, એકાંત જગ્યાએ કલવાતી, રડતી, તલવલતી મરવા દીધી છે તેજ નહી, પણ તમોએ તેનાં નાવારેસ નીર્દોશ બચ્ચાંને—એકનીએક ચેહરેનમુન પરીપેકર બેટીને, તે ચંદ્રમુખી બાળાને પણ પારકે આધારે નીચગાંનીચ માણસો સંગાથે રવડતી કીધી છે, અને જો નીચ સંગતમા તે ખરાબ રસ્તે ઉતરી ગઇ હતે, અથવા કદાપી કમનસીબે હજી પછી ઉતરી જાય તો તે ભારે પાપનો દોષ તમારી ગરદન પર ઓછો રહેશે એમ નથી।"

"બસ—બસ—બસ, મુનીમ," તે ડોસાએ રડતાં રડતાં કહયું, "કેટલું બોલશો? તમારો બોલેબોલ મને વીંધી નાંખે છે તે તો

જુઓ ! અરેરે, હું દુઃખીની વાત સાંભળી પેલી સાંમી બાજુએ બેઠેલી દયાળુ દીલની તમારી ખુબસુરત ભત્રીજી નાહક નવધાર આંજુએ રડે છે તે જોઇને તો મુંગા રહો ?"

અને ખરેખર ગરીબ શીરીન દયામણું હયકાં ખાઈ રડતી હતી. પોતાની માતાને લગતો એહવાલ–માતાના પીતાનો કેહેર–અને તે ભમાવાની છુટી રડતી ચશમો–એ સઘળાંથી તે સકુમારી સુંદરી પણ રડતી હતી, અને એ દેખાવ જોઇ મુનીમની આંખમાં પણ આંસુ આવી ગયાં.

"હુ નહીં બોલ્યો," તે ભલાં દીલના મુનીમે તાતે ઘાએ ફતકો મારવાની આ અચ્છી તક હાથ કરવા તુરત આંસુ લુછી નાખી પાછું ચલાવ્યું, "હું આજવેર નહી બોલ્યો. તમો નામવરના કેહેરથી હું મનમાંજ મુંજાઇ રહયો, પણ આજે જયારે આ મારી ભત્રીજીને જોઇ તમો નામવરને તમારી તે કમબખ્ત બેટીની યાદથી મેં દુઃખી થતા જોયા ત્યારે તમારાં દીલમાં તે સુકાઇ રહેલા દયાના ઝરાને પાછો વ્હેતો બનાવા અને તમારી નીરદોશ બેટીની બેટીના બચાવમાં બે બોલ બોલી ધરમના હોઠ હલાવવાને હવે મને ફરજ પડી છે. સાહેબ, હજી બી અસુરું થયું નથી. હજી બી ચેતો–હજી બી ચોંકો, અને જે દીકરીને વગર વાંકે આપસાહેબે પાપ વચ્ચે પડતી નાંખી છે તેને તમારા પ્યારભર પાસામાં પાછી લઇ તમારી હકદાર બેટી તરીકે જગત આગળ જાહેર કરો અને તેને નામોશી અને ખાનાખરાબીથી બચાવો ! તેને–તમોને–તમારી મરનાર બેટીના રૂહને અને તમારા કીરતારને એ તમારી ખરી અને પેહેલી ફરજથી એકજ વખતે અને એકસરખી રીતે ખુશી કરો !"

"મુનીમ," બેહેરોઝે રડતાં રડતાંજ કહ્યું, "હું એક બોલનું માણસ છું. એક કમબખ્ત અવસરે ઉશ્કેરાયલી હાલતે મેં હેમકે પેલા ભારી કસમં લઇ લીધા, અને તેથી તે હવે મારાથી ફેરવી શકાતા નથી. તે કસમને માટે મને ઘણા પસ્તાવા થયા છે, પણ તે મારા કસમ તોડી તે કીરતારની જનાબમાં નીચો બનવાને મારૂં દીલ થતું નથી."

"કીરતારની નજરમાં તમારા તે કપાત્રં કસમ તોડવાથી તમો નેક નામવર નીચા થવાના નથી, પણ ઓર એ તમારાં ભલાઇનાં કામથી તે ખાવંદ ખુશી થશે," મુનીમે કહ્યું. "શેઠ, હું કમતરીનનું એટલું માનો, અને આ એક ભલાઇનું, એક ખરાં પુનનું કામ કર વાને હવે ઘીલ ના કરો."

"તેહેમાસ્પ !" બેહેરોઝે રડતી આંખે ઉઠી મુનીમનો હાથ પ્યારથી પોતાના હાથમાં પકડી કહ્યું, "હું તારો શું પાડ જાંણશ? આ તારી ભલાઇથી ભરપુર શીખામણો સારૂ હું તારો શું ઉપકાર માનશ? પણ લાવ ભાઇ, લાવ તે મારી બેટી—"

તે વધારે બોલવા પામ્યો નહીં. દચકાંથી તેનાં સુખનોનો છેલ્લો ભાગ સમજયો પણ નહીં. તે ઉઠીને ઉભો થયો, અને પોતાનો રૂમાલ આંખમાં દાબી દીધો, અને જયારે તે તેણે કાઢયો ત્યારે પોતાની નજદીક રડતી આંખે એક દીલરૂબા છોકરીને પોતાના પગ પાસ તેણે ગુંઠણપર પડેલી જોઇ!

"મારા મુરબ્બી, મારા મમાવા, મારા પીતા!" એટલાજ સુખનો જુસ્સાથી ઉસકેરાઇ આવી તે ગુંઠણપર બેઠેલી સુંદર બાળા બોલી શકી.

"બેટી–મારી બેટી!" અને બેહરોઝ અને શીરીન ભેટી પડયાં.

જેઓ ભલાં હોય છે તેઓને ભલાઇમાંજ સુખ ગળે છે. ભલા તેહેમારપને ઉપલા અસરકારક બનાવથી કેવો સંતોષ–કેવું સુખ થયું હશે તે લખવાને અમો અશકત છીએ. તે બાપ-બેટીના વિયોગનું આ સુખી સેવટ–આવો પ્યારભર મેળાપ લાવી અને કરાવી આપવાનું મોટાં પુનનું કામ તેણે કીધું છે એ મગરૂરીભરેલા વિચારમાંજ તેની ભલાઇનો બદલો હતો!

"બેટી, મારી બેટી! તું મને માફ કરશે કે?" બુઝેર્ગ બેહેરોઝ રડીને બોલ્યો, "આ મારાં ઘોર ઘાતકીપણાં માટે મને તારી મરનાર માતા માફ કરશે કે?"

"મુરબ્બીજી, મારી તે મરનાર દુ:ખી માના તરફથી તેઓએ કરેલા અપરાધ માટે મને માફ માંગવા દેઓ," શીરીને ઘણીજ મમતાથી કહયું. "માફ માંગવા જેવું તમોએ કીધું નથી. અત્રે હાજર થઇ તમારા બુઢાપા વચ્ચે તમને સંતાપ પેદા કરવા ખાતર માફ તો મને માંગવાની છે!"

"આહા!" બેહેરોઝ અચરત થઇ બોલ્યો, "કેવો ખરો ખજાનો, તે કીરતારની કેવી બેમુલી બક્ષેશ મારા હાથ આગળ હોવા છતાં હું અંધ પાપીએ બોટા અંધાપામાં આટલાં આટલાં વરસો સુધી તેને હાથ લંબાવી હાથ કર્યો નહીં! એકાંત એકલી કંટાળાભરી જીંદગીમાં આ ખીલતા ગુલાબને કેવી કંગાલીયતમાં મેં કરમાયા કરવા દીધો, અને મારાં પોતાનાં સુખને મેં આંધળાએ જાણી જોઇને ઠોકડ મારી! મુનીમ! મુનીમ!" તે શીરીનને હજી સુધી પોતાની

ગોદમાં ચાંપીને પકડી રહી મુનીમ તરફ ફરી બોલ્યો, "મુનીમ! આવો એક ખજાનો આપી દેવા સારૂ હું તારો કેમ આભાર માનશ? કહે બેટી–કહે મારી દીકરી શીરીન, કે તારા ઉપર આવા સેતમો ગુજારવા દેવાનો બદલો હું કેમ વાળી આપશ?"

"કદી ગઇગુજરીની યાદથી તમારાં બુઢાં હાડને નવા સંતાપથી દુઃખી નહીં કરવાથી, મારા મુરબી," શીરીને મમતાથી કહ્યું. "તે દુઃખી જમાનો યાદ નહીં કરવે હું સઘળો બદલો મળેલો સમજશ."

"આફરીન! મારાં બચ્ચાં આફરીન તારી અક્કલ પર!" બેહરોઝે પોતાની બેટીના એ છેલ્લા જવાબથી ખુશ થઇ જઇ આફરીન કરી; અને હવે તે મુનીમનો ફરી ફરીને પાડ માની પોતાની બેટી શીરીન જોડે પોતાના મેહેલમાં જવા નીકળ્યો. પોતાની દીકરીનો હાથ, જાણે તે હવે પાછી નાહસી જવાની હોય તેમ, પોતાના હાથમાં ખુબ ચાંપી પકડી તે બોલ્યો, "ચાલ દીકરી, આપણાં મકાંને જઇ હું તારી સઘળી કેફીયતથી નીરાંતે વાકેફ થાઉં, અને પૈસા ટકાનાં સઘળાં સુખ અને દોરદમામ છતાં તે તુંવન ગોયા ખાલી પડેલાં સરખાં મારાં ગમગીન અગેવાંનને તું તારી હાજરીથી દીપતું અને ગાજતું બનાવી આપ!" —અને પછી તે શીરીનને લઇ મુંનીમ સાથે બાહેર નીકળ્યો.

પેઢીના દરવાજા આગળ તુરત એક મોટી ભભકાભરેલી તેજી ઘોડાઓના ગાડી સાંમી કોરથી ધસારાબંધ દોડતી આવીને ઉભી રહી, અને ખુશીથી ઉભાતાં જીગરે શીરીન પોતાના મહેલમાં–પોતાની માતાના ઘરમાં–પોતાના મમાવા સાથ જઇ પહોંચી.

બેહરોઝને અને શીરીનને બારણાં આગળથી વળાવી તે બહાં દીલનો તેહમારપ ખુશી થતો પાછો પોતાના દીવાનખાનાંમાં ગયો, અને ત્યાં જઇ પેલું બારણું ઉઘાડી દેલજંગને બોલાવ્યો. દેલજંગ તે સઘળી વાતથી થયલી ભારે કંટાલાભરેલી ધીલથી ખુબ ખીજવાઇ ગયો હતો. તેને જે ઓરડામા મુનીમે તુરત વેલા હડસેલી દીધો હતો તે તેને એક બંદીખાનાં જેવું લાગ્યું હતું, કાંએજે ઘણાંક ફાંફાં મારવા છતાં તે પાસેનાં મુનીમવાલાં દીવાનખાનાંમાં શું થતું તે કોઇ રીતે પોતે જોઇ શકયો નહીં. એટલુંજ નહીં, પણ બારણાંની કળ ઉપર ગમે એટલા કાનો કરવા છતાં અને ફરેકારપર ચહડવાનાં અને બીજાં તરેહવાર ફાંફાંઓ મારવા છતાં શીરીન, બેહરોઝ અને તે મુનીમ વચ્ચે થતી કશી પણ વાતો તે લુચ્ચો સાંભળી શકયો હતો નહીં; કે ત્યાંથી કેઠે બીજા ઓરડામાં નીકલી જવાનો તેને રસ્તો પાયો નહીં; અને તેથી એક પાંજરામાં ઘાલેલા રસ્તો શોધતા છેડાયલા સીંહની પેઠે તે તે ઓરડામાં આમથી તેમ ને તેમથી આમ જુસ્સામાં દોડયા કરતો, ને દોડતાં કંટાલી જતો ત્યારે બેસી જતો, ને વળી બેસતાં કંટાલી જતો ત્યારે પાછો ઉશ્કેરાઇ આવીને મુનીમને હજારોહજાર ગાલો ભાંડતો દોડવા માંડતો.

એ રીતે દેલજંગનું ઘણુંજ પાકી ગયું હતું, અને હવે જરા વધારે થાય તો કોઇ બી જોખમે પેલું બારણું આંચકા સમેત ભાંજી તે બાહેર નીસરવાને વિચાર કરતો હતો તેટલાંજ મુનીમે આવી બારણું ઉઘાડયું, અને તેને હાંક મારીને દીવાંનખાનામાં બોલાવ્યો. દેલજંગને ખાર તો એવો આવ્યો કે એક પાંજરામાંથી છુટેલા ખીજવાયલા

વાઘની પેઠે કુદકો મારી તે મુનીમનો ટોટો પીસી નાંખે, પણ સઘળાં પરીણામોનો એક પલકારામાં વિચાર કરતાં તે પકકા સાવચેત ચોરે 'લોહીનો ગોટ ગળી' તુરતવેલા મનનું સમાધાન કીધું, અને બાહેર આવ્યો. અલબત, આવતાંને વાર તેણે પોતાની આતુર ચશમો શીરીન બેઠી હતી તે ખુરસી ઉપર ફેંકી, અને તે ખાલી જોઇ તથા ઓરડામાં શીરીનને નહીં જોઇ તે તદ્દન ફીકકો પડી ગયો.

"કેમ શીરીન કયાં છે?" તે હવે ગુસ્સો નહીં દાબી શકવાથી તાતો થઇ મુનીમને પુછપરછ કરવા પડયો.

"તમો હવે સીધારો," મુનીમે ટકોરથી અનકા કીધા; "શીરીનની સંભાલ માટે હવે તમારૂં કામ પડવાનું નથી."

"એટલે?" દેલજંગે ડોલા કાઢી પુછયું.

"એટલે એટલેજ," તે ભોલા મુનીમે ખડખડ હસીને કહયું; "એટલે એમ કે શીરીનને તમારા કરતાં દસ હજાર ઘણી વધારે આબરૂદાર રખેવાલી મલી છે, અને તેણી પોતાના મહેલમાં ગઇ છે તેથી તમારૂં કામ નથી. ને વળી ખરૂં પુછ.વો તો પેહેલેથીજ તમારાં લક્ષણ મને પસંદ આવતાં ન હતાં, માટે હવે રસ્તો લેઓ-સાહેબ મેહરબાંન!"

"હે ચંડાલ!" દેલજંગ ખીજવાતના ખારનો એક ધીમો પણ ધારા સાદનો પોકાર મારી બોલ્યો, "તું જાંણેછ આમ તું કોણની મશ્કરી અને ઠેકડી કરવાની હીંમત કરેછ તે?"

"મને તે જાંણવા સાથે કશું કામ નથી," મુનીમે ધીકકારથી કહયું; "હું જાણું છું કે હું એક દગાબાજ લુચ્ચા સાથ વાત કરૂં

છું, જેને તેની મારા મકાંનમાંની મારાં તરફની તોછડાઈ માટે પકડાવા માંગું ને સજા કરાવા માંગું તો આ ઘડીએ તેમ કરૂં, પણ એક દયા તરીકેજ જવા દઉં છું; માટે હવે આએ રસ્તો—"અને એમ ઘણાજ ભપકાથી બોલી મુનીમ દમમાંજ બારણાં તરફ આંગળી કરીને પોતાનો ચોપડો ઉઠલાવવા પડયો.

દેલજંગ કશું કરી શકયો નહી. તેણે જોયું કે હમણાં હયાં ગડબડ કરવે વાત વધી પડશે તેથી તે તુરત વેળા કશું કરી શકયો નહીં, પણ એટલુંજ બોલીને ગયો, "હું જાઉછ, પણ મારા વેરસી મુદઇઓમાં તું મુજીનું નામ આમેજ કરીને જાઉં છ. કંગાલ! આ જે કાંઇ થયું છ તે તારાથીજ થયું છે, અને તેથી તું પર હું કેવો ખાર લેવશ તે તું જોશે, ને આજનો દહાડો યાદ કરી તું તોબાહ બોલશે!"

હયાં ગુસ્સાથી લાલ ચેહરે ઉશકેરાયલો, ઉતાવળો, દેલજંગ તે પેઢીઘરથી નીકળી ચાલ્યો.

મુનીમે તેણે છેલ્લે આપેલી ધમકી માટે કશું કીધું નહી. તેણે તેને પકડાવી સજા કરવા માંગ્યો હતે તો તે એક ઘડીમાં કરી શકતે, પણ માત્ર 'કોણ ખટપટમાં પડે' એવા વિચારથીજ તેણે તેને જતો મુકયો. તે દેલજંગે જતાં જતાં તેને આપેલી ધાસ્તીથી કાંઇ ડરી ગયો ન હતો;—બનવા જોગ છે કે જો તેને ખબર હતે કે તેના આગળથી હમણાં જે કોઇ તેને કીનાની ધમકી આપી ગયું તે પેલો પંકાયલો માહા કરપીણ લુટારો દેલજંગ છે તો તે આમ ઠંડે કલેજે બેસીને

તેની ધમકીપર મુછમાં હસ્તે નહીં, પણ માત્ર તેની ધમકીના બોજાથી જ ફુલી ખાઇ અધમુંવો થઇ જતે; પણ એ તેને ધમકી આપનાર જેને તે કોઇ સાધારણ માણુસ–કોઇ કેરસારૂપખીન–ગસ્તહમ નામના સાદા ગરીબ લુચ્ચાનેજ નામે ઓળખે છે–તે તો છુપે નામે ખરેખરો પેલો કરપીણુ દેલજંગ દલેર છે તેની તેને કેવા ને કેટલી થોડી ખબર છે!

પ્રકરણ ૨૧ મું.

એક તડાકો.

મુનીમ તેહેમારપની પેઢીપરથી દેલંજગ ખીજવાએલો, છેડાયલો બાહાર નીકળ્યો. તેની બાજી બગડી ગઇ હતી. તેની મકસદ ઉંધી વળી ગઇ હતી, અને દર સાલ વગર અડચણે ઘર બેઠાં તેનાં ગજવાંમાં ચાલી આવતી એક મોટી રકમની આવક તે આટલાં સેહેલમાં હારી બેઠો તેનો તેને ઘણો સંતાપ થતો હતો. એ સઘળાંનો દોષ તે પેલા બલી મનસનીના મુનીમ તેહેમારપપર મુકતો હતો, અને તેનો મોટો સંતાપ–પૈસા ગયા તે કરતાં પણ ઘણો વધારે મોટો સંતાપ એજ હતો કે તેણે તે લુચ્ચા મુનીમની ગરદન તેજ વેળાએ અને ત્યાંજ મરડી મુકી નહીં! પોતાનાં કામની વચ્ચે માંથુ મારી તેનાં કામને ઉંધું મારનારનું માથું તે તેજ વેળાએ ભાંજી શક્યો નહીં એનો દેલજંગને રસ્તે ચાલતાં જબરો બલાપો થતો હતો. તે જાંણુતો

હતોજ કે મુનીમ તેના સપાટામાંથી કદી બચી છુટવાનો નથી, ને મોડે વ્હેલે પણ તે તેની કરણીનો તેનાપર જબરો માર લીધા વના રહેનાર નથી, તોપણ હેલજંગનો સંતાપ માત્ર એટલોજ હતો કે તે તરત અને ત્યાંજ તે વાતનો માર લઇ ઇનસાફ મેળવી શક્યો નહીં.

અને એ સઘળા બનાવોએ હેલજંગ ઘણો ઉશ્કેરાયલો ઝડપમાંજ ચાલતો હતો, પણ થોડુંક સુધી જવા બાદ તેને એકદમ યાદ આવી ગયું કે બુઝોર્ગ અસપંદીઆરનાં ઘરમાંથી છુપે વેશે અને છુપે નામોએ જ્યારે તે આ અને એની આસપાસનાં શેહેરોમાં આવ્યો હતો ત્યારની તેણે પોતાની ચલણની લઢણ બદલી નાંખી હતી, અને પગમાં કાંઈ વાગ્યું હોય અથવા ઇજા થઇ હોય તેમ તે ખોડંગતો ચાલતો હતો જ્યારે હવણાં શીરીનને લગતી બાબદથી ઉશ્કેરાઇ આવવાને લીધે તે મુનીમ તેહેમારપની પેઢીપરથી બાહાર પડતાં તે લઢણે ચાલતાં વીસરી ગયો તે માટે તે મનમાં પસ્તાવા પડ્યો, અને તુરત જીવ ઠેડવી પોતે ધીમો પડ્યો અને ચલણ સુધારી નાંખી પાછો આગલ માફક પગ ઘસડી ચાલવા લાગ્યો.

વાંચનારને કહેવાની જરૂર નથી કે તેણે અસપંદીઆરનાં ઘરમાંથી આવતાં જે છુપો લેબાસ પેહેર્યો હતો તેજ લેબાસમાં ફેરવાએલીજ રૂપ તેણે હજી સુધી સાઉચેતીથી જાળવી રાખી હતી, અને એ પોતામાં ફેરફાર કરનારા દેખાવોમાં પોશાકના અને બીજા ફેરફારો સાથે ચલણની લઢણમાં પણ ફેરફાર કરવાને તેણે જરૂર જોઇ હતી તો તે એક બે પલ પણ વીસરી જવા જેવી બેખબરી બતાવા સારૂ તે કલાબાજ ચોર પસ્તાવો ખાઇ દલગીર થાએ એમાં નવાઇ નથી.

એમ ધીરે ધીરે ચાલતાં અંતે દેલજંગનાં મનનું પાછું સમાધાન થયું, અને તેથી તેની ઉશ્કેરાયલી હાલત જરા વારમાં પાછી જેવી ને તેવી શાંત થઇ ગઇ.

હવે દેલજંગ પગ ધસડતો ધસડતો અને લંગડાતો લંગડાતો એક મોટી ઇમારત આગળ આવી પોંહોંચ્યો. ત્યાં રસ્તાપર પુસ્કલ ગીરદી હતી, અને તે ઇમારતમાં તો ભાગ્યેજ જવાઇ શકાય એવી જગ્યા હતી. તે મોટું વેપારી બજાર હતું, અને તે મકાનમાં મોટો સટટો ચાલતો હતો. હજારો લોકો ત્યાં હજારોની ગટલમટલો કરવાને આવતાં હતાં, અને તે જોનો દેલજંગ લગાર વીચારમાંજ ઉભો થઇ રહયો તેટલામાં પછવાડેથી આવી કોઇએ તેના ખરડાપર આસ્તેથી હાથ માર્યો, અને દેલજંગે પાછું ફરી જોતાં પેલા મેહેરનોશ ને આજરવાલી પેઢીનો વડો આ મેહેરનોશજ તેની આગળ આવી ઉભેલો જણાયો! "ઓહો દોસ્ત ગોદરેજ," તે ભલા મેહેરનોશે પુછયું, "હજી તમો તમારા દોસ્ત આતબીન આગલ ગયા નથી? તેઓ તમારી રાહ જોતા હશેની?"

"નારે સાહેબ," દેલજંગે ઠાગાથી હસીને કહયું, "મેં કાગળ લખ્યું છે. મને અહી જરા રોકાંણ છે એટલે ધીલ થાય છે."

"અહીંયાં તમો સાહુબની સન્તો ખેલવા આવ્યા હશો," મેહેરનોશે હસીને પુછ્યું.

"જી હા સાહેબ," દેલજંગે આ તો બાજી બજાવવાના વીચારથી આડવ્યું; "આ રસ્તેથી જતાં જરા મન લલચાયું એટલે અંદર

જડ આઠ હજાર રોકયા, ને નસીબમાં હોશે તો ખોદાની બક્ષેશથી સતર હજાર કરીને હવણાંજ બાહાર આવ્યો."

"સતર હજાર!" મેહેરનોશે ખરાં જીગરની અચરતી બતાવી, "દોસ્ત ગોદરેજ, તમો તો કોઇ જબરા ભાગ્યશાલી જણાઓછો!"

"આપણી સાથે તો, શેઠ, નસીબ સદાનુંજ પાધરૂં છે," દેલજંગે પોતાની મતલબ કાઢી લેવા ઠાલી બડાઇઓ મારવાનું જારી રાખ્યું; 'તમારા સેવકનો આ હાથ ઘણો સબકતો છે."

"મારાથી અંદર જવાએ એવું નથી," મેહેરનોશે પેલી ઇમારતનાં બારણાં તરફ લાલચભરી નજર નાખી બલાપાથી કહયું; "શેઠ, જો તમો મારાપર મેહેરબાની કરીને—"

"તમોને હાલ તુરત કાંઇ ધીરૂં?" દેલજંગે તુરત ઠાગાથી ધરપચમાં ગજવાંમાં હાથ નાંખી કહયું, "હા, તૈયાર! કેટલા જોઇશે, મુરબ્બી? દસ હજાર? વીસ હજાર? કેટલા?"

"એક પાઇ બી નહી, મારા મેહેરબાંન રફીક," મેહેરનોશ ખુશ થઇ બોલ્યો; "તમો મારાપર એટલો બધો વીશ્વાસ મેલવા માંગો છો તે જોઇનેજ હું તમારો ઉપકાર માનું છું, પણ હું કાંઇ પૈસા માંગતો નથી. હું તો એમ કહું છું, કે તમો શેઠને હું ત્રીસ હજાર હમણાં આપું, ને તમો શેઠ જવાંન છો એટલે તગદી લઇ અંદર જઈ જો તમારા સબકતા હાથે એટલા—"

"અરે શાંની તજદી, મુરબ્બી સાહેબ?" દેલજંગે બેદરકારીનો ઢોંગ બતાવી હસીને કહયું–કે જયારે ત્રીસ હજારની નાદર રકમ તડા-

કામાં હજમ કરી જવાની ઉમેદ ઉપર તેનું પાપી જીગર અંદરખા-નેથી આશાભેર હરખના ઉછાળા મારતું હતું,—"દોસ્ત મેહેરનોશ, તમારી એટલી ખીદમત કરવાને હું તૈયાર છું."

"હું પોતેજ અંદર જતે ને તમોને તકલીફ નહીં આપતે," મેહેરનોશે કહયું, "પણ ગીરદીજ એટલી છે કે—"

"હા, અને હમણુંજ તમો જેવા એક ડોસાને બેસુધ્ધ હાલતમાં ગાડાંમાં નાખી અત્રેથી લઇ ગયા," દેલજંગે તે બુઢાને પુરો હેબ તાવ્યો, "અંદર એટલી તો ગીરદી છે કે સઘલા બુજોર્ગો ગુંગલાઇને તપોતપ બેસુદ્ધ થઇ પડે છે, ને તેઓને જીવવાની કશી આશા રહેંતી નથી."

"હા, એવું જોઇનેજ તમો રફીકને તજદી આપવી પડે છે," મેહેરનોશે કગલતે મોંઢે કાલાવાલા કરીને કહયું—"અને વળી તમો ભાઇનો હાથ બી ઘણો સબકતો—"

"વારૂં લાવો તો ખરા, જોઇશું, ખોદાએ છે," દેલજંગે ત્રીસ હજારની રકંમ જે બુઢ્ઢખ મેહેરનોશે સાચવી સાચવીને અને ગણી ગણીને તેના હાથમાં મુકી તે સપ દઇ કાંઇ હોયજ નહીં તેમ ગજવાંમાં સેડવી મેલતાં કહયું, "ખોદાય છે. ખોદા ચાહશે તો એના સાઠ હજાર કર્યા વના પાછો આવશ નહીં, પણ તેટલાં તમો શેઠ અહીંજ કેઠે ઉભા રેહેજો હો—કદચ અરધો કલાક થાય—કદાચ કલાકબી નીકળી જાય."

"ચિંતા નહી, ચિંતા નહી," મેહરનોશે નાણું પીયું હતુ માટે અધીરે, આશાભેર ઉમરથી કહયુ; "હું આ સામેના થાંભલા આગળ ઉભો છું. ફતેહ કરી આવો, મેહરબાન."

અને દેલજંગે હલેર ખોડંગતો ખોડંગતો ને પગ ઘસડતો ઘસડતો ધરપચમાં ને ધરપચમાં 'ફતેહ કરવા' પેલી ઇમારત તરફ ચાલ્યો, કે જ્યારે બુઝખ મેહરનોશની હસવા સરખી ભોલાઇ તરફ તે ભાગ્યેજ પોતાનું હસવું દાબી શક્તો. અંતે તે મકાનમાં તે ગુસ્યો, અને મેહરનોશની નજરે પડતો દુર થઇ ગયો. અંદર જઇ તેણે અહીં તહીં ફરીને એક કલાક પુરો કરવા માંડયો, અને એમ કરીને કલાકેક કાઢયા પછી ઇમારતમાંથી પાછો બાહર આવ્યો. બાહાર આવવા પહેલાં તેણે પોતાનો ચેહરો ઘણો જર્દ કરી નાંખ્યો, પછીજ મેહરનોશ ઉભો હતો તે તરફ ચાલ્યો. લગભગ એક કલાક ગુજરી ગયલો હોવાથી તે ઘણો અધીરો થઇ રહયો હતો, ને દેલજંગને ઇમારતના દરવાજામાંથી આવતો દેખી જેમ દોડાયું તેમ દોડીને તે સામે ગયો.

"કેમ દોસ્ત, શા સમાચાર?" તેણે મલતાંને વાર ઉલટથી પુછયું.

"બહુ ગાઢા," દેલજંગે ઘણા ગમખાર સાદે કહયું.

"હેં?" મેહરનોશે ગભેરાઇને કહ્યું; "શું સાઠ હજાર નહીં થયા?"

"અફસોસ કે તેનું અરધું બી હું કરી શકયો નહીં." દેલજંગે મનસે પણ મેહરનોશ આબાદ સાંભળે તેમ–બલાપો કીધો.

"પણ ત્યારે મુદ્દલેમુદ્દલ તો પાછાજ લાવ્યા કંની, દોસ્ત?" મેહરનોશે ધ્રુજતી છાતીથી સવાલ કીધો.

"તમારી પણએ પણ હું ખોહી આવ્યો છું, દોસ્ત મેહરનોશ!" દેલજંગે ઘણુંાંજ દુઃખથી કહયું.

"નખ્ખોદ, એ શું કહોછો, દોસ્ત?" મેહરનોશે સુમારવનાના ગભરાતથી કહયું,—અને પછી પોતાનાં મનને તાંણી તોડી તે સધ્યારો આપતો હોય તેમ કહયું—"હંઃ હંઃ દોસ્ત ગોદરેજ, હું સમજયો; તમો મારી મશકરી કરો છો. હેં-હેં-હેં! ત્યારે અંતે સાઠ હજાર—"

"મારા મેહરબાંન," દેલજંગે સમજાવીને કહયું, "હું હસતો નથી; એ હસવા જેવી બાબદજ નથી. પૈસાની વાત છે શેઠ, હસે શું?"

"ત્યારે શું તમે ખરેખર બધું ખોહી આવ્યા?" મેહરનોશે હવે ફગલાઇને ફીકા ફચ પડી કહયું; "કાંઇજ પાછું નહીં લાવ્યા?—નખ્ખોદ! નખ્ખોદ!"

"કાઇ નખ્ખોદ જેવું નખ્ખોદ!" દેલજંગે કહયું; "મારા શેઠ, તમારી મોહોકાંણમાં નાહક હું મરાગો. તમારા સઘળા ખોહયા ત્યારે તમને ઘણું લાગશે જાંણી તે મુદ્દલેમુદ્દલજ પાછા મેલવવા મેં મારી તરફથી મારા ત્રીસ હજાર રોકયા, ને હું ગરીબ કમબખ્ત તે મારા ત્રીસ હજાર બી રડી રહયો!"

"એટલું બધું?" મેહરનોશે અચરતી બતાવી.

"એથી બી વધારે," દેલજંગે તેને હબતાવાનું જારી રાખ્યું; "અંદર મારામાર છે. કોઇનું કાંઇ બચતું નથી. આજીજ બગડેલી છે ને સૌ ખાનાખરાબીના પારાવાર છે."

"અરે ! અરે ! કેવાં હીણુ ભાગ્ય જે નાહક આવી રકમ ખોહી બેસવા હું ચાલી ચલાવીને અહીંવેર આવ્યો," મેહરનોશે આંખમાંથી આંસુ લુછતાં કહયું.

"અને મારાં કેવાં હીણુ ભાયગ જે હું તમને મલી ગયો, ને તમારા ને મારા બેઉના ખોહી બેઠો !" અને એમ કહી હવે ઠગારા દેલજંગે આંસુ લુછયાં.

ગરીબ બીચારો મેહેરનોશ ! તે દેલજંગ જે કહેતો તે બોલે-બોલ ખરૂં માનતો. તેને દેલજંગમાં વિશ્વાસ હતો. તે તેને ગોદરેઝ નામનો કોઇ મોટી આબરૂનો દોલતમંદ વેપારી સંમજતો હતો, અને તેથી તેને લીધે દેલજંગને ખમવું પડયું માટે તે ભલા આદમીને એવડો બલાપો થયો !

"વારૂં દોસ્ત એ અંદર શું થયું તે માંડીને બધી વીગત તો કહો," મેહેરનોશે તે દુઃખની વાત પોતાના ભારે સંતાપ વચ્ચે જેમ તેમ તાણી તોડીને લાંબી કરાવી જ્યાં ત્યાંથી નહીં જેવો સધ્યારો પામવાની મકસદથી કહયું.

"નહીં મેહરબાંન." દેલજંગે હજી દુઃખનો દેખાવ જારી રાખી કહયું, "મારો જીવ બહુ ઉદાસ છે, તેથી હમણાં મને કશું સુઝતું નથી. વળી હમણાં મને આજ ઘડીએ બાહાર એક ચોકકસ ઠેકાણે ઘણીજ જરૂરની રોકાંણુ છે તેથી હાલ તો માફ કરો, અને હું બીજી વાર ફુરસદે તમો શેઠની પેઢીપર આવી સઘળું માંડીને કેહેવશ."

અને એમ કહેનો દેલજંગ હજી તો મેહેરનોશ તેને કાંઇ બીજું કેહેવા જાય તે પેહેલાં પગ ઘસડતો ઘસડતો ત્યાંથી નીકળીજ ગયો।

પ્રકરણ ૨૭ મું.

વાદળનું ઘેરાવું અને ફાટવું।

દેલજંગ મેહેરનોશને મુકી આગળ ચાલ્યો ને થોડા વારમાં જે ઉંતારૂખાનામાં તે આવી ઉતર્યો હતો ત્યાં આવી પોહોંચ્યો. ત્યાં પોતાના ઓરડામાં જઇ તેણે કપડાં ઉતારી બે ત્રણ કાગળો લખી કાઢી રવાના કર્યા. તે માંહેલું એક તેણે તેના પેલા પલેપલ ખોદાએજી પાસે ખેર કરાવતા હમશરીક દારાબપર, બીજું અસપંદીઆર અને મોદાબેપર, ને ત્રીજુ અને લાંબુ એક પત્ર તેણે દુઃખી પરીનપર લખ્યું.

પરીનને લાંબાં કાગલની ઘણી જરૂર હતી. તેણીનો પાપી જીવ પાપના ભાર હેઠલ દન પર દન છેક કચડાઇ મરતો હતો. તે નાર ધાસ્તી કરતી હતી કે રખેને તેણીની નીર્દોશતાનું જવાહીર લુટ-નાર ચોર-જેને એક ખરા ચોર તરીકે તે તો પીછાંણી ચુકીજ હતી તે-તેણીની સાથે દગો રમે અને પાછો નહીં ફરે, અને તેથી તેણીની એ ધાસ્તી વચ્ચે તેને સધ્યારો પમાડી શાંત રાખવા મત-લબ્યો દેલજંગ અવારનવાર તેણીને જુઠી સમજાવતોનાં કાગળો

લખ્યા કરતો હતો; પણ આ કાગળોમાં તેણે એક ખરા સધ્યારાનું સૌનો વચન આપ્યું હતું. તે કાગળોમાં તેણે સૌને બીજેજ દને શએરતાન શેહેર તરફ નિકળી પડવા જણાવ્યું હતું, અને તે ખરંજ લખ્યું હતું. તે બીજેજ દને પાછો જવાનો વિચાર રાખતો હતો, પણ તે વીચારમાં તે કેટલો ફાવે છે તે આપણે જોઇએ.

કાગળો લખી રેહેત્રા બાદ દેલજંગે ખાનું ખાધું, અને ખાનાંથી ફારેગ થયો કે તુરતજ તે ઉતારૂખાનાંના એક નોકરે તેના ઓરડાનું બારણું ઉંધાડી અંદર આવી કહયું કે તમો શેઠને કોઇ બે ગ્રહસ્થો જરૂરનાં કામસર તુરત મલવા માંગે છે; પણ તેટલાં તો બારણું ઉંધાડી તે નોકરની કેડેજ તે બંને 'ગ્રહસ્થો' દેલજંગના ઓરડામાં દાખલ થયા, ને તે જોઇ ખાંણાની રકાબીઓ ઉંચકી લઇ નોકર ઓરડામાંથી ચાલી ગયો.

દેલજંગ હવે તે બે ગ્રહસ્થોપર નજર નાંખીને ચતુર શખ્સે તુરત જોઇ શકયો કે તે 'ગ્રહસ્થો' છુપા લેબાસમાં સરકારનાં માણુસો હતાં; તોપણ જાંણે કાંઇજ જાંણુતો ન હોય તેમ તેણે તેમને બંનેને ખુરસી બતાવી ને પોતે બેઠો, ને તેઓ કોણ હતા ને શું કેહવા માંગતા હતા તે અજાંણ્યો થઇ પુછવા પડયો.

"સાહેબ," તે બે 'ગ્રહસ્થો' માંહેલો એક બોલ્યો, "અમો કશી પણ લાંબી ટુંકી વાત કર્યા વના અને કશું પણ છુપાવ્યા વના એકદમ કહેવા માંગીએ છીએ કે અમો સરકારનાં માણુસો છીએ, અને એક ચોકકસ શક ઉપરથી તમને પકડવાનું આ હોકમનામું મેલવી લાવ્યા છીએ."

"ભાઇઓ," દેલજંગે જરાપણ ગભરાત બતાવ્યા વના અજબ જેવી શાંતીથી કહયું, "તમો શું કહો છો તે હું મુતલગ સમજતો નથી. તમો કદાચ ભુલ કરતા હશો, ને જેને તમો પકડવા આવ્યા છો તે કદાચ હું નહીં હોવશ."

"તે વિષે જરાબી શક નથી, સાહેબ," પેલા બીજાએ મુછમાં હસીને જવાબ દીધો.

"પણ શું કરવા? શા વાંક માટે? કાંઇ સમજ પડે, દોસ્તો?" દેલજંગે ફરીને અચરતી બતાવાના ઢોંગ કર્યા.

"તમારો વાંક અમને કશો ખબર નથી, પણ એક ચોકકસ શક ઉપરથી તમો સાહેબને પકડી લઇ જવા પડે છે," પેલા પેહેલા બોલનારે કહયું.

"ત્યારે શું તમારા દેશમાં અમથા શકપરથી બી કોઇ મારા સરખા પેહેલે વાંધેના આબરૂદાર ગ્રહસ્થને પકડી લઇ જવાની નામો-શીભરી સતાવણી કરવાનો ધીકકારવાજોગ ચાલ છે?" દેલજંગે હવે નેણુ ચઢાવી પુછયું.

"એમાં ચાલ જેવું કશું નથી," પેલા બે માંહેલા એકે કહયું, "પણ આપણે સઘળો ખુલાસો કાજીની કચેરીમાં કરશું. તમો ત્યાં નિર-દોશ ઠરો તો તુરત તમને બાહોરમત છોડી મુકવામાં આવશે, ને તેથીજ તુરત વેલા અમો તમારી સાથે આટલી માનભરી વર્તણુક ચલાવીએ છીએ. જો તમો અમારી સાથે આવવાને ખુશી હો તો અમો કશી ગરબડ કરશું નહીં, ને આપણે ત્રણ દોસ્તો હોઇએ તેમ વાત કરતા

કરતા ઉતરી જઇશું, અને તમારૂં નિરદોશપણું સાબીત થયા પછી તમો સેહેલાઇથી પાછા આવી શકશો, કે જ્યારે એ વાતની કોઇને જાણ થશે નહીં."

"ને આવવા હું ના પાડું તો ?" દેલજંગે સવાલ કરવાની ઢપે પુછયું.

"તો અમારા શકોને મજબુતી મલશે, અને અમો તમને જબરીથી લઇ જઇ શકશું."

દેલજંગે થોડોક વાર વિચાર કીધો. તેને કાંઇ સમજ પડયું નહીં. તે સમજતો ન હતો કે તે કઇ સુરખાઇથી પકડાયો. તેણે જોયું કે તેણે અવિચારથી તો કશું કીધું નથી તોબી શું થયું ? વાંચનારે જાણવું જોઇએ કે 'દેલજંગ દલેર' તરીકે પીછાણાઇને પકડાયો છે એવી તો તેને કશી ધાસ્તી હતીજ નહીં, કાંકે તેમ થવુંજ મુશ્કેલ હતું, પણ કાંઇ નાહના વાંક માટે કોઇ સાદા પુરૂષ તરીકે તેને શકથી પકડે છે એમ સમજી તેણે કાજીની કચેરીમાં જવાનું ને બને તો દમ અને તાલ તલાવતથી નિકલી આવી તુરત ને તુરત તે શેહેર છોડી જવાનું દુરસ્ત જોયું, અને તેથી તેણે થોડાક વાર વિચાર કરી કહયું, 'હું તમો સાથે આવવાને તૈયાર છું."

હયાંથી દોસ્તો હોય તેમ તરેહવાર બાબદોની વાતો કરતા દેલજંગ અને પેલા બે અમલદારો ઉતારૂખાનાંમાંથી ઉતર્યા, અને કચેરી તરફનો રસ્તો લીધો.

આસરે અરધેક કલાકે કચેરીવાલી હવેલી આવી. ત્યાં ઘણાક પોહોરેગીરો પોહોરો ભરતા હતા, જ્યારે દેલજંગ હેબત ખાધા વગર

તેનાં બારણામાં પેશી શકયો નહીં, કાંજે જો ત્યાંથી તેના કરપીણ કરમો સઘળાં પકડાઇ જાય તો તે પાછો જીવતો જવા પામે એવું ન હતું!

કચેરીવાંના એક મોટા 'હૉલ'માં કાજી સાહેબ એક ઉંચી બેઠક પર બેઠા હતા. તેમની પાસે એક મોટી લાંબી ટેબલ હતી. ઓરડામાં બીજાં માણસો તઇયાર હતાં, ને તેઓ વચ્ચે એક અનુભવી હકીમ બી તૈયાર હતો.

દેલજંગને કાજીની સાંમે ઉભો કરવામાં આવ્યો, અને તેને પકડી લાવનાર માંહેલા એકે એહવાલ કહેવા માંડયો. તેણે જણાવ્યું કે 'મુનીમ તેહેમારપવાલી' પેલી મોટી પેઢી તરફ રાખેલા મુઆફેક હું મારા પોહોરાપર હતો તેટલાં મેં બંધવાને તેમાંથી બાહાર આવતો જોયો. તે ઝપાટામાં કાંઇક ઉસ્કેરાયલા હાલે એક તનદુરસ્ત આદમીની પેઠે સારી ઢપે ચાલતો હતો, પણ તેટલાં મારાં જોતાં જોતાંમાં તેને કાંઇ યાદ આવી ગયું હોય તેમ પોતાની ચાલવાની ઢપ બદલી નાંખીને ખોડંગતો ખોડંગતો ચાલવા લાગ્યો. આથી મને શક પડયો અને હું તેની પુઠે પુઠે ગયો. ત્યાંથી બંધવો સદ્રા-ઇમારત આગળ આવ્યો, ને ત્યાં એક બુઢા ગ્રહસ્થસે વાતે ઉભો. થોડે વારે તે એ ઇમારતમાં ગયો. એ તકનો લાભ લઇ મેં માફ માંગીને તે ડોસા પાસેથી એ બંધવાનું નામ જાંણવા માંગ્યું, જે તેણે ખુશી સાથે 'ગોદરેઝ' કરી જણાવ્યું. હું હયાંથી દોડ મારતો તેહેમારપવાલી પેઢીપર ગયો, ને ત્યાં જઇ બંધવાનાં નામની તલાસ કરતાં મને તે કેરસારપ બીન ગશ્તહમ જણાયું. હવે મારો શક મજબુત થયો કે આ બંધવામાં કાંઇ બી લુચ્ચાઇ છે તેથી હું તુરત તેની પુઠે ગયો, તો તે પેલાં

નાણાવટ આગળથી પેલા ડોસા સાથે વાત કરી તરતનોજ છુટો પડેલો હતો. અને તે દુરથી દેખાયો, ને હું તેની પુઠે દોડયો. મેં તેને એક ઉતારખાનામાં ચઢતો જોયો, ને ત્યાં જઇને તે કયે નામે રહયો છે તેની તલાસ કરતાં મને 'મીનોચેહર બીન બેહેરામ' જણાયું, અને એ સઘળા શકો ઉપરથી તેને પકડવાનું હોકમનામું મેળવી મે તેને આ એ અદાલતમાં ઉભો કીધો છે."

હયાં તે અમલદારની જુબાંની પુરી થઈ, ને દેલજંગ ગમે એવો કુળાગાળ છતાં તેને પેલા બાહોસ અમલદારની હોશ્યારીપર પોતાની મનસે આફ્રીન કર્યા વના ચાલ્યું નહીં, અને પોતાની હપ બદલી નાખવા કાજે હવે વળી તેને પસ્તાવો થયો. પણ 'બની તે બની'; માટે જેમ બને તેમ જલદી છટકી જવાની તજવીજ કરવાને તેણે આગત જોઇ.

હવે કાજીનાં પુછવાથી દેલજંગને તેના બચાવમાં બોલવું પડયું.

"સાહેબ," તે બોલ્યો, "હું એક આબરૂદાર વેપારી છું અને આ દેશમાં પરદેશી પહરોણો છું. તમારાં શેહેરના ધારાઓથી હું બીલકુલ બીનમાહીતગાર છું, અને હું સમજતો નથી કે આટલા નજીવા-નહીં જેવા વાંક સારૂ મારા જેવા એક ગ્રહસ્થને એકદમ કાં પકડી લઇ આવવાંનો જુલમાત ચલાવવામાં આવે. હું કબુલ કરૂં છું કે મેં જુદે જુદે ઠેકાંણે જુદાં જુદાં નામો કહયાં છે, પણ તે તો જેમ માણસનાં મનનો ફાંટો. તેમાં સરકારને આડે આવવાનો શો હક છે? હું એક મનનો મોજી છું, અને રમત ગમતનો શોક ધરાઉં છું, તેથી મારાં મનને ભાવે એવાં મારાં મીત્ર-મંડળમાં નામ ધરાઉં

તો તેમાં સરકાર વચ્ચે આવી વાંધો કાંએ ઉઠાવે તે હું જોઇ શકતો નથી. વળી પેલી બીજી ફરીયાદ જે મારા પગનાં ખોડંગવા વિષેની છે તેબી સેહેજમાં સમજાવી શકાશે. મારા પગમાં એક ચોક્કસ જાતનું દરદ છે જે ચોક્કસ વખતોએ જોર મારી આવે છે ને ચોક્કસ દીવસો સુધી રહી નાબુદ થઇ જાય છે. તે મુજબ મને કશું દરદ થતું ન હતું ને હું સારી રવેસે ચાલતો હતો તેટલાં અચાનુચ મારા પગે આંચકો ખાધો ને તે દરદ જોર મારી આવ્યું ને આ ઘડી સુંધી મને હેરાન કરે છે, ને મારાથી બરાબર ચલાતું નથી."

હયાં દેલજંગનો બચાવ પુરો થયો, પણ જો દેલજંગ કળાબાજ હતો તો સામો કાજી ઓછો ન હતો. પેલા અમલદારની ફરયાદ સાંભળી લઇ તેણે જે પેલો તબીબ તૈયાર રાખ્યો હતો તેને દેલજંગનો પગ તપાસવાનો હોકમ કીધો, જે તેણે તપાસી જોઇ "પગમાં કશું દરદ નથી" એવો અભીપ્રાય ખાત્રીપુર્વક જાહેર કર્યો; પણ દેલજંગે હઠ મુકી નહીં. તેણે કહયું કે તેને જે દરદ છે તે વૈદો પારખી શકતા નથી, પણ એ તકરાર કાજીના ધ્યાનમાં ઉતરી નહીં. હવે તેણે પોતાના દેશના રાબેતા મુજબ કાંઇ ફલ પામવા દેલજંગનાં બદનની તપાસ લેવડાવી અને એમ કરતાં તેના માથાં પર મોટી બાલની ટોપી જોઇ સીપાઇઓએ તે ખેંચી કહાડી, તેની આંખમાંનો ચશમો કાઢી નાંખ્યો, તેનો મોટો લાંબો દગલો ઉતારી લીધો તો દેલજંગ દલેર તેમને પહેલાં જે રૂપમાં દેખાયો હતો તેથી જુદાંજ રૂપમાં હમણાં નજરે પડયો! નહીં કે તેઓ માહેલા કોઇએ બી તેને 'દેલજંગ દલેર' તરીકે પીછાણ્યો—પણ માત્ર તેઓ

તેને છુપા લેબાસમાં એક અઘોર ડોસા તરીકે જોતા હતા તેને બદલે હમણાં તેનાં ખરાં રૂપમાં તેને એક કદાવર જવાંન તરીકે જોઇ સૌ અચરત થયા.

પણ એજ વેળાએ કોઇ બીજો અમલદાર કાંઇ કાજી સાહેબને પેગાંમ કહેવા ઓરડામાં દાખલ થયો, અને બાંણુ બગડયો. તે બાપડો કાજી પાસે જતો હતો તેટલાં પોતાનાં ખરાં રૂપમાં ગભરાત ભરી હાલતે ઉભેલા દેલજંગ તરફ તેની નજર ગઇ, અને એક મોટો પોકાર મારી તેણે ઉછળી જઇ દેલજંગને ગળચીમાથી પકડયો. કાજીની કચેરીમાં એમ કચરો પડવાથી ત્યાં ગભરાટ થઇ રહયો તેટલાં તે અમલદારે પોતાના બંધવાને 'દેલજંગ દલેર' તરીકે પીછાણી આપી ગભરાત વધાર્યો; સીપાઇઓની તુરત દોડાદોડ થઇ, અને દેલજંગને બેડી થોકી તુરત કેદ કરી લેવામાં આવ્યો !

એ સઘળું અતી ઝડપથી થઇ રહયા પછી કાજી સાહેબે તે અમલદારને તેણે તેને દેલજંગ તરીકે શા પરથી પીછાણ્યો તે પુછ્યું, અને તે અમલદારની જુબાંની નોંધી લેવામાં આવી.

"નામવર સાહેબ," તેણે ખુલાસો આપ્યો, "એ નાપાક ગુનેહગાર ઘણુંકરર આપણા હાથમાં પકડાયો હતો, અને ત્યારે એને જેઅરજન કેદખાનામાં પુર્યો હતો. ત્યાં તે વખતે હું કેદખાનાનો એક દારોગો હતો, અને તેથી હું રોજ એનું ખાનું સૌ લઇ જતો હતો માટે હું એને બરાબર પીછાણી શકયો છું. ત્યાંથી એક રાત્રે અજાએબ જેવી રીતે એ નાહાસી ગયો હતો તે છેક આજે સપાટામાં આવ્યો."

દેલજંગ તો આ દમપર દમ આવતા પુરાવાથી છેક દંગ થઇ ગયો. શું બોલવું ને શું કરવું તે તેને કશું સુઝયું નહીં, અને તે મજબુત ચોકી પોહોરા હેઠળ તદન ચુપ થઇ ઉભો.

અંતે કાજીએ સાંજ પડવા આવેલી હતી એટલે રાતોરાત દેલજંગને કેદમાં પુરી બીજી લાયક તકે વડી કચેરીમાં તેને ઉભો કરવાનું ઠડાવ્યું, અને દેલજંગ દલેરને મોટા ચોકી પોહોરા હેઠલ એક શીહા બીહામના અને ઉંચી દેવાલનાં મંજબુત બંદીખાનાં તરફ ઘસડી લઇ જવાગા આવ્યો.

ધારેનાર માણુસ પણ પાર ઉતારનાર ખુદા! દેલજંગ દલેરે ધાર્યું શું અને થયું શું! આવતી કાલે તો તે શબેરતાંન જનાર હતો, પણ તેટલાં તો નહીં ધારેલી રીતે એક નાહની ભુલનો ભોગ થઇ પડી તે હાલ તો જંજીરે જકડાવલો પડેલો છે!

પ્રકરણ ૨૮ મું

—:o:—

બંધીખાનું.

એ બંધીખાનું ઘણીજ મજબુત બાંધણીનું બનાવેલું હતું, અને તે ઘણાજ મોટા અપરાધીઓને સારૂ ખાસ જુદું ઠરાવેલું હતું. દેલજંગને ત્યાં લઇ જવામાં આવ્યો, અને તેને અને બીજા સીપાઇઓને આવતા જોઇ તે બંદીખાનાના ઉપરીએ પોતાની ફરજ

મુઆફ્રેક કશું કહેવા કહાવ્યાં વના ઉઠીને કુંચીઓનો એક મોટો ભારી જુમખો પાસેના ખીલાપર ઓલગેલો હતો ત્યાંથી લઇ જ્યારે પાસેનું એક મોટું બારણું ઉઘાડયું, ત્યારે તેના લોખંડી મોટા મજબુત અલડરાપ અને ભારી સાંકલોએ કાંઇ એવો તો કાનને કઠોર, બીહામણો અવાજ કર્યો કે પોતાનાં ભારી મજાગરાંઓપર ચીચવાતાં ફરીને જ્યારે બારણું ઉઘડયું અને દેલજંગને અંદર ધકેલી તે તુરત બંધ કરી લેવામાં આવ્યું ત્યારે દેલજંગ જેવા મહા પાપી નુ દીલ પણ એક બે પલ ધાસ્તીથી ધ્રુજ્યા વના રહયું નહીં!

તે હવે ત્યાં એકલો પડ્યો. હમણા રાત થવા આવી હતી. તેનાં બંદીખાનાંમાં સઘળું અંધકાર હતું, પણ પેલી પેહેલી એકાદ એ પલની ધાસ્તી લગી ગયા પછી હવે દેલજંગ બીહીનો હતો. તેણે બંદીખાનાં ઘણાં જોયાં હતાં; ઘણાં બંદીખાનાંઓની હવા ઘોરી હતી, અને વળી બંદીખાનાંમાં આવતાં પણ એક ચોકકસ વાતની બનાવટ તેણે મનમાં ઘડી મુકી હતી તેથી તેને કશી શંકા થતી ન હતી. બંદીખાનાંની દેવાલ ઘણી ઉંચી હતી, જે દેવાલની એક બાજુએ એક મોટી બારી મુકેલી હતી. દેલજંગે જઇને તે બારી ઉઘાડી નાંખી, અને તે આગલથીજ જાણતો હતો તેમ બારીને ઘણાજ ખીચોખીચ, મજબુત ઉભા અને આડા લોખંડી સલીયા જડેલા હતા, અને તેનાં બાકોરાંમાંથીજ માત્ર હવાનો આવજા હતો.

દેલજંગ બારી આગલ ઉભો. તેને નીચેનો રસ્તો કશો દેખાતો ન હતો, પણ છુટાપણાંની સ્વતંત્રતાનાં સુખમાં ખુશ વાત કરતા જતા રાહદારીઓનો ઉંડો અવાજ, અથવા અવાજ કરતી જતી

કોઇ ગાડીનો સેહેજ ખણખણાત માત્ર તેને કાંને આવતો. તે પરાંત તેને કાંઇ 'ગુર-ગુર' કરતો ધીમો, ઠંડો, ચાલુ એકજ ઢપનો અવાજ આવતો, અને દેલજંગ જાંણતો હાંતો કે સાંમી કોરે એક ન્હાની નદી હતી તેનાં વ્હેવાનો એ અવાજ હતો. એ મુજબ તે બારી આગલ ઉભો હતો તેવામાં તેને કાને કોઇનો ગીત ગાવાનો અવાજ આવ્યો. કોઇ દુઃખી સાદે ગમગીન સરોદે પોતાનાં દુઃખી દેલને કાંઇક રાહાત બક્ષવાને અર્થેજ ગાતું હોયની એવો તે ગમખાર અવાજ હતો. અવાજ મીઠો ન હતો. તે કોઇ ચાલીસ પીસતાલીસ વરસના અધોર પુરૂષનો જાડો અવાજ હતો, અને દેલુજંગે પોતાના આગલા અનુભવથી જાણ્યું કે તેની પાસેના ઓરડામાં કોઇ બીજો કેદી પોતાનાં કરમને રડતો હતો. તેનાં ગાયનની મતલબથી તે પામી જઇ શકયો કે આવતી કાલની સહવારે તેણે કોઇક કરેલાં ખુન સારૂ તેને ગરદન મારવામાં આવનાર હતો, અને તેથી તે હીણુ નસીબનો કંગાલ પોતાના બાકી રહેલા કલાકોની તાસવીસ મટાડવા ગાયનથી પોતાના સંતાપને ભુલવાની વ્યર્થ કોશેશ કરતો હતો!

ગાયન! તે કીરતારની આદમ ઉપર થયલી કુલે બેમુલી બક્ષેશોમાં ખરી બુલંદ, ખરી બેહેત્તર બક્ષેશ તે એ છે. નીર્ધન કે ધનવાંન, રંક કે રાય, સુખી કે દુઃખી, સુમ કે સખી, સદગુણી કે દુર્ગુણી, પાક કે પાપી સર્વ, સર્વને, સઘળી દુન્યાનાં સઘળાં લોકોને, ભમતાં હેવાંનોને અને ઉડતાં પંખેરાંઓને, ઝીણાં જીવજંતુઓને અને સૌ કોઇને માટે ગાયનમાં એજમતી મીઠાસ અને અજબ અસર સમાઇ રહી છે, અને તેથીજ પોતાના તરફડતા જીવના છેલ્લા

ધડાકા વચ્ચે પેલો કમબખ્ત બંધવો ગાયનથી પોતાનાં મનને રીઝવવાની વ્યર્થ કોશેશ કરતો હતો.

અમો એ બંધવાની ગાયનના સ્વરોથી પોતાનાં દુઃખી મનને રાહત બક્ષવાની કોશેશને વ્યર્થ કહી તુચ્છકારી કાઢીએ છીએ, કાંજે તે હમણાં ખરેખર વ્યર્થ હતી. તે કમબખ્ત બંધવો જાણતો હતો કે તેનું દુર્ભાગ્ય નક્કી થઇ ચુક્યું છે, અને આવતી કાલની સવારના સુર્યને તે છેલ્લોજ ઉગતો જોશે, કે જ્યારે તે તેને અસ્ત થતો જોનાર નથી. ભયંકર વીચાર ! એકલી, એકાંત, બીહામણી, શાંત જગ્યામાં એ કેવો ત્રાસદાયક ખ્યાલ !

જીંદગી સૌને પ્યારી છે. તેને બચાવવાને જ્યાં સુધી તેનો છેલ્લો તાંત શરીરનાં ખોલીયાં સાથે વલગી રહે ત્યાં સુધી તે જાનધારી માણુસ જમ સાથ લડવાનાં તરફડીયાં મારે છે, તો આવી વખત 'હું મરવાનો છું,' અને તેબી વળી 'દસ બાર કલાકમાં મરવાનો છુ" એવો વિચાર એક માણુસને આવવા પછી તેનો જીવ તેટલા કલાક કેમ ઠંડો રહે ? જ્યારે તે જાણે કે જે જીંદગી તેને તેના પેદા કરનારે આપી છે, જે જીંદગી તેને આપવાની એક આદમીની શકતી નથી તેજ જીંદગી આવતા ચોવીસ કલાક પેહેલાં એક ખુંનખાર આદમબચ્ચો એક તડાકામાં ઉરાડી નાખનાર છે, અને તેને બચાવવાને, એ ભયાનક આફત દુર કરવાને કોઇ પોતાનો મદદભરેલો હાથ ગાયાથી લાંબો કરનાર નથી ત્યારે તેને કેવું દુઃખ, કેવો ખીજવાટ, કેવો સંતાપ પેદા થવો જોઇએ તે તેનાં ખરાં રૂપમાં બતાવી આપવાને કોઇ કલમની શક્તિ નથી. તે ગમે એવો કંગાલ, ગરીબ

ભીખારી હશે તોપણુ તે તેવી કંગાલમાંકંગાલ જીંદગીએ બી જીવવા માંગવાનો, અને જો તે કમનસીબ બંધવો કરોડપતી હશે તો પોતાની સઘળી દોલતની પઇએ પઇ આપી દઇ તે એક ભીખ માંગતી ભમતી જીંદગીએ પણ બીજાં માત્ર બેજ વરસ પણ જીવવાને ખુશી થશે ! એ ખરી વાત છે. એમાં સહરાગત જેવું, વધારા જેવું કશુંજ નથી, એટલી–અમો કહીએ છીએ જે એટલી બધી ને એથી બી કાંઇક લખો દરજજે ઘણી વધારે એક આદમઅચ્ચાને તે કીરતારે આપેલી તેની જીંદગી પ્યારી, મીઠી, માનીતી છે.

દેલજંગ હવે બારી આગલથી ખસી ગયો. સામે ચંદ્ર પ્રકાશતો હતો, અને તેનાં કિરણુનો ઠંડો પ્રકાશ દેલજંગના ઓરડામાં ગરારવાટે આવતો હતો તેની મદદથી દેલજંગે હવે પોતાનો ઓરડો તપાસ્યો. તેણે જોયું કે એક કંગાલ પથ્થરનું બીછાણું, એક પાણીથી ભરેલો કુંજો, એક ભાગા પગની ખુરસી, અને એક ન્હાની નબલી ટેબલનો ટુકડો એજ તેનાં આ આશ્રમમાં 'દીવાનખાનાંનું ફરનીચર' હતું !

એ સઘળું જેવા કરવાની ખટપટમાં વખત ઘણો થઇ ગયો, અને હવે પાસેના એક મિનારાનાં ઘડીઆલની લોખંડી જીભે દસ ટકોરા શું સુખી કે દુઃખી સર્વ જીવ પાસ ગણાવ્યા. કોઇક સુખીને એ ઘડીઆલનું વાગવું સાધારણ લાગ્યું હશે, કોઇક સુખી કે દુઃખીને "હજુ માત્ર દસ !" એમ પણ લાગ્યું હશે, તો દેલજંગની પાસેનાં કેદખાનાંમાં પડેલા જીંદગીથી હાથ ધોયલા એવા કમબખ્ત સરખાઓને "એટલા વારમાં દશ !" એમ લાગ્યું હશે ! કોઇક વખતને લંબાવા

ચાહતું હશે, તો કોઇક વખતને ટુંકો થવા ઇચ્છતું હશે. કોઇક રાત ક્યારે મીટે તેની રાહ જોતું બીછાણામાં પડયું હશે, તો કોઇક રાત રબરની દોરી પેઠે લંબાયા કરે એવું ઇચ્છતું પડયું હશે ! એ રીત-નોજ સંસાર છે: પણ વખત થોભતો નથી. તે મુંગે મોઢે પોતાનું કામ કર્યો જાય છે. તેને કોઇની કશી કનવાર નથી. પલ, મીનીટ, કલાક, દહાડા, મહીના, વરસ, સદી અને જમાનાના જમાના રીત-સર, કાયદાસર, રચણાસર ચાલ્યા જાય છે, અને આલસુ મનુશ અચ-રતીથી ડાચું વકાશતો તેની ઝડપ આગલ આજેજ ! થઇ ઉભો માત્ર થઇ રહે છે !

હવે દેલજંગ પોતાનાં બીછાંણાં ઉપર પડયો, અને પડયો તેવો થોડા વારમાં ઉંઘાઇ ગયો. તેની કશી ધાસ્તી ન હતી. આવતી કાલે સેહવરે તેને શાહની દરબારમાં ઉભો કરવાનું ઠરાવવામાં આવ્યું હતું, પણ જમાનેખાયેલ દેલજંગ જાણતો હતો કે કાલનું કાલ કાંઇ તેમ બનવાનું નથી. તેમ થવા પહેલાં હજી ઘણાક દહાડા જોઇશે; અને તે અરસામાં દેલજંગ આ બંદીખાનામાંથી ફરીને એક વાર સલામત છટકી જવાનો વિચાર ધરાવે છે. તેથીજ તે નિરાંતે ઉંઘે છે. તેની શકિતમાં તેને એટલો વિશ્વાસ છે, તે એવાતો પક્કા ભરૂ-સાથી માને છે કે હું આવતા ચોવીસ કલાક પેહેલાં બચી જઇ શકશ કે તેને ઉંઘ આવવાને પણ વીલંબ લાગતો નથી. તે ઉંઘમાં પણ પોતાની ફતેહનાજ સ્વપના જુએ છે, અને જો કોઇ તેનાં બંદી ખાનાંના ઓરડામાં ઘુસી તેને તેનાં કંગાલ બીછાંણાંપર ઉંઘતો જુએ તો તે જોશે કે તેના હોઠ મુછમાં હસતા હોય તેમ સેહેજ વળેલા

છે. તે ઉંઘમાં પણ પોતાને કેદ કરનારની સત્તાના તીરસ્કારમાં અને પોતાની શકિતની મગરૂરીમાં મલકાતો હસે છે ! પણ તે કેમ બચી જશે ? શું તે પેલું લોખંડી બારણું ફાડી ન્હાસી જશે ? તે એકલો શું કરી શકશે ?

બીજી સવારે દેલજ[illegible] ડેથી એક નીરાંતની ઉંઘ કાઢી ઉઠયો. તે ઉઠયા પછી થોડે વારે પાંછો કુંચીઓનો ને સાંકળોનો ખડખડાટ થયો, અને બારણું અરધું ઉંઘડયું કે દારોગાએ ડોકું અંદર ખોસ્યું. તે દારોગો દેલજંગનાં સારાં નસીબે પૈસાનો લાલચુ હતો. તેણે ખુસામતભરી રીતે દેલજંગની ખબર અંતર પુછી, ને દેલજંગે તેને સભ્યતાભરી રીતે ઉત્તર આપ્યો. દેલજંગને એ પછી હાથ મોંહડું ધોવાનું થોડુંક પાણી મલ્યું, અને આસુદો થવા પછી તેણે પેલા દારોગાને એક અરજ ગુજારી. “ભાઇ,” તેણે કહયું, “મારો એક સગો છે તે માહરી રાહ જોયા કરતો હશે. તેને ખબર નથી કે હું હયાં કેદ પકડાયો છું ને તેથી મારાં ઘરમાં ઘણો ગભરાત થઇ રહયો હશે, માટે હું એક ચીઠી આપું તે જો તું કોઇ હાવાં, હાવકાં માણસ પાસે મોકલી આપવાની મેહેરબાંની કરે તો હું તારી ને તે લઇ જનારની મેહેનતનો બદલો ઘણી ઉદારતાથી વાલી આપશ. એમાં હું તારી પાસે તારા કાયદાથી ઉલટી રીતનું તો માંગતો નથી, દોસ્ત, તો તું ગભરાઇને આનાંકાંની શા સારૂ કરે છે?”

દારોગાને એ તકરાર દુરસ્ત લાગી. તેણે જોયું કે બંધવો પોતાનાં સગાં વ્હાલાંઓને પોતાની કેદી હાલતની ખબર કરે તેમાં

અધટીટ અથવા કાયદાથી ઉલટું કશું નથી. તે ઉપરાંત તેમ કરતાં તેનાં ગજવાંમાં વગર મહેનતે જે બી પાંચ પૈસા ચાલ્યા આવે તે ખરા, ને તેથી તેનાં બચ્ચાં બે પાંચ દહાડા ધરાઇને ખાઇ શકશે. એ સઘળા દાનાઇભર્યા વિચારોથી તેણે દેલજંગની અરજ કબુલ રાખી, અને તેને લખવાનાં ઓજારો પુરાં પાડતાંજ તેણે એક ચોક્કસ ઠેકાંણે એક ચોક્કસ શખ્સને એક ચોકસ મતલબની ચીઠી લખી પેલા દારોગાના હાંથમાં મુકી, જે તેણે ઇચ્છાંણી પ્રમાણે ઝટ પુગાડી આવવા એક પોર્યાને આપી.

તે પોર્યો અરધેક કલાકે પાછો આવ્યો. તે એ કામ પાર ઉતારી આવ્યો હતો, અને દેલજંગનું હ્રદય તે વીચારથી ખુશીના ઉછાળા મારતું હતું. તે પોર્યાએ કહયું કે હું ઇછાણી બરાબર લઇ આવ્યો. તમે ચીઠી મોકલેલી તે ઘરની હેઠે એક પીઠું છે, અને જે પર ચીઠી મોકલી તે માણસ ઠીંગો અને બટકો છેઃ એ ઇધાંણી ખરી? "બીલકુલ ખરી," દેલજંગે ખુશી થઇ કહયું, "પણ તેણે તે વાંચીને શું જવાબ દીધો?" "તેણે કહયું," તે પોર્યાએ જવાબ દીધો, "કે જઇને કહે કે કાંઇ ચીંતા નહીં."

દેલજંગે પેલા દારોગા અને તે પોર્યાને પઇસાથી ખુશ કરી નાંખ્યા, અને પછી નીરાંતે રાતની વાટ જોતો બેઠો. પેલા પુરશે પેલા પોર્યા પાસે કહેવડાવેલા બોલો 'કાંઈ ચીંતા નહીં' તેના કાનમાં ખુશી-ભરેલી રીતે વાગ્યા કરતા હતા, અને તેથી તેને કશી ચીંતા થતી ન હતી. હજી તો સહવારનો સમો હતો, તોપણ અમે કહીએ છીએ જે તે રાતની વાટ અતી આતુરતાથી જોતો હતો, અને જયારે તેનું

અધીરૂં જીગર વખત પાસે ઉતાવળ કરાવવા માંગતું હતું ત્યારે લુચ્ચો વખત જાંણી જોઇને તેનું પાકવવાજ માંગતો હોવની તેમ એવો તો ધીમે ધીમે ચાલતો હતો, તેના દર કલાકના ટકોરા એવા તો ઠંડે કલેજે પડતા હતા—બલ્કે વધારે ખરી રીતે બોલ્યે તો દેલજંગને પડતા લાગતા હતા કે દેલજંગ દલેર દરેક પલે પોતાની ધીરજ ખોહી દેતો હતો!

પ્રકરણ ૨૯ મું.

શીરીનનો ફેરવાયલો સમો.

સુંદર શીરીનને મુનીમ તેહેમાસ્પવાલી પેઢી ઉપરથી તેનો મમાવો પોતીકા મેહેલમાં લઈ ગયો, અને જ્યારે તે મોટા મેહેલના 'કમ્પાઉંડ'માં જઇને શીરીનના મમાવાની ગાડી ઉભી રહી, અને પોતે ઉતરી શીરીનને હાથ આપી તેના ઘરડા મમાવાએ તેને ગાડીમાંથી ઉતારી મેહેલના હેઠલા ખણમાં દાખલ કરી, ત્યારે જે ત્યાંનો ઠાઠમાઠ અને ઠઠેરો જોઈ શીરીન ચકીત થઇ ગઇ તો આખો મેહેલ તેણીએ ફરીને જોયો હશે, અને ત્યાંની નવાઇ, ત્યાંનો ભપકો, ત્યાંનો ઠાઠમાઠ, દોરદમામ એ સઘળું તેણીએ જોયું હશે ત્યારે શીરીનને તે સઘળાં વચ્ચે પોતાની ગઇગુજરી જીંદગી તેણીએ જે મકાનમાં ગાળી તે જોડે સરખાવતાં કેવો બેહેસ્ત અને દોજખ જેવો અંતર દીસ્યો

હશે તે વાંચનારે વિચારી લેવાનું છે. તેનું પોતાનું ઘર બેહેસ્ત સરીખું હોવા છતાં તેણીએ દોજખ સરખી કંગાલ, ગંધ મારતી, નજીસ જગ્યાએ જનમારો કાઢયો તેની સરખાંમણી જયારે તે આજના દાહાડા સાથે કરે છે ત્યારે વળી ફરીને એક વાર તેની તેજદાર ચશમોમાંથી ગડગડાટ આસુંઓ નીકળી પડે છે.

શીરીનનો મમાવો તેના મેહેલમાં એકલોજ ન હતો. તેની જોડે તેની બીજી બે જવાંન બેટીઓ–શીરીનની મરનાર માની બેહેનો હતી. તેઓને સ્વપને પણ ખ્યાલ નહીં હતો કે પોતાની પ્યારી મરનાર બેહેનની હુબહુ સુરત સમાયલી એવી સુંદરી આજે તેમનાં પાસાંમાં ભેટવાને આવનાર છે, અને તેથી શીરીનના હાથપર હાથ ટેકી જયારે શીરીનના મમાવા અને પોતાના પીતા બુઢા મેહરોઝને તેઓએ પોતાના ઓરડાના ઉંબરમાંથી અંદર આવતો દીઠો ત્યારે કેટલીક પલ સુધી તો એ અજબ દેખાવથી શું બોલવું ને શું કરવું તે પણ તેમને સુજયું નહીં, અને તેઓ પોતાના હાથમાંનું કામ લઇ અચરતીભરી આંખે તેમના તરફ ટીકટીજ બેસી રહી; પણ મેહેરોઝે તેમની અચરતીનો અંગાર ઠંડો પાડયો. "દીકરી પરીચેહેર, દીકરી મેહેરીન," તે બોલ્યો, "ઉઠો. અને તમારી મરનાર બેહેનની આ બેહરેનમુન બેટીને તમારી ગોદમાં લેઓ. અંધાપાની આંખે આજ સુધી એ ગારા ખીલતા ગોલાબને આપણે ગંધીલા ગારમાં સબડવા દીધું, અને તમો બેટીઓની રોજની એણીને અત્રે તેડવાની મીનતજારીઓથી જે હું પીગલ્યો નહીં હતો, તે આજે એનો સોહામણો મુખડો નજરે જોતાંજ હું પાણી સરખો બની ગયો છું, અને તેથી મારી

બેટીઓ ! મારી બેખબરી અને ગુનેહગારીથી એ દીકરી પર પડેલા સઘળા નહીં ઘટતા હાંદેસાઓ એણીને વીસરાવી દેવા, અને એની મરનાર માતાની ખુટ એણીને ન લાગે તેથી, તેમજ તેણીનુ રવાંન બેહેસ્તમાં ખુશી થઇ રહી તે જેહાંનથી આપણુને આશીશ દીએ તેથી એ દીકરીનાં દુઃખનો બદલો ચોવડી મમતાથી વાલી આપજો !"

શીરીનનો મમાવો જ્યારે અસરકારક શબ્દોમાં ઉપલું બોલતો હતો ત્યારે તેની બેટીઓ ચુપ બેસી રહી ન હતી. મેહેરીન અને પરીચેહર પોતાનાં બાપનાં બોલવાની પેહેલી એકાદ બે લીટીઓથીજ શી વાત છે તેનો ભાવાર્થ પામી જઇ હરખના પોકારથી શીરીનને વલગી પડી હતી, અને શીરીનના મમાવાએ બોલવાનું પુરૂં કીધું ત્યાં સુધી અરસપરસ કાંઇ પણ વગર બોલવે તે ત્રણ સુંદરીઓ બેહેશ્તની ત્રણ પરીઓ પેરે એકેકના હાથમાં વીંટલાઇ વળી નવધાર આંજુઓએ રડતી હતી. તે આંજુ દુઃખનાં ને સુખનાં ભેલ હતાં. દુઃખ સઘળું શીરીનની મરનાર માતાની ગમખાર હાલતની યાદનું હતું, અને જો શીરીનના મમાવા બેહરોઝને પોતાની નીર્દોશ, નીષ્કલંક બેટીને ઠોકડે મારવા થકી કદી બી ખરો ખરેખરો–ખરો પસ્તાવો–ખરૂં દુઃખ થયું હોય તો તે આ ઘડીએ હતું. આ ઘડીએ ગોયા તેને તેનાં વાંકની ભારેમાંભારે સજા થતી હતી. પોતાની ત્રણ ત્રણ બેટીઓનાં હમણાંનાં સઘળાં દુઃખનું કારણ તે પોતે છે એમ જોઇ તેનું કાલજું કપાઇ જતું હતું, અને તેથી ઉપલો નજીરો પણ તોબી જેને લાગતું વળગતું છે તેમની છાતી ફાડનારો દેખાવ તેનીથી નહીં જોવાઇ શકવાથી તે રડતી આંખે એકદમ પોતાના ઓરડામાં ઘ્રસી ગયો. જો

તેની બેટી જીવતી હતે તો તે બેટીનો બાપ પોતાના અવિચાર માટે તેની કેવી રીતે માફ માંગતે તે અમો કહી શકતા નથી, પણ દીકરી નથી તો તે હમણાં પોતાના મેહેલનાં એક એકાંત ખુણાંમાં ગુઠણ મરડીએ પડી તે કીરતારની માફી ચાહે છે!

બેહરોઝનો અપરાધ કાંઇ ન્હાનો યા નજીવો નથી. તેણે એક કટારી લઇ પોતાની બેટીનાં ગલાંમાં ભોકી દઇ તેનું ખુંન કીધું હતે તેટલુંજ તેનું આ કરમ બી ઘાતકી અને જાુલ્મી હતું. શીરીનની મરનાર માને જો તે પોતાનાં ઘરમાં-પોતાની માયાની છાયા હેઠે પાછી બોલાવને તો તે રડતી તલવલતી, નીરાશ્રીત હાલતે એમ મરતે નહીં, તેથી જે મરણ નીપજ્યું તે એ ડોસાની ઘાતકી ભુલથીજ થયું એમાં કશો સંદેહ નહતો. શીરીનની માની આપણે તકસીર જોઇશું તો એટલીજ કે તેણીએ પોતાના બાપની મરજી ઉપરાંત એક નાલાયક માણસને તેનો ખાવંદ કીધો, પણ તે વેળા તે બાઇ તે પુરૂશ એવો ખોટાં લક્ષણનો છે એમ જાંણતી ન હતી, માટે તેને ખાતર તેણીને તેના બાપે એમ પડતી મુકવી, મરવા દેવી, અને મરવા દીધા પછી લાંબો વખત સુધી તેની એક ગુલાબ સરખી બેટીને પણ તેજ હેરાન હાલતે નાખી મેલવી એ અપરાધો ઓછા ન હતા, અને તેમને તેમના ખરા આકારમાં આજેજ-જ્યારે સુંદર શીરીન તેજ મેહલનાં છત્ર નીચે છે ત્યારે છેક બુઝોર્ગ બેહરોઝ જોઇ શકયો છે, અને જોઇ શકયો છે તેથીજ તે ગુઠણપર પડી પોતાના પેદા કરનારની અને પોતાની મરનાર બેટીની તોઝેશ કરી પોતાની છાતીને ખલાસી આપે છે!

એમ કરતાં શીરીન મમાવાનાં ઘરમાં કલાક બે કલાકમાં 'નવી જુની' થઇ ગઇ. તેણીની મમતાળુ માસીઓએ તેણીનો કંગાલ પો-

શાક ઉતરાવી તેણીને શોભતો એક સુંદર પોશાક પેહેરાવ્યો, અને તેણીના મુખડાને શોભીતાં ઘરેણાંના બાકસોનાં મોંઢાં શીરીનની નજર આગલ ખુલ્લાં મુકયાં, અને પછી જો પોશાકના ઠાઠમાઠથી અને ઘરેણાંના ઝમકાટથી ઓરતોની ખરી ખુબસુરતીમાં વધારો થતો હોય તો સુંદર શીરીન આ નવા ઠાઠમાઠ વચ્ચે હતી તે કરતાં કાંઇ દસ ઘણી વધારે સુંદર લાગતી હતી એમ અમને કહયા વના ચાલશે નહીં.

ખાનાંથી ફારેગ થવા કેડે શીરીને બેસી તેની માસીઓ તથા મમાવા આગળ પોતાનાં આગલાં સઘળાં સંકટોનું અને આગલી પાપી જીંદગીનું બારીકમાંબારીક વીગતવારે બયાંન કીધું, જે પુરૂં થતાંજ બુઢા બેહરોઝે તુરત એક નોકરને બોલાવી પેલાં ઉતારૂખાનાંમાં જયાં નોઝર બીમાર પડેલો હતો ત્યાં શીરીનની સલાંમતી વિશે બાનુ તેહેમીનાને ખબર કરવા મોકલ્યો. શીરીને તેને એક ઉતાવળમાં ચીઠી ચીતરી કાઢી આપી, જેમાં તેણે નોઝરની બેરઆપીએત ઘણીજ ખરાં જીગરની ચીંતા અને કાળજીથી પુછી હતી, અને પછી કાલે—એટલે તે ચીઠી મોકલવાને બીજે દહાડે તેઓને ભેટવા આવવાને લખ્યું હતું.

અંતે બીજો દહાડો થયો, અને પોતાની ગાડી જોડાવી તેમાં શીરીન, બેહરોઝ, મેહેરીન, અને પરીચેહર નોઝરવાલાં ઉતારૂખાનાંમાં જવા નિકલ્યાં. ગાડીમાં જતાં જતાં શીરીન શું શું વિચાર કરશે ને શું શું રહેવા દેશે? કેવો ફેરવાયલો સમો! જયારે તેણી તે ઉતારૂખાનાં આગળથી એક 'ખડીયા ખરખર' ખટારા સરખી ગાડીમાં બેસી દેલજંગ સાથ જતી હતી ત્યારે તે દેલજંગના હાથમાં કેદી

સરખી હતી; હમણાં તે તેથી ઉલટીજ હાલતે એક શાહાનશાહજાદી સરખી સ્વતંત્રતાથી પોતાનાં વ્હાલાંઓની વચ્ચે વીંટલાઇને બેઠેલી છે।

વાંચનારે જાણવું જોઇએ કે શીરીન નોઝરને આજે હમણાં પાછી મલશે તે કાંઇ ઘણે મહીને નહીં પણ ત્રીજેજ દહાડે છે. જે દહાડે શીરીન ફરવા નિકળી ને દેલજંગ તેણીને ઉપાડી ગયો તેને બીજે દહાડે સહવારે તે મુનીમની પેઢી પરથી મમાવા સાથે પોતાના ઘરમાં ગઇ, ને ત્યાં બીજી રાત ગુજારી તે ત્રીજે રોજે સહવારે તો પાછી આવે છે, એટલે માત્ર એક સાંજ અને રાત, એક બીજો આખો દહાડો અને રાત અને ત્રીજી સહવારના થોડા કલાકજ તે નોઝરથી દુર રહી હે.

શીરીન જયારે નોઝરવાલા ઓરડામાં ગઇ ત્યારે બાનુ તેહેમીના તેને માતાની માયાથી ભેટી પડી. શીરીને ધીમે અવાજે પોતાનાં વ્હાલાંઓ જોડે તેણીની અરસપરસ ઓલખાણ કરાવી, અને તોપણ તે સઘળો વખત તેણીનું ધ્યાન, તેણીનો જીવ, નજર સૌ નોઝરનાં બીછાંણાં તરફ હતું. નોઝર ઉંઘતો હતો. ઓ, ત્રણ દહાડાની શીરી-નની ગેરહાજરીમાં તે ત્રણ વરસ સરખી માંદગીથી પીડાયો હોય તેમ તવાઇ ગયો હતો. "ગઇ કાલે કશી આશા ન હતી," તેહેમીનાએ સૌને ચીંતાતુર આંખે નોઝરની તરફ નજર કરતાં જોઇ ધીમા સાદે કહયું, "ગઇ કાલની રાત જેમ તેમ ગઈ છે."—પણ એજ વખતે નોઝરે આંખ ઉઘાડી. હા! તેનાં મોં પર એ શું ફેરફાર? તેનું સુકા-એલું મોં હસે છે? શીરીન તેની આગલ ગઇ, અને વળી એક વાર ફરીને તેની એજમતી હાજરીએ નોઝરમાં ફેરફાર કીધો. શીરીને વળી

ખરા પ્યારની લાગણીથી ઉશ્કેરાઇ આવી પોતાનો નાધલો, નાજુક, ખુબસુરત હાથ તેનાં કપાલપર મમતાથી ફેરવ્યો, ને નોઝરે તે હાથ પોતાના હાથમાં લઇ પોતાના હોઠસે લગાડયો. તેનાથી બોલાતું ન હતું. પણ શીરીન તેને છોડી ગઇ નથી એ વીચારથી તે તેનો ઉપકાર માનતો હોય એવાં દરેક ચિન્હ નજરે પડતાં હતાં.

એજ વખતે નોઝરનો તબીબ ઓરડામાં આવ્યો. તે નોઝરને મરતી હાલતમાં જોવાના દુઃખભર્યા ખ્યાલથીજ આવ્યો, પણ તે તો નોઝરમાં થએલા ફેરફારથી દંગજ થઇ ગયો! છ મહીનાની દવાથી નહીં ફેર પડે એવો ફેર છ ઘડીની શીરીનની હાજરીએ નોઝરમાં ઉપજાવ્યો હતો!

શીરીનનો મમાવો બેહરોઝ હવે તબીબને હાથ પકડી તેને ઓરડાનાં એક ખુંણામાં લઇ ગયો. "તબીબ સહેબ," તેણે કહયું, "એ જવાંન કાંઇ ધાસ્તીમાં છે?" "ધાસ્તીમાં હતો" તબીબે પોતાની નજર અચરતી ભરેલી રીતે નોઝરના ચેહેરા તરફજ રાખી જવાબ દીધો, "પણ ખુદાએ તમો લોકનાં આવવાથી કાંઇ અજબ ફજલ કરી નાંખ્યું છે." "વારૂ, એ જવાંનને હમણાં હયાંથી લઇ જાઉં તો કાંઇ અડચણ છે?" બેહરોઝે પુછ્યું. "સાથે જો પેલી બીઝાંણાં આગલ ઉભેલી બાઇ આવે તો હું કાંઇ અડચણ જેવું જોતો નથી," તબીબે હસીને મોગમ કહયું. બેહરોઝે તેનો ઉપકાર માન્યો, અને નોઝર પર તેણે સઘળો વખત બતાવેલી કાળજી માટે એક મોટી રકમ બેનાં હાથમાં સેરવી દઇ તે ત્યાંથી બાહેર ગયો. બાહેર તે ઉનાઉ-ખાનાંની માલેકને મળ્યો, અને તેની મદદથી નોઝરને ઉપાડી તેણે

ગાડીમાં ઘણીજ સંભાળથી મેલ્યો, અને સાથે પોતે. શીરીનને લઇ બેઠો, કે જ્યારે બોંહોસ કરીને બાનું વેહેમીનાને પણ સાથે લઈ તેણે પોતાની બે બેટીઓને એક બીજી તૈયાર કરાવેલી ગાડીમાં બેસવા કહ્યું. વળી જતી વેળાએ તે ઉદાર દીલના બુઢ્ઢાએ પેલા ઉતારૂખાનાંવાળાને તેની સઘળી લાયકી અને મેહેનત માટે એક ઘણી નાદાર રકમની બક્ષેશથી ખુશી કીધો.

એ રીતે નોઝરને બેહરોઝના મેહેલમાં ઘણી સંભાળથી લાવી સુવાડવામાં આવ્યો અને સરસમાંસરસ તબીબોની દેખરેખ તેની પર જારી થઈ, પણ તે સર્વ તબીબોમાં સૌથી સરસ તબીબનુ કામ શીરીન બજાવતી હતી. બાનું તેહેમીનાએ એ પછી પોતાને મકાને જવા માંગ્યું, પણ શીરીન, મેહેરીન, પરીચેહેર અને બેહરોઝે કાલાવાલા કરી એક મહીનો દહાડો તેણીની પાસે માંગી લીધો, અને તેણીની સઘળી ભલાઈનાં અહેસાનમાં તેણીને ઉપલી મુદત સુધી પોતાને ત્યાં મેહેમાન રાખી મોટી મમતાથી તેઓએ તેણીની ખાતરદારી કરવા માંડી.

એ પછી નોઝરની બીમારીમાં મોટો સુધારો થતો ચાલ્યો. હવે તો તે શીરીનનો હાથ પકડી ઉઠી જરા જરા ચાલતો પણ હતો, અને તેનું ખોહેલું આંગ તે પાછું મેળવતો હોય એવું લાગતું હતું. એમ કરતાં લગભગ પંદર દીવસ ઉપર થઈ ગયા; અને એક દહાડો એક ઓરડામાં નોઝર અને શીરીન પેહેલીજ વાર અકસ્માત એકલાં પડયાં, જ્યારે શીરીનને એ વખત ઘણો વસ્ગો લાગવા માંડયો. તેને એ અકસ્માત

ગમતો પણ હતો ને નહીં પણ ગમતો હતો. તેણીની જવાંન છાતીમાં હરખ અને ધાસ્તી બેઉ ધડક ધડક થતાં હતાં!

"શીરીન," નોઝરે આજુબાજુ કોઇને ઓરડામાં ન જોઇ કહયું, "હું તારો શું ઉપકાર માનીશ?"

"મેં ઉપકાર સરખું કાંઇ બી કીધુંજ નથી," શરમાલ શીરીને નીચીજ નજરે અને ધ્રુજતી છાતીથી જવાબ આપ્યો, કે જયારે નોઝર શી વાત કાઢશે તે બરાબર તે જાંણુતી હતી તેથી તેના ગોલાબી રોખસાર દરેક પલે વધતા ને વધતા લાલચોળ થયા જતા હતા.

"ઉપકાર નહીં?" નોઝરે તેણીનો હાથ મગતાથી પોતાના હાથમાં લઇ કહયું, જયારે જે તેણીએ ઉતાવલથી યા ગુસ્સાથી પાછો ખેંચી પણ લીધો નહીં—"ઉપકાર નહીં, શીરીન? તેં શું મને મરતો બચાવ્યો નથી? મોહોતની માંદગીનાં બીછાણાંપરથી તેં તારા એજમતી હાથે શું મને પાછો ઉઠાડયો નથી?"

"અને હું શું તમારા થોડા ઉપકારમાં છું, નોઝર?" શીરીને હવે પોતાની ચળકતી ને ચમકતી ચશમો તે જવાંન તરફ ફેરવી કહયું; "તમોએ મને મારી નાવારસ હાલતમાં આશરો આપ્યો, તમો મારા દાદખાંહ વાલી થયા, તમારા સદગુણોએ મને તેહેમીનાની દેખરેખમાં સોંપવાને તમોને ઉસ્કેર્યા એ સઘળું હું કેમ વીસરી જવશ?"

"તે ઉપકાર," નોઝરે કહયું, "મારીપર તેં કીધેલા ઉપકાર આગલ કશા હીસાબમાં નથી,—પણ અરસપરસના એ ઉપકારો બોલીનેજ મારે વખત કાઢવાની હમણાં મકસદ નથી. મારી મતલબ જુદીજ છે" અને વળી હયાં શીરીને શરમાઇને નીચું જોયું, "શીરીન," નોઝરે

બોલવાનું જારી રાખ્યું, "તારા મમાવાનાં ઘરમાં આવ્યા પછી આજેજ આપણે એકલાં પડયાં છીએ, તો એક વાર તે વખતે ફરીને મારાં ખરાં જીગરની મુબારકબાદી તું કબુલ રાખ. તારો ફેરવાયલો સમો જોઇ મારૂં જીગર ઘણું હરખાય છે."

"તે કાંઇ તમો આજે નવું કેહોછ, નોઝર?" શીરીને હેસાંનભરી આંખ્યોથી હસીને કહયું; "એ મુબારકબાદી તમારા તરફથી સાંભળતાં સાંભળતાં હું કંટાળું છું, પણં તે આપતાં તમો કંટાળતા જણાતા નથી."

"હું કંટાળવાનો નથી," નોઝરે દીલસોઝીનાં જુસ્સાથી કહયું, "પણ વારૂં સાંભળ, શીરીન; હું પુસ્કળ તવંગર નથી, પણ મારી ગુજાસ ગરીબ સંસારે સારી છે, માટે–"

પણ હયાં વાતમાં વાંધો પડયો. શીરીનનો મમાવો તેવામાં તે ઓરડામાં આવ્યો. નોઝરના હાથમાં હજી શીરીનનો હાથ હતો, અને તે તેણે જોવાં છતાં શીરીને પાછો ખેંચી લીધો નહીં. પાક પ્યારમાં અઘટીટ કશું થતું નથી, અને તેથી શીરીને જે થયું છે તેમાં કશું પાપ જોયું નહીં, હયાં તેણે નોઝર તરફ નજર નાંખી, અને તે શીરીનની મતલબ સમજી ગયો કે બેહેરોઝ આગળ વાત તેણે હવે એ છેડવી જોઇએ. નોઝરે તે ઉપરથી અરજ ગુજારી, અને તે ડોસાએ ખડખડ હસી ને બાહલ રાખી. તે બારણાં પછવાડે છુપાઇને સઘળું સાંભળતો હતો. "બેટા નોઝર," તેણે ખુશ મીજાજથી નોઝરનો વાંસો ઠોકી કહયું, "તુંથી વધારે લાયક હું કોઇને એ દીકરીના હાથ વાસ્તે જોતોજ નથી, અને વળી તમો સદાનાં સાથે જોડાયલાંજ છો તો ભલે નેકાથી એક થાઓ."

નોઝર ને શીરીને એ સાંભળતાં બેહરોઝનો પાડ માન્યો, ને તેજ વખતે મેહેરીન, પરીચેહેર અને બાનું તેહેમીના પણ ઓરડામાં આવ્યાં, જેઓને ખુશ્જોર્ગે બેહરોઝે તેમના પ્યારની વાત કહી, જ્યારે શીરીનનો ચેહરો શરમથી લાલચોલ થતો અને ખુબસુરતીથી દીપતો જોઇ નોઝર કેવો હરખાયો હશે, ને પરીન તરફનો એક વારનો પોતાનો પ્યાર તેણે કેવી રીતે હવામાં ઉરાડી મુકયો હશે તે સઘળું વીચારી લેવાનું કઠણ થઇ પડશે નહી.

પ્રકરણ ૩૦ મું.

બંદીખાનું.

(એક વાર ફરીને.)

ઘણી આતુરતાથી રાતની વાટ જોતા દેલજંગ દલેરને આપણે છેલ્લો બંદીખાનાનાં એક એકાંત ખુણામાં છોડી આવ્યાં છીએ; તે રાતની વાટ જોતો હતો, પણ રાત પડે તે પેહેલાં એક બીજો બનાવ—એક દોસ્તનાં તેનાં બંદીગૃહમાં મુલાકાતે આવવાની પણ તે રાહ જોતો હતો, અને એ સઘળા અગત્યના બનાવોથી ઉપજતી અધીરતાની હલાકી વચ્ચે દેલજંગ દલેરને સ્વભાવિક રીતે ચેન પડતું હતું નહીં. એમ કરતાં અંતે સ્હાંજના ત્રણ વાગ્યા, અને બંદીખાનાંના તેના ઓરડાની બાહેર કાંઇક ગરબડ સંભળાઇ. કોઇ ઓલખીતો સાદ

તેના દારોગા જોડે અંદર આવવાની રકઝક કરતો સંભળાયો, અને તેનું જીગર આશાભેર ઉછાલા મારવા લાગ્યું; પણ દેલજંગ જ્યારે અંદર હરખાય છે ત્યારે બાહેર એ કોણ આવ્યો છે તે આપણે જોઇએ.

કોઇ દોંગો, બટકો, પોહલો, રાતો માતો આસામી ભપકાદાર પોશાક આંગ પર પેહેરીને પોતાના હાથી સરખાં આંગ સાથ વાંકો ટીકો ચાલતો આવી દમ પર સુમાર. ધરાવતાં દેલજંગ દલેરને મલવાનું કહી અંદર જવા દેવાની દારોગોને અરજ ગુજારે છે. તે તાંણી તોડીને ભપકો કરી આવ્યો હોય એવો તેનો પોશાક વિચીત્ર હતો, અને તે મારી કુટીને ભણેલામાં ખપવા માગતો હોય. એવા ઠાઠમાઠથી મોંહ પોહલું કરી કરીને નહીં ઘટતા ને નહીં જોઇંતા ભારોથી તે વાકયેવાકય ચાવીને બોલતો હતો; પણ દારોગોને એ સઘળાંપર ધ્યાંન આપવાને કશી જરૂર હતી નહીં. કેદીઓને મલવા જવાની તે વેલાએ તેમનાં બેશાવંદોને સરકાર તરફથી પુરતી છુટ હતી, એટલે દેલજંગ દલેરની મુલાકાતે આવનાર તે 'ગ્રહસ્થ' ને અંદર જવા દેવાને દારોગાને અડચણ તો કશી હોયજ નહીં, તોપણ પોતાના ઓહ્દાનો મોભ્ભો જણાવવા તે જે જરાતરા 'ચેં—ચું' કરતો હતો તે પણ, જયારે તે ગ્રહસ્થે સપ દેઇને તેના હાથમાં બે દરમ સેરવી દીધા ત્યારે, તદનજ ચુપ થઇ ગયું, અને જાણે તેની બરબડ કરતી જબાંનને સોનાની ચાવીથી તાલું મારી લેવામાં આવ્યું હોય તેમ તે મુંગો થઇ ગયો, જે પછી તે ગ્રહસ્થ અંદર ગયો.

તેનાં અંદર જવા પછી દારોગાએ રાબેતા માફક બારણું તુરત પાછું ઢાંકી દીધું કે ખડખડાત હસ્તો દેલજંગની પાસે પેલી કંગાલ

ખુરસીપર પેલો ધબ દઇને બેસી ગયો, અને તે નબલા નખ્ખોદયાનાં હલકાં વજને 'કરર' દઇને તે ખુરસીનો પગ વાંકો થઇ ગયો ત્યારે તે હબરદીંગ જાણે ઢોંગ ધતુરાજ કરવા ઉતરી પડયો હોયની તેમ તેને એટલું હસવું આવ્યું કે તેની આંખ ને નાક બંનેમાંથી પાણી નિકલી પડયાં ! પણ દેલજંગને આજનો દહાડો ઘણો ગંભીર લાગતો હતો. આજે જો તે આ કંગાલ ધામમાંથી સલામત બચી ન નાહસે તો કાલે પછીથી કદાચ તે સલામત રહેશે નહીં એમ તેને ભય હતો, માટે એવી 'જીવ સટોસટ'ની વાત વચે એવું ગેરકાયદે અને બેઅંદાજે હસવું તેને પસંદ આવ્યું નહીં, અને તેણે ગંભીર ધારા સાદે કહયું, "આ વખત હસવાનો કે ઢોંગ ધતુરા કરવાનો નથી, બાર માન; એને ખાતર મેં તુને અતરે બોલાવ્યોજ નથી."

"તે તો હું બી જાણુછ, દોસ્ત," બારમાને હવે પોતાના ખરા કુદરતી સાદે જવાબ દીધો, "પણ હું હસવું દાબી શકયો નહીં. પેલો કમબખ્ત દારોગો બાહેર દમ મારતો હતો તેના જોડે કાંઇ એવા તો ઓરજ હેરાથી વાત કરી મેં તેને દંગ કરી નાખ્યો કે તે બધું મને કયાંથી આવડી ગયું તે પર હું પોતેજ હેરત થવા લાગ્યો, અને તેની રમુજ વચ્ચે હજી તો આવીને આ તારી કરાકરી બીરકોટ ખુરસીપર બેસવા જાઉં તેટલાં તો તે કમબખ્ત વળી મારા તાપથી નમી પડી તો પછી હસવું તે શું નહી આવે? તેમ છતાં જો તેથી તારૂં દીલ દુઃખાયું હોય તો માફ કર, દોસ્ત !"

"મારી જેટલું તો કશું છેજ નહીં," દેલજંગે કામ કાઢી લેવું હતું એટલે નરમ પડી જઇ કહયું, "પણ હવે ત્યારે આપણે કામની વાત કરશું."

"ઓલ રઈટ, ત્યારે શું ફરમાસ છે?" બારમાને પુછયું,—અને દેલજંગ જે કહે તે ધ્યાનથી સાંભળવા તે લગાર વધારે પોહળો થઈને તે ખુરસીમાં ગોઠવાઇને બેઠો.

"આરમાન," તેણે કહયું, "તું જુએ છે કે હું મારી મુર્ખાઇનો ભોગ થઇ પડયો છું. અત્રે આવવા પછી મેં એક ચોક્કસ ચાલવાની ઢપ સાચવવાનો ઠરાવ કીધો હતો, પણ એક વાર ખીજવાટનો માર્યો તે ઢપ ભુલી ગયો, અને યાદ આવતાં તે વળી પાછી અખત્યાર કરી તે મારી નાદાંનીએ વળી એક વાર મારી ગરદન જલ્લાદના હાથમાં જવાની ધાસ્તીમાં હું આવી પડયો છું; પણ આગલ મેં તને ત્રણ વાર મારા જેવીજ હાલતમાંથી સલામત બાહેર કાઢેલો છે, તો તું આપણા કોલ અને કરાર પ્રમાણે આજે મને અત્રેથી નાહસવાની જોગવાઇ કરી આપે એ તદન હક વાજબી છે, અને તેથીજ મેં તને આજે અત્રે બોલાવ્યો છે."

"અને આ જગ્યેથી કયે દહાડે નાહસવાનો તારો વિચાર છે, દોસ્ત?" બરમાને પુછયું.

"આજેજ રાત્રે!" દેલજંગે ઘણાં અધીરાઇભર્યા ભારથી કહયું; "આજેજ, નહીં તો કાલ તારી અને મારી નથી."

"આજેજ?" બારમાને અચરતી બતાવી; "વચ્ચે થોડાજ કલાક બાકી છે,—પણ ચીંતા નહીં, બનાવીશું; તું બેફીકર રહે; દોસ્ત."

"મને તારાપર વિશ્વાસ છે માટે તો તારા કરાર પ્રમાણે મેં તનેજ તેડયો, નહીં તો મને તારા જેવા બીજા ઘણા મલતે,"

દેલજંગે કહયું; "પણ યાદ રાખજે, બારમાન, કે જો તું મારા તરફ વફાદાર રહી આટલું મારૂં કામ આસાન બજાવી આપી મારો જીવ ઉગારશે તો તેનું અહેસાન કેમ વાળી આપવું તે મને સારી રવેસે આવડે છે, પણ જો તેં મારી સંગાથે દગો કીધો તો હું મુવા પેહલાં તું સલામત રહેશે એવું સમજતો ના!"

"ઇનામની લાલચ કે જીવ જવાની ધમકી એ કશાંથી હું મારાં વચનથી ડગવાનો નથી," બારમાને લગાર તુચ્છકારથી કહયું; "હું એકવચની આદમી છું, અને તેને લાલચ કે ધમકી કશાંની જરૂર હોતી નથી–પણ વારૂં ત્યારે દોસ્ત, તું કયે રસ્તે અને કેમ નાહસવા માંગેછ?"

"સાંભળ," દેલજંગે કહયું; "આપણે આ બારણેથી નાહસી શકતે કેમકે દારોગો પૈસાનો લોભી છે, તોબી તેને વટાવવા પછી બાહેર અસંખ્ય પોહરેગીરો વચ્ચેથી આપણને જવું પડે જે વાત તો કદીજ નહીં બની શકે એવી છે. એટલા માટે આ બારણેથી નાહસવાની વાત તો પડતીજ મેલવી પડે છે. હવે એક બીજો રસ્તો તે આ બારી છે, પણ એ બારીનેબી આડા ને ઉભા મજબુત લોખંડી સળીયા છે. એ સળીયા આપણને ઉખેડી કાઢવા જોઇશે, ને તેને માટેનાં જોઇતાં ઓજારો તારે મને પુરાં પાડવાં પડશે!"

"તે હું બજાવશ," બારમાને કહયું; "હું હ્યાંથી હમણાં બાહેર જાઉં ત્યારે દારોગો સાંભળે તેમ તું કાંઇ વાંચવાની ચોપડીઓ, અને સોજા મેવા વગેરે ચીજોની માંગણી કરજે, અને હું જઇને તે સઘળી ચીજોથી ટોપલો ખીચોખીચ ભરીને મોકલશ, ને તે સઘળ હેઠે તે હથ્યારો છુપાવશ."

"એજ મારો વિચાર હતો," દેલજંગે કહ્યું; 'તું મને એ હથીઆરો પોંહોંચતાં કર એટલે મારૂં કામ હું કરી લેઇશ. વળી તારૂં બીજું કામ એ કે આ બારીની નીચે એકજ પોહરેગીર રહે છે તેને તારે અત્રે મોડી રાત્રે સાડા અગીઆર વાગતે આવીને બેહ્રાંમ કરી મોંમાં ડુચા મારી હાથ પગ બાંધી કેઠે દુર લઇ જઇ નાખી આવવો. ખપ પડે અને જરૂર જણાય તો તેનું ડોકું છટકાવી નાખવાને પણ ડરતો ના. એ રીતે તેની કાસળ કાંઢયા પછી આજુબાજુ સઘળું તપાસી મધરાતે બરોબર બારને ટંકારે તારે આ બારી નીચે આવી ધીમે સાદે એક સીસોટી ફેંકવી, અને તે ઇશાંણીએ સઘળું સમાધાન છે માની હું ઉતરવાં માંડશ. હમણાં ત્રણ તો' થવા આવ્યા છે, માટે તાકીદ કરજે, દોસ્ત; સઘળી વાત તારે હાથ છે."

"તે સઘળાં વિશે તું બીલકુલ બેફીકર રહે," બારમાને સધ્યારો આપ્યો. "એ સઘળું હું બજાવશ, પણ આ બારી નીચેની જમીનથી કેટલી ઉંચી છે તે કાંઇ ખબર કાઢી છે?"

"હા બારમાન," દેલજંગે કહ્યું; "મેં મારૂં સઘળું કામ પાકું કરેલું છે. આ બારી જમીનથી સાધારણ ઉંચાઇનાં આસરે ચાર માણસપુર છે."

હવાં બારમાન કાંઇ બીજું કહેવા જતો હતો તેટલાં દેલજંગનો દારોગો બારણું ઉઘાડી અંદર આવ્યો, અને બારમાનને તેનાં મલવા આવવાના વખતની હદ પુરી થઇ જવાની યાદ આપી. બારમાન એ ઉપરથી તુરત દેલજંગને સધ્યારો આવે એવી મકસદની એક આંખ મારી જવા ઉઠો કે દેલજંગને જાણે ચચપુચ યાદ

આવી ગયું હોય તેમ તેણે બારમાનને દારોગો સાંભળે તેમ ખાસ્સા મોટા સાદે કહયું, "દોસ્ત બારમાન, હું કહેતાં કહેતાં રહી ગયો. મેહરબાંની કરી કાંઇ વાંચવા લાયક કેતાબો કોઇ માણસ પુઠે રવાના કરજે ? વખત જવો બહુ ભારે લાગેછ," અને બારમાને હસીને મંજુરી આતનું દોકું ધુણાવ્યું કે વળી તેને બે ચાર કદમ આગલ જવા દઇ દેલજંગ બોલ્યો, "અને સાથે કાંઇક સોજ્જે મેવો પણ મોકલી આપજે, રફીક !" વળી એક વાર બારમાને હસીને સધ્યારો આપ્યો, અને હવે તે બાહેર નીકલી ગયો.

અને તેનાં જવા પછી આસરે અરધેક કલાકે એક માણસ ફ્રુટ, ચોપડીઓ વગેરે સંરસામાનથી ખીચોખીચ ભરેલો એક ટોપલો લઇ દેલજંગના દરવાજા આગળ આવ્યો, અને દારોગાએ દેલજંગને એ વિશેના 'ઑારડરા' આપતાં સાંભળ્યો હતો એટલે તેને તુરત યાદ આવી જવાથી તેણે વગર અડચણે તે ટોપલાવાલાને તેના ઓરડામાં દાખલ થવા દીધો, અને તે, તેને બારમાંને કરેલા હોકમ મુજબ એઠોજ ટોપલો મુકી ચાલતો થયો.

હવે તેના જવા પછી થોડોક વખત વીટવા દઇ દેલજંગે ધીમે ધીમે ટોપલો ખાલી કરવા માંડયો, ને પેલાં હથ્યાર કાઢી તપાશી જોયાં. તે તેને જાઇતાં હતાં તેવાંજ તીણાં અને ધારવાલાં હતાં, અને તેથી ખુશી થઇ તુરત વેલા તો તેણે તેમને છુપાવી દીધાં.

એમ કરતાં કલાક બે એક ગુજરી ગયા, અને અંધારૂં થયું. સુર્યના તેજસ્વી પ્રકાશનાં બાકી રહેલાં કીરણોની નુરાંની દુર થઇ રીહા રાતનો પરડો ફરી રહયો. વાંચનાર જાણે છે કે એ ચંદનીના

દીવસો હતા. ગઇ કાલે દેલજંગને જ્યારે બંદીખાને લાવી પુરવામાં આવ્યો હતો ત્યારે તેણે ચંદનીનાં તેનાં ઓરડામાં આવતાં કીરણોની મદદથી પોતાના ઓરડાનું 'ફરનીચર' તપાસ્યું હતું, અને તોબી કહે-વાને અતી અજાએબ જેવું છે કે આજે દેલજંગને બચી નાહસ-વામાં ખુદ કુદરત મદદ કરવાનો કસદ કરી રહી હોય તેમ ચંદર સીહા વાદલાંઓને ઓથ ભરાઇ બેઠો, જ્યારે કીલીયાંન સરખો અંધકાર સર્વ અહીં પસરી રહયો. એટલુંજ નહીં, પણ થોડેક વખતે ધોધમાર વરસાદ પડવા માંડગો, અને એટલી એજ મદદથી દેલજંગ પરની કુરબાંન અને મેહરબાન કુદરત ધરાઇ નહીં હોય તેમ ભારે ગડગડાટો થવા લાગ્યા! દેલજંગને એ કેટલો મોટો સંતોષ! હમણાં રાતના ૭ વાગતાનો અમલ હતો, અને હવે યજદાંનું તો નહીં પણ સેહેતાનનું નામ જબાંન પર લેઇ, ગુનાહગારે પોતાનું કામ શરૂ કીધું. બારીના પેલા મજબુત લોખંડી સલીયા પર હવે તેણે કાનસ અને બીજાં તીણાં તહરેવાર લોખંડી હથ્યારો ચાલુ કીધાં, અને પીસેલા દાંતે અને ખેંચેલા દમે થોભ્યા વગર તેણે તે કામ જારી રાખ્યું. એ કામ કાંઇ સેહેલ ન હતું. આડા ને ઉભા લોઢાના જાડા મજબુત સલીયા કાપી કાઢવાનું કાંઇ જેવું તેવું જોહમત ને જોખમનું કામ ન હતું, પણ તોબી તેણે હીંમત હાર્યા વના ખંતથી તે કામ ચલાવ્યું.

અરધો કલાક–કલાક–દોઢ કલાક–બે કલાક–ત્રણ કલાક,–અને તેના હાથ ફાટી ગયા–તેનાં નખોમાથી માંસ તુટી આવ્યું અને લોહી ચાલ્યું, તે પરસેવે ગરકાવ થઇ ગયો, તેનો દમ જોરગાં જાડો

ચાલવા લાગ્યો, તેનાં નાખનાં નસકોરાં ધમન પેરે ફુકાતાં ને બેસી જતાં, તેની આંખમાં ખુન આવ્યું હોય તેમ તે લાલ થઇ આવી, તેના ડોલા નીકલી પડવા સરખા થયા, અને સર્વ પ્રકારે દેલજંગ દલેર તે વખતે ને તે હાલે એક હારેલો, છેરાયલો ખવીશ હોય તેવો લાગતો હતો, અને તોબી એવી થાક-એવી ગંજાવર જેહેમત અને મહાભારત મેહેનત છતાં તે એકકે જોરે, વગર અચકવે, વગર કંટાલવે એક સરખી ખંતથી કામ કર્યો જાય છે,-પણ હવે તે થોભે છે. અત્યાર સુધીમાં તે છ સલીયાને તેમની બનાવતમાંથી ધીલા કરી શકયો છે, અને હવે પાસેના મીનારાનાં ઘડીઆલમાં દસના ટકોરા થાયછે એટલે તે ચોંકીને થોભે છે. દસ વાગતે બંધવાઓની ખબરે લેવાને સઘલા દારોગાને હોકમ ફરમાવેલો હતો માટે તેના દારોગાને તેનાં બંદીખાનામાં આવવાનો વખત થવા આવેલો જાણી તેણે તેનાં હથ્યાર ખુણામાં ફેકી દીધાં, ને લોહીથી ઝઝરતા હાથ સાથેજ તે ઉંઘાઇ જવાના ઢોંગથી બીછાંણામાં પડયો. તેનું કઠણ બીછાંણું તેને એટલું આસુદ, એટલું આરામ આપનારૂં, નરમ અને પ્યારૂં આગલ કદી લાગ્યું ન હતું, પણ એ સઘળાંનો વિચાર કરવાનો દેલજંગને વખતજ ન હતો. તેના ઓરડાનાં મોટાં બારણાંના બાહેરથી અલકરાંપો ખડખડયા, કુંચીના ઝુમખાનો ખણુણ-ખણુણ કરતો અવાજ-તાલાઓનું ઉંઘડવું-અડગરાઓનું ખીસવું-ધીલી પડેલી સાંકલોનું બારણાં સાથે અથડવું, અને બારણું 'કરર' દેતું અધુંક ઉંઘડયું કે દારોગાએ હાથમાંનું ફાણસ માથાવેર ઉંચે ધરી અંદર પુરો આવ્યા વના રાબેતા પ્રમાણે સેહજ ડોકુજ ખોશી પુછયું, "બંધવા, કાંઇ જોઇએ છે?" પણ બંધવાના ધડા ગામ ગયલા હતા.

તે જવાબ શું કરવા આપે ? તેણે જોયું કે જવાબ દીધો તો તાહેલાં બોર દારેગો વલગશે ને જલદી પીટવાનો નથી, ને તેને એકેક પલ એકેક જમાનાના સરખી હતી, તો તેણે દારેગાના ઉપલા સવાલનો જવાબ લગાર વધારે મોટેથી 'ખુરૂર-ખુરૂર' ઘોરીને આપ્યો. હવે દારેગાએ જોયું કે તે ઉંઘાઇ ગયો હતો એટલે ગુપચુપ ડોકું પાછું ખેંચી લઇ બારણું પાછું બંધ કરી લીધું. સાંકલો પોવાનો અવાજ-અલડરાપોનું ખસવું-કુંચીના ભારી ઝુમખાનો ખણખણાત-તાલાંઓ બેસવાનો અવાજ, દારેગોનાં તે બારણાં આગલથી ફરી જતાં ભારી પગલાંનો દરેક પલે વધુ અને વધુ ધીમો પડતો જતો સાદ-અને થોડે વારે સઘળું પાછું ચુપચુપાટ અને સમાધાન ! હવે દેલજંગ પાછો કુદકો મારી ઉઠયો, ને કામે મંડયો. હજી ગગડાટ અને ભારે તોફાન જારી હતું. બાહેર કોઇ ચલીયુંબી નીકળવાની હીંમત નહીં કરે એવું હતું, પણ જેની આગલ મરવાની વાત છે-જેની સાંમે મોહત ઉભું રહી તેના ચાલાચસકા કરતું હશે તે તેની ચુંગાલમાંથી સલામત નાહસવા, કહે વાંચનાર, કે શું નહીં કરશે ? તે સઘળું કરશે. એક જીવધારી આદમમાં જે બી ને જેટલું બી કરવાની તે કીરતારે શકતી મેલી હશે તે શકતીને તેની પુરેપુરી-નખેનખની હદ સુધી કામે લગાડવાને તે એક કદમ હડશે નહીં, તો દેલજંગ પોતાનો જાન બચાવા જે કરે છે તે કદી બી ઘણું કહેવાશે ?

દેલજંગે ત્રણ કલાક જે કામ કીધું તેથી ઉપજેલી થાકને સબબે તેનું ગલું બલી જતું હતું, તેના મોંમાં આગ ઉઠી હતી, માટે નવેસરથી પોતાનું કામ જારી કરવા પેહેલાં તેણે પાણીના ત્રણ મોટા

ગોટ ગલ્યા, અને તેથી લગાર આસુદો થયા કેડે હવે પાછી બાંચ ચઢાવીને નવા ઉમંગથી તે સલીયાની નડનો નીકાલ કાઢવા પડયો.

પાસેના પેલાજ મીનારાનાં ઘડીઆલમાં અગ્યારનો ટકોરો, ને દેલજંગ ચાર સલીયા છુટા પાડી શકયો. કેવો મોટો સધ્વારો!–સાડા અગ્યાર–અને એક બીજો ખેંચાઇ આવ્યો, અને થોડે વારે ત્રીજો એમ સઘળા છએ છ સલીયા અંતે છુટા પડયા, અને બારીમાંથી એક માણસ સીધો તો નહીં પણ આડો થઇને જઇ શકે એવી મોકલાસની જગ્યા થઇ, માટે હવે દેલજંગ બારી આગલથી ખસી બીજી તૈયારી પર મંડયો. તેણે બારીએથી ઉતરવાને માટે પોતાનાં બીછાણાં પરની જાડી ધાબલીઓ વગેરે લીધું, ને તેના લાંબા કોરડાવાલીને અકેક સાથ બાંધી લઇ ખાસ્સાં એક મોટાં ગજબુત લાંબા દોરડાં સરખું કીધું, જ્યારે બારીની ઉભી બેરપર ચઢી બારીની બાહેરથી સલીઆઓમાંના એક મજબુત સલીયાસે તે નવી જાતનું દોરડું તેણે અતી મજબુત બાંધ્યું. હવે તે ધીરજથી દમ ખાવા પડયો. હમણાં પોણા બાર થયલા હતા એટલે પા કલાક હજી જોઇતો હતો તેટલાં તે હવે થાક ખાવા બેઠો, પણ થાક ખાતાં તે પોતાના વિચારો જોડે એકલો પડયો કે તેને એકથી એક હજાર વિચારો આવવા લાગ્યા. સૌથી પેહલાં તો બાર કયારે વાગશે તેની તેને ચટપટ થવા લાગી. તેને લાગ્યું કે બાર કદી કોઈ જન્મમાં બી વાગવાનાજ નથી કે શું ? તે ખટપટપરથી પોતાનાં આ સાહસનાં પરીણામ પર તે આવ્યો. કદાચ દોરડું તુટી જશે ને તે નીચે છુકાશે, મરી જશે;–કદાચ તે ઉતરતાં પકડાઇ આવશે;–વીજલી પડશે તો દુરથી પોહરેગીર તેને જોશે;–

કદાચ-કદાચ બારમાંન તેનીસે દગો રમશે, પોતાના કરારથી ઉલટો ચાલશે, અને આવશે નહીં! એ સઘળા વિચારોમાં છેલ્લા વિચારે દેલજંગને અતી ત્રાસ ઉપજાવ્યો. આવી મહાભારત જોખમ ખેડેલી જેહેમત પછી હવે બારમાન દગો કરે તો તો તે મુવોજ! એ વીચારે તેનું હૃદય ધપકારા આપતું પણ એક બે પલ બંધ થઇ ગયું, ને નીરાશાથી તે થોડીક પલ સુધી પાણી પાણી થઇ ગયો, પણ બીજીજ પલે તે પાછો કુદકો મારી ઉઠયો. "હું એકલો જવશ," તે મન સાથ બરબડયો; "તે ચંડાલ મારીસે દગો રમશે તો એમબી મરવું ને એમ બી મરવું, તો હું એકલો જવાનો જોખમ ખેડશ, અને જોવશ કે નસીબ કેવી ને કેટલી યારી આપે છે!" હયાંથી ધીમે ધીમે વળી તેના વિચારો પેલા ઘરડા અસપંદીઆરનાં ઘરમાં ધુસ્યા. તેણે પોતાના ખ્યાલો વચ્ચે કમબખ્ત પરીનને બીછાણુંમાં દુસકે દુસકે રડતી જોઇ, અને દારાબને ખોદાની પાસે ખેર કરાવતો જોયો. બંદીખાનામાં તે સપડાયો તે પેહેલાં પેલાં પોહોંચખાનાંમાંથી તેણે તેઓપર કાગળ લખી રવાના કર્યાં હતાં કે હું કાલે જરૂર તમને આવી મળશ તે વાત વાંચનાર વીસરી ગયાં નહીં હોય, અને તે કાલ આજે ખતમ થઇ જવા છતાં તે તો હજી હયાંજ છે ત્યારે ત્યાંનાંઓને કેવા કેવા વિચારો---પણ ઓ! બારના ટકોરા થાય છે! તોફાંણ અરધા કલાકનું નરમ પડયું છે, ને તેથી તેની ગરબડ પછીની અસાધારણ સ્મશાંન સરખી શાંતી વચ્ચે બારના ટકોરા બેવડો મોટો અવાજ મારે છે. "એક બે, ત્રણ," દેલજંગ તે ટકોરા ઉંચા દમે ગણે છે. "ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ, અગ્યાર અને બાર!" બાર વાગી ગયા પણ પલી બારમાનવાલી સીસોટી? અરે તે કયાં છે? બારમાન કયાં મુવો? બાર

વાગવાની ઉપર એક આખી મીનીટ વહી ગઇ તોબી બારમાનની સીસોટીની છુપી નીશાંણુ તો મલે નહીં ! અરેરે, તે મીનીટ દેલજંગને એક જુગ હતો, પણ એક બીજી અને વળી એક બીજી મીનીટ ! પાંચ મીનીટ–પા કલાક !–હવે દેલજંગથી કેમ થોભાય ? તેણે નકકી માન્યું કે ચંડાલ બારમાન જરૂર દગો રમ્યો, ને જીગરના અંતર ભાગથી એક કરપીણ કસમ ખાઈ તેણે ઠરાવ કીધો કે હવે હવાંથી જો તે સલામત નાહસવા પામે અને બારમાન જો મલે તો તેનું એક હાડકું બી સલામત રાખવું નહીં, અને હવે કોઇ બી જોખમે તેણે એકલાએજ પોતાનું સાહસ ચલાવવાની હીંમત કીધી. તે બારીની બેરપર ચઢયો, પેલુ કપડાંના વીંટાનું બનાવેલું દોરડું તેણે ઓસ્તવાર પકડયું, અને ઉતરવાને તૈયારી કરતો હતો તેટલાં—એક તીણી સીસોટીનો સાદ આવ્યો. અંતે બારમાંન આવ્યો ખરો ! અને હવે દેલજંગ દલેરની છાતીપરથી એક ગંજાવર બાર દુર થયો હોય તેમ તે હલકાં જીગરથી ઉતરવા માંડે છે. અતરેની કસરતશાળામાં જેઓએ કસરત કરનારા આપણા ન્હાનકડા મલોને દોર ડાંની કસરત કરતાં જોયા હશે તેઓ દેલજંગની ઉતરવાની ઢપ સારી રવેસે સમજી શકશે. તેણે દોરડાંપરથી અકેક હાથે સરવા માંડયું, અને અંતે સલામત તેના પગ જમીનને વાગ્યા, જ્યારે પાસેજ બારમાન ઉભો હતો. અંધારૂં એટલું હતું કે કોઇનું મોહડું પણ ન દીસે, તો પણ પોતાની સામે એક કદાવરદીંગ આકાર ઉભેલો હોય એવું કાળું ધાબું જોઇ દેલજંગે જાણ્યુ કે એ બારમાનજ છે. "બારમાન," દેલજંગે તે ઉપરથી ધીમા સાદે કહયું, "કેમ એટલું અસુરં કીધું ?" "પેલા કમબખ્ત

પોહરેગીરે ઘણી મહેનત આપી," બારમાને તેવાજ ધીમા સાદે જવાબ આપ્યો. 'એક વાર તો તે બુમ પાડી દેતે એવું હતું, પણ સેહજમાં બચી જવાયું." "પણ હવે કાંઇ તેના તરફની ધાસ્તી છે કે ?" દેલજંગે પુછ્યું. "બીલકુલ નહીં," બારમાને સધ્યારો આપ્યો; "એ તે પેલો ગાંસડી બાંધી લીધો હોય તેમ હાથ પગ સાથે મજબુત બાંધી લીધેલો પડેલો છે, ને મોંમાં નહીં નીકળે એવા ડુચા છે. કદાચ અત્યાર સુધીમાં તો તે મારો મુવા બાપની ખબર લેવા જવા નીકળી પણ ચુકયો હશે, કે જે વખત જાય છે તેમાં નીકલશે !" "ત્યારે હવે હયાં ઘીલ કરવાની જરૂર નથી," દેલજંગે કહયું; "મારા માયાળુ રફીક, હું તારો ઘણો ઉપકારી છું, પણ એ અહેસાંનની વાત તેના વખત વારે, માટે ચાલ હાલ તો !"

અને તેઓ બંને ઉતાવળે કદમે તે બંદીખાનાંની દેવાલ આગલથી નાહસી જાય છે ! પોતાનો જીવ બચાવવા એક નિર્દોષ જીવને તેઓ તરફ્ક્યાં મારતાં મોહતમાં પોતાની પુઠે મુકી જાય છે તેની તે દયાહીણોને લેશ શંકા થતી નથી, અને તેઓ વગર વાતચીત કરવે જેમ બને છે તેમ ઝડપથી આગલ અને આગલ ચાલ્યા જાય છે !

પ્રકરણ ૩૧ મું.

બેહરોઝ અને નરીમાન.

ઉપલાં પ્રકરણમાં આપેલા બનાવો જે મોડી રાત્રે બન્યા તે પછીની સહવાર ઉગવા કેડે દસ વાગતે મુનીમ તેહેમારપ હાંફતો હાંફતો બુઝોર્ગ બેહરોઝ–શીરીનના મમાવા–ને પુછતો તેનાં મેહલમાં આવ્યો, અને જયારે તે ઉમરાવ અને તે મુનીમ એક ઓરડાગાં એકલા પડયા ત્યારે મુનીમ એટલો ઉશ્કેરાઇ આવેલો હતો કે બોલવા જવા છતાં કાંઇ બોલી પણ શકયો નહીં.

"શું છે મુનીમ, શું છે?" બેહરોઝે ધીરજ આવે તેમ મમતાથી પુછયું, "એટલા ગભરાઓછ કેમ?"

"મુરબ્બી સાહેબ," મુનીમે જેમ તેમ જબાં ખોલી, "હું એક ઘણીજ અજાએબ જેવી વાત તમને કહેવા આવ્યો છું, ને તેની અપાર અચરતીએ મારી જુબાંનજ ઉપડી શકતી નથી."

"એવું તે શું છે?" બેહેરોઝે વાતમાં રસ લઇ પુછયું; "કાંઇ માઠા સમાચાર તો નથીની?"

"તુરત વેળા તો માઠા સમાચાર નથી," મુનીમે ધીરજ આપી, "પણ જો વાર લાગતે તો બહુ માઠાં પરીણામ થતે. તમારી મનમોહન બેટી શીરીન—"

"હા, તેનું શું?" બેહેરોઝે ઘણી અધીરાઇથી પોતાની ખુરસીમાં તડો થઇ પુછયું.

"જરા ધીરજ રાખો, સાહેબ," મુનીમે કહયું; "તે તમારી બેટી શીરીનનો રખેવાલ કેરશાસ્પ બીન ગસ્તહમ—"

"અરે હારે યાર, પણ તેનું શું?" વળી બેહેરોઝ વાતની વચ્ચે અધીરાઇથી પુરાયો.

"પણ મુરબ્બી, તમે મને બોલવાજ નહીં દેતાની?" મુનીમે માનથી નરમ ઠપકો દીધો.

"હા, પણ મને ધીરજ રહેતી નથી, મુનીમ," બેહેરોઝે ગગળી પડી કહયું. "શીરીન પર મેં મારી મુર્ખાઇથી વીટાડેલા હાંદેસાઓનાં પસ્તાવાએ મને એટલો આઝેઝ કરી મેલ્યો છે કે હું એક નવો માણસ થઇ ગયો છું, અને શીરીનનું નામ સાંભળતાંજ મારૂં દીલ મોમ સરીખું પીગલી જાય છે,—પણ વારૂ ચાલો, બોલો; બોલો મુનીમ, હું ધીરજ રાખશ. ચલાવો તમારી વાત, જોઉં શું છે?"— અને એમ કહેતાં તે પોતાની મોટી ગાદીની ખુરસીમાં ગોઠવાઇને અઢેલી બેઠો.

"તે કેરશાસ્પ બીન ગસ્તહમ," મુનીમે ચલાવ્યું, "બીજો કોઇજ નહીં પણ પેલો પંકાયલો ને જાંબુીનો ચંડાળ દેલજંગ દલેર દેખું?"

"હેં!" બેહેરોઝ અચરતીનો પોકાર મારી ઉઠી ઉભો થઇ બોલ્યો, "મુનીમ, એ શું કેહોછ? છટ, છટ, તમો ભુલતા હોશો; અનેજ કેમ!"

"સાહેબ, હું ભુલતો નથી," મુનીમે કહયું, "હું ભુલતો નથી; તમો જો ધીરજ રાખો તો હું બધી વાત માંડીને કહું ને તમારી ખાત્રી થાય."

વળી એક વાર માંફ માંગીને બેહેરોઝ ગોઠવાઇને બેઠો, ને ધીરજ રાખવાની કબુલાત આપી કે મુનીમ તેહેમારપે આગળ ચલાવ્યું.

"જોવોની સાહેબ," તેણે કહયું, "છેલ્લા જયારે તમો સુરજ્બી મારી પેઢી પર પધાર્યા હતા, અને તમારી એ ચેહરેનમુન બેટીને તમારી ગોદમાં તમારી માયાની છાંયા હેઠળ તમારે ઘર લઇ આવ્યા તે દહાડે જયારે મારા ઓરડામાં આપણે વાત કરતા હતા ત્યારે પાસેનાજ ઓરડામાં તે ચંડાલ જેને તે વેળાએ તો હું એક સાદા ફેરશાસ્પ તરીકેજ પીછાંણતો હતો તેને મેં છુપાવ્યો હતો."

"હા, તે તો હું જાણુંછ," બેહરોઝે કહયું, "શીરીને પાછળથી મને તે વિશે સઘળું કહયું છે, પણ પછી, ભાઇ, પછી?"

"પછી તો સાહેબ જયારે તમારા જવા પછી મેં તેને બાહેર કાઢી જણાવ્યું," મુનીમે કહયું, "કે હવે શીરીન તરફની તમારી રખેવાલીનું કામ નથી ત્યારે તે રાતો ને પીળો થઇ હાથ ને પગ પછાડવા લાગ્યો, ને મારા પર કીનાના દાંત કચકચાવા લાગ્યો. મેં કાંઇ તે વેળાએ તેની પરવા કરી નહીં. તે વાત મેં તો તે વખતે તેને કોઈ સાધારણ આદમી સમજી ખડખડ હસી કાઢી, પણ આજે જયારે હું વિચાર કરૂંછ ત્યારે હું શોકર કરૂંછ જે મારાં ધન ભાગ્ય જે હું તે ચંડાળના હાથમાંથી તે દને સલામત બચ્યો!"

"અરે હારે યાર, લાખ વખત!" વળી બેહરોઝ વચ્ચે પુરાયો: "પણ પછી?"

"પછી તો સાહેબ," મુનીમે કહયું, "મને તે કશી પણ અડચણ કર્યા વના ફક્કડેલો ચટકેલો મારા આગળથી જતો રહયો, ને હું તે વાત વીસરી પણ ગયો; તેટલાં થોડેક વારે એક બીજો માણુસ ઉતાવળમાં મારા આગળ આવ્યો ને મને તેનું નામ પુછયું. મેં તો મારી ભોળાઇમાં તે "કેરશાસ્પ બીન ગરતહમ" કરી જણાવ્યું, અને પછી મેં તે પારકા શખ્સને મને એ નામ પુછવાનું કારણ પુછયું, જેના જવાબમાં તે ઉતાવળમાં કહીને ચાલી ગયો કે "હું ફુરસદે આવીને તમને એ સઘળી કેફીઅત કેહી જવશ."

"પણ ત્યારે તે કોણ હતો?" બેહેરોઝે પુછયું.

"મુરબ્બી, સાંભળો તો ખરા," મુનીમે જારી રાખ્યું; "વળી તે વાત તો હું વીસરી ગયો હતો, ને આજે હમણાં હું મારાં કામ વચ્ચે રોકાયલો હતો તેટલાં પેલોજ પારકો પાછો આવ્યો, અને પોતાને ઓલખાવી કહયું જે 'હું એક સરકારી આદમી છું. પેલા કેરશાસ્પને મેં દેલજંગ તરીકે તલાસ ઉપરથી પકડયો હતો, અને તેને ભારી કેદખાનાંમાં પુર્યો હતો ત્યાંથી ગઇ રાત્રે તે અજાએબ જેવી રીતે નાહસી ગયો છે. સહવારૂં પડતાં તેને જે બંદીખાનાંમાં નાખ્યો હતો ત્યાંથી બે ચાર સીપાઇઓ જતા હતા તો એક ખુણામાં તે બંદીખાનાંની બારીની નીચે એક હાથ પગ બાંધેલો સીપાઇ મુએલો પડેલો મલી આવ્યો, ને બીજી તરફથી ઉપરની ઉંચી બારીમાંથી કાંઇ લટકતું જણાયું, ને આગળ જઇને તલાશ કરતાં

તે તો ધાબલીને દોરડાંની પેઠે વલ દીધેલો જણાયો, જેથી ઉપર જઇ તલાશ કરતાં સલીયા કાપેલા ને બીછાણાં આગલ ફાટેલાં ચીથરાં ચરખનાં પડેલાં જણાયાં, જે પરથી અટકલ થઇ શકી કે તે કોઇની મદદથી બારી વાટેથી નાહસી ગયો હતો !"

"ઘણુંજ–ઘણુંજ અજાએબ જેવું," બેહેરોઝ વિચારમાં ગરક થઇ જઇ મનસે બરબડયો.

"ઘણુંજ," મુનીમે ટેકો આપ્યો. "હમણાં સારાં શેહેરમાં શોહર મચી રહયો છે. જયાં ત્યાં એજ વાત છે, અને સત્તાવાલાઓ દેલજંગની કે દેલજંગને મદદ કરનાર કે કરનારા તેના પાપી હમશરીક કે હમશરીકોની ધુમ જોસ્તેજ્ને ચલવે છે, પણ કોઇ મલી શકતું નથી. આ સઘળી કેફીયત મારે કાન આવતાંજ તે તમને જણાવવા જોગ ગાની હું દોડતો તમો શેઠ પાસે આવ્યો."

"અરેરે અફસોસ !" મુનીમનું છેલ્લું બોલેલું ધ્યાંનથી સાંભળવા વના બેહરોઝ પોતાના વિચારો વચ્ચે મનસે મોટે સાદે બરબડયો, "ખોદા કયાં સુધી મારાં પાપને માટે એમ મારાં હાડને ધ્રુજાવ્યા કરશે ? મારી દીકરી શીરીન ! કેવા કાલા કરપીણને મેં તું ગુલાબ સરખીને સોંપી હેતી. તે ચંડાલ જો થોડો વખત વધારે જતે તો તારાપર શું શું નહીં વીટાડતે ?"–અને પછી તે મુનીમ તરફ ફરીને બોલ્યો, "મુનીમ, હું તમારો ઘણો આભારી છું, પણ આ વખતે હું તમારી પાસે માંગી લઉંછ કે દેલજંગ તેજ કેરશાસ્પ છે એમ શીરીન કે મારી બીજી કોઇ બેટીઓ કદી જાંણે નહીં તેની તમો સંભાલ લેજો. તેઓને કાન એ વાત નહીં જાય તેની સંભાલ લેવા મને ખાસ કારણ છે."

"સાહેબ," મુનીમે કહયું, "હું સરોચશમ એ મારી ફરજ અદા કરશ. એ વાત મારા હોઠની બાહેર નહીં જવા પામે તે વિષે તમો બેશીકર રહો."–અને એમ કહેતાં મુનીમ રજા માંગી ઉઠી ગયો, પણ બેહેરોઝ બેઠો હતો ત્યાં બેસીજ રહયો. તે વિચારમાં ગરકાવ હતો, અને તેના બુઢા હોઠ થરથર ધ્રુજતા હતા. તેની આંખમાં પાણી ભરાઇ આવ્યું હતું. બેહેરોઝનાં મનપર દેલજંગ તેજ કેરશાસ્પ બીન ગરતહમ છે એ વાતની જાંણુ થવાથી જબરી અસર થઇ. એનું શું કારણ? તેણે એ વાત શીરીન કે તેનાં ઘરનાં કોઇ બીજાં ન જાણે તેની સંભાળ લેવાને એટલી બધી અગત કેમ જોઇ?

પ્રકરણ ૩૨ મું.

—:o:—

અસ્પંદીઆરનું ઘર—લગન.

નસરઆબાદ શેહરખાતે કેદમાં પડેલા દેલજંગ દલેરને માટે શબેસ્તાન શેહરખાતે બુઝેર્ગ અસ્પંદીઆરનાં ઘરમાં રોજ વાત થતી. 'આતબીનને નસરઆબાદ તેની પેદીપર ગયાને ઘણા દહાડા થયા.' 'અત્રે પાછો નીકળી આવવાનું કાગજ આવ્યાને પણ ત્રણેક રોજ વહી ગયા' એવી એવી મકસદોની અટકળોથી ભરપુર તરેહવાર વાતો બુઢા અસ્પંદીઆરને ત્યાં દારાબ, અસ્પંદીઆર, સોહાબે અને પરીન વચ્ચે રોજ ચાલતી. બંદીખાનાંમાં સપડાઇ જવા પેહેલાં

દેલજંગે પેલાં એક ઉતારૂખાનાંમાંથી દારાબ, અસ્પંદીઆર અને પરીન ઉપર ત્રણ જુદાં જુદાં કાગળો લખ્યાં હતાં તે વાત આપણને રોશન છે, અને તે કાગળ લખ્યા પછી તુરત સપડાઇ જવાને લીધે તે પોતનાં લખવા પ્રમાણે શબેસ્તાન પાછો આવી શક્યો નથી એ પણ આપણે જાંણીએ છીએ, પણ અસ્પંદીઆરનાં ઘરમાં તે વાતની કેમ ખબર પડી શકે?—અને તેથી તે કાગળ આવવા છતાં ખુદ દેલજંગનાં ત્યાં જવામાં ઢીલ થઇ ત્યારે અસ્પંદીઆરને ત્યાં દેલજંગની ગેરહાજરી વધતી અગત ધરાવનારી વાત થઇ પડી. આ તો ખરીજ વાત છે કે બુજોર્ગ અસ્પંદીઆર અને તેની બાનું સોહાબેને દેલજંગની એ લંબાયલી ગેરહાજરીથી કશા પ્રકારની ફીકર પેદા થતી હતી નહીં, પણ ખોદાંની પાસે પલેપલ ખેર કરાવતા પેલા દારાબ અને ચિત્તા કરતાં પણ કઠણ ચિંતાથી બલી ગરતી જવાંન પરીનને તો જે એક દહાડો દેલજંગનાં આવ્યા વિના પસાર થઇ જતો—બલ્કે જે એક કલાક એ રીતે ખાલી જતો તે કલાક—અને તે કલાકની મીનીટ કહીશું તો તે પણ ચાલશે—તે એક જુગ, એક જમાના સરખું લાગતું હતું!

એવી રીતના ઘણાક દહાડા ગુજર્યા. દેલજંગનાં આવી મલવાને લગતું જે રોજે કાગળ આવ્યું તેને આંઠ ને દેલજંગ બંદીખાંનામાંથી નાહસી છુટ્યો તેને પાંચ રોજ ગુજરી જતા કેડેની એક રાત્રે કલાક નવને સુમારે જ્યારે અસ્પંદીઆરનાં દીવાનખાનાંમાં તે ચારે જણાં ખાનાંથી તુરત ફારેગ થઇ બેઠેલાં હતાં, અને દેલજંગનીજ વાત ચાલતી હતી ત્યારે બાહેર ધડધડાત કોઇ ગાડી દોડી આવી અસ્પંદીઆરનાં બારણાં આગલ ઉભી રહી જવાનો સૌને અવાજ સંભળાયો,

અને 'કોણ છે' તે જોવાની અધીરાઇભરી આતુરતાથી સૌની આંખો બારણાં તરફ ફેંકવામાં આવી, તેટલાં બારણું ઉઘડ્યું, અને પરીન એક ખુશાલીની ચીચીઆરી પાડી બારણાંમાંથી હસતે ચેહરે અને દેખ-ઈતી રીતે પ્યારભર હૈયાંએ ધસ્યા આવતા દેલજંગના હાથમાં જઇ પડી!

"મારાં મેહરબાનો." દેલજંગે ખુશીથી સૌસે મેલાપ કીધા પછી બેસતાં કહ્યું, "ખચ્ચીન, ધંધાની રોકાણુજ ન્યારી છે હો. હું એક બે દહાડાનાં કામસર નસરબાગાદ ગયો, ને કોણે જાંણ્યું હતું કે હું ત્યાં એટલા બધા દીવસો લગણ રોકાઇ રહેત્રશ!"

"ખરેખર હો દોસ્ત આતબીન," અસ્પંદીઆરે પ્યારથી હસીને કહ્યું, "કાંઈ થોડા દહાડા થયા? તમો વાહાલાંઓની શાદીનો રોજ બી જે આપણે નકકી કરી ચુકયાં હતાં તે બી વહી ગયો ને વાટ જોતાં જાણે અમો બધાં વટાઇ ગયાં!"

"ખોદાએ ખેર કરે તે હું તો સમજ્યો." દારાએ ભરમમાં ભમરડો ઘુમાવ્યો, "કે મારો માનવંત રફીક પોતાના ગુંજોગીભરેલા ધંધાની ઘુમચકરીને લગતી ખટપટના સપાટામાં સપડાઈ ગયો કે શું તેથી—"

પણ દેલજંગે તેનો દમ ઉપર આવી જાય તેટલા ભારથી તેનો પગ પોતાના પગે દાબી દઇ તેની ટેં-ટેં કરતી ઝુબાને થોભાવી!

એ પછી દેલજંગ ત્યાં તરેહવાર ટડાકા મારવા પડ્યો. પોતાના વડાઓ મેહરનોશ ને આજરને લગતી તરેહવાર વાતો કહી તેણે

ભોલા અસ્પંદીઆરને ઉડાવ્યો, અને પોતાનાં ખાલી, ખોટાં, ખ્યાલી પરાક્રમોની તારીફદાર બડાઇઓ મારી તેણે તે ત્યાં બેઠેલાં સર્વ ભોલાં-ઓને તેને માટેની અચરતીમાં આંજી નાખ્યાં!

એ રીતે તાહેલામાં તે રાત વહી ગઈ, અને પછી બીજે દને શાદીનો રોજ પાછો નકકી થયો. દેલજંગ જે રાત્રે આવ્યો તેના ચોથે દહાડે લગન થાય એવો ઠરાવ કરવામાં આવ્યો. દેલજંગ લગન જેમ બને તેમ જલદી થઇ જવાનો ઘણી જરૂરીઆત જોતો હતો. તે કર-પીણુ વિચાર કરતો હતો કે જો એક વાર પરીનનો હાથ તે શાદીના કરારથી મેલવવા પાંમે તો તે પછી તેનાપર જે જે બી આફતો આવે તેમાંથી બુઢ્ઢો અસ્પંદીઆર પોતાની બેટી પરીનને ખાતર તેને જરૂર બચાવી લેશે. તે ઉપરાંત પોતાની દોલત સઘળી બારેવાટ થઇ જવા આવી હતી તેથી એ આપમતલબી, હરામખોર લુચ્ચો પરીનની રીતના પૈસા પર પણ તાંપતો હતો!

ભોળી પરીન! દોષીત પણ બીજાનાં પાપનો ભોગ થઇ પડેલી અભાગણી, કાચા કાનની, અવિચારી અબળા! તારી ખરી દયા ખાવાનો, તારાં સઘળાં સુખનો સમુળગો નાશ થવાનો હીણો અવસર માંથે આવ્યો છે! તારાં અવિચારી પાપની સજા તો તને અત્યારમાંજ ઘણી થઇ ચુકી છે, તો બી ખરી ભારી સજા--ને કીરતારના કોપનો ખરો વરસાદ—હજી તારા પર વરસવાનો ઘણો બાકી રહયો છે!

લગન નકકી થઇ ચુકયાં. બુઝોર્ગ અસ્પંદીઆરે બડી ધામધુમથી પોતાની આ એકનીએક બેટી સમાન પરીનની શાદી કરવા માંગી, પણ ""નને ધામધુમ અને મોટા મેળાવડાઓનો ખોટો ઠાકમાઠ બીલકુલ

પસંદ નથી" એવી અને એ વગેરે બીજી અડચણોની નડ વચ્ચે લાવી દેલજંગે તે ધામધુમો પોતાની મતલબસર અટકાવી. "મારા મુરબ્બી," દેલજંગ તે ભોળા ડોસાને સમજાવતો, "એમ પૈસા પાણીમાં શું કરવા નાખશું? તમારી અખુટ દોલતના એથી જુદા બીજા ઘણા અગતના ઉપયોગો થશે. શેઠ, તમારી પાસે ઘણા પૈસા છે તો એ ઠાલી ઠઠેરા કરવા કરતાં સાદી સભ્યતાથી તમારાં બચ્ચાંને મારે હવાલે કરી, તેને નામે તમો સદ્દેગ કાંઇ ખેરાત કાંએ નથી કરતા? અથવા તે સઘળાં કરતાં બેહેતર એ મારી પ્યારીને નામે સઘળું મારાં નામપર કાંએ નથી કરી દેતા કે એ મારા પ્યારા જીવને હું વધારે લાડમાં ને પ્યારમાં ઉધારી શકું?"

દેલજંગની આ સઘળી મસાલેદાર આપમતલબી સમજાવતથી ભોલા અસ્પંદીઆરનાં મનપર મજબુત અસર થઇ, અને તે તેને કોઇ ખરેખ અસરાફ સમજવા લાગ્યો.

એ પછી જે તેડાં થયાં તે ઘણાંજ અતલગનાં સગાં વાહલાં અને ઓલખીતાં પાલખીતાં તથા દોસ્ત આસનાઓ વચ્ચે હતાં. ઠાલી ફડાકાના ધુમાડા સરખા કશા ખરચ હતા નહીં. સૌ સાદું પણ સુખી હતું. લગનની સઘળી સામગ્રીઓ તૈયાર થઇ, અને વચમાં જે ચાર રોજ હતા તેમાંથી ત્રણ ગુજરીને વચ્ચે એક રાતજ બાકી રહી!

પ્રકરણ ૩૩ મું

—:०:—

લગનમાં વધન-રંગમાં ભંગ.

અંતે સહવાર પડી. તે સહવાર કે જે દને એક ભોલી જવાન નાર-એક બીન અનુભવી કુમારીકા એક પાપી ચંડાલને આધારે જવાની હતી-તે સહવાર કે જ્યારે તે એક ખુંની, ચંડાલ, રખડેલ ચોર એક નબલી, નીરાશ્રીત, નિર્દોશ નારની હોરમત લઇ તેણીનો હંમેશનો ખાવીંદ થનાર હતો. તે સહવાર-અરપંદીઆરનાં ઘરમાં સૌને મન તે સુખની સહવાર-પણ ખરૂં બોલીએ તો કમબખ્ત, હીણી, શાપીત તે સહવાર પડી.

અરપંદીઆરનાં ઘરમાં ધામધુમ હતી. સાદી પણ તોબી સઘળી જોઇતી ધામધુમ હતી. નોકર નફરો એમથી તેમ બડી ધામધુમથી દોડતા, અને સૌના ચહેરા ખુશીથી હસતા દીસતા હતા. કાંય નહીં દીસે? એવો સુખી સમો સૌને ઘર કાંઇ વારેવારે આવતો નથી. અને વારેવારે આવતો નથી તેથીજ એ રંગ રાગશણીનો એટલો રંગીલો રમણ્ય દીવસ છે.

સુંદર પરીનને આજે એકથી એક હજાર જુસ્સાઓ થતા હતા, પણ તેમાં સુખ કરતાં દુઃખના અસંખ્ય વચારે હતા. "અરેરે!" શાદીને છાજતો દેખાવ કરવા પોતાના મનની મરજી ઉપરાંત પોતા માટે એક સુંદર પોશાક કાઢી તૈયાર કરતાં પરીન રડીને આંસુભરી આંખસે મનમાં બબ્લાપો કરતી, "અરેરે! આજે જેને હું મારો હાથ

આપનાર છું તે જે છે તે નહીં હોતે–ઓ! તે જેવો કરપીણ, જેવો પાપી છે તેવો નહીં હતે, અને અગર તેના હાથમાં હાથ આપતાં હું મારી છાતીપર તે મારો હાથ મેલી વગર શરમાવે કહી શકતે કે હું જેવી આગલ હતી તેવીજ સ્વચ્છ અને નીર્દોશ છું તો–રે અફસોસ તો હું કેટલાં–કેવાં સુખથી આજે મારી શાદીની તૈયારી કરતે! રે હું મુઘ! અભાગની, આંધલી હું, તે સુખ મારે હાથે–મારી પોતાની નાદાનીયતે મેં જતું મુક્યું. તે સુખ–તે સુખ હવે મારૂં નથી–તે સુખ અને સઘળું સુખ તે કમબખ્ત દીન પછીનું સદા સુધીનું મને છોડી ગયું છે."–અને હયાં જયાં ઉભી હતી ત્યાં પોતાના તમ્મર ખાતાં ભેજાંને પોતાના કોમળ કરથી ટેકવી તે નારી ગંભીર આંસુઓ ખેરવતી.

દેલજંગ અને દારાબ તો ખરીજ ખુશાલીમાં હતા. દેલજંગની ખુશાલીનાં કારણો ફરી ફરીને વરણવી લંબાણ કરવાની જરૂર નથી, પણ દારાબની ખુશાલીને વિશે લખતાં કહેવાની જરૂર જોઇશું કે જે દેલજંગની ખુશાલીનાં કારણો તેજ દારાબની ખુશાલીનાં કારણો હતાં, સિવાએ કે 'પેટ ભરીને ચાંપવા' અને 'બે ચાર કોપટાં' વધારે ચઢાવાની 'મજાહ'ના ખ્યાલથી તે વધારે ખુશ ખુશ થતો હતો.

બુઢા અસ્પંદીઆર અને સોદાબેની ખુશાલી વિશે શું કહીશું? જે ભાઇની બેટીને એ ડોસાએ તેની બચગીથીજ પોતાની કરી પાલી હતી, અને જે બેટીએ એ ડોસા ડોસીનેજ માંબાપ ગણી સદા તેમની સેવા કરી તેમના બુઢાપાને સુખી કર્યો હતો તે ભાઇની બેટીને વાસ્તે એ અસપંદીઆર અને સોદાબે આજે શું નહીં કરશે?

દેલજંગ પોતાના ઓરડામાં શાદીના પોશાકની પસંદગીને લગતી પોતાનાં મન સાથની ખટપટમાં રોકાયલો હતો, અને દારાબ જેમ બને તેમ ઠઠેરો કરી પોતાનાં બેસી ગયલાં દાચાંનાં મોંને શોભા આપી તરીમ તરાક થઇ રહી તેજ ઓરડાની બારીએ ઉભો હતો. દારાબ તો પોતેજ જાણે પરણવા નીકલી પડયો હતો! તેણે એક કસબી જામા જેવો લાંબો દગલો પેહેડયો હતો તે, તેની પોતાની લંબાઇ સાથ મલી જતાં તેના લબુચાં દાચાં ને બેસી ગયલાં વાંદરા સરીખાં મોં સાથે ઘણો રમુજી દેખાવ આપતો હતો, અને એ રીતે એ આપણા ઉમરાવ સાહેબ ગજદેહમ જલદી તૈયાર થઇ રહેવાના સબબે દેલજંગ તૈયાર થાય ને તેઓ હેઠે ઉતરે તેટલાં બારીએ ઉભા રહી હવા ખોરતા હતા,–પણ તેટલાં તે ચોંકયો, અને તેનાં મોંમાથી એક અચરતીનો પોકાર નિકલી પડયો.

"નખ્ખોદ!" તે પોકારી બોલ્યો.

દેલજંગનું ધ્યાન તુરત તેની તરફ દોરાયું, ને તેણે તુરત આવી બારીએ ડોકાવ્યું તો નોઝરને તેણે એક ધસારાબંધ આવેલી ગાડી-માંથી ઉતાવલે ઉતરી પડતો દીઠો. દેલજંગ થોભ્યો નહી. તેણે જોયું કે નોઝરનું અશુભસુચક આવવું એક પલમાં તેના સઘળા હવાઇ કીલ્લાઓની ખાનાખરાબી કરી મેલવાનું,–અને એક અર્ધા કલાકમાં થઇ ચુકનાર તેનાં લગન ભાંગી પડવાનાં, જેથી તે દારાબને કશું બી કહયા વિના એક મોટી ફલાંગથી તે ઓરડો પસાર કરી હેઠે દોડયો. તેને નોઝર દાદર આગળજ મળ્યો. સારાં ભાગ્યે તે વેળા ત્યાં બીજું કોઇ હતું નહી.

નોઝર દેલજંગને ખસારાબંધ આવતો જોઇને થસ થઈ ઉભો. પેહલાં વાત કોણે કાઢવી ને શું બોલવું તે બેઉને એક બે પલ સુજ્યું નહી. પણ નોઝરે તુરત નેણુ ચઢાવી જલ્દી બોલી. "હે મહા મુજી," તે બોલ્યો, "શું આટલેથી બી તું અટકતો નથી ?"

"અએ જવાંન," દેલજંગે તેનો હાથ મજબુત પકડી કહયું, "મારી એક અરજ બહાલ રાખ, અને આ પાસેના ઓરડામાં ચાલ. ત્યાં હું સઘળો ખુલાસો કરશ."—અને નોઝર કશો જવાબ કહે તે પેહેલાં તે તેનો હાથ પકડી હેઠે ભોંયતલીએ દાદરની સાંમે જે ઓરડા હતા તે માહેલા એકમાં તેને ઘસડી ગયો અને બારણું ઢાંકયું.

એજ વખતે પહરોણાંઓએ આવવા માંડયું. દમપર દમ ગાડીઓ આવવા લાગી, અને શાદીના મેહેમાંનો મેજબાનીને સારૂ હરી ખુશીભર્યાં આવવા લાગ્યાં. એ રીતે જ્યારે બાહેર લગનની ધામધુમો જેવી ને તેવી ચાલે છે, બાહર જ્યારે સઘળો લગનનો રંગ છે, ત્યારે પેલા નોઝરવાલા ઓરડામાં વધનભર્યો ભંગ શું થાય છે તે આપણે જોઇએ.

"મુક, અએ મુજી," નોઝરે જોરપર આવી બારણું બંધ થયા પછી પોતાનો હાથ તરછોડી કહયું, "તારા લોહીયાલ હાથોએ મારા હાથ અપવીત્ર કર નહીં."

"અએ જવાંન," દેલજંગે કહયું, "તું શું કહેવા માંગેછ ?"

"શું કેહુંછ ?" નોઝરે બાલીસની પેઠે બીજવાઇને કહયું, "શું કેહુંછ ? હું એ કેહુંછ કે તું એક લુચ્ચો, હરામખોર, ચંડાલ

લુચ્ચો છે. હું કેહુંછ કે તુ કરપીણુ, ગલાંફાંસુ ઠગારો છે. હું કેહુંછ હું કે પેલો લેઆનત પામેલો દેલજંગ ઢલેર તે તું છે। હવે એથી વધારે શું માંગેછ ?"

"ઘણું થયું, અએ જવાંન ઘણું થયું," દેલજંગ ધ્રુજતો નોઝરને પતાવા પડ્યો, "હું જોઉંછ કે તું મારે લગતું ઘણું જાંણે છે—"

"ઘણું ?" નોઝરે તુચ્છકારથી કહયું, "કેહ કે સઘળું હું જાંણુંછ. હે ઠગારા, નસરઆબાદ શેહરની સરહદપરનાં ખુણાંમાં આવેલાં એક ઝુપડાંમાં તેં ઘણાક નીર્દોશ જીવો લીધા છે તે મને રોશન છે. હું જાંણુંછ કે કંગદેઝનાં મેદાનમાં મને અને મારી જોડે ટપાલવાલાને લુટનાર તું અને પેલો તારો પાપી હમશરીક છે. મને ખબર છે કે તું મુજી નસરઆબાદના ભારે કેદખાનાંમાંથી હમણાં નાહસી આવેલો છે, અને હું જાંણુંછ કે એક નીર્દોશ, ભોલા ભલા બુઢાનાં ઘરમાં તું આજ કેટલા દીવસ થયાં ખાતર પાડી ખાનાખરાબી કરે છે. કહે, ઓ અપરાધી ! કે એજ બધું શું ઓછું હતું જે વળી આજે તું પાપી એક નીર્દોશ અબળાને માથે કાલી ટીલી ચોંટાડવા તૈયાર થયો છે ?"

દેલજંગથી જવાબ દેવાઇ શકાયો નહીં. નોઝરે તેનાં કરપીણુ પણાંનાં દમપર દમ આપેલા સાગટા સરવાલાનો બોલંબોલ તેને તીરની માફક લાગવા લાગ્યો, અને તેણે જોયું કે તદન નબ્બોદ વલી રહેવાની વારી આવી ખરી ! નોઝર જો આટલું બધું જાંણી શક્યો છે તો આનગીનનું ખુન અને બીજી મોટી ઠગાઇઓ ને મોટાં પાપો સૌ તે કાં નહી જાંણી શકતો હોય તે વિશે તેને વેહેમ પડ્યો. તેણે

પોતાને નોઝરના હાથપર તદ્દન સપડાયલો જોયો, કે જેમાંથી છુટી જવાને એક બારી તેણે જોઇ નહી.

"હું સઘળું કબુલ કરૂંછ" દેલજંગે બારાતીથી ધ્રુજતાં કહયું. "મારા સઘળા વાંકો હું ના પાડી શકનો નથી, પણ પરીને મને ચાહયો તેમાં મારો વાંક નથી. અએ જવાંન, કહે મને કે તું શું કરવાનો વીચાર રાખેછ?"

"હું એટલુંજ કરશ," નોઝરે દેલજંગ એક સરપ હોય તેમ કમકમી, તેનાથી પાછલ હટી, કપાલપર કરચલી ચઢાવી ઘણાજ તુચ્છકારથી કહયુ, "હું એટલુંજ કરશ કે હમણાં આ બારણું ઉઘાડી સર્વને અહીં દાખલ કરશ, અને બાપોકાર તારી સર્વ ગુનેહગારીની હકીકત વીગતવારથી જાહેર કરી તુંને તારાં પાપની સજાએ પોહોંચાડશ!"–અને નોઝર તેમ કરવા જતો હતો, પણ દેલજંગે વળી તેનો હાથ પકડયો.

"થોભ, થોભ, અએ આકળા જવાંન, જરા તો થોભ?" તે કરગરીને મીનતજારીથી કહેવા લાગ્યો; "મારે ખાતર નહીં તો પરીનને ખાતર તો થોભ. જાંણ અએ જવાંન, કે જો તું આજની શાદી અટકાવી આ ભેદનો જાહેર કરશે તો તે અબળા જેને તું એક વાર ચાહતો હતો તે સદા સુધીની દુઃખી થઇ મરશે. તું જાંણ કે તે અબળાની હોરમત એક વાર લેવાયલી છે, ને તે પાપનું ફળ—"

"અફસોસ, સહહજાર અફસોસ," નોઝર દુઃખથી કપાલ કુટી બોલ્યો, અને દેલજંગપર નહીં તામોસ થાય એવા ખીજવાટના દાંત કકડાવા લાગ્યો-"અરે અરે કરપીણ! ત્યારે તે કયું પાપ બાકી રાખ્યું છે? કેવી નીદોંશ, નીરપરાધી, અસીલ બાળાને તેં તારાં પાપની જાલમાં ફસાવી છે! તું મુજીને માટે કઇ સજા કદી બોી ઘણી કહેવાશે?"

દેલજંગ નોઝરના કમકમાટ ને ધીક્કારના ડોલા તલે દબાઇ ગયો. જે આવો દલેર લુટારો હતો તે આ એક નબલા, માંદા, નાકૌવત જવાંનના ડોલાના તહરાસ અને કમકમાટના દેખાવથીજ દંગ થઇ ગયો!

"દયા કર, અએ જવાંન, દયા કર," દેલજંગ જવાંન નોઝરને પોતે છેલ્લે કરેલા એકરારથી વિચારમાં પડેલો જોઇ આશાભેર અરજ ગુજારવા લાગ્યો, "મારાપર-મારાં પાપોપર રેહેમદીલ થા. જોકે એક જવાંન અબળાની હોરમત તારે હાથ છે. મને મારતાં તું તેણીને મારશે-તેણીનું ખુન કરશે. તેણીને ખાતર તો મારા પર દયા કર?"

"દયા?"-અને આ વેલા નોઝર એવા તો કાંઇ તુચ્છકારથી બોલ્યો કે તેના બોલો તેના મોંમાંથી એક સરપનાં બોલવાથી થતા ફુંફારાઓ જેવુંજ લાગ્યું! "દયા? દયાનું પવિત્ર નામ તારી ગંદા પાપી જબાંનપર લઈ તેને અપવિત્ર બનાવતાં પણ તું લજવાતો નથી? કહે, હે ચંડાલ, કે તને દયા શાંની ઘટે? તુંને દયાપર હક શાંનો હોય? તેં કોણુને મારતાં દયા બતાવી છે? તું કોણના કમબખ્ત હાલપર રેહેમદીલ થયો છે? નસરઆબાદ શેહેરની સરહદનાં પેલાં

ઝુપડામાં એક ચોક્કસ રાત્રે એક ડોસા મુસાફરને તેના ખુદાપાન નીરાશ્રીતપણાં વચ્ચે તેં મારી નાંખ્યો, ત્યારે હે કરપીણ, તને કઇ દયા આવી હતી કે આજે હમણાં તેજ મરનારના દુઃખી દીકરા આગળ તું દયાનો દાવો કરતો ઉભો છે? તેં દયાહીણે તે મારા બુઢા બાપને માર્યો ત્યારે શું તેણે પોતાની બુઝોર્ગ જબાંનથી 'દયા' ની મીનતજારી ન કરી હતી, ને તેં તે વેળાએ કઇ દયા બતાવી હતી જે આજે મારાથી તું દયાની આર્જુ કરે છે?"

દેલજંગ ફસડાઇ પડયો. જેની પાસે દયાનો તે દાવો કરતો હતો તેનાજ પીતાનાં કાલજાંમાં તેણે "દયા" ની મીનતજારીઓ સાંભળ્યા વીના આરપાર છુરી એક વાર ચલાવી દીધી હતી તેની યાદ. આવતાંજ દેલજંગના ટાંટીયા ધ્રુજ્યા, અને નોઝરના પગ પાસે નીચી નજરે અને ફીકકે ચેહેરે તે ચંડાલ નાતવાન ખુની પડયો,- પણ એજ વખતે બારણું ઉઘડયું ને "બુઝોર્ગ આસ્પંદીઆર ઓરડામાં દાખલ થયો!

પ્રકરણ ૩૪ મુ.

એક દુઃખનુ ચિત્ર.

પોતાના નવા જમાંઇને-પોતાની પ્યારી બેટીના સેહેજ વારમાં થનાર હકદાર ખાવંદને- મેહેરનોશ અને આજરબાદી જાંણીતી ના-

મીચી પેહડીવાલાઓના આડતીઆ જવાંન આતબીનને–ગજદોહમ જેવા એક માનવંત ઉમરાવના માનવંત રફીકને જયારે બારણું ઉઘાડી અંદર આવતાં બુઢા અસ્પંદીઆરે જવાંન નોઝરના પગ પાસે શરમાલ અને ફીકકે ચેહરે ફસડાઇ પડેલો જોયો, જયારે પોતાની બુઢી ચશમોએ તેણે દેલજંગ દલેરને ખભરાયલો અકળાવલો દીઠો ત્યારે તેને જે અચરતી, જે ઘભરાત પેદા થયો તેનું વર્ણન કરવાને કોઇ કલમમાં તાકાત નથી. પેહલાં તો તે બારણાંમાંજ ચમકીને ઉભો રહયો. એ શું દેખાવ છે ને એમ કેમ થયું તેનો ખ્યાલ વટીક તેને પ્રથમ તો આવી શકયો નહીં. વળી પેલા હાથ પર દેલજંગ પોતે શરમ અને નામોશીમાં એવો ગીરફતાર થઇ ગયો હતો કે અસ્પંદીઆરનું તે ઓરડામાં આવવું પણ તે સાંભળી શકયો નહીં: પણ અસ્પંદીઆર એ ઓરડામાં કેમ આવ્યો ?

જયારે પરોણાંઓ આવવા લાગ્યાં અને વરરાજાની મુલાકાત કરવાની માંગણી કરવા લાગ્યાં, અને જયારે દેલજંગને અસ્પંદીઆરે ઘણો શોધવા છતાં તે નહીંજ મલી શકયો ત્યારે તે શોધતો શોધતો જે ઓરડામાં નોઝર અને અસ્પંદીઆર હતા ત્યાં આવી ચઢયો. પેહેલાં તો આવતાને વાર અમે કહયું તેમ તેને કાંઇ સુઝયુંજ નહીં, પણ પછી સુદ્ધ ઠેકાણે આવતાંજ તેણે બારણું બંધ કરી સાંકળ પુરી, અને પછી નોઝર સાંમે આવી ખુલાસો પુછયો. દેલજંગે તેનો સાદ સાંભળી પીછાંણ્યો અને તે ધાસ્તી અને શરમથી તદન મરવા જેવો થયો. તેણે તે બુઢ્ઢાનાં મોં સામુ જોવાની હીંમત તો નહીંજ કરી, પણ જો ધરતી ફાટી તેને જગા આપીને ગળી જાય તો તે ધરતીનો જન્મ સુધી ઉપકારી થાય એવું તેને લાગ્યું।

આહા, શું દીલના ડંખના પ્રતાપ છે! ગમે એવા ઘોર અપરાધી જે પાપમાં મસ્ત હશે તે પાપની [illegible] વચ્ચે લજવશે નહીં--સરકાર કે સરકારની સજાથી ડરશે નહીં, પણ તેનો જ્યારે ડરવાનો વારો આવશે--જ્યારે અને જે વખતે તેનાં દીલનો ડંખ પોતાનું કામ ચલાવવા માંડશે ને તેનાપર સરદારી મેળવશે તે વખતે તે એક તુચ્છમાંતુચ્છ પ્રાણી આગળ સિંહ જેવો જોરેમંદ હશે તો પણ બકરી કરતાંબી વધારે નરમ થઇ જશે એ બીલકુલ ખરેખરૂંજ છે, અને તેનો દાખલો હાલમાં આપણે આ દેલજંગ દલેરમાં જોઇએ છીએ!

"બેટા નોઝર," અસ્પંદીઆરે શંકાની ધાસ્તીથી ધ્રુંજતાં પુછ્યું. "બેટા નોઝર, એ શું છે?"

"અફસોસ મારા મુરબ્બી," નોઝરે ખરાં જીગરના બળાપાથી કહ્યું, "અફસોસ કે તમારી રંગ રામશની વચ્ચે તમારાં અસીલ ખાનદાની કુટુંબમાં ગાહેતમ વરસાવા હું આવી પુગ્યો; તોબી સાહેબ ધન ભાએગ તમારાં કે હું વેળાસર આવ્યો. હું અરધો કલાક મોડો આવતે તો આ ગુનેહગાર જોડે કમબખ્ત પરીનની શાદી કદાચ થઇ ચુકી હતે!"

"અરે ભાઇ, તું એ શું કહેછ? જરા ખુલાસાથી તો બોલ?" અસ્પંદીઆરે દરેક પલે પાર વનાના વધતા જતા ધભરાતથી કહ્યું, "મને કશું સમજ પડતું નથી-તું શું બોલે છે?"

"સાહેબ," નોઝરે કહ્યું, "ત્યારે જાણો અને ધ્રુજો કે આ જે ચંડાલ તમારા પગ પાસે ધુલમાં રગડોલાતો પડેલો છે--જે સેહેતાંન

આજ કેટલું કેટલું થયું તમારા ઘરમાં ફીરેસ્તાઇ રૂપે આવી ભરાઇ ખાતર પાડી ખોહારી ને ખાનાખરાબી કરે છે-જે ફંગાલે તમારા પૈસાની પાયામાલી તે હોરમતની ધુલધાણી કરી છે તે એક લુચ્ચો, કરપીણ, એબલીસ ચોર છે. તે ગલાંફાંસુ લુટારો છે. એ ખુંની કસાઇ તે પેલો જાણીતો અને પંકાયલો તેમજ જગની લેઆનત પામેલો દેલજંગ દલેર છે!"

"દેલજંગ દલેર?" અસ્પંદીઆરે હેબત ખાઇ બે ચાર ડગલાં પાછળ હઠી જઇ બુમ પાડી, અને તેના પગ નહીં ઠરવાથી તે ભોંય પર તમ્મર ખાઇ તુટી પડયો, "દેલજંગ દલેર!" તે ડોસાએ ઉંચે દમે પાછું પોકારયું. "નહીં, નહીં, નોઝર, તું ભુલતો હશે."

"ખુદા કરતે ને હું ભુલતો હોતે," નોઝરે પાર વનાના સંતાપથી કહયું, "પણ અફસોસ સદ હજાર અફસોસ કે તેમ નથી. આ તેજ કરપીણ છે કે જેણે મારા બાપને આ જેહાંનથી ઉડાડી દીધો છે, અને એજ કરપીણે—"

"ઓ, એ હું સઘળું શું સાંભળુંછ?" ભલા અસ્પંદીઆરે દુઃખની સરદ હાય મારી કહયું; "હું જાગુંછ કે ઉંઘાઉંછ?"—અને તેણે પોતાની આંખ ચોળી કહયું—"નહીં, નહીં, રે કમનસીબ! સઘળું ખરૂ—ખરેખરૂંજ દુઃખનું ચિત્ર છે!"

"સાહેબ" નોઝરે જારી રાખ્યું, "તમારા બુઢાં હાડને બેજારી આપવા કાજે મારો જીવ કમકમે છે, પણ જે પવિત્ર ફરજ મેં માથે ઉઠાવી છે—જે એક સુંદરીને ખાતર જોહુગતો મેં વેઠેલી છે તે પુરી કરી મને અતરે સઘળું કહેવુંજ પડશે."

"કહે ભાઇ," અરપંદીઆરે રડતી આંખે કહયું; "કહેવાનું શું બાકી રહયું છે? હજી કાંઇ બાકી છે? શું એટલુંજ પુરતું નથી કે એક મહા કરપીણુ ચંડાલને મેં મારાં ઘરમાં તેના તેનાજ એક મહા મુજી હમશરીકસે ઉધાર્યો! શું એજ બસ નથી કે મારી એકનીએક જીવના જીવ જેવી સકુમારી બેટીનો હાથ હું આંધળો આવા નાપેકારના હાથમાં મુકવા જતો હતો?—એ આફતો શું થોડી છે કે હજી કાંઇ બીજી બાકી રહેશે?—પણ નહીં," અરપંદીઆર પોતાના બુઢાપા વચ્ચે ઝનુનનાં જોરમાં આવી ઉઠી ઉભો થઇ બોલ્યો—"આવી ગુનેહગારીનું હું વેર લેવશ. મારાં શાંત મકાનમાં ખાતર પાડી મને ખોદાર કરનાર નાપાકના જીવનો હું જમ થવશ!"—અને તે ધરપકડની દોડાદોડી સાથ બારણું ઉંધાડી ધરીને ઉસ્કેરાઇ આવેલો બાહેર જવા કરતો હતો તેટલાં તેને નોકરે વાર્યો,—જેવો અરપંદીઆરે બારણાંનાં સુંદર કડાં પર તે ઉંધાડવા ઝનુનમાં હાથ નાખ્યો કે નોકરે તે હાથ અટકાવી તેને પાછો ઘસડી કાઢયો.

"સબુર કરો, સાહેબ," તેણે ઉતાવળથી કહયું; "આકળા ના થાઓ. હજી ઘણું સાંભળવાનું છે, જે સાંભળી લઇ તમને પસંદ આવે તે રીતે કામ કરજો. આ ચંડાલને પકડાવતાં એક બીજી વાતપર આપણાં કમનસીબે નેગાહ નાખવાની આપણને જરૂર પડે છે. આ એબલીસ તમારા રૂપીઆ પૈસાનોજ ચોર નથી, પણ તમારી નિર્દોશ ભત્રીજીની હોરમતનો—તેની નેકી અને પાકીજગીનાં ઝવાહીરનો."

"ઓ આફતરે! આફત! આફત!" અરપંદીઆર એમ બોલતાં ઉજળો પુની જેવો પાસેની ખુરસીમાં ફસડાઇ પડયો, ને દમ

બંધાઇ ગયો હોય તેમ દમ ખાવા વલખાં મારવા લાગ્યો; "ઓ પાપી ગુનેહગાર !" તે પાસે પડેલા દેલજંગને મહા ધીક્કારમાં પોતાની ઠોકડ મારી બોલ્યો, "હું દોજખી દેવ, મેં તુને બધું--બધું માફ કીધું હતે, પણ આ સમાચારથી મારી છાતી વિંધાઇ ગઇ છે !"—અને વળી તે ગરીબ બુઢો બચ્ચાંપેરે રડવા લાગ્યો.

"મુરબ્બી રડવાનું મોકુફ કરો," નોઝરે સમજાવ્યું; "વખત બારીક છે. ઉપર પરોણાંઓ રોકાઇ રહયાં છે માટે જે તે રસ્તો થવો જોઇએ. એ મુજીને પકડાવાની વાત માંડી વાળો ને એ કંગાળને હયાંથી કાળુ કરવા દો. તે કીરતાર મોડે વેહલે એને એનાં એ કાળાં કરમની સજાએ પુગાડશે !"

"પરીન ગુનેહગાર થઇ ? પરીને પોતાની હોરમતનો નાશ કીધો ?" અસ્પંદીઆર ઘેલોજ થયો હોય તેમ તેણે ખોલ્લી, ટીકેલી આંખે નોઝરે કહેલું સાંભળ્યા વિના મનસે બડબડવા માંડયું; "પરીને તેનાં નામીચાં કુલને કલંક લગાડયો ?-ઓ, ત્યારે માણસાઇમાં વિશ્વાસ કયાં રહયો ? ખુદ ફીરેસ્તાઓ જયારે ખુદાઇ રાહથી આડા જાય ત્યારે યકીન અને ધરમ કયાં જઇ વસ્યાં ?"

વળી નોઝરે અસ્પંદીઆરને પાણીના રેલાની પેઠે ચાલી જતા વખતની અને પરોણાંઓની વધતી જતી અધીરાઇની યાદ આપી, અને ત્યારેજ તે ડોસાએ સુદ્ધ ઠેકાણે લાવી કાંઇ પણ તાકીદે કરી નાખવાની જરૂર જોઇ.

"ભાઇ નોઝર," તેણે કહયું, "તારી સલ્લાહ તદન રાસ્ત છે. અરે રે, એ દોજખી દેવને મારા હાથમાંથી-મારાં, મારી

ઓરતનાં, મારી બેટીનાં, અને મારી બેટીનાં મુવા માબાપનાં-અરે નહીં." તે લગભગ ચીચવાઇને ચીચારી પાડી બોલ્યો, "કુલે જગતનાં વેર અને ખાર વચ્ચે જતો મેલવાથી મારૂં કાળજું કપાઇ જાય છે, પણ મારી નીર્દોશ, અવિચારી બેટીની હોરમત કાજે મને તેમ કરવું પડે છે. જા હે કંગાળ," તે દેલજંગ તરફ ફરીને બોલ્યો, ને દેલજંગ જેમ બને તેમ જલદી ત્યાંથી નાહસી જવા એક બી સુખન બોલ્યા વિના નીચીજ મુંડીએ ઉઠી ઉભો રહયો;–"જા હે કંગાળ, મારાં ઘરમાંથી–કે જે સદાનાં શાંત ઘેરને તેં સદાનું દુઃખી અને રડતું બનાવ્યું છે ! તું જા ને હું તારા પાપી હમશરીકને તારી પુઠે મોકલુંછ, પણ સાંભળ કે અગર તું જેવા દોજખીમાં જરા બી માણસાઇનો અંશ હોય—જે નીરપરાધી ડોસાને તેં તારા લોભના ભોગ તરીકે ચુંટી કાઢી ખોહાર અને પાયામાલ કીધો છે તેને માટે તે કીરતારને નામે-તે કીરતારના બનાવેલા એક ખાકી બંદા તરીકે તારામાં જરા બી–એક જરા બી રેહેમ અને દયા હોય તો આ મકાન તરફ ફરી તારાં કદુવા પામેલાં પગલાં લાવતો ના. મારી દુઃખી દીકરીનો પીછો મુકજે અને હવે તારૂં કાળું કર !"

દેલજંગને એજ જોઇતું હતું. તેને જવાની રજા મળતાંજ તે નોકર કે અસ્પંદીઆરપર એક નજર પણ ફેંકયા વિના ત્યાંથી નીચી મુંડીએ ગુપચુપ બારણું ઉઘાડી, જેમ બન્યું તેમ મન શાંત કરી, મોંપર કાંઇપણ ગભરાત ન જણાય તેવી રીતે ચાલી ગયો, ને જયારે તે મકાંનની બાહેર પુગો ત્યારેજ તેણે છુટકારાથી દમ ખાધો !

દેલજંગના જવા પછી અસ્પંદીઆરે એક પાસેની ટેબલપર મુકેલો નાનો સોનેરી ઘંટ લઇ વગાડયો, ને તુરત એક નોકર દોડી આવ્યો.

"જઇને પેલા ગજદોલમને કહે," અસ્પંદીઆરે નોકરને ફરમાવ્યું, "કે આતબીન આ મકાંન છોડી ગયો છે,"–આને વાંચનારને કેહેવું નહીં પડશે કે દારાબ જે અકળાયલો ઘભરાયલો પેલા ઓરડામાંજ આ નીચે બનેલા સઘળા બનાવોને વખતે દોડતો ફરતો હતો તે સઘળું ફુટી ગયું છે એમ એક તડાકામાં સમજી લઇ ત્યાંથી નીચી મુંડીએ કોઇને મલ્યા કે કહયા વીના નાઠો, અને બંગલાથી થોડેક દુર જતાં તેને દેલજંગ મલ્યો, જયાંથી તે બંને પાપના સાથીઓ ઉતાવળે કદમે નીકળી એકમેકને ખુલાસો કરતા નારીપાસ અને નાઉમેદ દીલથી ચાલતા થયા

હવે અસ્પંદીઆરને કેટલોક બની શકતો દીલાસો આપી એ પછી થોડેક વારે નોઝરને પણ બાહેર રોકાંણ હોવાથી તે પણ નિકલ્યો. તે હયાં ધર્માથે આવ્યો હતો. વાંચનાર જાણે છે કે તેની પણ શાદી નકકી થઇ ચુકી છે. સુંદર શીરીનનો તે તેણીનાં યકીન અને પાકીજગીના ઝવાહીરના સર્વોતમ શૃંગાર વચ્ચે થોડા દીવસમાં હાથ પામવાનો છે એ સુખી વિચારે નોઝર જોકે સુખી હતો, તોબી એકવાર તે પરીનને ચાહતો હતો માટે આ તેણીની નામોશીની વાત સાંભળી તે ખરાં જીગરથી દુઃખી થતો હતો. એ પછી તેને ઘણું અગતનું કામ હોવાથી તે અસ્પ-દીઆરને તેનાં દુઃખ વચ્ચે કેટલેક દેલાસો દઇ તથા જોઇતો સધ્યારો અને ઘણીક સલ્લાહ આપી ત્યાંથી નિકળી ગયો.

હવે તેનાં ગયા પછી જે ઘણું ભારી કામ અસ્પંદીઆરને માટે રહયું હતું તે પેલાં પરોણાંઓ આગળ એક છાજતું ભાંહનું કાહડી તથા તેમની માફ માગી તેમને પાછા વાળવનું હતું, અને તેથી બી જે સૌથી ભારી કામ હતું તે કંગાળ પરીનને જઇને સધ્યારો આપવાનું હતું ! અમો જ્યારે કહીએ છીએ જે પરીનને સધ્યારો આપવાનું હતું ત્યારે વાંચનાર જરૂર અચરત થશે, કેમકે તે ધારશે કે એવી એક પાપીણીને તે સધ્યારો શો ? પણ અમોને એમ કેહેવાને કારણ છે. અસ્પંદીઆર પરીનને તેનાં મહા ઘોર પાપ અને વાંકમાં તેણીને ધીકકારવા કરતાં તેણીની દયા ખાવાની વધારે જરૂર જોતો હતો, કેમકે તે કાચા કાનની નારી તેને આતમીવ સમજી તે મહા મુરૂની પ્રપંચી જાળમા ફસી પડી હશે એમ તે માનતો હતો. ગમે તે રીતે જોતાં પાપી પરીનનો અપરાધ નાહનો ન હતો તોબી એ બુઢો ઘણોજ દયાળુ હતો એ આપણે જાણે છીએ, અને તેથી તે તેની દયા ખાતો હતો. એટલા માટે જે ઓરડામાં તેણે આ સઘળા ભયંકાર સમાચાર મેળવ્યા હતા ત્યાંથી હવે શરમાલ અને દુઃખી ચેહરે, ધ્રુજતાં અને નાઉમેદી ભરેલાં દેલથી, જ્યાં પરોણાઓ ભેગાં થયાં હતાં તે તરફ તેણે ચાલુ મુકયું.

પ્રકરણુ ૩૫ મું.

એક બીજું દુઃખનું ચિત્ર.

બુઢો અસ્પંદીઆર ધ્રુજતો, હાંફતો, દુઃખી જે ઓરડામાં દેલજંગનાં સઘળાં પાપ વિશેની માહીતગારી તેણે મેળવી હતી તે ઓરડામાંથી જયાં પરોણાંઓ વધતી જતી અધીરતાની ચટાપટીમાં આમથી તેમ ફરતાં તહરેવાર 'ગુસ–ગુસ' કરતાં રાહ જોતાં હતાં ત્યાં આવ્યો. તેના ફીકકા પેડેલા હોઠ દુઃખ અને નીરાશાના તેનાં દીલ અંદર થતા સઘળા જુસ્સાઓથી દેખાઇતી રીતે ધ્રુજતા હતા, અને તોપણ પરોણાંઓ સામે આવતાં તેણે તાણી તોડીને હસવાની જે વ્યર્થ કોશેશ કીધી તેથી પરોણાંઓ ખોલ્લી રીતે જોઇ શકયાં કે કાંઇ બી ગાઢો બનાવ બન્યો છે ખરો. અસ્પંદીઆરે જતાંને વાર પોતાની બાંનુ સોદાબેને બાજુ લઇ જઇ પરીનને ત્યાંથી બીજા ઓરડામાં લઇ જવા કહયું, અને તેણીને તેના ભરથારે ઉતાવળથી તેણીના કાનમાં રેડેલા થોડાક સુખનો પેહેલાં તો એક ઉખાંણાં સરખા લાગ્યા, પણ પછી પોતાના ખાવંદના બોલોનો ભાગો તુટો સહમજી લીધેલો સાર ધ્યાનમાં આવતાંજ તે પરીન જે તે ઓરડાનાં એક દુરના ખુંણાંમાં કાંઇ બી નખ્ખોદની ધાસ્તી કરતી એક સંગેમરમરના પુતલાં સરખી ખાલી આંખે ટીકની બેઠેલી હતી તેનો હાથ પકડી ત્યાંથી ઉઠાડી બીજા ઓરડામાં લઇ ગઇ.

અને તેમનાં તે ઓરડામાંથી જવા પછી અરસ્પંદીઆર સારી રીતે જીવ ઠેકી પરોણાંઓ તરફ ફર્યો અને મોટે સાદે બોલ્યો, "મારાં મેહરબાંન મેહમાંનો, હું તમો આગળ આજ રોજે ઘણો શરમીંદો છું. જે સુખી બનાવની મુબારકબાદીમા ભાગ લઇ મને માન આપવાની ઉમેદમાં તમો નેકબાંહોને આજે મેં અત્રે નોતર્યાં છે તે બનાવ કાંઇ અજાએબ જેવા સંજોગથી બનતો બંધ પડયો છે, ને મારી ભોળી બેટી પરીન સદાના દુ:ખના દરીઆવમાં ડુબી મરતી એક સેહજમાંજ બચી ગઇ છે. જે પુરૂષ મારો જમાઇ થનાર હતો તેની કાંઇક આગલી ખરાબ ચાલો અચબુચ મારી જાંણમાં આવી છે, અને તેથી આ લગન બંધ પડવાથી ઉપજેલી બેજાબ્તનો માર્યો તે પુરૂષ મારૂં મકાન છોડી ગયો છે; અને તેથી મારાં મેહરબાંનો આજે નહીં તો આજથી કોઇ વધારે લાયક અને સુખી સમે તમો સર્વ અતરે પધારી મારાં ગરીબ ઘરને ફરી એક વાર શોભાં આપશો એવી હું આજને માટે ખરેખરી શરમીંદગીભરી મારી ચાહવા સાથે ઉમેદ રાખવાની રજા ચાહુંછ."

અરસ્પંદીઆર આટલું બોલ્યો ખરો, પણ તે બોલતાં તે ઘણો ગગળી પડયો, અને તેથી પરોણાંઓએ સ્પષ્ટ જોઇ લીધું કે તેણે જેટલું જાહેરમાં કહયું છે તેથી વધારે ધાસ્તીનરેશો કાંઇ માઠો બનાવ બન્યો છે ખરો, પણ દરેક જણ છાજતી સભ્યતાથી ભલા અરસ્પંદીઆરને સધ્યારો આપવા પડયું, અને પછી જેમ ફાવતું ગયું તેમ ખરાબ નહીં લાગે ને અરસ્પંદીઆર વધારે શરમાય નહીં તેમ ગરોગર સૌ પોતપોતાની ગાડીઓ બારણાં આગળ બોલાવી ચુપ-

ચુપ પોતપોતાને ઘેર જવા લાગ્યાં. જેઓ લગ્ન સમારંભમાં ભાગ લેવા અને રંગ રામશણી જોવા આવ્યાં હતાં તેઓ કોઇનાં મરણની ક્રિયાથી ફારેગ થઇ ઘેર જતાં હોય એવો તેમનો જવાનો દેખાવ ગંભીર અને વગર ગરબડનો ચુપ હતો!

અંતે પરોણાંઓના જઇ રહેવા પછી અસ્પંદીઆર કમબખ્ત, પરીન જે ઓરડામાં પોતાની કાકા સાથે હતી તે તરફ ગયો. અફસોસ, ત્યાં પરીન ઉંધે મસ્તક એક સોહામણા કોચ ઉપર પડી રડતી હતી. તેણીનાં દીલમાં શાદીનોજ રંગીલો પોશાક હતો, અને તોપણ તે ચોળાઇને એવો ખરાબ થયો હતો, તથા તેણીનાં લાંબા કાળા બાલ એવાં તો બેદાદીથી વીખરાઇ તેણીની કમર ઉપર અને આજુબાજુ ઝુમી પડયા હતા કે તેણીનો દેખાવ એક ખરૂંજ દુઃખનું ચિત્ર હતું. તેણીનું આખું શરીર દુઃખનાં દચકાંઓથી વલ ખાઇ મરતું પ્રગટ જણાતું હતું, અને એવી દુઃખમાં પડેલી એકને દેલજંગ વિશેની સઘળી બાબતો જણાવવાનું ભોલા અને બીનવાકેફ અસ્પંદીઆરને ઘણું ભારી લાગ્યું. તે તેણીની પાસે તેણીના કોચ ઉપર જઇ બેઠો, અને પ્યારથી તેણીનો એક હાથ પોતાના હાથમાં લઇ બોલ્યો, "મારી ભોલી બેટી! પ્યારી પરીન! કેવાં દુઃખની વાત કે તું અને અમો એક ચંડાળના પાપમાં નિર્દોષ ભોગ થઇ પડયાં. રે, કેવાં હીણું ભાગ્ય કે–"

"મારા કાકાજી, મારા વાલી, મારા મુરબ્બી," પરીન ચોંકી ઉઠી ઉભી થઇ નવધાર આંજુઓએ રડતી બોલી, "હું જોઉંછ કે

સઘળું પાપ ફુટી ગયું છે, અને મારાં અને તેનાં સઘળાં પાપોથી તમો વાકેફગાર થયા છો."

"શું?" અસ્પંદીઆરે શંકાની ધાસ્તીથી ધ્રુજતાં અને પરીન આગળથી રફ્તે રફ્તે વધતા જતા ગુસ્સાની ઢપમાં ઉકતાં કહયું, "છોકરી, શું તું ત્યારે તેનાં સઘળાં પાપોથી વાકેફગાર હતી? તે ચંડાળ લુટારો છે એમ શું તને ખબર હતી? અરે બોલ, શું એ માનવા જોગ છે કે તેં જાંણી જોઇને મારા ઘરમાં એક ચંડાળને દહાડાના દહાડા સુધી ખાતર પાડવા દીધું છે?"

"ઓ મને મારી નાંખો. મારી નીમકહરામી અને પાપની સજા તરીકે મને કાપીને કટકા કરો," પરીન દુઃખની મારી અજાએબ જેવી રીતે ઉશ્કેરાઇ આવી બોલતી; "તમારી દાદ અને દયાપર મને હક નથી. હું કમબખ્ત, હીણી, નાપેકાર, મને ઠોકરે મારો! ઓ કાકાજી! ઓ કાકીજી! તમારી હોરમત લેનારી, તમારાં સદાનાં શાંત સુખનો ભંગ કરનારી હું આંધળીને ફેંકી દેઓ તમારી ગોદમાંથી! તેણે મને પાપની પ્રપંચી જાલમાં ઉતારી-મને ઠગી-છેતરી-ઉડાવી."

"પરીન" અસ્પંદીઆરે ઘણાજ કમકમાટથી તેણીની આગળથી હટી જઇ કહયું, "પીતા પેરેની મારી અથાગ ગમતાનો આએ તારો બદલો? દીકરી કરીનેજ અમોએ તુંને ઉછેરી તેના એવેજમાં, એએ નીમકહરામ છોકરી! શું તેં એક પાપી, જાહેલ, ચંડાળ લુટારાને મારા કરતાં વધારે ચાહી મારાં ઘેરમાં દહાડાના દહાડા સુધી ખોહારી ને ખાનાખરાબી ચલાવા દીધી? તેં જાંણ્યું કે મારાં ઘરમાં એક લુટારો પેદો પેઠેલો છે, તને ખબર હતીજ કે એક ચંડાળ ગુનેહગાર

મારાં ઘરમાં મારી દોલત અને મારી હોરમત ફગઅદમ લુટઓ જતો હતો, અને તે છતાં તું ચુપ રહી? ઓ, એથી વધુ દુઃખદાયક વિચાર બીજો શું હોય? એથી વધારે-વધારે નીમકહરાંમી બીજી કઇ? રે ખુદા--રે ખુદા, આ તે તેં શું કેહર વરસાવ્યો?"—અને હયાં તે કમનસીબ ડોસાએ પોતાનું કપાલ કુટયું, કે જ્યારે સોદાબે કાંઇ બી બોલ્યા વિના ધુમ રડતી જતી હતી.

"મારા વ્હાલા-વ્હાલા કાકાજી," પોતાના બાપને તોલના માયાળુ મુરબ્બીને આમ કપાલ કુટી રડતો જોઇ પરીન દેવાંની સરખી ચીસ પાડતી તેનો હાથ પકડવા તેની પુઠે દોડી બોલી, "માફ કરો મને એ મારી તકસીર! તમારો બોલે બોલ મારી છાતી વીંધી નાખે છે. કાકાજી"—અને હયાં તેણીએ પાસેની ટેબલપર એક છુરી પડેલી ઉંચકી લઇ તે ડોસાના હાથમાં તે આપવા માંડી, "ભોકી દેઓ આ હજારો જુસ્સાથી ઉકલતી છાતીમાં આ છુરી, અને એ મહા પાપભરી નીમકહરાંમીની મને સજા કરો. રે મને મારાં દુઃખથી છુટી કરો!"

"છોકરી," અસપંદીઆરે ક્રોધભરી આંખોથી તેના હાથમાં આપવામાં આવેલી છુરી દુર ફેંકી દઇ કહયું, "આ તો ઢોંગની બી હદ થઇ. એ સઘળા પાપના ઢોંગ છે. રે જેને દાહાડાના દહાડા સુધી મારી દયા નહીં લાગી તેને એક ઘડીમાં એટલું લાગી આવે એ માનવુંજ બેજા છે. દુકતી, એવું વારતાના સફાઓ ઉપર શોભે, પણ હયાં એ ઢોંગ ઉંઘાડા છે. જા, તારૂં મારાં ઘરમાં કામ નથી. જેને મેં માહરા જીવના જીવ પેરે પાલી તેણે જ્યારે મને એવો ઘાતકી

દગાનો વગર દયાએ ઘા કીધો ત્યારે તેવી એક પાપીને મારી દીકરી તરીકે કબુલ રાખવાને અને તેને વધારે વાર મારા પ્યારનાં પાસાંમાં ઉછેરવાને હું કમકમાને ખોલ્લી ના પાડુંછ."

"ઓ, એ ધમકી પાછી ખેંચી લેઓ!" પરીને દુઃખથી દેવાંની સરખી બની ચીચીઆરી પાડી કહયું; "મારા મરતા જીવ ઉપર દયા કરો! મને તમારાં મકાંનમાંથી હાંકી કાઢો, રે હડસેલી કાઢો, પણ સાથે તમારી દયા—તમારા આશીર્વાદ આપો. હું દુર જઇ એકાંતમાં મારાં પસ્તાવા વચ્ચે મરી રેહેવશ, પણ રે મારાં મુરબ્બીઓ," અને હવાં પરીને ગુઠણપર પડી પોતાના કાકાનો એક હાથ મજબુત પકડયો ને તેને પોતાનાં આંસુઓએ ભીજવી નાંખ્યો,—"રે મારાં મુરબ્બીઓ, તમારો કોપ, તમારો ઠપકો મારાથી તામોશ થઇ શકતો નથી. મેં જે નીમકહરામી બતાવી હોય, તેણે જે ધોળે દીવસે તમારાં ઘરમાં લુટ ચલાવી હોય તેના બદલામાં મારા મરનાર પીતાએ મારે માટે મુકેલા વારસાની પઇએ પઇ તમો લઇ લેવો, પણ મને તમારી દયા, તમારા આશીર્વાદ આપો!"

કેવું દુઃખનું ચિત્ર! એક હાથપર સોહાગે રડતી હતી, બીજા હાથપર પરીન ગુંઠણપર પડેલી પોતાના દુઃખી કાકાનો હાથ આંખસં દાબી તે પર માથું નાંખી મોતી સમાન આંસું ખેરવતી, કે જયારે ત્રીજા હાથપર તે કાકાએ પોતાનો બીજો હાથ પોતાની આંસુથી ભીંજાયલી આંખોપર ઢાંકયો હતો!

પણ પરીનનું રડવું અને તેણીની મીનતજારીઓ તેના દયાળુ કાકાથી હવે વધુ વાર તામોશ કરી શકાયું નહીં. તેણે સખ્ત થવા માંગ્યું, જે દીક-

રીએ તેનાં કુલને કલંક અને જાતને એબ લગાડી હેરાંન કીધો હતો તેને નીવારી મેલવા તે એક પળ અગાઉ ગુસ્સાથી ઉસ્કેરાઇ તૈયાર થયો હતો, પણ અંતે પરીનની મીનતજારીઓ આગલ તેનું હંમેશનુ માયાળુ દીલ પીગલ્યું, અને વળી જ્યારે તેની પોતાની ઓરત–પરીનની કાકીએ—સાથે તે અરજમાં પોતાનો અવાજ ભેલ્યો ત્યારે તો તે ભોલા અને ભલા ગ્રહસ્થને પોતાની ચાલ અતી ઘાતકી લાગી, અને તે સામો પસ્તાવા પડયો!

"દીકરી પરીન," તે બચ્ચાં પેઠે રડીને બોલ્યો, "મને માફ કરજે. હું નહીં છાજતી રીતે તારા જોડે ઘાતકી થયો છું. મને કશું સુજતું નથી, દીકરી, લખ્યા લેખ મીટતા નથી, ને બનવા કાળ બનવા વીના રેહેતુ નથી. જેમ ખુદાની મરજી."–અને તેણે પરીનને ઉપાડી એક બોસો લીધો.

"આહા, મારા મેહરબાંન મુરબ્બીઓ," પરીન ધીમા પણ ગમગીન સાદે દુઃખ વચ્ચે લગાર હસીને બોલી, "તમારા શું ઉપકારો નથી? મારી છાતી પરથી આ એક નવો ભાર તમોએ ઉતાર્યો છે. પણ સૌ થઇ ચુકયું છે. કાકાજી, કાકીજી, આજનો ફટકો મને નહીં ખમાય એવો લાગ્યો છે, અને મને લાગેછ કે હવે હું વધારે વાર જીવનાર નથી!"–અને એમ બોલતાં ગરીબ બાપડી પરીન પાસેના કોચપર પડી.

"મારી દીકરી, મારા બુઢાપાના આરામ, તું જીવશે. અમોને આરામ આપવા હજી તું ઘણું સુધી જીવશે ને સુખી થશે," અસપંદીઆરે આશાભેર ઉસ્કેરાઈ આવી આશીશ દીધા.

"ખુદા તમો નેક વ્હાલાંઓની દરેક મુરાદ બર લાવો." પરીને દોઆ ચાહી, અને તે દોઆ ચાહતાં તેણી સેહજ વળી હસી, કે જે હસવું, વાંચનાર, અફસોસ કે એક મરવા સુતેલું માણુસ આસપાસ-નાંઓને સધ્યારો આપવા કોઇકવાર તાણીતોડીને હસે છે તેનુંજ ફીકકું, તેવુંજ નબલું અને તેવુંજ ખરેખરૂં ગંભીર અને હૃદયભેદક હતું।

પ્રકરણ ૩૬ મું.

હારેલા લુચ્છાઓ.

જાણીતી મેહરનોશ અને આજરવાલી પેઢીના પેલા જવાન અને અસીલ આડતીયા આતબીન તથા તેમના તેના જેવાજ અશરાફ હમ-શરીક નામીચા ખાનદાની ઉમરાવ ગજદોહમ પાપનો પરપોટો ફુટી જવા પછી બુઝોર્ગ અસ્પંદીઆરનાં ઘરમાંથી હવે પાછા એક વાર પોતાનાં અસલી રૂપે અને અસલી નામે, એટલે દેલજંગ હલેર અને તેના પાપી સાથી દારાબ તરીકે, નાઉમેદ અને ભાગેલાં દીલે રસ્તો માપે છે! દેલજંગ ઘણોજ આશાભંગ અને ચીંતાતુર હતો. તેને દારાબ ઘણા વારનો આવી મલેલો હોવા છતાં તે તેની બાજુએ એક બોલ પણ બોલ્યા વિના વિચારમાં ગરકાવ થઇ જઇ ચાલતો હતો. સત્તાના સપાટામાંથી વળી એકવાર તે કેવાં રોશન તાલેથી—કેવી બારીક હાલતમાં બચી આવ્યો છે તેનો ખ્યાલ કરતો, તથા એક

ગંજાવર દોલત હાથ કરવાની પોતાની પાપી બુદ્ધિનો કાંઇ કાંઇ સંકટ અને જે ખર્મોએ ઉભો કરેલો ઓસ્તવાર મિનારો એક લેહેજામાં નોઝર સરખાનાં આવવાથી જમીનદોસ્ત થઇ ગયો તે વિચારથી દેલજંગને મહા સંતાપ થયો. દારાબને તેની આખી જીંદગીમાં આજે દેલજંગ પેહેલીજ વાર એટલો નાઉમેદ થયલો જણાયો. પણ નાઉમેદ થવું એ તો દેલજંગ કહેતો તેમ 'હીચકારાઓનો હુન્નર' છે, અને તેથી એના જેવો એક માણુસ ગમે એવી આફત વરસવા છતાં સઘળો કે લાંબો વખત સુધી પોતાની નાઉમેદીમાં ડુબેલો રહે એ વાત માનવા જોગ નથી.

"નાઉમેદ થવાની કશી જરૂર નથી. દારાબ," દેલજંગ એકાએક પોતાના વિચારો વચ્ચે અટકી જઇ પાસે ચાલતા દારાબને ખુશહાલીથી એક ધકેલો મારી હસ્તે ચેહરે બોલ્યો; "મેં સઘળું ઘડી મુક્યું છે."

"ખોદાયજી ખેર કરે, રફીક!" દારાબ જે દેલજંગે મારેલા આંચકા સમેત સામેની દેવાલ સાથે જઇ અથડયો અને જેનું માથું દેવાલ સાથે અથડાઇ ફાટી જતું સેહજમાંજ બચી ગયું તે દધાઇને દેલજંગ તરફ ફરી બોલ્યો; "હમણાં મારૂં માથું ફાટી જતે! એ તે વાત કરવાની કેવીક રીત?"

"તો તું હોસ્યારી ધર, હેમક! ઘુવડ સરખો કેમ બનીને ચાલ્યા કરે છે?" દેલજંગે ખુશ મીજાજે રમુજ કરવા ઠપકો દીધો.

"હા, પણ હોસ્યારી શાની?" દારાબે દધાયલીજ હાલતે કહ્યું;

"જલ્લાદને હાથથી ગરદન હમણાં કાંઇ વળી કેવીક કરામતથી બચી છે ને હોંશ શાંની ધરવા કહોછ ?"

"દેવાંનો છે દેવાંનો !" દેલજંગે ખુશ મીજાજમાંજ બોલવાનું જારી રાખ્યું; "એટલેથીજ હારી જઇશું તો આગલ કેમ વધાશે ?"

"હા, પણ ખોદાયજી ખેર કરે તે એ થયું શું દોસ્ત દેલજંગ ?" દારાબે ખુલાસો પુછવા માંડયો.

દેલજંગે ખુલાસો કીધો. નોઝરનું અચબુચું આવવું, અને તે પછી તેની અને અસ્પંદીઆરની સાથે તેને જે બોલવું થયું હતું તેનું સઘળું વીગતવાર બયાંન દારાબ આગલ કરી છેલ્લે દેલજંગે વધાર્યું, "પણ એ ચંડાલ પોરીઓ એ સઘળું કયાંથી જાણી આવ્યો તેની મને હજી કશી સહમજ પડી નથી; પણ શું મુન્જકો છે ? દારાબ," તે ઘાતકી દેખાવ કરી તથા આંખમાં ખુન લાવી બોલ્યો, "દારાબ, આજ હાથે નોઝરના બાપનાં કાલજાંમાં એક વાર એક વેહેતી છુરી આરપાર ચલાવી દીધી છે, તો શું તું એમ માનેછ કે તેજ બાપના એજ દીકરાનાં કાલજાંમાં તેજ પ્રકારે તેવીજ એક છુરી તક ફાવતે ચલાવી દેવાને મારો હાથ આંચકો ખાશે ?"–અને હયાં દેલજંગ ગોયા એ એક ખ્યાલ વટીકના તુચ્છકારમાં ધીક્કારથી હસ્યો !

"હા, પણ હવે ત્યારે શું કરવું ?" દારાબે યાદ આપી; "હું તો જાણે પોતેજ પરણવા નિકલી પડયો હોઉં તેમ આ ભપકાદાર પોશાકમાં ભરમ ભારી ને ખીસા ખાલી વાલો આસામી છું. ઉતાવલમાં કશું હાથ કરી લેવાનો બી દાવ ફાવ્યો નહીં ત્યારે હવે કરવું કેમ ?"

"તો તું કાચો છે તેમ હું બી કાચો છેઉં શું?" દેલજંગે તુચ્છકારથી પુછયું; "મારૂં ગજવું થેલીઓથી ભરેલુ છે."

"ભલે છે," દારાબે ખુશી બતાવી; "પણ પછી?"

"પછી?" દેલજંગે કહયું. "પછી આપણે હાલ તો આ હવાંથી સઘળું વાદલ વીખેરાઇ જાય ત્યાં સુધી જઇને મરેવન ગામડું પાસેજ છે ત્યાં ભરાઇ બેસશું, અને ત્યાંથી તક ફાવવે આપણો એ ધીકારે ધંધો પાછો ચલાવશું. અસ્પંદીઆર અચ્છો બીલ્લુ છે, દારાબ. એ ડોસો દયાળુ દીલનો છે ને તેની બેટી મારા હાથપર ફસી પડી છે તેથી આપણુને તેને હાથ મોટી સલામતી છે માટે હજી એને મુકવો નથી. એનીજ બેટીને મેં મારી ઓરત તેની ખુબસુરતી કે ખુબીને ખાતર નહીં પણ એ ડોસાના પૈસાને ખાતર કરવાને કરદ કરેલો છે તે મારા ઠેડાવથી નોઝર જેવા હજારો નોઝર મને હઠાવી શકનાર નથી, અને તેથી વખત આવવે હું શું કરી શકશ તે તું જોજે,"

ઉપલી વાતો કરતા દેલજંગ અને દારાબ ઘણુંજ દુર નિકળી ગયા. તેઓ શેહેરમાંથી આડા ફાટી ખેતરગાં થઇ ઉતાવળે કદમે ચાલતાં બીજા બે કલાકમાં મરેવન ગામડાંની સરહદપર આવ્યા. ત્યાં આવી તેઓએ કેટલાક મોહલ્લા તપાસ્યા, અને પછી તે માહેથી જે સૌથી એકાંત મોહલ્લો હતો તે માંહેલાં એક ખાલી ઘરનો એક માળ પોતે રાખ્યો. આ માળ ઘરસંસારી સરસામાન સાથનો તૈયાર હતો, અને તેથી તેનું ભાડું ઘરની જગ્યા ઉપરાંત સામાનને પેટે વધારે હતું. આ ઘરની ઘરવાળી એક વીધવા ડોસી હતી. તે જબરી

તાહેલાંખોર હતી, અને દેલજંગે તે કાંઇ સંકોચાય નહીં માટે જ્યારે એક આખા માસનું ભાડું તેને આગ ઉપર ચુકાવી આપ્યું ત્યારે તો તે દેલજંગ ને દારાઅને કોઇ ખરાજ ઉંચે દરજ્જેના અહસ્થો મુસાફરીનેસર નિકળી પડેલા સહગજી !

દેલજંગ અને દારાબ જે મકાનમાં આવી ઉતર્યા હતા તે એક બેજ માળનું નાઘલું ઘર હતું. દેલજંગે એ બે માળ માંહેથી પેહેલો માળ રાખ્યો હતો, અને બીજો માળ તો ઘરવાલીએ જણાવ્યું તેમ 'ભરાયલો' હતો. એ 'ભરાયલા' માળને માટે દેલજંગને મોટી ખટપટ થવા લાગી. એ બીજા માળપર રેહેનાર કોણ અને કેવું આસામી છે તે જાણી લેવાને તે બહુજ અધીરો થઇ રહયો. તેણે જોયું કે આ એકાંત મોહલ્લાનાં એવાં એકાંત ઘરમાં કોઇ સારૂ માણસ તો રહયું હોયજ નહીં', અને તેથી તેમજ એવાંજ બીજાં ઘણાંક કરણોથી દેલજંગ તે ઉપલાં ભાડુતની ઓળખાંણ કરવાને ટાંપી રહયો હતો.

પ્રકરણ ૩૭ મું.

એક રૂકો.

પણ દેલજંગને લાંબો વખત વેર તે માટે ટીંગાવું કે ટાંપવું પડયું નહીં. થોડેજ વારે તે ભાડુને પોતાના દાદરના કઠેરાપર વાંકો

વળી ભોંયતળીએ રહેતી ઘરવાળી (જે પૈસાનાં પેટાંમાં પોતાના ભાડુ-તાની દાસી તરીકેનું પણ સઘળું કામ સંભાળી લેતી હતી તે)ને હાંક મારી કે દેલજંગે આબાદ તેનો સાહાદ પીછાંણ્યો. દેલજંગ એવી વાતમાં કાંઇ ઓછો ચોકકસ હતો? અને વળી આ સાહદ તો તે એક હજારમાંથી પીછાંણી શકે એવો હતો! ત્યારે એ કોણ હતો?

એ બીજો માળના ભાડુતને તો અમારાં વાચનારાં પણ સારી રત્તે પીછાંણે છે. તે તો પેલો બારમાન હતો. પેલો દગરો જેણે દેલજંગને તેનાં છેલ્લાં ભારી બંદીગૃહમાંથી સલામત છટકી જવાને સઘળી જોગવાઇ કરી આપી હતી તે લુચ્ચો એ હતો.

દેલજંગે તેનો સાહદ પીછાણતાંજ તેને ખુશહાલીથી હાંક મારી, અને તુરત આ ત્રણે પુરાણા રફીકો એવા ગજબ સંજોગે સાથે થઇ જવાથી કાંઇ ઓર ખુશહાલીમાં આવી ગયા. દેલજંગની ખુશી જુદાજ પ્રકારની હતી. બારમાનને ત્યાં જોઇ તે ખુશી થયો તે તો એ માટે કે ભોલી પરીન અને ભલા અસ્પંદીઆરનો પુરો નાશ કરવાને જે પ્રપંચી જાલ બીછાવવાનું એ બુરાએ રસ્તામાં ધડી રાખ્યું હતું તેમાં શીકારને સપડાવા કાજે કોઇ વિશ્વાસુ મદદનીશની અવશ્ય જરૂર હતી, ને તેવી વેળાએ બારમાનથી બેહતર દેલજંગને બીજુ કોણ મલે?

બારમાન ત્યાં કયાંથી આવ્યો તે વાતનો ખુલાસો તેના બોલોમાં નહી પણ અમારાજ બોલોમાં અમો ટુંકમાંજ આપીશું. દેલજંગને નાહસાડવા પછી તેની કે તેના કોઇ બુરા મદદનીશોની તે શહેરમાં ભારે શોધ ચાલવા લાગી તેવામાં ત્યાં રહેવાનું બારમાનને ઠીક લાગ્યું

નહીં. કેમ છે કેમ નહીં, ને તે સપડાઇ જાય તે કરતાં એવાં ગરમ દેશની એ ગરમી નરમ પડે તેટલાં કોઇ ઠંડાં દેશમાં દેલજંગની દોલતે જઇ રેહેવાને તેને વધતું પસંદ આવ્યું. (કાંએજે અમારે અતરે જણાવવાને ચુકી જવું જોઇતું નથી કે અસ્પંદીઆરને ઘર જવા સારૂ બારમાંનથી છુટો પડતાં દેલજંગે તેણે આપેલી કીમતી મદદ સારૂ અને તેનો ખુદ જીવ ઉગારવા સારૂ પુશકલ નાણાંથી તેને તૃપ્ત કર્યો હતો), અને તેથી બારમાંન પણ મરેવન ખાતે બે ચાર દહાડા-નોજ એ ઘરમાં આવી વસ્યો હતો.

પણ હવે આ ત્રણની 'ચંડાલ ચોકડી' એકઠી મલવાથી પેલી ડોસીનાં ઘરમાં તો જાણે સેહેતાંન જાગ્યા! તે બુરાઓને પોતાની બુરાઇનો કે કરતુકનો હાલ તુરત તો કશો ખેદ ન હતો, માટે પોતાની ફીકર ચિંતા સેહજમાં ભુલી જઇ શકતા, ને તેથી તે દહાડો તો તેઓએ સાથે મલી રંગરાગમાં અને ખાનાંપીણાંમાં ગુજાર્યો, અને પેલી ઘરવાલી ડોસી પોતના આ 'મલતાવડા ભાડુતો'ને એમ સેહેજ વારમાં હલી મલી ગયલા જોઈ તથા તેમની તેના ઘરમાં પધરામણી થવાથી તેણીને જે છુટથી પઇસાનો અવેજ આપવામાં આવતો તેથી ઘણીજ ખુશ થઇ ગઇ.

એ રીતે તે દહાડો અને તે રાત ગુજરી ગઈ અને બીજો દહાડો થયો. એ બીજે દહાડે દેલજંગ સકાળેથી ઉઠયો, અને ટેબલ આગલ ખુરસી ખેંચી આ નીચલો કાગળ લખવા બેઠો:-

"દુ:ખ અને નીરાશીથી ઘાયલ થયલો ' આ તક એક ચીઠીનો કટકો લખવાની હાથ કરવાની હામ ભીડું છું. અફસોસ કે

જ્યારે તુ વ્હાલીનો હાથ પામી મારો પાક કોલ અદા કરવાની ઘડી છેક પાસે આવી હતી ત્યારેજ અચબુચ મારૂં પાપ પસરી નીકલ્યું— અને તું વ્હાલીની હોરમતનો નહીં ધારેલો નાશ થઇ પડવાનું સાધન થવાને લીધે મારૂં જીગર હવે પસ્તાવાથી બલી જલીને ખાક રાખ થઇ જાય છે! પણ રે પ્યારી પરીન, એમાં દોષ મારો નથી. મેં તારી આગલ કશું છુપાવ્યું નથી, હું જેવો હતો અને છું તેવોજ મેં તારી આગલ મુજને આગલથીજ જાહેર કરેલો છે. તારીસે મેં કશો દગો કર્યો નથી, ને એ મારી નીર્દોશ ભલાઇનાં અહેસાંનમાં કોઇ બી જોખમે તું વ્હાલીએ મને તારો હાથ અને તારો પ્યાર આપવા કબુલ્યું છે તો હું તે ઉપર હજી એતબાર લાવું છું. મારી ચીઠીપત્રીઓ છુપી રીતે તુને મલી શકે એવી તું ગોઠવણ કર ને પછી એ આપણો પાક કોલ અદા કરવાની આપણે ગોઠવણ સેહલાઇથી કરી શકશું. આ ચીઠી લાવનાર મારો વિશ્વાસુ છે, અને તું મારાં આગ્નુદેં દીલને રાહત મલે એવો જવાબ લખી આપજે, કાંકે અગર તું મને ધીકારી કાઢી નીવારી મેલશે તો હું સર્વ પવીત્ર ચીજોના કસમ લઇ કહું છું કે હું જરૂર આપઘાત કરી મારી આ પાપી, દુઃખી જીંદગીનો છેડો લાવશ. હું નીચે મારી સહી મુકતો નથી તેનું કારણ તું વ્હાલીને સમજાવવું પડવાનું નથી."

આ દગા, ફરેબ અને ઢોંગથી બરપુર ચીઠી પુરી કરી પાપી દેલજંગે કલમ મુકી, અને તે ફરીને પેહેલેથી વાંચી ગયો ત્યારે તેનાં લખાણની ઢપથી તે રાજી થયો હોય એમ તેના ચેહરાપરથી જણાયું. કેમકે તે ફરીને વાંચતી વેલાએ તેનું મોં મલકાઇને મુછમાં હસતું જણાતું હતું.

થોડે વારે પોતાના માલ ઉપરથી બારમાન હેઠે આવ્યો તેને દેલજંગે લગાર વધતા પ્યારથી આવકાર દીધો.

"દોસ્ત બારમાન," તેને આવકાર દેઇ દેલજંગ બોલ્યો, "તારૂં અહેસાન મારી ગરદનપર મોટું છે એ હું જાણું છું, અને તેવાં અહેસાનનો બદલો કેમ વાલવો તે પણ હું જાણું છું, માટે મને ફરી એક વાર તારૂં કામ પડયું છે."

"દોસ્ત દેલજંગ," બારમાન પોતાના રાબેતા મુઆફેકના ઠઠા મશ્કરીના શોખથી બોલ્યો, "તેમાં એટલો કાંગલો થઇને બધાં લાંબા ભાષાણુથી તારી મતલબપર આવવાની શી જરૂર ! એકદમ તડ ને ફડ કહી દે તારૂં કામ ને તે તાબડતોબ આસાન થયલુંજ જાંણ."

"ત્યારે સાંભળ રફીક," દેલજંગે કહયું: "અત્રેથી સબેસ્તાંન શેહરના એક ચોકકસ ભાગપર (અને હયાં દેલજંગે બારમાનને તે ચોકકસ ઇધાંણી આપી) અસ્પંદીઆર નામનો એક તાલેવંત વેપારી ડોસો રહે છે. આ ડોસાનાં ઘરમાં એક છોકરી છે. જવાંન, ખુબસુરત (અને હયાં દેલજંગ પરીન ઓળખાઇ આવે એવી તેની ઓળખ આપવા લાગ્યો) તેને આ એક રૂકો તારે લઇ જઇ આપવો છે, પણ તે એવી તદબીરે કે ઘરનાં કોઇ માણુસ જાંણી શકે નહીં, એટલુંજ નહીં પણ તેણીની તરફથી એક જવાબ લઇ આવવાનો છે, માટે તે જવાબ લખે ત્યાં સુધી કાંઇક બાંહણાંઓથી તારે ઘરમાં ખોટી થવું પડશે. બોલ, મારા વીશ્વાસુ, ત્યારે એવું જોખમભરેલું કામ કરવાને અને તે પાર ઉતારવાને તારામાં હીમત અને હીકમત છે ?"

બારમાન આ છેલ્લા સવાલનો જવાબ આપવાને બદલે દેલજંગનું પાકી આવે તેમ ખડખડ હસવા પડ્યો,--એવી મકસદે કે જાણે એવું કામ તો તેની આગલ બચ્ચાંની રમત સરખું છે! આ હસવાથી દેલજંગનું પાકી તો આવ્યું, પણ પોતે ઓશીયાલો હોવાથી તુરત વેલા તો પોતાનો ગુસ્સો સમાવી જાણે તેની મતલબ સમજ્યો હોય ને તેની રમુજમાં ભાગ લેતો હોય તેમ તે બી સાથે હસવા લાગ્યો.

દેલજંગ દારાબ, અને બારમાને એ પછીથી સાથે ખાનું લીધું, અને પછી સાંજ પડવા આવી ત્યારે બારમાને પેલી ચીઠી સાથે રૂખસદ લીધી.

પ્રકરણ ૨૮ મું.

એક બીજો ચોર પરોણો.

દેલજંગ દલેરે બારમાનને મોકલવાનો વખત ખાખસુસ સાંજનો--બલકે રાતનો પસંદ કીધો તેનું કારણ એ કે તેને ખબર હતી કે એ વેલાએ અરપંદીઆર પોતાના ચોપડા ઉથલાવા પોતાના ખાનગી ઓરડામાં જાય છે, જ્યારે પરીન તે ડોસાની નજરેથી દુર કદાચ મલી આવે. વળી તેણે બીજે દહાડેની સાંજ પસંદ કરીને બારમાનને તેજ રોજે નહીં મોકલ્યો તેનો સબબ એ જે ત્યાં લગાર વધારે 'નવું જુનું', થયા પછી જો બારમાન જાય તો વધારે સારૂં.

અને જે દહાડે દેલજંગને અસ્પંદીઆરનાં મકાનમાંથી હાંકી કાઢવામાં આવ્યો તેને બીજે દહાડેની સાંજે બતીનો વખત થઇ ગયા પછી આસરે કલાક એક પરીન અને સોદાબે એકલાં 'હાલ'માં બેઠેલાં હતાં. બધે ચુપ હતાં. કશી વાત ચાલતી નહીં હતી. પરીન અને સોદાબે પોતપોતાના વિચારોમાં ડુબેલાં હતાં. અસ્પંદીઆર તુરતનોજ પોતાના ખાનગી ઓરડામાં ગયલો હતો. તે કાંઈ ધંધાનું કામ કરવાની મકસદથી ગયો ન હતો. કાલના માઠા બનાવ પછીથી કોઇ વાતપર તેનું ચીત્ત લાગતું નથી, અથવા તેને કશું ચેન પડતું નથી, માટે જયારે પરીન અને સોદાબે સંગાથે 'હાલ'માં બેસતાં તે કંટાલ્યો ત્યારે ત્યાંથી ઉઠીને આ ઓરડામાં આવ્યો હતો.

એ રીતે એ વેળાએ સોદાબે અને પરીન 'હાલ'માં એકલાં બેઠેલાં હતાં તેવામાં એક નોકરે આવી સોદાબેને ખબર કરી કે "બારમાન નામનો કોઇ ગ્રહસ્થ શેઠ અથવા શેઠાણીને તુરત મલવા માંગે છે." સોદાબેએ તેને બાહોરમત અંદર દાખેલ કરવાનો નોકરને હોકમ આપ્યો ને નોકરનાં જવા પછી પરીન તરફ ફરીને તે બોલી, "બેટી, તેટલાં તું તારા ઓરડામાં જઇ બેસ." પરીન પોતાની કાકીના આ ફરમાનને માન આપી ઉઠી, પણ તે 'હાલ'ના નાકાપર ગઇ તેટલાં બારણાંમાંજ અંદર આવતો બારમાન તેને મલ્યો. સોદાબેની બેઠક એવી કીસમથી આવી ગઇ હતી કે તેઓ તરફ તેણીની પીઠ આવી હતી. આ સઘળી તકોનો લાભ લેઇ બારમાને ઉતાવલે અને ધીરે સાદે આંખની ઇસારતથી તેણીને થોભાવી પુછયું, "આઇ, પરીનબાનુ તે તુંજ છે?"

તેણીએ કાંઇક ચતુરાઇથી ને કાંઇક દુઃખથી 'હા'નું ડોકું કીધું.

"ત્યારે હું પા કલાક હયાં કાંઇબી કરીને તોડી પાડશ, તેટલાં આ વાંચી હું પાછો નીકલું ત્યારે મને એનો જવાબ મલી શકે એમ કરવું," બારમાને હરસે ચીઠી તેણીના હાથમાં સેરવી દેતાં કહયું.

પરીન તે ચીઠી લઇ ધડકતી છાતીએ અને ધ્રુજતાં કદમે પોતાના ઓરડામાં દોડી ગઇ, જ્યારે બારમાન કાંઇક વાંકોટીકો થતો અંદર સોદાબે આગલ આવ્યો.

"આ મકાંનનાં બાનું તમોજ છો?" બારમાને અદબથી પુછયું.

"હાજી," સોદાબેએ મમતાથી ખુરસી બતાવી બેસવાને પ્રસારત કરતાં કહયું, "તમો કોંણ છો ને શું ફરમાશ છે?"

"આઇને કહું જે હું છેઉં તો મોટો વેપારી," બારમાંને કહયું. "તરેહ વાર ચીજના હું વેપાર ચલાવું છું. હું ઝવેર, રેસમ, ઉન, શરાબ અને એ વગેરે કાંઇક સેહેંકડો જુદી જુદી અને તરેહવાર તથા જાણવા જોગ અને વાપરવા જોગ વસ્તુઓનો વેપારી છું."

"ત્યારે તો સાહેબ કાંઇ ધંધાસરનું કામ હોય," સોદાબેએ કાસળ કાઢવા માંડી, "તો મારા ખાવંદ આ પાસેના ઓરડામાં છે ત્યાં પધારો."—અને, એમ કહેતાં, સોદાબેએ ઉઠી તે ખાનગી ઓરડાનું બારણું તેને ઉઘાડી આપ્યું, અને તે ઉઠીને હવે અંદર ગયો.

"તમારા સેવકનું નામ બારમાંન બીન બેહેરાંમ છે, સાહેબ," તેણે અંદર જતાંને વાર અરપંદીઆરની ટેબલ આગલ વગર તેડવે નફ્ટાઇથી ખુરસી ખેંચી વાત ચલાવવા માંડી; "અને તમારો

સેવક એક વેપારી છે. હોશાવરાન અને તેની આસપાસનાં ગામડાંઓ ખાતે મારી ઘણીક પેઢીઓ છે, પણ આ શહેરમાં પણ આડતીયાઓ નેમવાની મારી મકસદ હોવાથી, સાહેબ, તમારી લાયકી અને ભલાઇની ઘણીક વાખવાખી સાંભળી-”

“સાહેબ,” અરપંદીઆરે તેને અટકાવી કહયું. “હું મારે વીશેનાં તમારાં ઉંચાં મતથી ઘણો ઉપકારી થયો, પણ બધાંનાં હમણાં મને માથું મારવું નથી. મારા ઘરમાં ગઇ કાલેજ એક મોટી આફત વરસી છે તે દુ:ખનો મારેલો હાલ તુરત હું બીજા કશા ધંધામાં હાથ નાંખી શકવાનો નથી.”

“દુ:ખ ?” બારમાન કે જેની મકસદ તાંણીતોડીને જે તે તાહેલાંથી પા કલાક તોડી પાડવાનીજ હતી તેણે કહયું; “દુ:ખ, મુરબ્બી સાહેબ? અરે દુ:ખની વાત તો બોલશોજ ના. દુ:ખ કયાં ને કોણને ઘર નથી ? આ છેલ્લાં વરસમાં મારાપર શું નથી વીટયું ? મારી એક પાકજાદ ઓરતનાં હક થવાથી મેં મારો સઘળો આરામ ખોહેલો તેટલાં એક પછી એક મારા ત્રણ ગુલાબ જેવા રમતા જમતા બેટાઓ ઉડી ગયા, ને ઘરમાં આગ લાગી. વળી ધંધામાં ખોટ જવા લાગી, અને—”

“શેઠ, શેઠ,” અરપંદીઆરે બારમાનનાં તાંહેલાંથી હવે લગાર કંટાળો ખાઇ કહ્યું, “સો સૌને સો સૌનું વેઠવાનું છે, પણ મારા પર ગઇ કાલેજ ગુજરેલી એક ભારી આફતનો ઘા હજી જેવોને તેવો તાજો છે માટે તમારો આડતીયો થવાને હું નાચારીથી ના પાડું છું. મારે હવે ધંધો કરવોજ નથી. મારે તો કામ બંધ કરી

થોડા દીવસમાં આ શેહરથી નીકળી બીજે કોઇ વધારે એકાંત શેહ-રમાં જઇ રહેવું છે."

"અહીંથી નીકળીને?" બારમાન અચરતીનું ડોલ ઘાલી બોલ્યો; "આ બેહસ્તના બાગ સરખાં શેહરમાંથી નીકળીને કયાં જશો, મુરબ્બી?"

"તે હજી નકકી કરવાનું છે," અને અસ્પંદીઆરે કાસળ કાઢવા પાસે પડેલો ઘંટ વગાડયો કે એક નોકર દાખલ થયો તેને કહયું, "આ શેઠને દરવાજા વેર મુકી આવ."

હવે બારમાનને ઉઠવા વિના ચાલ્યું નહીં. તે "માંફ કરજો હો શેઠ, નકાંમી તસ્દી થઇ" વગેરે સભ્યતાનાં વાકયો બોલતો નોકર પુઠે બાહેર નીકળ્યો, અને શું કરવું તેના વિચારમાં હતો તેટલાં વચલા હાલનાં બારણાં આગળ ઉભેલી એક દાસી-છોકરીને તેણે તેને ભરમેમાં ઇસારત કરતાં જોઇ, એટલે તેણે તુરત ચાલવા માંડયું, કે તે છોકરીએ તેના હાથમાં સપ દઇને એક કાગળ સેરવી દીધું અને તે લઇ બારમાન પોતાની ફતેહપર ખુશી થતો બાહેર નીકળી ગયો.

પ્રકરણ ૨૯ મું.

પરીનનો જવાબ.

લુચ્ચો બારમાન ત્યાંથી નિકલ્યો તેવો થોડા કલાકમાં જે મકાનમાં તે અને દેલજંગ તથા દારાબ રેહેના હતા ત્યાં આવી પોહોંચ્યો. તે એટલી ખુશહાલીમાં આવી ગયો હતો કે તે દાદરનાં ત્રણ ત્રણ ચયાર ફાંડીઆં અકેક કુદકા સમેત ચઢી ગયો, અને દેલજંગ અને દારાબ બેસીને વાતો કરતા હતા તે ઓરડામાં ધસી ગયો. ત્યાં જતાંને વાર તે ચીઠ્ઠીને ટેબલપર ફેંકી પાસેજ એક છઝીચૅર પડેલી હતી તે ઉપર ધબ દઈને ખડખડાટ હસતો તે લાંબો થઈ પડ્યો, અને બાજુમાંની ટેબલપર એક શરાબની બાટલી અને એક મોટું ગ્લાસ પડેલું હતું તે લઇ બાટલીમાંથી ગ્લાસ તે રંગીન આબથી ભરપુર ભરી કાઢી એક ગોટે તેણે તુરત ખાલી કરી નાખ્યું.

દેલજંગે એ તેની હીલચાલોપર કશું ધ્યાન આપ્યું નહીં. તે ધસતો અને હસતો ઓરડામાં આવ્યો તે જોઇનેજ તો ચતુર ચોર તુરત ચેતી ગયો કે બારમાંને કામ આસાન પાર ઉતાર્યું છે, અને તેથી તેને કંઇ બી પુછવા વિના જેમ એક છેડાવલો સિંહ ઝનુનમાં આવી લાંબા વખતે હાથ આવેલા એક શેકારને તડાપ મારી ઝડપથી પકડી લે તેમ તેણે લાલ થવાના લોભથી ઉલટમાં આવી ખુશીનર્યા ચેહરે બારમાંને ટેબલપર ફેંકેલી પરીનની ચીઠી એક

ઝપાટે ઉપાડી લઇ ઉખેડી વાંચવા માંડી-અને વાંચનારની જાંણુ માટે અમો તે ચીઠી સહાબરી નીચે ઉતારશું:—

"હું તો આંધળી, બેહરી, સુની સરખી છું. મને કશુ સુજતું નથી. આવી વખતે શું કરવું તે હું જાંણુતી નથી. મારાં માયાવંત કાકા કાકી મને ચોકકસ ખાત્રી આપે છે કે અગર હું તુ તરફનો મારો પ્યાર ભુલી જવશ નહી તો સદા સુધીની દુખી થઇ મરવાની, અને તોબી તું તરફનો મારો પ્યાર હું કોઇબી પ્રકારે ભુલી શકતી નથી. કેમ ભુલું? મારી શરમનું પરીણુંમ મારી છાતીમાં પોસાએ છે, તો એ રીતે જેણે મને તનથી અને મનથી ખોહાર કરી લીધી તેના વિના હવે પછી હું આશરાને માટે બીજા કોણ તરફ નજર કરૂં? અને તેવી રીતના મારા દુ:ખભર્યાં ખ્યાલો વચ્ચે તારી ચીઠીથી મને કાંઇક અજબ સધ્યારો મળ્યો છે, અને કાંઇ હજારો આનાકાંનીથી પણ અંતે હું આ જવાબ તારાપર લખવા-બલ્કે ધ્રુજતે હાથે અને કડકડતે દીલે ચીતરી કાઢવા બેઠી છું. તેં મને ઠગી છે એમ તો હું કહેતીજ નથી. તું જેવો હતો ને જેવો છે તેવો તેં મને મારી આગળ પેહેલેથીજ જાહેર કીધો હતો એ ખરૂં, અને તેથી તારી ખરી હાલત અજવાળાંમાં આવવા પછી તને ચાહનાં બંધ પડવાનું મને એકે કારણ જણાતું નથી, પણ તારાપર આ રીતે ચીઠીઓ લખી તથા તારી ચીઠીઓ લઇ વાંચવાનો છુપો અને નવો અપરાધ કરી મારાં વ્હાલાં કાકા કાકીનાં ફરમાનો તોડવા ખાતર મારૂં કલેજું કપાઇ જાય છે. મારૂં જીગર તુ સાથે કેઠે જતી રેહી એકાંતમાં મારી અને તારી પાપી જીંદગીનો પસ્તાવાનાં સુખમાં છેડો લાવવાને

ઘણું લલચાય છે, પણ મારાં સદાનાં માબાપ તોલનાં વ્હાલાં કાકા કાકીને તજી આવવાને મારૂં દીલ કમકમીને ધ્રુજે છે, માટે ખોદાને ખાતર હવે મને કશી વધારે ચીઠીઓ લખી લલચાવતો ના, નહીંતર જરૂર વળી હું મારાં નબળાં મનપરનો કાબુ ખોહી દેવશ; પણ તું ધીરજ રાખજે!—હું માંગી લેઉંછું કે તારે ખાતર; નહીં તો જો તું મને ખરેખરજ ચાહતો હોય તો તુંને મારા કસમ આપીને કહું છું કે મારે ખાતર તાંરા બાપના પેસાથી હવે તું હાથ ઉઠાવ, અને આબરૂદાર રીતે તારા પસીનાના પૈસાથી તારૂં પુરૂં થાય એવું કાંઇ કર: પણ ઓ! આપઘાતના અપરાધના ખ્યાલથી તો જરૂર કરી દુર રેહેજે. આ અને પેલી બંને દુનીયાથી રવડતાં થવાનો એ મરગરજાંન ગુનાહનો તો હું કરગરીને માંગી લેઉં છું કે તું કદી ખ્યાલ બી કરતો ના.

"મારી દાસી શેહેરોયને મેં મારા વિશ્વાસમાં લીધી છે. તે સઘળું જાણે છે ને તે મારે નામની છુપી ચીઠી પત્રીઓ લેશે, પણ ખુદાને ખાતર વગર અગત્યે મારાપર કશું લખતો ના, રે લખતો ના.—સલામ!"

"સાબાશ, દોસ્ત બારમાન!" દેલજંગે ચીઠી વાંચી રેહેતાં બારમાનની પીઠ ઠોકી પાર વિનાનો હરખ બતાવ્યો—કે જ્યારે બારમાન અને દારાબ તો જયારે દેલજંગ ચીઠી વાંચવા પડયો હતો ત્યારે ને તે પુરી કરી રહે તે પેહેલાં કોણ તે પાસે પડેલી પેલા રંગીન રંગીલાં આબની મોટી બાટલીનું તળીઉં પેહલે લાવી શકે છે તેની જાણે શરત બકી હોય તેમ દમપર દમ ગ્લાસપર ગ્લાસ ઉઠાવ્યાજ

જતા હતા, તે એટલે સુધી કે બાપડા આપણા 'ખોદાયજી પાસ ખેર' કરાવતા દારાબને તો હવે બે ટેબલ, બે બાટલી, બે ગ્લાસ, બે બારમાન, બે દેલજંગ, અને એ રીતે બધું જે જે એકેકું હતું તે સઘળુ બબે દેખાતું હતું–તેવી હાલતમાં છેક બારમાન ને દારાબ આવી ગયા હતા ત્યારે દેલજંગે ચીઠી પુરી કરી હરખમાં આવી બારમાનના બરડાપર સાબાશીનો હાથ થોકયો ને બોલ્યો, "આફ્રીન છે, દોસ્ત! જેવું જોઇતું હતું તેવુંજ આ કાગળ છે, અને મને મન માનતો જવાબ મેલવી આપવા કાજે હું તારો ખરેખરો ઉપકારી છું, કે જે ઉપકારનો બદલો કેમ વાળવો તે મને સારી રવેસે આવડે છે એ, તો તને રોશન 'છેજ."

એટલું બોલી દેલજંગ પોતે પેલી શરાબની મસ્તીમાં બારમાંન ને દારાબસે જોડાઇ ગયો, અને પછી તરેહવાર વાંચનારને વગર અગતનાં તાહેલાં વચ્ચે ગપોગપ દારૂનાં ગ્લાસો ઉંચકાવા લાગ્યાં!

પ્રકરણ ૪૦ મું.

એક છુપી નાહાસ.

ઉપલાં પ્રકરણમાં કહેલી સઘળી વાતને લગભગ એક બીજું પખવાડયું વહી ગયું, અને બારમાન તથા દાસી શેહેરોયની મદદે દેલજંગ અને પરીને પોતાનાં કાગલ પત્રોનો વેવહાર ચાલુજ રાખ્યો હતો. પરીન ઘણું બી ચાહતી કે હું દેલજંગનાં કાગળો

નહીં વાંચું અને જવાબ પણ નહીંજ લખુ, પણ તેનાથી તેમ બની શકતું નહીં. કાગળ નહીં વાંચવાના કસદ છતાં તે કાંઇ કુદરતી હાવભાવથી દેલજંગનાં કાગળોની રાહ જોતી, અને કાગળનો જવાબ નહીં લખવાના નિશ્ચય છતાં તે તુરત કાગળ વાંચતાંજ પાધરી તેનો જવાબ લખવા બેસી જતી!"

અને દેલજંગ પોતાનાં દરેક કાગળમાં શું લખતો હતો? તે ચંડાલ પોતાનીબુરી નેમમાં ફાવવાનાજ પ્રયત્નો ચાલુ રાખતો હતો. ભોલી પરીનને આજતેર તે ઠગી શકયો છે તો હવે વધારે ઠગી તેનું એક છેલ્લું નખ્ખોદ વાળી મેલી બુઢા અસ્પંદીઆરના પૈસા વગેરે હાથ કરી લેવાને તે મહા પાપી પોતાના ઉત્તરોમાં અનેક રીતના કાવદાવા અને ઢોંગભરેલા વીલાપ અને કસમ તથા સોગંદથી પરીનને તેનું ઘર તજી તેનીસે નેકા માટે થોડા કલાક બાહેર નીકલી આવવાને વીનવતો, અને આજ સુધી પરીને ધચુપચુ દીલે તેને ના પાડેલું છે, પણ એક છેલ્લાં પત્રમાં તેણીએ વધાર્યું કે તેણીનો કાકો ત્રણ દીવસમાં પોતાનું કામકાજ બંધ કરી અત્રેથી દારાબગર શેહેરનાં એક એકાંત ભાગમાં હવા ખાવા જવાનો છે. 'તેણે દારાબગર શેહેરના એક રમણીય પણ શાંત અને એકાંત ભાગમાં એક બંગલો ખરીદયો છે, અને હયાંથી બધું વેચી સાટી ઘર ઉઠાવી હવે અમો સઘળાં ત્યાં જઇ વસવાનાં છીએ.'

આ કાગળ વાંચતાંને વાર દેલજંગે તેનો જવાબ લખ્યો. તેમાં તેણે અતી ઓજરખાડ્ડીભર્યા કાલાવાલા અને મીનતજારીઓ કરી કે દારાબગર શેહેરમાં પરગ દીને તે તેના કાકા જોડે જાય તે પેહેલાં

એકવાર તેણી તેના જોડે નીકળી આવે, કે રાતોરાત શાદી કરી સાહરાર પડતાં અસ્પંદીઆરને પગે પડવા જવા બની આવે. વાંચનારને સમજણ પડે માટે આપણે આપણા વારોના નામ અતરે લેઇશું કે જેથી વધારે ખોલાસો થશે. ધારવું કે પરીને જો સોમવારે ચીઠી લખી તો તેજ દીને તેને તેનો જવાબ મલ્યો, અને તે જવાબમાં તેણે પરીનને પાક ખુદાના, અને તેણે પેદા કરેલી સઘળી પેદાયશોના કસમ સાથે તેના (દીલજંગના) પોતાના કસમો આપી મંગલવારની રાત્રે દશ કલાકે તે ઘરમાંથી નીકલી આવવા વીનવીને લખ્યું. તેણે લખ્યું કેઃ—

"હું તારાં ઘરથી ડાબા હાથપરથી જતાં બરાબર ગણીને તારાં ઘર સાથે પંદર ઘર છેટો ઉભો રેહવશ, અને રાત્રે જયારે સઘળાં સુઇ જાય ત્યારે દાસી શેહેરોયની મદદથી તારે મને ત્યાં આવી મલવું, અને તુરત આપણે એક દસ્તુર પાસ નેકા કરાવી એક સનદ મેલવી લેશું જયારે સહવાર ઉગતે તારા કાકા કાકી પાસે પગે પડવા જશું. નેકાને લગતી દરેક ગોઠવણ હું કરી રાખશ. તે વિશે તું વહાલીએ બીલકુલ બેફીકર રેહેવું, અને તારે માત્ર વખત સાચવી મને ઉપર કહેલી જગાએ આવી મલવુંઃ અને અગર તું નહી આવશે તો હું સઘળી પવિત્ર ચીજોના કસમથી કહું છું કે તેજ વખતે તારી રાહ એક કલાક જોયા પછી અગ્યારને ટકોરે હું પાસેના એકાદ તલાવમાં હોમાવી કે એકાદ છુરીથી મારો પ્યારો જાંન તું વહાલીના પ્યારને ખાતર ખચ્ચીત બરબાદ કરી નાખશ!"

આ કાગળ પરીનને સોમવારે રાત્રે મલ્યું, અને તે પછી તેણીને શા શા જુસ્સાઓ થતા હશે તે કહેવા કરતાં સમજવું સહેલ છે.

તેણીની છાતીમાં પોતાના કાકા કાકી તરફની ફરજ અને દેલજંગ તરફના પાપી પ્યાર વચ્ચે એક જંગ જાગ્યું, અને અંતે પ્યારે ફરજ પર ફતેહ મેળવી. આવતી કાલે તે ઘર તેણીએ સદા સુધીનું તજી જવાનો ઠરાવ કીધો. સદા સુધીનું? હા સદા સુધીનું, કેમકે તેણે જાણ્યું કે એક વાર તે પોતાનાં એ વહાલાંઓની નાખુશી ઉપરાંત દેલજંગસે જોડાવા પછી તે કદી બી તેઓના ચેહરા સામે જોઇ શકવાની નથી, અને તેણીએ ઠરાવ કીધો કે થોડા માસ પછી પેદા થનાર તેણીનાં નીર્દોશ બચ્ચાંને ખાતેર તેણીએ જઇને દેલજંગસે નેકાથી જોડાવું, અને પછીથી પાછું ઘરે ન આવતાં તેણીના આગલા ઠરાવ પ્રમાણે દેલજંગને લેઇ જઇ કોઇ એકાંત જગ્યામાં પાક જીંદગીએ પોતાના બાકીના દહાડા તે બંનેએ પુરા કરવા. એ રીતે તેણીએ અતી દુઃખ સાથે જાણ્યું અને જોયું કે જે ઘરમાં તે જન્મથી ઉછરી હતી, જે પ્યારાઓનાં પાસાંમાં તે બચગીથી પલાઇ હતી તે પ્યારાંઓને નીવારી, ભુલી, તજી તે આવતી કાલે—બીજા માત્ર ચોવીસ કલાક પછી બીલકુલ બીજાને પડખે જઇ પડવાની છે!

અને હમણાં આપણે એ કમબખ્ત છોકરીને સોમવારની રાત્રે દસ કલાકે પોતાના એકાંત ઓરડામાં એકલી સુવા પેહેલાં પોતાના મખમલી બીછાંણાપર બેસી નવધાર આંસુએ રડતી જોઇએ છીએ. ઓ. તે ખ્યાલ કરે છે કે આ ઓરડો તેની બચગીથીજ તેનો છે, અને કાંઇક વરસોથી ત્યાં પડેલા સુંદર સરસામાનની તે સાહેબી કરનારી શાહજાદી તરીકે સઘળાં સુખમાં રહેલી છે! રે તેજ ઓરડાગાં તે બચગીથી નીર્દોશ ઉંઘમાં સુતી આવેલી છે, અને તે

ઓરડાની ચારે દેવાલોએ પણ જાણે તેને તેનાં પાલણહાર માત પીતાના આસરે ઉધરતી જોએલી છે, અને હવે તે દેવાલો, તે સરસામાનો સઘળું ઉસ્કેરાઇ આવી ગેયા તે જે પાપભરેલું પગલું કાલે અત્યારે લેવાની છે તેનાં ભયંકાર પરીણામોથી તેણીને ચેતાવી ચોંકાવીને અગમચેતીઓ આપે છે!

અને તોબી પરીન રડે છે. આ મકાન, આ સરસામાન, અફસોસ! આ તેનાં આવાં વહાલાંઓને તેનું કમનસીબ જબરીથી તેની પાસે તજાવે છે.—કાલે એ સઘળાં—સઘળાંને તે તજી જવાની છે, અને તે કોણુને ખાતર?—એક કરપીણુ લુટારો કે જેનું નામ સાંભળતાં જગત ધીકકાર ને ફીટકારના દોલા ચહડાવી તેના ત્રાસથી કાંપેછે—રે જેનું નામ તે પોતે પોતાના ભરથાર તરીકે શરમાયા વગર કદી લેઇ શકવાની નથી તેવા એક અધમ પાપી ખાતર તેણી એ સઘળા ભોગો આપવાને તૈયાર થાય છે!

તે રાત્રે પરીનને બીલકુલ ઉંઘ આવી નહીં ને જે જરા લગાર આવી તે સઘળી હેરાનગતીની હતી. તે ભયભીત સ્વપ્નાઓ જોઇ ચોંકી ઉઠયા કરતી, અને તેવી ઉધ્ધાી રાત—બલકે બરાબર બોલીએ તો ઉજાગરાની રાત—વીટાડયા પછી જ્યારે સહવારે ઉઠી ત્યારે તેણીનું માથું સખ્ત દુ:ખતું હતું. તેણીએ પોતાના રાબેતા પ્રમાણે પોશાક બદલ્યો ને તૈયાર થઇ તે નાસ્તાને સારૂ હેઠે ઉતરી. નાસ્તાની ટેબલપર તેણીનાં કાકા કાકી તેણીનીજ રાહ જોતાં બેઠેલાં હતાં, અને તે ગઇ કે અરપંદીઆરે નાસ્તો કાહાડવાનો હોકમ આપ્યો, જ્યારે નાસ્તો ટેબલપર લાવવામાં આવે તેટલાં અરપંદીઆરે પરીનને

પ્યારથી જણાવ્યું કે હવે તે પોતાનું સઘળું કામ પુરૂં કરી ચુક્યો હતો ને કાલે સહવારે દારાબગર જરૂર જવાનું થશે.

પરીને એક છુપી હાય મારી. કાલે સહવારે! રે પરવરદેગાર, કાલે સહવારે તે હવાં કયા છે? તે દહાડો ઘણોજ ધીમો અને ભારી પસાર થયો. તેણીને વાંચવા લખવા કે કામકાજ કરવા ભાવતું નથી. તે પોતાના વિચારો સાથે એકલી પડવાને પણ બીહે છે! જેમ તે પોતાનાં તે ઘરમાંથી નાહસી જવાને લગતો વધારે વિચાર કરે છે તેમ તેણીની છાતીમાં વધતા તીરો વાગે છે, અને તેથી તેણી એવા વિચારોથી દુર રેહેવા માંગતી હતી, અને તોબી, ધીમે ધીગે દરેક પલે તેણીના તે વિચારો તેનાં ભેજાંપર દબાણ ચલાવી તેણીનાં મનમાં ધાઇ આવતા. ઘણી વાર તેણીનું મન થઇ આવતું કે ફરી એક વાર તેણીનાં ભોલાં કાકા કાકીનાં પગપર પડી ખરી વાત કબુલ કરી તેમની માફી ચાહી તે ઘરમાંથી નાહસી જવાનો ખ્યાલ પડતો મુકવો, પણ દરેક વેળાએ દેલજંગે આપઘાતની આપેલી ખોટી ધમકીને ખરી ધમકી સમજી તે ભોળી અબળા તેમ કરતી અટકતી. બુઢા અરપંદી-આરે તેના જોસ્શાઓ ઘણીક વાર બારીકીથી તપાસ્યા, અને તેણીને પ્યારથી પેટમાં ચાંપી તેની હાલતનું કારણ પુછ્યું, પણ પરીને તેના હાથપર માથું નાંખી દઇ દરેક વેળાએ કશુંબી બોલ્યા વિના દુઃખનાં દચકાં ખાયા કીધાં, જેથી તે ભલાં બુઢા બુઢી એમજ સમજ્યાં કે પરીનને દેલજંગનું જાહેર પડેલું પાપ ને પોતાની પકડાયલી નામોશી યાદ આવીને તેનુંજ દુઃખ થયા કરે છે, જેથી તેઓ તેને વધારે દુઃખી નહીં કરવાના મમતાળુ હેતુથી કશું બોહોસ કરી પુછતાં નહીં.

બપોરના ખાણાંનો વખત થયો. રાત પડવાને હવે થોડાજ કલાક બાકી હતા, અને જેમ જેમ તે ઘર ને વ્હાલાંઓને છેલ્લી સલાંમ કરી નીકળી જવાનો સમો પાસે આવતો તેમ તેમ પરીન વધતી ને વધતી હીંમત હારતી જતી. કેટલીક વાર તો તે એટલી બેભાંન થઇ જતી કે જાંણે સાધારણ વાતચીત હોય, ને તેણી તે ઘરમાંથી નાહસી જવાની છે તે સઘળું તેણીનાં ખેશીઓ જાંણતાં હોય તેવી ઢપે તેજ બાબતપર કાંઇક વાતો છેડવા જતી હતી, અને અચબુચ સુદ્ધ ઠેકાંણે લાવી પોતાની જબાંનને અટકાવતી હતી!

સહવારે દારાબગર જવા સારૂ ગાડી કલાક સાડાસાતને અમલે બોલાવામાં આવી, અને રાતનાં ખાણાંનો વખત પુરો થયો. તે દહાડે 'સહવારનાં સકાળે ઉઠવું છે' કહી અસ્પંદીઆરે સૌને જલ્દી સુઇ જવા ફરમાશ કરી, અને હવે–અને હવે એક સૌથી દુ:ખી પલ આવી. તે તે પલ હતી કે જયારે પરીન રાબેતા પ્રમાણે પોતાનાં માબાપ તોલનાં મુરબ્બી સમાન વ્હાલાંઓને ભેટીને પોતાના ઓરડામાં સુવા જવા તૈયાર થઇ.

આજે એ ભેટો છેલ્લોજ છે! આજે પરીનને મન તે પોતે અથવા તો તેણીનાં કાકા કાકી બંને એકી વારે અત્યારે મરી જવા સરખું છે. હવે તેણી તેમને જીવતાં કદી જોવાની નથી તો પછી મોહતના વચ્ચે અંતર શો રહયો? કાંઇક અસાધારણ મમતાથી સુવા જતી વેળાએ તેણીએ તેના કાકાને ભેટી તેનાં સફેદ પોહોલાં કપાલપર એક જ બોસો લીધો, અને એક દુ:ખતું પ્રગટ દચકું ખાધું. તેણીના કાકાએ તેણીને મમતાથી ભેટી તેના ચેહરા સમ જોઇ પ્યારથી તેના

માથે હાથ મુકી કહ્યું, "મારાં બચ્ચાં! ખુદા તાહરો મદદગાર, ખુદા તારો દસ્તગીર અને નેગેહબાન થાય!"

પરીને તેટલીજ ભારી મમતાથી પોતાની કાકીને ભેટી તેવાજ તેણીના આશીશ મેળવ્યા, અને પછી દુઃખથી એવી બાહાવરી થઇ ગઇ કે જતાંને વાર બીછાંણામાં ઉંધે મસ્તક રડતી પડી. એકજ અવિચારી પગલું—અને તેનાં કેવાં માઠાં પરીણામો પરીનના હાલમાં વાંચનાર જુએ છે! •

પણ એ છોકરીનાં પાપનાં પરીણામો વીસ્તારથી સમજાવી તે ઉપર બોધ કરવાને અમને અવકાશ કે અગત પણ નથી. સાર એટલો ઉંઘાડો છે અને પરીણામો એવાં ખુલ્લાં છે કે તે ઉપર અમારૂં વિવેચનની કશી જરૂર નથી.

પરીન રડતી હતી તેટલાં તેણીના ઓરડામાંનાં એક નાખલાં ઘડીઆળમાં દશના ટકોરા થયા, અને તેજ વેળાએ તેજ ઘરનાં અને તેજ મોહોલ્લા અને શેહેરનાં હજારો ઘડીઆળોએ પોતાની કદી—નહીં ઠાકે—એવી જીભો વડે તેજ કલાક સોને જાહેર કીધો કે તે ચોંકી ઉઠી. પોતામાં જે હીંમત હતી તે સઘળી જેમ તેમ એકઠી કરી તેણીએ પોતાના વીખરાઇ ગયેલા બાલ પોતાના નાજુક બરફ સરખા સફેદ હાથના એક ઉતાવળા ઝપાટે સરખા કરી નાખ્યા, અને તે ઉપર એક સાદી ટોપી મેલી તે ઓરડામાંથી જવા તઈયાર થઇ, પણ જવા પેહેલાં પેલાજ પોતાના ઓરડામાં જયાં ગઇ રાત્રે બેસીને તેણીને વીલાપ કરતી આપણે વીસ્તારથી જોઇ આવ્યાં છીએ. તે તરફ અને તે માંહેલા સઘળા સરસામાન તરફ—જાંણે તે જીવતાં વ્હાલાંઓ

હોય તેમ–એક દુઃખી, આતુર, છેલ્લી નજર નાખી તે ધીમાં પણ હરણી જેવાં ચપલ કદમે અને ચંચળ ચશ્મોએ ત્યાંથી નીકળી ગઇ.

તે અલગ અલગ દાદરપરથી હેઠે ઉતરી. તેના પગ એવા કુમળા ને કોમળ હતા કે તે આવાજ બી તે શું કરે?–પણ તેણીનો ચેહરો એવો તો ભય ઉપજાવે એવી રીતે ફીકો ફ્ચ પડી ગયો હતો કે અગર કોઇ ભુતની વાતમાં એતબાર લાવનારૂં તેને મલને તો તે તેણીને આ દુન્યાની તો નહીંજ પણ પેલી દુન્યાનીજ કોઇ રેહેવાસણ સમજી તુરત નાહસી જતે!

તે હેઠે ઉતરી, અને આગલું બારણું અલગ ઉઘાડી ઓટલાપર જઇ પોતાની પુઠે તુરત તે બંધ કરી દીધું. કમબખ્ત પરીન પોતાનાં વ્હાલાંઓ તરફ નીમકહરામ થઇ. તેમને તજી ગઇ!

તે ધ્રુજતે પગલે આગલ ચાલી. તે મોહલ્લાનાં પંદર ઘર ભણી ચાલી!–મોહોલ્લો સઘળો વેરાંન થઇ ગયો હતો,–સો સૌનાં બારણાં ધાંકેલાં હતાં;–અને પંદરમાં ઘર આગલ આવતાં સામેથી એક મોટો ડગલો પેહેરેલો પુરૂષ તેણીની તરફ આવ્યો,

"પ્યારી પરીન!"–દેલજંગ ધીમે સાદે બોલ્યો.

પણ પરીન કશું બોલી નહીં, તે બોલવા માંગતી હતી પણ સઘળા જોસ્સાઓથી તેણીની જીભ તેણીનાં તાલવાંસે ચોંટી બેઠી, અને તેથી કશું પણ બોલ્યા વિના તે દેલજંગના હાથમાં જઇ પડી, અને તે તેણીને સધ્યારો આપતો સાથે લેઇ ચાલવા લાગ્યો.

"ગભરા ના, દેલજાંન!" તે ઠગાબાજ કરપીણે રસ્તે જતાં પરીનને સધ્યારો આપ્યો; "મેં સઘળું નકકી કીધું છે. આજે

રાતવાસો રહેવાને માટે એક સુખદાયક ઘર પણ મેં ભાડે લીધું છે, અને નેકાને લગતી પણ સર્વ જોગવાઇઓ કરી મેલી છે."

એમ બોલતાં દેલજંગ અને પરીન મોટા રસ્તાપર પડયાં, અને ત્યાં પ્રજાની સગવડ માટે મુકેલાં મોટાં ફાણુસો માંહેલાં એક આગલથી તેઓ પસાર થતાં હતાં તે વખતે તે દીવાની રોશની આબાદ પરીનનાં મોંપર પડી, અને બરાબર તેજ પલે સાંમી બાજુથી એક માણસ ધસ્યો આવતો હતો. તેણે તે ચહેરો ઓલખ્યો, અને તેથી અચરતીથી થોડો વાર થસ થઇ ઉભો; પણ બીજી પલે આગલ ધસી જઇ બોલ્યો, "કોણ--પરીન?"

એજ વેલાએ પરીને પણ તે પુરૂષને ઓલખ્યો, અને ધાસ્તીથી ફાલ ખાઇ એક ખુની લુટારો મલ્યો હોય તેમ તે દેલજંગનાં પાસાંમાં ભરાઇ જઇ બોલી, "નોઝર!"

પ્રકરણ ૪૧ મું.

બીજો બચાવ!

અને ખરેખર એ પુરૂષ કોઇજ નહીં પણ જવાંન નોઝર હતો! શું ખુદાનું કરવું છે? માણસ ધારે છે શું ને બને છે શું?

નોઝરે દેલજંગને તેના નવા પોશાકમાં એકદમ પીછાંણ્યો નહીં તેનો લાભ લેઇ દેલજંગ જેમ બન્યું તેમ પોતાનો કુદરતી સાહાદ બદલી બોલ્યો, "અને, શેઠ, મને પૂછવા દેશો કે તમો કોણ–"

"કોણ—ચંડાલ દેલજંગ !" નોઝરને એક સરપે ડંખ માર્યો હોય તેમ દેલજંગનો સાહાદ પીછાંણી કહાડતાંજ તે તેને તેનાં ખરાં રૂપમાં જોઇ શકી પીછાંણી અચરતી અને ભારે ગુસ્સાનો પોકાર મારી બોલ્યો; "દેલજંગ અને પરીન ફરી એક વાર સાથે ? હે ચંડાલ ! ખુદાએ જાંણે તારી પાપી રચણાઓ દરેક પ્રસંગે ભાંજી નાંખવાનેજ કાજે મને પેદા કીધો છે. હું ઘણા દહાડા આગમજનો આ શેહેર છોડી ગયો હતે, પણ કામની રોકાંનથી હું ગોયા આ તારાં નવાં તરકટને ઉંધું મારવાજ હજી હયાં છું !"

"ઓ, ખુદાને ખાતર એને હેરાંન કરતો ના બેરાદર નોઝર," પરીને, કગલીને કાલાવાલા કીધા; "મારા તરફ દયાની નજરથી જો."

"હું એ ચંડાલને કે તુંને કોઇને કશી ઇજા તારેજ ખાતર કરવા માગતો નથી," નોઝરે હજી પણ મોટું મન બતાવી કહયું; "પણ તે એકજ શરતે કે તું એકદમ એ પાપીનો પલ્લો મુકી મારી સાથે ચાલે."

"તે અગમચ, અએ જવાંન, મને એણીસે બે બોલ વાત કરી લેવાભી દેશે કે નહીં ?" દેલજંગે મહા મુશ્કેલાઇએ પોતાનો અસહ્ય ખીજવાત અને કહેર સભ્યતાનાં જુઠાં ડોલ તલે દાબી દઇ પુછ્યું. તેણે જોયું કે વળી એક વાર તે નોઝરને હાથ વેચાયો છે ! જોકે રાત હતી, ને રાહદારીઓ કોઇ છુટા છવાયા આવજા કરતા હતા તોબી તે નોઝરને પરીનનાં દેખતાં કશું કરી શકયો નહીં, ને તથી તેને મહા સંતાપ થયો, માટે તે સતાપ અને પાર વીનાનો કેહેર જેમ તેમ દાબી દેલજંગે નોઝરને ઉપલો સવાલ પુછયો.

"બે બોલ તો શું પણ બે હરફ બી નહી" નોઝરે નેણુ ચઢાવી કહયું; "તું ધીસ કરશે તે તારે જોખમે. આ ઘડીએજ તારૂં નેહેસ્ત કદમ અહીંથી નાબુદ કરી જા!"

દેલજંગે એ વીના હવે પોતાની સલામતી સારૂ બીજો એકે રસ્તો જોયો નહીં. તેણે પરીનનો પકડેલો હાથ મુકી દીધો—નોઝરના કાનપર પડી બરબડયો કે "આ સતાવણીઓને ખાતેર મારે હાથથી તું બચવાનો નથી,"—અને પછી તેઓની આગલથી પવન વેગે ધસારાબંધ નીકલી ગયો.

"ઓ મારૂં શું થશે? રે મારૂં શું થશે?" પરીને દેલજંગને એ રીતે તેને પડતી મેલી જતો રેહેલો જોઇ આંખે હાથ ઢાંકી તમર ખાતાં ભેજાંએ વીલાપ કીધો.

નોઝરે કશો જવાબ દીધો નહીં.

તેણે ચાલવા માંડયું, ને તેની પુઠે પરીને બી બીજો કશો ઉપાય નહીં જોઇને ચાલવા માંડયું, જયારે વગર વાતચીત કરવે ગુપચુપ ચાલતાં બીજી થોડીક મીનીટમાં નોઝર અને પરીન પાછાં અસ્પંદીઆરનાં મકાંન તરફજ આવી પોંહોંચ્યાં! પા કલાક આગલ એ ઘર આગલથી જતાં પરીન તેને સદા સુધીનું છોડી જતી સહમજતી હતી, પણ માત્ર પાજ કલાકમાં તે ત્યાં પાછી આવી છે!

નોઝરે બારણું ઉઘાડી જોયું ને તે અલગુંજ જણાયું—કેમકે પરીને પા કલાક આગમચ નાહસી જતાં તેણે પોતાની પાછળ તે અલગુંજ બંધ કરી લીધું હતું. તે તેણે ધીમે રહી ઉઘાડયું, અને પરીનને

ધીમા સાહદે કહ્યું, "કમબખ્ત બાઇ, જા તારા ઓરડામાં જતી રેહે, ને વળી એક વાર ચેતાઉં છ કે તે ચંડાલની પક્ષ મુકી દેજે. આ આજનો બનાવ મારી સાથેજ મરશે; તે. બીજું કોઇ કદી જાણનાર નથી."

નોઝરનાં આ મોટાં મનથી પરીન એટલી ઉશ્કેરાઇ આવી હતી કે તેણીએ બોલવા માંગ્યું, પણ વળી એક હરફ બોલાયો નહીં, ને તેથી તે તેને કશો બી જવાબ આપ્યાં વિના ધીમે કદમે અંદર ધસી ગઇ, અને જેવી સંભાલથી પોતાના ઓરડામાંથી તે નાહસી નિકલી હતી તેવીજ સંભાલથી તે પાછી પોતાના ઓરડામાં જઇ પોહોંચી!

પણ વળી આ છેલ્લા પા કલાકમાં જે બન્યું હતું તે ઉપર વિચાર કરતાં પરીન દેવાની સરખી થઇ ગઇ. તેણીએ પોતા ઉપરનો સઘળો કાબુ ખોઇ દીધો, અને હવે તે જાન કહવા તત્પર થઇ. જેમ જેમ એ વિષે તેણી વધનો વિચાર કરતી તેમ તેમ તે વધતી દેવાની થતી જતી, અને તેથી અને તે ઉઠી ઉભી થઇ. આપઘાત કરવાની પાસે કંઇ જોગવાઇ હતી નહીં તેથી વિચાર કરતી એક પલ ઉભી રહીં, ને બીજીજ પલે યાદ આવતાં તે એક બારી તરફ દોડી. તેણીનાં ભેજાંમાં આગના શોલા ઉઠતા હતા, અને તેણીનો દેખાવ એવો થયો હતો કે તે જોતે કોઇ નબલી લાગણીનું માણસ જરૂર બીહી જાએ! તે આ ઉપાય હાથ લાગતે ઘણી ખુશી થઇ હોય તેમ ઉલટથી બારી આગલ ધસી ગઇ, બારી ઉઘાડી નાંખી, અને લગભગ અરધું બાહેર ડોકાઇ બારી વાટે નખાવી દઇ પોતાનો

પ્યારો જાન બરબાદ કરવા જતી હતી, તેટલાં તેણીને એક બીજો વિચાર આવ્યો. તે દાદગરની પાક દરગાહમાં એમ અંધાપાની આંખે જવા પેહેલાં પસ્તાવાથી પોતાની છાતી ખાલી કરવાનું તેણીએ બહતું વિચાર્યું, માટે બારી આગળજ તે ગુડણપર પડી અને બંદગીના કાંઇક શબ્દો બરબડી, તેટલાં તેણીને ધ્યાંન આવ્યું કે તે પોતે મરતાં પોતાની છાતીમાં પોશાતા એક બીજા પ્યારા કોમળ જીવનો પણ પ્રાણઘાત કરશે, કે જે જીવે કોઇનો કશોએ અપરાધ કર્યો નથી! એ વિચારથી તે હેમટ ખાઇને પાછી હટી. પોતાનો જીવ આપતાં ખુંન કરવાનો અને સાથે બીજા જીવને પણ મારી નાખવાનો અપરાધ કરવાથી હવે તે કમકમીને પાછી હટી, અને ઉતાવળમાં બારી તેણીએ પાછી ઢાંકી લીધી.

એ પછી તેણીને ખુદ પોતા ઉપર વિશ્વાસ નહીં આવ્યો માટે તુરત સુઇ ગઇ, અને તનથી તથા મનથી ઘણીજ થાકેલી હોવાથી જલદી ઉંઘાઇ ગઇ. બીજી સહવારે તેણીને સકાળે જાગરત કરવામાં આવી. અસ્પંદીઆરનાં ઘરમાં બધી ગરબડ ને ગભરાટ ચાલતો હતો, કેમકે મુસાફરીનો સઘળો સરંજામ તૈયાર થતો હતો. ગાંસડા પોટલા ને ભાટયાં પોત્યાંની દોડાદોડથી ફારેગ થયા પછી કાંઇક નાસ્તો લઇ અસ્પંદીઆર, સોહાબે અને પરીન દારાબગર ખાતેનાં પોતાનાં નવાં મકાનમાં જવા નિકળ્યાં.

પ્રકરણ ૪૨ મું.

—:૦:—

દારાબગર.

ઉપલાં પ્રકરણમાં વરણવેલા સઘળા બનાવોને એક બીજા પંદર રોજ વહી ગયા, અને એક સાંજે અસ્પંદીઆર રાગેતા પ્રમાણે પોતાનાં દારાબગર શેહેરવાલાં મકાનમાંથી બાહેર નિકળી પોતાની બાનું અને બેટી જોડે ફરવા જતો હતો, તેટલાં રસ્તામાં તેને એક ડોસો મળ્યો. તે ડોસો કમરેથી સેહેજ વળેલો હતો, અને હાથમાં સોનેરી મુઠની એક લાકડી હતી. તેના બાલ સઘળા સફેદ હતા, અને દીલમાં એક ચગ્રાપગ્રાનો ડગલો હતો. તેણે અસ્પંદીઆર આગળ આવી સલામ કરી, અને ચોકકસ ઠેકાણે જવાનો રસ્તો પુછ્યો. અસ્પંદીઆરે ઘણી નમતાથી તે ભલા બુઢા ગ્રહસ્થને ખાત્રી આપી કે તે એ શેહેરમાં નવોજ—એક માત્ર પંદર દીવસનોજ આવી રહેલો હતો, અને તેથી તે ત્યાંના રસ્તાઓથી બીલકુલ નાવાકેફ હતો. તે બુઢા ગ્રહસ્થે અસ્પંદીઆરને ફરીને સલાંમ કરી ઉપકાર માન્યો, અને પરીનના ચેહરા સમ પોતાની ચુંચી કરેલી આંખે લગાર ટાંકીને જોયું, જે પછી તે બંને બાઇઓને અદબથી નમ્યો ને ચાલતો થયો.

"આએ બુઢા ગ્રહસ્થે પરીનને કેડે જોઇ હોય એવું લાગે છે!" અસ્પંદીઆરે તેના જવા પછી હસીને કહ્યું, "કેમકે તે પરીનને જોઇ તેવો ચેહરો તેણે ક્યાં ને ક્યારે દીઠો હતો તે યાદ કરવા ઉભો હોય એવું લાગ્યું."

પરીને દરબાઈને પોતાના કાકાના મોં સામુ જોયું. આ અખો વખત તે વીચારમાં ગરકાવ નીચી નજરેજ ચાલતી હતી, અને તેથી તેણીએ તે બુઢા ગ્રહસ્થ તરફ બીલકુલ નજર પણ કરી ન હતી, માટે જ્યારે તેનાં જવાં પછી પરીને પોતાના કાકાને ઉપલું બોલતાં સાંભળ્યો ત્યારે તે ઘણી અચરત થઇ.

બીજી સાંહજે વળી અરપંદીઆર પોતાનાં બે વ્હાલાંઓ જોડે ફરવા નીકળ્યો ત્યારે રસ્તામાં વળી પેલો ડોસો મળ્યો, સલામઅલેકુમ લીધી ને ચાલતો થયો.

ત્રીજી સાંહજે અરપંદીઆર પોતાના શબેતા પ્રમાણે ફરીને જ્યારે પાસેના એક મનોહર બાગમાં ગયો ત્યારે ત્યાં એક બાંક ઉપર તેણે પેલા ડોસાને બેઠેલો જોયો. ભોલા અરપંદીઆરે આગળ જઇ વળી સલાંમ લીધી, અને કાંઇક વાતો કરતો તે તેની પાસે તેજ બાંક પર બેઠો, એટલે તેની પાસે તેની ઓરત અને પોતાની કાકીની પાસે પરીન બેઠી. બેઠા પછી એ ડોસા વિષે તેના કાકાએ પેહેલે દહાડે પેલું કહેલું તેણીને યાદ આવ્યું, અને તેથી જ્યારે તે ડોસો અને અરપં-દીઆર હસી હસીને તહરેવાર દુન્યાદારીની વાતો કરવામાં અને સોદાગે તે સાંભળવાની મજાહમાં મશ્ગુલ હતાં ત્યારે પરીને તે ડોસાનો ચેહરો તાંકી તાંકીને જોયો, અને પ્યારની આંખ એવી બાબતોમાં અતી તીક્ષણ જણાવલી છે તેથી તેણીને તે ડોસાને તેના સઘળા છુપા લેબાસ ને નવા સોંગ છતાં દેલજંગ તરીકે પીછાંણી કાહતાં હવે કાંઇજ વીલંબ લાગ્યો નહીં!

અને પરીનને આ ઓળખથી કાંઇ નહી સમજાય એવો હરખ ઉપજ્યો. તે જાણતી ન હતી કે દેલજંગની વગી હયાં પણ આવવાની શી મકસદ હશે; અને તે છતાં તેને ત્યાં જોઇને તે અભાગની અબળા વળી ઘણી ખુશી થઇ. દેલજંગ જે અસ્પંદીઆર જોડે મોંઢાંથી વાત કરતો હતો પણ બાડે ડોળે પરીનપર નજર રાખી તેણીની સઘળી હાલચાલો બારીકીથી તપાસતો હતો તેણે જ્યારે જોયું કે પરીને તેને પછાંણ્યો હતો ત્યારે તેણે તેણીને એક છુપી નીશાંણી કીધી, કે તેનો જોઇએ તેવીજ રીતે પરીને એક સધ્યારો આપનારો જવાબ આપ્યો, અને ત્યાર પછી થોડેક વારે ઘણી ઠંડી નીકળવાથી અસ્પંદીઆર તે બંને અબળાઓને લઇ ઘર ગયો.

ચોથી સાંહજે વળી પેલાજ બાંકપર તેઓ સઘળાં મલ્યાં. અસ્પંદીઆર પોતાના આ નવા 'દોસ્ત'ની હોશયારી, સાહલેસાઈ અને સભ્યતાથી એટલો ખુશી થઇ ગયો હતો કે તે ત્યાંજ આનીને બેઠો, અને વળી જ્યારે ઘણો લાંબો વખત વેર તેની જોડે વતચીત કરી તે જવા ઉઠયો ત્યારે આ 'ઘણા ભલા ડોસાને' તેણે ઘણા આગ્રહથી બીજે દહાડે બપોરે સાથે ખાનું લેવા તેને ઘર આવવાને ઇજન કીધું !

પ્રકરણ ૪૩ મું.

બીજી પાપી કબુલાત.

દરીને જોઇતું હતું તેવુંજ વૈદે ફરમાવ્યું. દેલજંગને બુજેગં અસ્પંદીઆરે પોતાનાં ઘરમાં આવવાનું ઇજન કીધું, અને તે દગા-

રાખે તે ખુશી સથે બાહાલ રાખ્યું. તે ઘરમાં ગયો તે એવી મુરાદથી કે પરીનસે એક છુપી મુલાકાત કરવાને બની આવે, પણ પેહેલે દહાડે જે તેણે ધાર્યું હતું તેમાંનું કશું ફાવ્યું નહીં. એ રીતે ઘણાક દીવસો ગુજરી ગયા, અને જ્યારે અપરાધી પરીને જોયું કે એમ કાંઇ સેવટ આવે એવું નથી, ત્યારે મનની અસલ ચિંતાથી મોકળી થવા એક સાંજે તેણીએ માથું દુખવાનું બહાનું કાઢી અરસ્પંદીઆર ને સોદાબેસે ફરવા નીકળવાનું ના પાડ્યું અને ઘરમાંજ રેહી, જેથી અરસ્પંદીઆર અને સોદાબે એકલાંજ નિકલ્યાં ને પેલા બાગ તરફ રાખેતા પ્રમાણે ચાલુ મુક્યું. દેલજંગે તેમને દુરથી એકલાંજ આવતાં જેયા એટલે તે ચતુર ચોર પરીન તેમની સાથ શી મકસદથી નથી આવી તે તુરત પામી ગયો, અને જરા બી થોભ્યા વિના અરસ્પંદીઆર કે સોદાબેની તેનાપર નજર પડે તે પેહેલાં ત્યાંથી નાહાસી ગયો. અરસ્પંદીઆર અને સોદાબે તો એ પછી રાખેતા મુવાફેક પેલા બાંકપર જઇ હવા ધોરતાં અને પોતાના દોસ્ત (પાપી દેલજંગ)ની રાહ જોતાં બેઠાં.

બીજી બાજુએ દેલજંગ જેવો ત્યાંથી નાઠો તેવોજ પાબરો તે અરસ્પંદીઆરનાં મુકામ તરફ ગયો, અને જોકે તેને સારી રવેશે ખબર હાતી કે અરસ્પંદીઆર ઘરમાં નથી તે છતાં સારો દેખાવ કરવાને ખાતર તેણે બાહેર ઓટલાપર ઉભેલા નોકરને 'શેઠ છે કે?' કરી સવાલ નાંખ્યો, અને નોકરે ના પાડ્યું અને જણાવ્યું કે 'શેઠ તથા શેઠાણી બંધે બાહેર ગયાં છે પણ બાનું પરીન 'હૅાલ'માં છે, ત્યારે જાણે બે ઘડી તાહેલું કરવાની મકસદથીજ આવ્યો હોય

તેની હપના કાંઇક શબ્દો બરબડો તે પાધરો અંદર ગયો. નોકર નફરોને એ વાત કાંઇ બી નવી જેવી કે ધ્યાંન પુગાડવા જેવી લાગી નહીં. દેલજંગને તેઓ બોલાઇમાં કોઇ અસરાફ બુઢા શ્હેરી અને પોતાના શેઠ શેઠાણીનાં એક ખાસ ખેરખાહ તરીકે ઘરમાં વારે વાર આવતો જોઇ પીછાણી રહ્યા હતા તેથી તેઓએ દેલજંગ જઇને પરીનસે વાતે બેઠા તે પર જરાબી ધ્યાન આપ્યું નહીં, ને રાબેતા પ્રમાણે તેઓ બંનેને એકલાં મુકી પોતપોતાને કામે વળગ્યા.

"મારાં જીગર કરતાં વહાલી પરીન," દાગાબાજ ચંડાળે બારે મોહબતનાં ડોલથી એકલાં પડવા પછી કહયું, "અંતે આપણે આજે પાછાં મલીએ છીએ. તું જીગરથી પેલી કમબખ્ત રાત્રે છુંટો થવા પછીથી એક ઘડી મેં સુખે ગુજારી નથી. પલે પલ તે અભાગની નીશફળતાની યાદ મારા જીગરે ચઢી આવતાં મારૂં કાળજું કપાઈ જતું હતું!"

"વહાલા સોગાદ," પરીન દુ:ખનાં દચકાં ખાતાં બોલી, "તારા કરતાં મેં ઓછું ખમ્યું નથી. ભલા નોઝરે જો મગતથી તે રાત્રે મારી હોરમત સાચવી ન હોતે તો આજે હું જીવવા પામતે નહીં. અરેરે, જ્યારે તે ભારી નામોશીનો હજણાં પણ હું ખ્યાલ કરૂં છું ત્યારે મને એવું થાય છે કે આ દીવાલસે મારૂં માથું ફોડી ભેજું કાહાડી મરૂં! પણ તે અસીલ, અસરાફ જવાંન નોઝર—"

"પરીન!" દેલજંગ ખીજવાતના ડોળા કાઢી બોલ્યો, "તે ચંડાલનું નામ તારાં મોંપર લેઇ મારા સાંમે વળી તું શું તેની તારીફ કરે છે? તે મારો કટ્ટો હડહડનો વેરી છે. ફરીને તેની સીફત

તું મારી આગળ કરતી ના, એટલુંજ નહીં પણ તે મહા મુજીનું નામ પણ મારી આગળ બોલતી ના. તે કરપીણે અત્યારવેર મારી દરેક મુરાદોમાં મને નાઉમેદ કીધો છે, પણ તે મારા ખારમાં મારે હાથથી સલામત બચી જવાનો નથી."

પરીન એકદમ હેમત ખાઈ ગઇ. આવા જુસ્સાથી, આવા ગુસ્સાથી, આવા ખુની ખવાસથી અને આવાં ઝનુનથી તેણે દેલજંગને કદી બોલતાં સાંભળ્યો ન હતો, અને તેથી તે તદન ડધાઇ ગઇ દેલજંગે એ ફેરફાર તેનાં મોંપર જોયો, ને તેથી પોતાની મતલબ સરવા આગળથી તેને એમ હેબકાવી મેલી તેનો ધીક્કાર હરી લેવા ખાતર તેને હવે પસ્તાવો થયો, માટે તુરત શાંત થઇ જઇ જેમ બન્યું તેમ ચેહરો ખુશ બનાવી હસીને કહયું, "પણ વારૂં, થયું તે થયું પ્યારી. આપણને આપણીજ વાત ઘણી કરવી છે તો બીજી બાબતોની જીકર કરીશું નહીં. કહે પરીન, કે જેવી રીતે તું મને ચાહતી હતી તેવીજ રીતે તું હજી મને ચાહેછ?"

"ચાહુંછ?" પરીન અસહ્ય દુઃખથી કલવાઇને બોલી; "સોગાદ! મારા ચાહની કંઇ પુરવારી બાકી છે? રે હવે હું તુંને નહીં તો બીજા કોણને ચાહવા જાઉં? દેલજંગ, મારી નેકીનું, મારી પાકીજગીનુ જવાહીર મેં ચગદી નાખવા પછી, ખોદાની, કુલ જગતની ને મારી પોતાની નજરમાં હું મહા પાપી, હીણી, ધીક્કારાયલી ઠરવા પછી હવે કહે—કહે કે હું તું વિના બીજા કોણને ચાહું? કોણની તરફ આશરા માટે નજર કરૂં?"—અને વળી ત્યાં પરીન ધુમ રડવા પડી.

"ધીરે, પ્યારી પરીન, ધીરે," દેલજંગે સધ્યારો આપ્યો, "જરા સુધ્ધ રાખ. કોઇ આજુબાજુ તારાં ડૂચકાંનો આવાજ સાંભળશે તેનો કેમ વિચાર કરતી નથી? પણ પ્યારી, અગર જો તું જેવા ને તેવાજ પ્યારથી હજી મને ચાહેછ તો તું વહાલીને: બોલ રાખવા તેજ અખંડ પ્યારમાં વિશ્વાસ લાવી તુને ખાસ નેકાથી મારી કરવા, અને તારી છાતીમાં પોષાતાં શરમનાં પરીણામને એક હકદાર પીતાનું નામ આપવા હું તુને આ હાલે ઢુંડતો ઢુંડતો હવાં વરીક આવ્યો છું, માટે ફરી એક વાર તું તારૂં ઘર તજી આવ."

પરીને જવાબ દીધો નહીં. એક વાર ઘર તજી જવા પછી શું પરીણામ થયું હતું, ને વળી ભારી નામોશીમાંથી તે કેવી જરા જસમાં બચી ગઈ હતી તે તેણીને યાદ આવતાં વળી તેણી હેમત ખાવા લાગી.

"પરીન," દેલજંગે તેને હારી ખાઇ જતાં જોઇ ઉલટ આવે એવી ઢગે કહ્યું, "એક હારથી હારી બેસવામાં માણુસાઇ નથી. ઉલટ ધર, વહાલી; શું તું એમ ધારેછ કે હવાં બી પેલો ચંડાલ નોઝર મલવાનો છે? ઢીલ નુકસાનકારક છે, માટે જો એમ કર. કાલે તું આ ઘરમાંથી સહુવારે ફરવા જવાને બહાંને નાસ્તો લીધા પછી નિકલ, અને તારા કાકા કાકી સાથ રોજ બેસીએ છીએ તે બાંક પર આવ. હું ત્યાં ઘણો સકાળેથી જઇ તારી રાહ જોવશ. તે વેળાએ ત્યાં કોઇ હોતું નથી. સઘળું નવરૂં હોય છે માટે તે જગ્યાએ તારે આવવું. ત્યાંથી મેં નકી કરેલાં એક ઠેકાંણે જઇ નેકાથી ફારેગ થઇ એક કલાકમાં આપણે તારાં મમતાળુ કાકા કાકીને પગે પડવા આવશું, અને સૌ સમાધાન ઉતરશે."

"અને તું મને કબુલાત આપેછ સોગાદ," પરીને આતુર આંખો તેનાં મોં ભણી ફેરવીને કહ્યું, "તું મને કબુલાત આપેછ કે તે પછી તું મારા જોડે આબરૂથી એકાંતવાસમાં રેહશે ને લુંટફાટ ને મારફાડ જે તારો મહા પાપી પેસો છે તે તું પડતો મેલશે?"

"તું વહાલીને ખાતર હું શું નહી કરશ?" દેલજંગે તેને ધીરજ આપી; "તારો બોલેબોલ ને હરફે હરફ મારે કબુલ છે."

"તો તારી ગોઠવણ મુજબ કાલે સવારે તને આવી મલવાને હું કબુલ છું," પરીને વચન આપ્યું.

હયાં વળી આ પાપી કબુલાત બીજી વાર અપાઇ ચુકી. પાપની ગોઠવણ બીજી વાર થઇ ચુકી. એક વાર તે નિષ્ફલ થઈ છે તો આ વાર શું તે પાર ઉતરશે?

પ્રકરણ ૪૪ મું.

એક મરવા સુતેલો ભીખારી.

દેલજંગ પરીન સાથે આવતી કાલની સહવારને લગતી ઘણીક ગોઠવણો કરી અસ્પંદીઆર આવે તે પેહેલાં ત્યાંથી નિકલી ગયો. બીજા હાથ ઉપર પેલી તરફ પેલા બાગમાંના બાંક ઉપર તે ડોસો ડોસી પોતાના ખાસ ખેરખાકની રાહ જોતાં જ્યારે અંતે થાકાં, અને

રાત પડવા આવી ને ઠંડી બી પુસ્કળ નિકળી ત્યારે પાછાં ઘેર આવવા નિકળ્યાં. ઘેર આવતાં પોતાનાં મુકામની સીડી આગલ તેઓએ કોઇ ગરીબ ચીઠરેહાલ ભીખારીને ઠંડીથી થથડતો પડેલો જોયો. "ખેરાત કરો, ઓ મેહરબાંનો," તે અરપંદીઆર તથા સોદાબેને જોઇ કગલીને બોલ્યો; "એક ભુખે મરતા ભીખારીને સુકું પાકું ને થોડું ઘણું પણ ખવાડી તેની ભુખે તવલતી આંતરડીના આશીશ લેઓ!"

તે ભીખારી ઘણાજ ધીમા સાહદે બોલતો હતો, અને અરપંદીઆરે ખોલ્લી રીતે જોયું કે તે ભીખારી કશા ઢોંગ કરતો હતો નહીં. તેનું હંમેશનું માયાળુ દીલ તે ઉપરથી તુરત પીગળી ગયું, અને તેણે ગજવાંમાંથી મુઠો ભરી પૈસા કાઢી તે ભોંયપર પડેલા ભીખારીને વાંકો વળી આપ્યા, અને જલદી જઇને કાંઇ ખાઇ ધરાવા તથા કોરે જઇને સુઇ રેહેવા સુચણા કરી.

તે ભીખારી આ સખાવતથી તરેહવાર આશીરવાદ અને આભારના સુખનો ઓચરતો ઉઠયો, પણ ઉઠીને ઉભો થયો તેવોજ ભુખના તમ્મર ખાઇ પાછો ધબ દઇ ભોંયપર પડયો ને બેશુધ્ધ થઇ ગયો.

અરપંદીઆરે તુરત નોકરને બોલાવી દીવો મંગાવ્યો, ને તેને બેશુધ્ધ પડેલો જોઇ તે ભલા ડોસાએ તેને તુરત ઉંચકાવી ઘરમાં લીધો, જ્યાં હેઠલા ખંડમાં એક નોકરના ઓરડામાં એક બીછાંણું તઇયાર કરાવી તે ઉપર તેને સુવાડવામાં આવ્યો.

તે ભીખારીને હુંફ મળવાથી તથા તેની ચાંપતી માવજત થવાથી તે તુરત હોસ્યાર થયો, અને અરપંદીઆરે તેને પેટ ભરતું ખવડાવીને રાતે રાત તો સુવાડી દીધો, અને પોતે એક ભલું કામ

કીધું તેથી તેના સ્વભાવિક સંતોષે જઇને ખાનાથી ફારેગ થઇ આરામથી ઉંઘ્યો.

સહવાર પડી. તે સહવાર, તે કમબખ્ત સહવાર પડી કે જયારે પરીન એક છેલ્લું પાપનું પગલું ભરવાની અને પોતાનાં વ્હાલાં કાકા કાકીને આજે છેલ્લીવાર ઠગવાને પાછી તઇયાર થઇ છે!

તેણીએ નાસ્તાથી ફારેગ થઇ આજુબાજુનાં ખેતરોમાં એક ખુશ લટાર મારી આવવાની મરજી જણાવી, ને સોદાબેની તંદરોસ્તી તે સહવારે ઘણી ઠીક ન હોવાથી ને અસ્પંદીઆર પેલા ફકીરની જાતે જઇ ખબર લેવાને આતુર થઈ રેહેલો હોવાથી તેણીને એકલીજ જવાની રજા મળી કે પરીન પોતાનાં વ્હાલાંઓને વળી એકલાં મુકી નીકળી. પેહેલી વાર તેણી ગઇ ત્યારે તો તે પાછી આવનાર ન હતી; આજે તો તે એક કલાકમાં પરણીને પાછી આવનાર છે!

અસ્પંદીઆર તે ભીખારી આગળ ગયો. તે છેક તંદરોસ્ત નહીં તોપણ ઘણી હોસ્યાર હાલતમાં બીછાંણાંમાં બેઠેલો જણાયો. અસ્પંદીઆરે તેની આગળ જઇને હકીકત પુછી, ને તે ભલા ખુદાની આવી ખાતરદારી સારૂ તે દરદી ભીખારીએ કેવા બોલોમાં તેનું અહેસાંન જાહેર કીધું તે અત્રે સઘળું વીગતવાર ઉતારી લઈ આ અત્યારમાંજ ઘણી લાંબી થઇ ચુકેલી અમારી વારતાને વગર અગતે વધારે લાંબી કરવા અમે માંગતા નથી. એટલુંજ કંહેવું પુરતું થશે કે તેણે ઘણીજ ઓજર-ખાહીથી તે ભલા ડોસાનો પાડ માન્યો, અને પછી અસ્પંદીઆરનાં પુછવાથી તે પોતાનો કમબખ્ત હાલ નીચે પ્રમાણે કહેવા લાગો:-

"મારા મેહરબાંન શેઠ," તે બોલ્યો, "હું મારી પાછલી કરણી પર નજર કરૂં છું ત્યારે મને લાગે છે કે તે કીરતારની દયા ચાહ-વાને આજે મને કશો હક્ક નથી. તોપણ સાહેબ તમો ચોંકો ના; મેં કદી કોઇનો જીવ લીધો નથી. કોઇનાં લોહીથી મેં કદી મારા હાથ ખરડયા નથી. એ અજીમ અપરાધથી તો હું મોકલોજ છું. પણ તોબી હું એક લુટારો હતો. મારૂં નામ નરીમાન છે, સાહેબ, અને મારાં માબાપો ઘણાંજ ગરીબ હતાં, તે ગરીબાઇએ તેમની હોરમત લીધી, અને તેમની સઘળી ભલી લાગણીઓને વશ કરી લીધી-તે એટલે સુધી કે તેઓ લુંટફાટથી પુરૂં કરવા પડયાં, અને અંતે તેજ હરાંમ પેશો મને પણ બચગીમાં જબરીથી શીખાડયો. એક છંડું ચોરવા પરથી હું વધ્યો છું, સાહેબ. એક નાહની રકમથી હું મોટી રકમો ઉપાડવા લાગ્યો, ને તે રીતે ઘણાક રાહદારીઓનો રસ્તો રોકી મેં તેમને અરથી વિનાના કરી નાખ્યાં હતા, પણ અંતે એ ધંધાથી બી હું કંટાલ્યો, અને મારા હાથમાં સારી રકમો હોવાથી મેં ઘોડા ભાડે ફેરવવાના કીધા. મેં ઘણાક તેજી ઘોડા ખરીદયા ને તે એજ ધોરી રસ્તાપરની લુટને માટે હું મોટી રકમે ભાડે આપવા લાગ્યો. હું તે ઘોડાને બીજાં કામમાં ઘણું કરીને વાપરવા આપતો બી નહીં. માત્ર એ ઘોડાઓનું રાત્રેજ કામ પડતું. ઘણાક રાહમારૂ લુટારા દર રાત્રે મારે ઘેર આવી મોટી રકમે મારા ઘોડા ભાડે લેઇ તે પર બેસી પોતાનો હરામનો પેશો ચલાવા નીકળતા, અને તે રીતે હું કમબ-ખ્તની મારફતે ઘણાંક બાળ બચ્ચાંઓના કમનસીબ બાપોને તે કમબખ્તો નહવાડી આવતા; પણ હરામની આવક કદી રેહેતી નથી. શેઠ, મેં એ ધંધામાં મોટી દોલત જમા કરી હતી, અને તોબી

આજે હું અરથી વિનાનો ભીખારી છું; અને તેવી હાલતમાં જ્યારે હું મારી આગલી પાપી કરણી યાદ કરૂં છું ત્યારે મને આપઘાત વગર આ દીલના ડંખથી છુટવાનો બીજો એક બી માર્ગ સુજતો નથી.”

“આપઘાત તો એક પાપપર બીજું પાપ છે,” અરપંદીઆરે મમતાથી સમજાવ્યું; “નરીમાન, તેં ઘણું પાપ કીધું છે એ વાત તો ખરી, પણ આજે તું તે પાપ માટે પસ્તાય છે એ કાંઇ ઓછું નથી. પાપ નહીં કરવું ને બદીને નહીં વશ થવું એ આદમીની ફરજ છે, પણ વશ થવા કેડે પસ્તાઇને પાછા હઠવું એમાં બી સંતોષ છે. પાપનો પસ્તાવો ગમે એવો મોડો આવે પણ તે મોડો કહેવાનો નથી. પાપીના અરજ પણ જો તેનો પસ્તાવો ખરાં જીગરથી કરતો હોય તો પરવરદેગાર જરૂર કબુલ કરી શકે છે, માટે ભાઈ, તારાં દુઃખથી બચવાનો રસ્તો આપઘાત તો નહીં પણ ખરા પસ્તાવાથી તેવાં પાપથી તું જીવે ત્યાં સુધી વેગળો રેહેવામાં સમાયલો છે.”

“મારા મેહરબાન મુરબ્બી,” નરીમાને આભારથી કહ્યું, “તમારી સલાહ બીલકુલ બરહક છે. શેઠ, મેં તમને હમણાંજ કહ્યું કે મેં કદી કોઇનું ખુન કરેલું નથી, તોપણ મારો જીવ દગદગે છે કે એક જણનાં ખુનનો તો હું ખચીતો અપરાધી છું. તે ખુન મેં કરેલું નથી, અને ખુન થયું કે નહીં તે બી હું કાંઇ તદન ચોક્કસ કહી શકતો નથી, અને તોપણ બધી બાબદોને હું જ્યારે મેલવું છું ત્યારે મને લાગે છે કે તે ખુનમાં મેં મદદ કરી છે ખરી!”

"તે કેમ?" અરપંદીઆરે અચરતીથી પુછયું; "તું શું કહે છે તે મને કશી સમજ પડતી નથી."

"હું ખુલાસો કરી કેહુ," તે ભીખારીએ પોતાનાં પાપના એકરારો જારી રાખ્યા; "એક રાત્રે મારી પાસે બે પુરૂષો આવ્યા, અને બે ઘોડાની તલબ કરી. હું ઉંઘરેતો હતો, અને દીવો પણ પુર જોરથી બલતો ન હુતો, એટલે હું કાંઇ તેમને પીછાણી શકયો નહીં; પણ પીછાણવા જોડે શું કામ હતું? મારો તો ધમો જ પડયો એટલે મેં તેમને ઘોડા આપ્યા, અને સહવાર પડવા પેહેલાં તેઓએ મને તે પાછા હવાલે કરી તથા તેઓ શું કરી આવ્યા હતા તે ભરમમાં જણાવી એક ભારે રકમથી મને ચુપ કરી નાંખ્યો. તે ચંડાલો ખુન કરી આવ્યા હતા એમ મને મજબુત શક છે, કેમકે તેની બીજીજ સહવારે એક મુસાંફરીની ગાડીમાં એક જણનું ખુન થવાની બુમ પડી."

"મને તે બરાબર યાદ છે," અરપંદીઆરે યાદ કરી કહ્યું, "શમેરતાન શેહેરમાં તે ખુનથી ઘણો ગભરાટ મચી રહયો હતો."

"તેજ," નરીમાને ખાત્રી આપી; "તે ખુનના કરનારાઓને હું ચોકકસ પીછાણતો ન હતો, તોપણ તે ખુંનમાં મારો આડકત્રો ભાગ હતો. મેં તેજ ખુનીઓને ઘોડા આપ્યા હતા એ વિચારે તે વખતે તો મને કશું લાગ્યું નહીં પણ આજે મને તે વિષે કેવા ઘાતકી ખ્યાલો થાય છે કે-અફસોસ!"

"પણ ત્યારે આવી તારી હાલત કેમ થઇ?" અરપંદીઆરે સવાલ કર્યો.

"હરામની આવક હરામમાંજ ગઇ, સાહેબ," નરીમાને દુઃખ ભરી યાદથી કહ્યું. "જે ચંડાલોને હું નાણુંની મોટી રકમે એ બુરા કામ સારૂ ઘોડા ભાડે આપતો હતો તેજ મુજીઓએ મેં ઘણી દોલત એકઠી કીધી છે એવું જાણી એક દીવસ મારા ઘરમાં ધસી આવી મને અરધી ગીનાનો કરી મેલ્યો."

હયાં નરીમાન ઘણો થાકી ગયો ને નીસોસ થઇ પડ્યો, અને પછી તુરત થાકનો માર્યો ઉંઘાઇ ગયો કે અરપંદીઆર દલગીર ચેહેરે ઉઠીને પોતાના ઓરડામાં જઇ પોતાનાં કામે વલગ્યો.

આ નરીમાનને અમારાં વાંચનારાં નથી પીછાણતાં એમ છે? વાંચનાર તેણે અરપંદીઆર આગલ કરેલા સઘળા એકરારથીજ તેને ઓળખી ચુકયાં હશે, અને તોપણ ખુલાસા માટે આટલું વધારેલું રદ કહેવાશે નહીં કે એ તેજ નરીમાન હતો કે જેની પાસે આતમીનનું ખુન કરવા જતી વેલાએ લુચ્ચા દેલજંગ ને દારાબને ઘોડા ભાડે લેતાં આપણે આપણી વારતાનાં આઠમાં પ્રકરણમાં જોઇ આવ્યાં છીએ.

પ્રકરણ ૪૫ મું.

ચોરને પોટલે ધુળની ધુળ!

અરપંદીઆર નરીમાન પાસેથી ઉઠ્યો તેવો જઇને પોતાના ઓરડામાં કામે વલગ્યો, પણ તે હજી તો કામ પર પુરૂં ધ્યાન લગાડે

તેટલાં એક નોકરે આવી જણાવ્યું કે કોઇ બુઢો મહસ્થ મળવા આવ્યો છે. અરપંદીઆરે તેને બાહોરમલ દાખલ કરવા કહ્યું કે કોઇ બાલ પાકી ગએલો બટકો સરખો ડોસો અંદર આવી બેઠો.

"મને તમો પીછાણુશો નહીં, સાહેબ," તે ડોસાએ બેસતાંને વાર કહ્યું; "અને તોપણુ આપણુને આજ કાલની ઓળખાણુ નથી. એકમેકને જોયા વગર એકમેકપર વિશ્વાસ લાવી આપણે કાંઇક વરસોથી સાથે ધંધો કરતા આવ્યા છીએ. મેહરનોશ ને આજરની પેઢીવાલાઓ જે તમરા ભાગીદારો છે તે માંહેલો મેહેરનોશ તે હું પોતે છું, દોસ્ત!"

"મેહરનોશ!" અરપંદીઆર અચરતીથી ઉભો થઇ બોલ્યો, અને પછી મમતાનો માર્યો તુરત તેણે તે ડોસાનો હાથ લેઇ પોતાના હાથમાં મજબુત ચાંપ્યો, જે પછી આ બંને ભાગીદારો વાતે બેઠા.

"તમારૂં કાગળ મને મલ્યું, સાહેબ," મેહરનોશે કહ્યું. 'દગારો ચંડાલ લુટારો દેલજંગ દલેર અમારા ઉમરાવ આડતીયા આતબીનને નામે તમારાં ઘરમાં રહી ઠગાઈ ચલાવી ગયો, ને તે ચંડાલ જેવા મહા પાપી સાથે તમારી દીકરીની શાદી થતાં સેહેજમાંજ બચી ગઇ તે સઘળું મેં તમારાં કાગલ પરથી જાણ્યું, ને તમારાં દુઃખમાં દીલાસોજીથી ભાગ લઇએ છીએ, પણુ ત્યારે સવાલ એ ઉઠે છે કે આપણા આતબીનનું શું થયું? તેની જોસતેજ્ને કરવાને હું પોતે અત્રે આવ્યો છું."

"પણુ ત્યારે શું આતબીન નીકલી ચુકયો હતો ખરો?" અરપંદીઆરે હવે કાંઇક શક તેનાં મગજમાં આવતાં બેચેન થઈ પુછ્યું.

"નીકલી ચુકયો?" મેહરનોશે અતી અચરતીથી કહયું; "નીકલી ચુકયો પુછો છો, દોસ્ત? તે કાંઇ આજ કાલનો નીકળ્યો!" હયાં મેહરનોશે આતષીનનો નીકલવાનો ચોકકસ રોજ અને તે કયે દને શબેસ્તાનની સરહદપર આવી પુગવો જોઇએ તે વગેરે વીગતવારે સમજાવીને કહયું.

"અરે ત્યારે તો એજ દને શબેસ્તાનની સરહદ પર એક જણનું મુસાફરીની ગાડીમાં ખુંન થયું હતું!" અસ્પંદીઆરે ધભરાટથી પોતાની ખુરસી ઉપરથી ઉભો થઇ કહયું.

"ખુંન?" મેહરનોશ ચમકી ઉઠી બોલ્યો; "મુસાફરીની મોટી ગાડીમાં શબેસ્તાનની સરહદપર જે દને આતષીને આવી પોહોંચવો જોઇએ તેજ દને તેજ જગ્યાએ એક ખુંન! તો તો મારા સઘળા બુરા શક ખરા પડે છે. અફસોસ, સદ હજાર અફસોસ, દોસ્ત અસ્પંદીઆર, કે ત્યારે તો જે મુજી ચંડાલે તમારાં ઘરમાં ખાતર પાડી ખોહારી કરી છે તેજ ગદા મુજીની છુરીનો મારો ભલો આડતીયો ભોગ થઇ પડેલો લાગે છે!"

"જરા સબુર કરો," અસ્પંદીઆરે ઘણો ઉશ્કેરાઇ આવી કહયું, અને તે તુરત તે ઓરડામાંથી નીકલી ગયો.

બીજીજ પલે તે પેલા આજારી નરીમાનને પોતાના હાથના ટેકા આપી ચલાવતો લાવ્યો, ને મેહેરનોશની સાંમે એક ખુરસી મુકી તેપર તેને બેસાડયો, અને પછી પોતે બેસી કહયું, "નરીમાન, જરા

બરાબર યાદ કર, ચોકક્સ કર ને કેહે કે કયે રોજે તેં પેલા કરપી-ણોને તારા ઘોડા આપ્યા હતા ?"

નરીમાંને વિચાર કરીને ચોકક્સ રોજ આપ્યો તે રોજ પેલાંજ ખુંન સાથ મલતો આવ્યો, અને આતબીન જે રોજે સરહદપર આવવો જોઇએ તેનેબી બરાબર ગળ્યો !

પાપ કદી છુપું રેહેતું નથી. કદી નહીં જણાય એવી સીફતથી તે કરવા છતાં કાંઇ ઓર મોજેજાઓથી તે પસરી નીકલ્યા વિના રેહેતુ નથી !

નરીમાન, અસ્પંદીઆર અને મેહેરનોશે હયાં નકકી કીધું કે જવાન આતબીનનું ખુનજ થયું હતું, અને તે ખુનના અપરાધીઓ મહા કરપીણ દેલજંગ અને દારાબજ હતા !

પણ એ વિચારના દુઃખમાં હજી તો તે ત્રણે લગાર ચુપ બેઠેલા છે તેટલાં તે ઓરડાનું અલગું બંધ કરેલું બારણું ઉઘડયું, અને પરીન અંદર ધસી આવી. તે તેણીના કાકાને એકલો જાણી પગે પડવા આવી-કેમકે અભાગની પરીન ઠગારા નાપેકાર દેલજંગ જોડે પરણી ચુકી-અને તે ધસીને એમ પોતાના કાકા આગલ જતી હતી તેટલાંજ ત્યાં પારકા મરદોને જોઇ અચકી ઉભી. તેની પુઠે પેલાજ ડોસાના લેબાસમાં દેલજંગ આવ્યો, અને તે બી તેમજ ઉભો રહી ગયો. તેની મેહેરનોશપર નજર પડી કે તે પાછો ફરી તુરત નાહાસવા જતો હતો, (કારણ કે હાલ તેણે જે ડોસાનો લેબાશ ધારણ કરેલો છે તેજ લેબાશે તેણે મેહરનોશને પેલા રસ્તામાં ધોળે દીસે ઠગીને લુટયો હતો ને તે તેને એક આતબીનના દોસ્ત તરીકે મલી આવ્યો હતો તે વખતે પેહેડયો હતો, અને તેથી તેણે જોયું કે

પાપ ફાટી નીકળશે. પણ તે નાઠસે તે પેહેલાં મેહેરનોશ પોકાર મારી ઉછળી ઉઠયો.

"પકડો !" તેણે મોટા ધારા સાહદનો પોકાર માર્યો; "આતબી-નના દોસ્તને નામે મને લુટનાર ચંડાલ દેલજંગ દલેર !"

દેલજંગ દલેરનું નામ સાંભળતાં અને જેને મિત્ર માનતો હતો તેને ઠગાઇના લેબાસમાં પાછો દેલજંગ તરીકે જોતાંજ અસ્પંદીઆર અરધો બેસુદ્ધ થયો, અને તેવામાંજ નોકરો દોડી આવ્યા-નરીમાનને પણ અજબ જોર આવ્યું ને તે પણ ઉઠયો, અને પેલાં ખુંનના ખુંની તરીકે તેને ઓલખાવી મજબુત પકડી રહયો, કે જ્યારે તે ઘણા માણસોનાં એકત્ર જોર આગળ જોરેમંદ દેલજંગ છુટવાની લાત મુકકીની અને મારફાડની ભારે તાંણાતાંણ કીધા પછી અંતે કાંઇજ નહીં ફાવ્યું ત્યારે લાચાર થઇ પડયો.

"ઓ, એને કોઇ ઇજા કરતું ના," પરીને મહા દુઃખની ચીચી-આરી પાડી, "કાકાજી, એને મારે ખાતર બચાવજો. એ મારો ખાવંદ છે, રે નેકાથી એક થયલો મારો હકદાર ખાવંદ છે !"

"તો તો ત્રીશ હજાર વાર વધારે એ નાપાક પર ખુદાનો કહેર વરસજો," અસ્પંદીઆરે બલતાં જીગરનાં ખીજવાતથી દાંત પીસી કહયું, "હે અભાગણી દુકતી, ઓ સુની, બેહેરી, આંધલી, એ તારો ખાવંદ તો મોટો ખુંની છે!"

"ઓ નહી" પરીન પોકાર મારી બોલી, "એમ ના બોલો! રે એમ ના બોલો. એ લુટારો છે, ચોર છે પણ ખુની નહીં હોય!"

"પણ તે ખુની બી છે!" અરપંદીઆરે દુ:ખના ભારથી જોશ-પર આવી કહ્યુ, "હે નારવા છોકરી, આપણા ભલા નોઝરના બાપનો, અમારા આડતીઆ આતબીનનો—" પણ અરપંદીઆરને વધારે બોલવાની જરૂર રેહી નહીં. એકજ દીવાનખાનું ધ્રુજાવી નાખનાર મોટી જીગર તોડનારી દુ:ખની ચીચીયારી પાડી તેની બેસુદ્ધ થઇ અતી જોશથી ભોંય ઉપર પછડાઇ પડી.

અરપંદીઆરે સોદાબે અને દાસીઓને તેનાપર ધ્યાન આપવા ઉતાવલમાં ફરમાવ્યું, ને પોતે ચંડાલ દેલજંગનો રસ્તો કરવા પડયો. તેણે દેલજંગને ઘસડાવીને જે ઓરડામાં ગઇ રાત્રે નરીમાન સુતો હતો તે ઓરડામાં કેદ કરાવ્યો, અને બારણું બંધ કરી બાહેરથી મજબુત તાળાંઓ માર્યાં. એ ઓરડામાં અંદરથી એકજ ઉંચી બારી હતી, ને વળી તેનેબી લોખંડી સલીયા જડેલા હતા, અને તેથીજ સરકારની મદદ આવી પોંહોંચે તેટલાં અરપંદીઆરે તે ઓરડાને એક કેદખાનાં તરીકેનો લાયક જોયો. દેલજંગને કેદ કરી તથા નરીમાન અને મહેરનોશને નોકર નફરો સાથ બારણાં આગલ પોહેરા પર રાખી અરપંદીઆર તુરત સરકારની મદદ લેવા દોડયો!

પ્રકરણ ૪૬ મું.

ખુંનપર ખુંન

અરપંદીઆર જે મકાંનમાં રેહેતો હતો, તેની ડાબી બાજુના હાથપર તે મકાંનની લગોલગ એક બેઠી બાંધણીનું નાધલું વગર ગાલનું ઘર હતું. એ ઘરમાં એક પરહેજગાર દસ્તુર રેહેતો હતો. તેને એકાંતવાસ પસંદ હતો અને તેથી તે બારણાં ઢાંકી ઘણુંકરીને એકલો ઘરમાં ભણ્યા કરતો, અને હમણાં જ્યારે અમો તેને અમારી વારતાના સફા ઉપર ઉભો કર્યે છીએ ત્યારે બી તે ડોસાજી હાથમાં એક તસબીહ લઇને પોતાનાં કુશાદે ઓરડામાં બેસી ચુપચુપ એક ધ્યાંને ભણતા હતા, એવામાં તેમનાં માથાં ઉપરનાં છાપરામાં કાંઇ ખડ ખડાટ સમજાયો, અને તેઓ હજી તો ઉપર જુએ તેટલાં તો છાપડાંનાં ગંગરીયાં વાટે અંદર કોઇ હપતો ખપતો આદમી ગબડી પડયો! જાંણે આસમાંનમાંથી નીકલી પડયો હોય તેમ છાપડાંમાંથી એક માણસને પોતાનાં માથાં ઉપર ગબડી પડતો જોઇ તે ડોસાજી ગભરાતથી બુમ મારી ઉઠતા હતા, પણ તેટલા દેલજંગ (કાંએ કે છાપડામાંથી ગબડી પડનાર તેજ હતો તે) એકદમ તે તેનાં આંગપર ધસ્યો. ને તુરત તેનું મોં દાબી દઇ રૂમાલ કાઢીને તેણે તેનાં મોંમાં ડુચો દાબી દીધો, અને પાસેનાં બીછાંનાપરથી ચાદર કાઢી લેઇ તેના હાથ પગ ગજબુત બાંધી તુરત તેને તેનાજ ઢોલીયાના પૈયાસે સીકડીને બાંધી લીધો. તે બાપડા ડોસાના આંખના ડોલા નીકલી પડયા, તેનું

માથું દમ નહીં લેવાઇ શકાવાથી તેની ખુજોર્ગ છાતીપર ઝુમી પડયું. અને તેની આંખ બંધ થઈ ગઇ યા તો તે બાપડો ડોસો મરી ગયો અથવા તો તે બેસુદ્ધ થયો, પણ ખરો બનાવ શું હતો તે તપાસવાને દેલજંગ થોભ્યો નહીં. તે ખુંન પર ચઢેલો હતો–તેનો ચેહરો ખવીસ જેવો ખુની દેખાતો હતો. તે દસ્તુર બેસુધ્ધ થયો હોય કે મરી બી ગયો હોય તેની સાથે તેને કામ શું છે? તેનો પોતાનો જાન હાલ કેટલો જોખમમાં હતો! તે એકદમ તે દસ્તુરની કબાટ તરફ ધસી ગયો, અને જરા બી વિચાર કરવાને થોભ્યા વીના કુંચી વગરજ જોરથી ખાનું ભાંજી ખેંચી કાઢી તેમાંથી એક પોશાક કાઢયો, ને પોતાનાં આંગપરથી પેલો લેબાશ ઉતારી તે નવો પેહેરી લીધો, જે પછી બીજાં ખાનાં પેટી ફાડી તેમાંથી કેટલીક રોકડ રકમ, એક હીરાની વીટી અને એવીજ બીજી કીંમતી ચીજો દપમાં મારી લેઇ તે આગલાં બંધ બારણાં આગલ ગયો. અવલ તો એ બારણાં આગલ જઇ તેણે ચીમાઇને જોયું કે પાસેનાં અસ્પંદીઆરનાં ઘરમાં સીપાઇઓની દોડાદોડ થતી હતી, ને તે નાહસી આવ્યો છે તે કેમ અને કયાં ગયો હશે તેનો ખ્યાલ કરતાં સૌ આગલે બારણે ઉભેલાં છે એટલે તે પાછલે બારણે નાહઠો, ને ત્યાં એક નાહનું બારણું હતું તે ઉઘાડી રસ્તાપર પડી બાહેર ખેતરમાં નીકળી ગયો!

હવે એ રસ્તામાં ચાલે છે તેટલાં એ કેમ બચી નીકળ્યો તે આપણે ટુંકમાં સમજાવી લઇશું.

દેલજંગને જયારે નરીમાનવાલા ઓરડામાં કેદ કીધો કે તુરત હીંમત હારી જવાને બદલે ત્યાંથી બચી નાહાસવાની તે વેતરણ કરવા

પડયો. તેણે જોયું કે બારીને મજબુત ચોખંડી સળ્યા હતા એટ તે બાજુથી નાહાસવાની વાત તો બીલકુલ અશક્ય સમજી પડતી મેલવામાં આવી. બીજી તરફ બારણાંને બાહેરથી મજબુત તાળાં હત અને વળી તે ઉપરાંત મજબુત ચોકી પોહોરા હતા એટલે તે વાત,પ પડતી મેલવામાં આવી, અને હવે ચોપાસ નજર કરતાં છાપરામાંથ ઉજરડું આવવાને મુકેલું તેણે એક મોટું મંગરીયું જોયું, ત જોતાંજ તેને નવી આશા આવી. તેને તુરત યાદ આવી ગયું કે પા એક દસ્તુર રહે છે અને વળી એકલોજ રેહે છે, અને તેનાં છાપ પર બી એવું એકાદ મંગરીયું હશે, ને નહીં હશે તો જાપડે છાપ કુદીને જે બને તે ખરી કરીને બી તેણે પોતાનો જીવ બચાવવાનું નકક કીધું. એમ બી તો પકડાતાં જલ્લાદને હાથજ ગરદન જવાની હતી ત આટલો અખતરો અજમાવી જોવો ને કદાચને કીસમત યારી આપે બી એ વિચારથી કાંઇ કાંઇ જેહમતથી તે એ ઉંચાં છાપરાંપર ચઢયો, ત્યાંથી કેટલો ફાવ્યો છે ને તે પછી શું બન્યું તે તે વાંચનાર જાણે છે, એટલે રસ્તે ચાલતા તે બદમાશને પકડી પાડી આપણે તેન સાથેજ જઇશું.

તે ઘણાંજ ઉતાવળાં કદમે અને તે બી જેમ બને તે આડકટરો, વેરાંન, ને લાંબો રસ્તો લેઇને એક પાસેનાં ગામડાંમાં જવ માંગતો હતો. તે મોટે રસ્તે જાય તો તુરત પોંહોંચે, પણ તે રસ્ત તેણે ખાસખસુસ પડતો મેલ્યો હતો. તેણે જો તે પકડાય તો પોતાન જીંદગી મોટા જોખમે વેચવાનોજ નિશ્ચય કીધો, અને તેથી એ કાંટાના ઝાડમાંથી તેણે એક મજબુત કાંટાદાર કાઠી કાપી કાઢી હાથમ રાખી. વળી એક છુરી અને એક કટારી તો તેની પાસે હતીજ.

એમ કરતાં ત્રણ કલાક ચાલવા પછી હું પેલાં ગામમાં આવી પોહોંચ્યો, ને પાધરો એક ઉતારૂખાંના તરફ ચાલ્યો. તેની મકસદ કાંઇ ત્યાંથી ખાઇ લેઇને હજી બી દુરનાં ગામ તરફ ચાલુ મુકવાની હતી, અને તે ચાલવાની શકિત આપવા માટે તેણે સહવાર પછીનું કાંઇ ખાધેલું નહી હોવાથી કાંઇબી ખાઇ લેવાની જરૂર જોઇ. તે બીજાં કોઇ હલકાં ઉતારૂખાનામાં જતે, પણ તે જાણુતો હતો કે આ મોટાં ઉતારૂખાનામાં કોઇ ને કોઈ પેલા મોટા ને ટુંકે રસ્તે તેની પછીથી દારાબગરથી નીકળેલું તેની પેહેલાં અત્રે આવી પુગ્યું હોશે, અને તે દારાબગરની કાંઇ ખબર બી લાવ્યું હશે તેથી તે સાંભળી લેવા જાંણી જોઇને.તે આ મોટાં ઉતારૂખાનામાં આવ્યો.

ત્યાં ખાનાંની ટેબલપર ઘણા જણ બેઠેલા હતા, પણ તેને કોઇ ઓળખી શકે એવું હતું નહીં, એટલે તેણે બી ત્યાંજ ખુરસી ખેંચી ખાનાંની વરદી આપી, અને પેલા જમવા બેઠેલાઓ જે ભારે રસથી વાત કરતા હતા તે ગુપચુપ સાંભળવા લાગ્યો.

"ઘણુંજ અજાયબ જેવું," એક વાત સાંભળનારે ટીકા કીધી.

"ઘણુંજ," વાત કરનારે કહ્યું; "પણ રફીકો, સાંભળો તો ખરા. હે દસ્તુર બીચારો મુવેલો મળ્યો એટલુંજ નહીં પણ તેનાં ઘરનાં ખાનાં પેટી સૌ ફાડેલાં ને તે ચંડાલ બધું લુંટીને નાહઠેલો!!"

"પણ એ જણાયું કેમ જે?" એકે પુછ્યું.

"અરે યાર દસ્તુરને ત્યાં એક કામ કરનાર વીધવા જતી હતી, તેણે રાબેના પ્રમાણે બારણું ઠોકયું ને નહીં ઉઘાડયું ત્યારે પાસેજ

અરપંદીઆરનાં ઘરપર ભેગા થયલા સત્તાવાલાઓનું તેપર ધ્યાન ખેંચાયું, કે પછીથી સઘળું જણાઇ આવ્યું, ને તેહકીક કરતાં કદી ખ્યાલમાં બી નહી આવે તે વાત-છાપડાંને રસ્તે તે ચંડાલ નાહટેલો જણાયો!"

હશાં વાત સાંભળનારા સઘળા ખડખડ હસી પડયા.

"વળી એ મુજીને પકડવાને મોટાં ઇનામો જાહેર થયાં છે," એકે યાદ આપી; અને પછી તે દેલજંગ તરફ ફરીને બોલ્યો, "કેમ સાહેબ, કંઇ તમો એ વાતમાં રસ લેતા નથી?"

"મારા મેહરબાંન," દેલજંગે હસીને કહ્યું, "મને સાંભળવા-માંજ રસ પડે છે, બોલવામાં નહીં!"

એ પછી ખાનાંથી ઉતાવળે ફારેગ થઇ દેલજંગ કાંઇક કામનું બાંહણું કાઢી પેલા બીજા બેઠેલાઓની સલાંમ અલેકુમ લઇ ઉઠયો.

એ વખતે છેક સાંજ થવા આવી હતી, અને દેલજંગ બીજાં ગામમાં પાંઉ પેઆદો જવા બીજા ચાર કલાક ખેતરોમાંથી ચાલ્યો. તેના પગ ફાટી આવ્યા, અને તોપણ તે ચાલ્યો. હવે છેક સુર્ય અસ્ત પામ્યો હતો અને ઝઝકલું બી રહયું ન હતું. બીજા એક કલાકમાં તે શેહેરમાં પોહોંચી જવાની ઉમેદ ધરાવતો હતો, તેટલાં પછવા-ડેથી આવી કોઇએ તેની ગલચીપર હાથ નાંખ્યો. દેલજંગે ચોંકી તુરત પેલી લાકડીનો પાછો ફરી મજબુત એક ફટકો થોભ્યા વિના જોરથી તેનાં માંથા પર ઘુમાવી માર્યો કે તે પટ દઇને ભોંય ઉપર લાંબો થઇ પડયો, પણ તેજ પલે આંખના પલકારામાં એક બીજાએ

પછવાડેથી ખસી આવી તે લાકડી ખેંચી લીધી, અને તે દુર ફેંકી દઇ દેલજંગનાં ગજવાંમાં હાથ નાખ્યો. દેલજંગે હવે જાણ્યું કે આ તો કોઇ લુટારા હતા ને ચોરને ઘર ચોર પહેરોણા આવ્યા હતા. પણ તે સઘળાંનો ખ્યાલ કરવા તે થોભ્યો નહીં. તે છેડાયલો હતો તેવામાં તેને છેડયો એટલે થઇ ચુક્યું. પોતાની માલમતા અને કદાચ જાન પણ બચાવા સારૂ દેલજંગે ખીજવાઇને કમરે છુપાવેલી કટારી કાઢી, અને કમબખ્ત બુઝખ દારાબનાં કાલજાંમાં આરપાર ચલાવી દીધી,—કેમકે વાંચનાર આ લુટારાઓ કોઇજ નહીં પણ દેલજંગ વગર એકલા પડી જઇ ભુખે મરતા અને તેથી બુખના માર્યા ઝનુનપર ચઢેલા દારાબ અને બારમાન હતા, અને અંધારાંમાં તેમજ ઉતાવળમાં ચંડાલ દેલજંગ તેમને કે તેઓ તેને પીછાણી શકયા હતા નહીં !

પ્રકરણ ૪૭ મું.

સજાની શરૂઆત—પહેલો ફટકો!

દેલજંગનાં ભારી પાપોની સજાની હવે શરૂઆત થાય છે ! તેણે જે કર્મો કીધાં છે તે કેવાં કરપીણ, કેવાં ઘોર, કેવાં હૃદયભેદક હતાં તેનો હવે તેને કુદરત ખ્યાલ આપવા માંગે છે, અને દીલના ડંખની તોબાહ સાથે આવતી દુન્યાની ખરી સજાનો તેને ભાસ થવા માંડે છે.

આપણી વાર્તાના તખ્તા ઉપર એક જણનો ભાગ તમામ થયો છે. તેની જીંદગીની આખેરી સુધી તેનાં કામ આપણે તપાસ્યાં છે, અને આપણે જાણીએ છીએ જે ભોળો, બુઅબ અને દેલ-જંગનો હાડમાર થયલો કુત્રાં સરીખો સાથી તે પેલો 'ખોદાયજી પાસે ખેર' કરાવતો દારાબ દેલજંગનેજ હાથ માર્યો ગયો છે. દેલજંગનેજ હાથે એ કમબખ્તનું મરવું કુદરતે સરજ્યું એમાં જો આપણે ખ્યાલ કરવા થોભ્યે તો તે ફીરસ્તારના હાથની આપણે કાંઇ છુપી ખુબાંણી જોઇશું. જે પાપીનાં પાસાંમાં અને પેચામાં મરનાર દારાબ મસ્ત પડયો રહયો હતો તેજ પાપી કોઇ દી તેનો પ્યારો પ્રાણ લઇ લેશે એવું દારાબે કદી ચિચાયું પણ ન હશે,—અને તોપણ તેમ થયું છે. વળી બીજા હાથ ઉપર ચંડાળ દેલજંગ પોતાનાં ગમે એવાં કરપીણપણાં વચ્ચે એકલા દારાબને તેના ખરા મિત્ર—એક ભાઇ તરીકે—ચાહતો હતો. કોઇને નહીં પણ એકલા દારાબને તેણે હમેશાં પોતાની સાથેનો સાથે રાખ્યો છે, અને તેજ દારાબનાં ખુદાં કાલ-જાંમાં એક વેહેતી કટારી ચલાવી દઇ તેને પોતાના પગ હેઠે મુડદું બનાવી પાડશે એવો દેલજંગને પણ કદી ખ્યાલ થયો ન હોવ, અને આપણે જોયું તેમ તોપણ તેમજ થયું છે,—કુદરતે અજબ ગોઠવ-ણથી એવુંજ બજાવ્યું અને બનાવ્યું છે, ત્યારે હાંથી દેલજંગને તેનાં પાપનાં પેટાંમાં થનાર આ દુન્યા માંહેલી સજાઓની શરૂઆત થાય છે, અને આ તે સજાનો પેહેલો ફટકો છે !

દેલજંગથી જુદા પડયા પછીથી દારાબ અને બારમાન એકલા પડી ગયા, અને પૈસાની કરકાકરકીમાં તેમના ઉપર ભુખમરાએ

જુલમ ચલાવા માંડ્યો, એટલે અંતે તેઓએ પોતાનો રાખેતાનો પેસો દેલજંગ વગર એકલા ચલાવવાને હામ ભીડી, અને 'પેહેલોજ બીલ્લુ' સહમજી જે ઉપર તેઓએ ધમાલ પાડી તે 'બીલ્લુ' તેમના કરતાં સરસ નીવડ્યો. તેણે (દેલજંગે) એકજ ફટકે બારમાનને જમીનદોસ્ત કીધો ને દારાબનો પ્રાણ લીધો!

દારાબ તો તતકાળ એકજ ટચકાંથી મરણ પામ્યો, પણ બારમાન તેની પેઠે મુવો ન હતો. દેલજંગની લાકડીના ઝપાટાથી તે ગાત્ર બેસુદ્ધ થઇ ભોંયપર પડ્યો હતો, અને દારાબ મુવેલો પડવા પછી બારમાન જલદીજ સુદ્ધમાં આવ્યો, જ્યારે અંધારૂં હોવાથી કાંઇ નહીં જોઇ શકવાના સબબે તથા કમનસીબ દારાબનું શું થયું હતું તે કશું નહીં ખબર હોવાના સબબે તેણે સુતાં સુતાંજ દારાબને હાંક મારવા માંડી, કે દારાબનું નામ સાંભળતાંજ દેલજંગ અતીઅંત ચોંકયો. વળી બારમાનનો સાદ પીછાંણતાંજ તેની સુદ્ધ બુદ્ધ વધતી ગુમ થઇ ગઇ, ને તેનું આખું તનબદન શંકાશીલ ધાસ્તીગા તોફાંણી પવનમાં હીલતાં ઝાડ પેરે થરથર ધ્રુજવા લાગ્યું.

"એ કોણ છે? કોણ બોલેછ?" દેલજંગે ધીમા પણ ધ્રુજતા સાહાદે સવાલ કીધો.

"હા, આ સાદ!" બારમાન ચોંકી ઉઠી ઉભો થઇ બોલ્યો; "તું કોણ છે? શરીક દેલજંગ—"

"હા, હુંજ, હુંજ કમબખ્ત!" દેલજંગના સઘળા શક દુર થતાં તે સઘળી ખરી વાત સહમજી જઇ બોલ્યો; "બારમાન, દારાબ હવે તને જવાબ આપનાર નથી. રે દારાબ તો મારે હાથ આ મારા

પગ પાસે મુડદુ થઇ પડયો છે !" અને હયાં દેલજંગ ખરેખર રડવા પડયો.

બારમાન દારાબનાં અચાનક મોહતના દુઃખીત સમાચાર સમજી દબાઇ ગયો. તે કશું બોલી શકયો નહીં.

"બારમાન,' દેલજંગે ખુબ રડીને કહયું, "આ આખી ઓહોલી દુન્યામાં મેં કદી કોઇને ચાહયું નથી, પણ આ એક-આ એકજ બુઢાને મેં કંઇ ઓર મોહબતથી ચાહેલો છે. મારાં દુઃખનો, મારાં સુખનો અને મારાં પાપનો એક એકલો એજ સદાનો બીનસ્વારથી ભોગ રે મારેજ હાથ આજ જાન ખોહી પડયો છે, અને તેથી આજે જીંદગીમાં પેહેલીજ વાર હું ખરાં દુઃખની જુદાઇનાં આંસુ વરસાવું છું. જુદાઇ ને દુઃખ તે શું તે આજ વેર મેં જાણ્યું ન હતું; પણ રે દારાબ, દારાબ તારાં મરવાથી મને ભારી જખમ થયો છે, અને મારૂં સઘળું જોર તુટી ગયું છે !"

હયાં દેલજંગ વળી થોભ્યો, અને બારમાનપર પણ આ દુઃખી બનાવથી એવી અસર થઇ કે તેણે મોંમાંથી તેની રંગીલી ઢપનો તો શું પણ સાદા સધ્યારાનો પણ એક શબ્દ કાઢયો નહીં.

"સિપાઇઓ મારી દુંબાલે હશે," દેલજંગે થોભીને પાછું ચલાવ્યું, "પણ હવે તેઓ મને ભલે પકડે. નાહાસવાની હવે મારામાં તાકાત નથી. દારાબ ! દારાબ ! તું બુબખ છતાં મેં સદા તને ચાહયો છે ને તું સદા મને વલગી રહયો છે. તું જેવો થઇને મુવો તેવો મે તુંને બનાવ્યો, અને અરેરે, મેંજ તારો જીવ પણ લીધો !"

"શરીક દેલજંગ, બનવાનું બની ચુક્યું," બારમાને હવે મત આપવા માંડયું; "હવે હયાં ઢીલ કરવી નુકસાનકારક છે. તુંજ કહે છે તેમ સિપાઇઓ તારી દુંબાલે હશે તો–"

"તો હવે મારે મરવું કાંએ નહીં જોઇયે?" દેલજંગે કાંઇક દેવાનીયતભરી ઢપે વચ્ચે ખીજવાઇને બોલી બારમાનને ચુપ કરી નાખ્યો; "હવે મારાથી નહસાવાનું નથી, બારમાન! આ મુડદાંને ઠેકાણે પાડયા વિના–મારી ધાટકી ચાલના આ નિરાશ્રીત ભોગને હું ભુમીદા કર્યા વિના હયાંથી એક ડગલું આગલ વધનાર નથી."

"એ તું શું બકેછ, દોસ્ત દેલજંગ?" બારમાંને અચરત થઇ કહયું; "જરા દરીઆફત તો કર. ઘડી ભર સિપાઇઓની પરવા આપણે નહીં પણ કર્યે, તોબી આવાં વેરાંન જંગલમાં એ શબને દાટવા ઘોર ખોદવાનાં હથ્યારો આપણે કયાંથી લાવશું?"

"બારમાન!" દેલજંગ અતી ઘંભીર ઘાડા સાહાદે બોલ્યો, "તને નહીં મદદ કરવી હોય તો નજીવાં બાંહાંનાથી મને નાહીંમત ના બનાવ. તું તારે રસ્તે ચાહ્યો જા. હું કહું છું કે હું મારી છેલ્લી આ મરનાર તરફની ફરજ અદા કર્યા વિના હયાંથી જરાએ હઠનાર નથી."

"પણ તે કેમ બનશે?" બારમાને વળી સવાલ કીધો; "આપણી પાસે હથ્યારો કયાં છે?"

"હું મારાં નખોવડે આ સારી જમીન ખોદી કાઢશ," દેલ-જંગે દ્રઢ ઠરાવના સાહાદે કહયું, અને બારમાંને જોયું કે એક વાર

દેલજંગ જેવા મજબુત માણસનાં મુખમાં એક વિયોગ પાડકે પાગે ઘર ખાલી બેઠા તો તો તે હવે કયું નિકળશે મુશ્કેલ છે, માટે પોતે ચાલી જવા કરતાં આ કામમાં દેલજંગને મદદ કરવામાં તેણે વધારે હોશમત જોઇ. વળી એજ પળે પુર્વ તરફની દ્રષ્ટિ મર્યાદાપર શાહનશાહબનુ માહતાબે પેતાના પુરા ઠાઠમાઠ વચ્ચે પ્રકાશી નિકળી તે ખેતરને રોશણીથી તાજગી બખશી, અને હીલના નાહના છોડવા અને ઝાડી ઝાંખરાંઓપર પેતાનો નુરાંની ઠંડો આદમને પ્યારો પ્રકાશ પાંથરી દેલજંગ અને બારમાનને ધીરજ આપી.

પ્યારની શક્તિ મોઝેજીત છે. આદમનાં દીલમાં પ્યાર એક એવો જુસ્સો છે કે જે બીજા સઘળા દુર્ગુણો છતાં માણુસને કોઇ વાર દીપાવે છે. કર્પીણુમાં કર્પીણુ માણુસોમાં પણ એક બી બીજા માણુસ અથવા પ્રાણી માટે કશો બી પ્યાર ન હોય એ બનવુંજ મુશ્કેલ છે, અને તેથી દેલજંગ ખરા પ્યારથી દારાબને ચાહતો હતો તેની એ કહાંણી આજે આપણે ખરી રીતે જોઇએ છીએ.

દેલજંગ અને બારમાને તે પછી પાસેનાં ઝાડમાંથી અણીદાર સોટાઓ કાપી કાઢયા, અને છરી અને કટારી તથા સોટા અને આંગળાંનાં નખોવડે તેઓ ગંજાવર મેહનતે છેક મધરાત થવા આવી ત્યારે લગભગ અઢી ફીટ ઉંડો એક ખાડો કરી શકયા. તે બંનેના હાથો લોહીલુહાણ થઇ ગયા હતા, અને તે દહાડે બપોરના જે વરસાદ સારાં નસીબે થયો હતો તેનાં પાણીએ જમીન જો પોચી પાડી ન હોત તો તેઓએ પોતાને માથે ઉઠાવેલું કામ ભાગ્યેજ પાર ઉતારી શકત.

અંતે ઉપર કહેલો ગાળો જમીનમાં કીધા પછી દેલજંગે અને બારમાંને સાથે મલી દારાબનું મુડદું તેમાં મુકયું, અને વળી પાછો દેલજંગ તે ઉપર રડયો, જે પછી ગાનથી મટોડું પુરવામાં આવ્યું.

કમબખ્ત દારાબ,-બુરાઇનો ભોગ, પાપનો હમશરીક આપણી વારતાના સફાઓ ઉપર દેખાવ કરતો જ્યાં બંધ પડે છે-તેનું નામ જ્યાં નાશ પામે છે!

જે જગ્યાએ પોતાનો હમશરીક ઠંડો થઇ પડયો હતો તે જગ્યા હજી દેલજંગને છોડી જવા ગમ્યું નહીં. જે ફરજ તેણે બજાવી હતી તે ફરજથી જોકે તેને જરા લગાર ધીરજ આવી ખરી, પણ તેથી તેનો ગમ કાંઇ નાબુદ થયો નહીં, ને બારમાન હવે દેલજંગને તે જગ્યાએથી ચલાવા કરતાં બરાબર ખેંચ્યે તો ઘસડતો લઇ ગયો.

લગભગ પાછલી રાત થઇ જવા પછી એક એકાંત શહેરના એકાંત ભાગ માંહેલાં ઉતારખાંનાનું તેઓએ બારણું ઠોકી ત્યાં આશરો લીધો. ત્યાં તેમને કોઇ ઓલખે અથવા પકડવા આવે એવું કશું તુરત વેલા હતું નહીં, માટે તેઓ ત્યાં જઇ પડયા.

પ્રકરણ ૪૯ મું.

—:૦:—

એક સુખનું ચીત્ર.

નોઝર શબેસ્તાંન ખાતે ધારવા કરતાં વધું થોભ્યો, અને તે પરીનનું એક નહીં પણ બે વાર તારણ કરવા કાજે હતું. હાલ એ પછી તેનું સઘળું ધ્યાન તેની સુંદર શીરીનમાં રોકાયું હતું, અને તોપણ તે લગનસરાની ધુમધામને લગતી કાંઇક તઇયારીઓ કરવા હજી પોતાના મમાવાના ઘરમાંજ હોમાવરનખાતે થોભે છે, અને હમણાં તેને પોતાના મુરબ્બી કાકા સાથે વાત કરતો બેઠેલો આપણે જોઇએ છીએ.

"ત્યારે દીકરા નોઝર," નોઝરનો કાકો ગોદરેજ (જેને વાંચનાર મેહરબાનીની રાહે યાદ કરશે કે તેના છેલ્લા બોલેલા બોલો યાદ કરી પાછા બોલવાની કાંઇક બુરી આદત હતી તે) બોલ્યો, "તું સીધારેછ? આજે સાંજે તું સીધારેછ? ફતેહ કર મારા બેટા, ફતેહ કર. તારાં મુંવાં માબાપની ગેરહાજરીમાં હું તારો માબાપ સરખો છું તો દીકરા તુંને મારા આશીરવાદ છે—મારાં ખરાં જીગરના આશીરવાદ છે કે તારી શીરીન સાથ તું પરણીને સુખી થા—સુખી થા!"

"મારા મુરબ્બીજી," નોઝરે માનથી કહયું, "તમારી મેહરબાનીમાં મેં કદી કશી બાકાત જોઇ નથી: પણ કાકાજી, એ

સુખી સમયે તમો પોતે મારી સાથે પધારીને મને માન આપવા ના પાડો છો તેથી મને ઘણી દીલગીરી પેદા થાય છે."

"છટ, છટ, દીકરા," ગોદરેજે પ્યારથી કહયું; "હું આવીને શું કરવાનો હતો? હું બુઢો આદમી હવે મરવા તુલક થયલો તેનાથી એવી મુસાફરી ખમાયજ. કેમ? હા, કેમ ખમાય? હું આવતો નથી તોબી તુંને મારા દુરના દુવા આમીન છે."

"તેમાં મને જરાબી શક નથી, કાકાજી," નોઝરે પાડ માન્યો.

"પણ દીકરા, એક ઉમરાવ ખાનદાનની બેટી તું વગર રીતે પરણે એ મને પસંદ નથી. શીરીનનો મમાવો તેની તરફથી તમો બંનેને નહીં ખુટે એટલું આપે-ગમે એટલું આપે પણ તેથી હું મારો હક શું કરવાને ચુકું?" તેણે સવાલ ઉઠાવ્યો.

"તમારે કરવાનું કશું બાકી રહ્યુ નથી, કાકાજી," નોઝરે કહ્યું.

"ઘણું બાકી છે-ઘણું" ગોદરેજે બુઢાં માણસોને છાજતી લગાર ચીડથી કહ્યું; "તું શું સમજે? નાદાન પોરીઓ આજવેર તો મારા ખોળામાં બેસી રમતો હતો. તારી પોંહોંચ તે કેટલી? પણ રીત કરીને હું કાંઇ શીરીનને પેહેરામણી કરતો નથી. તમો બંનેનાં નામપર હું મારી પેઢીમાં એક મોટી રકમ ચઢાઉંછ, જે કોઇબી સંકટની વેળાએ-ભલે સુખમાં દુઃખમાં જયારે બી તને જોઇએ ત્યારે તારી છે;—હા, દીકરા તારી--તારી પોતાની છે."

નોઝરે લાયક શબ્દોમાં ફરીને પાડ માન્યો.

"અને ચાલ હવે ત્યારે તૈયારી કર," ગોદરેજે ઉતાવલ કરવા માંડી; "વખત કોઇને વાસ્તે ખોટી રહી બેસતો નથી, માટે વેકો, જલદી તૈયાર થાઓ."

નોઝરને બીજી વાર કેહેવું પડયુ નહીં. તે હવે તુરત ઉઠી તૈયારીઓ કરવા પડયો, અને વખત થવે પોતાના મુરબ્બીની રૂખસદ લઇ નિકળ્યો.

* * *

તે સુખી સહવાર—તે સખની સહવાર પડી. ઉમરાવ બેહરોઝનાં મકાંનમાં બડી ધામધુમ છે. શાદી રામશણી ને રંગરાગનો એ શુભ રોજ છે. એ કોણ ભાગ્યશાલી જોડાંનાં માંનમાં સઘળું થાયુ છે? એ સઘળી ધામધુમો કીયાં આશીરવાદ પામેલાં નરનારીની થનાર શાદીની ધુણમાં થાય છે? વાંચનારને કેહેવું પડશે કે આજે નોઝર અને શીરીન પરણે છે?

કેવી અચબુચી મુલાકાત, અને કેવું સુખ ભર્યું સેવટ! શીરીન ને નોઝર એકેકને આશરે એક વાર ત્રાહીત સરખાં બે હતાં, આજે નેકાના નેક અને પાક બંધથી તેઓ જોડાઇને એક થાય છે. પણ વળી એક તેઓ આજેજ થતાં નથી. પરણવા પેહેલાં ઘણું નાં તેઓ એકમેકને એવા સાચ્ચા પ્યારથી ચાહે છે કે નેકાના આશીરવાદ તો માત્ર એક રૂઢીને અનુસરીનેજ આપવાના રહેલા છે; અને તે આશીરવાદ તેમને ધણી ધણીઆંણીના હક આપશે તે સિવાએ જે ખરો પ્યાર તે તો પરસપર અત્યાર આગમચ તે બંનેનાં દીલમાં વાસો કરી ચુકેલો છે.

એ શાદીનાં તુલોતવીલ બયાંનની જરૂર નથી. નોઝર અને શીરીનની શાદીનું સુખી ચિત્ર કલ્પી લેવાને અમો અમારાં વાંચનારને સોંપીએ છીએ. અત્રે ચિત્રો આપવાની અમારી ગુંજાસ નથી માટે એવા સુખી બનાવોના ખરાં સુખી ચિત્રો આપી અમે અમારાં વાંચનારાંઓનું મન વધારે રંજન નહીં કરી શકવા ખાતર દીલગીર છીએ–તોપણ અમો માનીએ છીએ કે વગર ચિત્રે અમારાં વાંચનારાં તે સુખી ચિત્ર કલ્પી શકશે. એ ચિંત્રમાં નોઝરની અડોઅડ સુંદર શીરીન પોતાની નેકી અને સદ્દગુણનાં બેમુલાં ઝવાહીરોમાં ખરાં જીવદાર ઝલકતાં ઝવાહીરો કરતાં પણ વધારે દીપતી સાદા પણ સુંદર પોશાકમાં શરમથી લાલ થયલા હસતે ચેહરે અને ખુશાલ છાતીએ કાંઇ આંખને છક કરી નાંખનાર ઢપે બેઠી છે, કે જ્યારે નોઝર એવીજ એક સારૂ સુંદરીનો હાથ પામી શકવાના હરખથી તેટલોજ ખુશહાલ છે!

અમોએ અત્યાર સુધીમાં બે જુદાં જુદાં ચિત્રો આપ્યાં છે: તેમાં પેહેલું દુઃખનું હતું ને બીજું આ સુખનું છે. બદીનાં સેવટ તરીકે અને પાપની તોજેશનાં પરીણામમાં તે દુઃખી ચિત્રમાં આપણે જે જોઇ આવ્યાં છીએ તેથી બીલકુલ ઉલટી રીતનું નેકીની નવાજેશ ને સદ્દગુણનાં સુલભ પરીણામ તરીકે આપણે આપણાં આ સુખી ચિત્રમાં જોયું છે!

પ્રકરણ ૪૯ મું.

પરીન.

પોતાના ખાવંદ દેલજંગને એક કરપીણ ખુંની તરીકે ઘણા ભારથી જાહેર થયલો સાંભળી કમબખ્ત પરીન એક દુઃખની ચીચીઆરી સાથે બેભાન થઇ જમીન ઉપર પડી હતી ત્યાં આપણે તેણીને છેલ્લી છોડી આવ્યાં છીએ. તેણીને ત્યાંથી ઉપાડી તેના ઓરડામાં બીછાણાંપર લેઇ જઇ સુવાડવામાં આવી, અને દેલજંગને પકડાવવાનાં કામમાં નિષ્ફળ ને ફારેગ થયા કેડે અરપંદીઆર ઘેલા જેવો તેની તરફ દોડયો.

તે જબરી બેભાંનીમાંથી પરીન બરાબર પોણે કલાકે સુધ્ધીમાં આવી, અને સુધ્ધીમાં આવી ત્યારે તેણીએ પોતાની અકકલ ખોહી દીધી હોય તેવું દીસતું હતું. તે પોતાના આંગલાંઓ સાથ ચેડાં કાઢતી માત્ર હોઠ ફફડાવી કાંઇ વગર અર્થનું બડબડતી હતી, જેનો ભાવાર્થ તો શું પણ શબ્દોએ પુરા સાંભળી શકાતા ન હતા. પરીનની સંભાલ માટે બુઢા અરપંદીઆરે ચાલાકમાં ચાલાક તબીબોને ઘરમાં રાખ્યા હતા, પણ તેઓ બી કશું કરી શકયા નહીં. કેટલાક દીવસો સુધી લાગત પરીન એવી હાલતમાં પડી રહી. તેણીની આંખ ઉંઘાડી હતી, પણ તે કોઇને જોઇ શકતી ન હતી. કાંઇ સાંભગી શકતી ન હતી કે કોઇને પીછાણી શકતી ન હતી. બુઢા અરપંદીઆરપર આ

કેવો સેતમ! પરીનપર તે ગુસ્સે થતો તેટલાજ વારનો, પણ તેણીને કાંઇ એવા તો બાપીકા પ્યારથી ચાહતો હતો કે પરીનનો બાપ પોતે બી જીવતો હતે તો તેણીને એવાજ પ્યારથી ચાહતે કે નહીં તે કેહવાઇ શકાતું નથી. પરીનની બીમારીથી એ તેનો દુઃખી કાકો દેવાના સરખો થઇ ગયો. તે ખ્યાલ કરતો કે યા તો તેની એ એકનીએક બેટીનો પ્યારો જાન એ માંદગીથી હવે બે ચાર બીજા રોજમાં બરબાદ થઇ જવાનો, અથવા તો તેણી એ દુઃખની મારી જરૂર દેવાંની બની જશે!

અરપંદીઆરે પરીનની મહાવજત સારૂ ઘણીક દાયાઓ રાખી હતી, અને તોપણ તે કાઇનો વિશ્વાસ નહીં કરતાં રાત ને દહાડો જાતે તે બીછાણાં પાસે બેસી રહેતો, અને ઉંઘ અને ભુખ તેણે ખોહી દીધી હતી; પણ એક રાત્રે પરીન વધારે શાંત ઉંઘે ઉંઘતી હતી, અને તેણીની હાલતમાં કાંઇક અચબુચો સુધારો થયલો જોઇ તબીબોએ અરપંદીઆર અને સોહ્રાબેને ત્યાંથી ઉઠાડી સુવા મોકલ્યાં, ને દાસીઓને તેણીની આગલ જાગતી બેસાડી. ત્યાર પછી મધરાત્રે દોઢ વાગતે એક દાસીએ દોડી આવી અરપંદીઆર ને સોહ્રાબેને જગાડયાં કે પરીન અચબુચ જાગી ઉઠી છે, ને પોતાના કાકા કાકીને મલવાની ખાહેશ કરે છે.

અરપંદીઆર એ સંભળી ગભરાતથી ધ્રુજવા લાગ્યો. પરીનની આ કદાચ મરતી વખતની-અફસોસ-છેલ્લી હોશયારી હશે એવું સમજી તે ખુદાને ઓરડામાંથી ઝટ બાહેર આવવાને બી સુઝ્યું નહીં. પોતાના ઓરડામાંનાં બીછાંણાં આગલથી બારણાં આગલ જતાં તે બે વાર

સજ્જડ ધોકડાયો ને ગભરકી ખાઇ દેવાલ સાથે જઇ અથડતાં તે બને વાર સેહેજ સેહેજમાંજ બચી ગયો.

તેણે તે પછી પરીનના ઓરડામાં જઇ જોયું તો ખરેખર તે કાંઇ નહીં હોય તેવી સુધ્ધિમાં આવી હતી! તેણે દાસીઓને તે ઉપ-રથી તે ઓરડામાંથી બાહેર કાઢી, અને તે પોતે પરીનની આગલ બીછાંણાંપર જઇ બેઠો.

"પ્યારા કાકાજી," પરીન ધીમા, અતી ધીમા અને જીણા સાહાદે બોલી, "મને ખુલાસો કરશો? કહો કાકાજી કે મારા ધણીનું શું થયું?"

"દીકરી, હજી બી તું તેનાજ ખ્યાલમાં છે?" અસ્પંદીઆરે પોતાની આંસુભરી આંખોમાં તેણીનો હાથ પ્યારથી ચાંપી કહયું; "દીકરી, હવે તો તું તેને તારાં મનમાંથી ખીસાડ?"

"કાકાજી," પરીને આગ્રહથી કહયું, "તે મારો ધણી છે. હુ તેને પરણી ચુકી છું તે તમો જાંણો છો કે નહીં? કહો કાકાજી, મને ના ટવલાવો. કહો કે તેનું શું થયું? રે મને ઉડાવતા ના, ખરૂંજ કેહજો."

"દીકરી," અસ્પંદીઆરે કહયું, "હું તેને વિષે કશુંજ જાંણુતો નથી—" અને હયાં તેણે તેણીને તે જેટલું જાંણુતો હતો તે સઘળું કહયું.

"ત્યારે તો તે સલાંમત છે!" પરીન સઘળું સાંભળી લેઇ મનસે નિરાંત પામી બરબડી; "તે હજી અત્યારે તો સલાંમત અને છુટો હશે."—અને હયાં તેણીએ થાકથી આંખ વીંચી દીધી.

"કાકાજી," પરીને વળી ધીમે ધીમે આંખ ખોલી કહ્યું, "એક વાત મને બખશશો ? મને એક વચન આપશો ?"

"હું તારે માટે શું નહીં કરૂં, મારી દીકરી !" અરપંદીઆરે ગમળતે સાદે કહ્યું.

"તે સઘળું હું સમજું છું," પરીને મમતાથી કહ્યું; "કાકાજી, હમણાં હું તદન સારી પેઠે છુ ને તેથી તમારી સઘળી મેહેરબાંનીઓ હું યાદ કરી શકું છું. ઓ માહારા વેહાલા-વહાલા કાકાજી, હું એટલુંજ માંગી લેઉંછ કે તેને તમો કોઇ દહાડે ઇજા કરતા ના. તે ગમે એવો પાપી પણ મારો હકદાર ખાવંદ છે, માટે તમો તમારા જમ્આઇને જાંણી જોઇને સત્તાના કરપીણ પંજામાં કદી સોંપતા ના !"

"તે તેનું કર્યું ભોગવશે," અરપંદીઆરે ગમગીન સાહદે કહ્યુ; "દીકરી, હું તારા પોતાના કસમથી કેહુંછ કે હું તેને કશી અલવલ મારા પોતાના તરફથી કદી પોહોંચવા દેવશ નહીં."

"મારી છાતીપરથી તમોએ એક મોટો ભાર ઉતાર્યો છે," પરીને હવે રીકકા મીઠાસથી હસીને કહ્યું; "કાકાજી, કાકીજી, હવે તમો શું કરવાને રડોછ ? હવે હું સારી કાંની છું; તમો જઇને પોઢી જાવો, હુંબી સુઇ જાઉંછ."

"સુઇ જા, મારી દીકરી," સોદાબેએ તે બીમાર છોકરીને પસવારી કહ્યું; "તું પોઢી જા ને પછી અમોબી બીછાણાંપર જઇને સુઇશું."

અને ખરેખર પરીન થોડા વારમાં મીઠી ઉંઘે ઉંઘવા પડી. તે નિંદ્રાવશ થઇ હતી. એક તો તેણી જેટલું બોલી હતી તેટલુંજ

તેણીનાં કૌવત વચ્ચે ઘણું હતું માટે થાકની મારી તે જલદી ઉંઘી ગઇ, અને બીજું તો તેની છાતીપર જે ભાર લઇને તે જાગી ઉઠી હતી તે ઉતરવે હવે કરાર થવાથી તે નિરાંતે ઉંઘતી હતી.

અરપંદીઆર અને સોદાબેએ તે રાત વારા ફરતી તેણીની આગળ બેસીને ઉજાગરાથી તોડી.

સહવારે પણ પરીન ઉંઘતીજ હતી. અરપંદીઆરે નાસ્તો જે ઓરડામાં પરીન સુતી હતી તેની પાસેના ઓરડામાં કાઢવાનો હોકમ આપ્યો કે કામ પડવે તુરત દોડી આવે, અને તેથી પરીનનાં બારણાંની અડોઅડ એક ટેબલ બીછાવવામાં આવી. પરીનનું બારણું અલગું બંધ કરેલું હતું. ને સોદાબે ને અરપંદીઆર ઉતાવળે નાસ્તો કરી લેવા બેઠાં, તેટલાં મેહરનોશ (મેહરનોશને આજરવાળી પેઢીનો) આવ્યો.

"હું કાલે રાત્રેજ આવનાર હતો," મેહેરનોશે આવીને બેસતાંજ ચલાવ્યું, "પણ બન્યું નહીં. તે ચંડાલની દુંબાલે હું ભટકી ભટકીને આવ્યો છું, પણ તેનો કેઠે પત્તો લાગતો નથી."

"તે કોણ જાણે કયાંક નીકલી ગયો હશે," અરપંદીઆરે કહયું.

"હું બીજું બી કામ કરતો આવ્યો છું. શબેસ્તાંન આતે જઇને–"

"એ હમણાં પાસે કાંઇ ખખડાત થયો વારૂં!" અરપંદીઆરે વચ્ચે બોલી ઉઠી પુછ્યું.

"શું ? અમોએ તો કાંઇ સાંભળ્યું નથી," સોહાબેએ અને મેહરનોશે એકકે અવાજે કહયું.

"ત્યારે મને કાંઇ એવું લાગ્યું હશે," અરપંદીઆરે કહયું, ને મેહરનોશે પોતાની વાત આગળ ચલાવી.

"શમેસ્તાન જઇ એક બીજી વાતની બી હું તેહકીક કરતો આવ્યો છું. સત્તાવાળાઓની મદદથી જ્યાં પેલાં પરદેશી મુસાફરનું ખુન થયું હતું તે જગ્યા મેં ઘણી ખોદાવી તો એક ઝાડ હેઠેથી મને મારા કમબખ્ત આતબીનની લાશ હાથ લાગી. તે લગભગ ખવાઇ ગયલી હતી, પણ તોબી મેં તેને મારા આતબીનની લાશ તરીકે તુરત પીછાણી."

"ત્યારે આપણા સઘળા શુરા શકો અંતે ખરાજ પડયા છે!" અરપંદીઆરે દુઃખથી કહયું.

"હા, પણ યાદ રાખજો," મેહરનોશે ખીજવાતથી ટેબલપર હાથ અફાળી કહયું, "યાદ રાખજો કે જ્યાં સુધી હું તે ચંડાળને શોધી કાઢી સત્તાવાલાઓને હાથ સોંપશ નહીં ત્યાં સુધી મારા ભલા આડતીયાનાં ખુંનના ખારમાં હું સુખે કદી બેસશ નહીં. હું હયાંથી ગયા પછીનો ઘણાં દેશોમાં થઇને આવ્યો છું, અને ત્યાં ઠેકાણે ઠેકાણે એ ચંડાલ ઓળખાઇ આવે એવાં ચિત્રો દોરી આપી આવ્યો છું, અને તેથી હવે એ મુજી જલ્લાદને હાથ જલદીજ જશે ને મારૂં વેર વળશે એમાં-"

પણ મેહરનોશ પોતાનું વાકય પુરૂં કરવા પામ્યો નહીં. પાસેના પરીનના ઓરડામાં કોઇ ધમ દઇને જમીનપર પછડાઇ પડવાનો ધમ-

કારો થયો, ને ગભરાતમાં ઉઠીને બારણું ઉંધાડી જોતાં પરીન વળી બારણાં આગળ બેસુદ્ધ પડેલી જણાઇ!

સૌને એ કેમ બન્યું તે સેહેલમાં સમજ પડી ગયું. અરધંદીઆરે જે ખખડાત સાંભળ્યો હતો તે અચ્યુચ્યે જાગી ઉઠતાં પાસેના ઓરડામાં વાત કરતા સાહાદો સમજી તેમની વાત સાંભળવા પરીન બીછાંણાગારથી ઉઠી ઉંધાડે પગે બારણાંની કલ આગળ આવી તેનાં પગલાંનો ધીમો ધબકારો હતો, અને તે પોતાના ખાવંદને માથેનો એ જીવ સતોસત જોખમ સમજી પાછી બેસુદ્ધ થઇ પડી હતી.

પરીનને વળી ઉપાડી લેઈ બીછાણાંપર સુવાડવામાં આવી, અને ત્યાં જ્યારે વળી ઘણે કલાકે તે હોશ્યાર થઇ ત્યારે તેણીને પવન થયલો જણાયો, જેનાં જોરે તે બાપડીએ લવારો કરવા માંડયો.

"નહીં, ઓ નહીં," તે ચીચવાતી ચીચીઆરી પાડી બોલતી, "તમો તેને લેઇ લેશો નહીં. તમો તેને મારી નાખી શકશો નહીં. તે મારો ભરથાર છે, મારી છાતીમાં પોશાતા જીવનો હવે હકદાર બાપ છે. નહીં! તેને જે હાથ લગાડશે તેનો હું તોટો પીશશ! ઓ, તેને નાહાસવા દેઓ! તેને નાહાસી સંતાવામાં કોઇ મદદ કરો! મને દોડી જવા દેઓ–"અને તે કમબખ્ત હયાં બીછાણાંપરથી ઉઠવા જતી હતી, જ્યારે સઘળાં મહા મુશ્કેલીએ તે દેવાનીયતનાં જોરપર આવેલી અભાગની અબળાને પકડી શકતાં હતાં!

એ પછી વળી તે થોડો વાર ચુપ રહી, પણ પછી જલ્દીજ પાછો લવારો શરૂ કીધો. "તે મારા વહાલા આગળ સત્તાવાળાઓ શી

બીસાદમાં! અરે તે હજી તેઓને હાથતાલી આપશે!"—અને હવાં તે જંગલીપણે ખડખડ હસી પડી.

"અફસોસ, અફસોસ," અરપંદીઆરે કપાળ કુટી કહ્યું, "હવે બીચારી ખરેખરી દેવાંની થઈ છે. ઓ, એને પાછી સુદ્ધીમાં લાવવાને કયો રસ્તો લેંઉ?"

હવાં પરીને તેના કાકાનો બળાપો ટીકી ટીકીને જોયો, અને બરાબર તેજ પળે તેની તેનાપર એકાએક ઘણી મજબુત અસર થયલી જણાઇ. તે બોલી, "રસ્તો? મને સુધ્ધીમાં લાવવાનો રસ્તો? કયો રસ્તો? હા રસ્તો એક છે. ઓ કાકાજી, તમો સદાના મેહરબાંન છો ને હવે હું જરૂર જીવવાની નથી. મારી એક છેલ્લી વીનંતી ને ખુશી રાખો! રે મને મારા ભરથાર સાથ એક છેલ્લી વાર મેળવો!"

"એને ના ના પાડતા," અરપંદીઆરના કાનપર પડી તબીબે ઘણા ભારથી કહ્યું.

"દીકરી," અરપંદીઆરે આગળ જઇ કહ્યું, "હું તેને કાંહાં સોધવા જાઉં? તે કોણ જાંણે કયાં જઇ પડયો હશે તો હું તેને કયાંથી લેઈ આઉં?"

મગર પરીનનાં ધ્યાંનમાં એ તકરાર ઉતરી શકી નહીં. તેણીએ તે તકરારપર ધ્યાંનજ આપ્યું નહીં. માંદાં માણસોના ચીરડાઉ ખવાસની ઢપે તે કકલીને એકજ હઠ પકડી રહી. આજુબાજુનો વિચાર કરવા વના એકજ માંગણી કરવા લાગી, "કાકાજી," તે બોલી, "મારા પરથી તમે બી પ્યાર ઉતારી નાંખ્યો? તમો મને કયે દહાડે ના પાડતા હતા? કાકાજી, એટલી મારી મરતી વેળાની છેલ્લી ઉમેદ ને છેલ્લી

અરજ છે. અરે એટલું બજાવો. મને મારા બરઆરસે ખુદાને ખાતર મેળવો!"

"અરેરે, હવે હું શું કરૂં?" અસ્પંદીઆર તેણીની મીનતબા-રીઓથી ગભરાઇને બોલ્યો, "હું તેને કયાં ઢુંડવા જાઉં?"

"એણીનું મન મનાવા 'હા' પડી જરા બી બાહેર જાઓ," સોહાબેએ વળી કાનપર પડી સલાહ આપી.

"કાકાજી, જાઓછ કે નહીં?" પરીને વળી તલબ કીધી, "મને કાંએ ટવળાવોછ, તેને શોધી લાવો!"

"પરીન દીકરી," અસ્પંદીઆરે ગમગીન સાહદે કહયું, "તું મોતનાં બીછાંણાપર સુતી છે તે તો મારે મન મારાપર ગજબનો પહાડ ગબડી પડયો છે, તો તારૂં મન રાખવા તારૂં છેલ્લું માંગ્યું હું કેમ ના પાડું? લે તારી ખુશીજ છે તો હું આ એ જાઉંછ."—અને અસ્પંદીઆર જવા કરતો હતો.

"જરાક—જરાક સબુર, મારા સદાના હેતવંતા ને મેહેરબાંન કાકાજી," પરીને ખુશીથી ફીકકે ચેહરે વળી હસીને કહયું; "તમો સદાના પહરેજગાર ને સાચા છેઓ તે તો હું જાંણુંછ, પણ તોબી મારૂં મન મનાવા આ મારી આશાભેર છાતીપર હાથ મુકી સોગંદ લેઓ કે તમો તેને લઇનેજ આવશો."

કેવું સંકડામણ! જે મુજીએ એ ભોલા ને ભલા ખુદાનાં ઘરમાં ખાતર પાડી સઘળી પ્રકારની ખોહારી કરી નાંખેલી તેજ મહા પાપી ચંડાળને સજા કરાવવાને બદલે સામો ચાલી ચલાવી ઘરમાં તેડી લાવવો

પડે? જેનું કાલું મોં જોવા નહીં ગમે તે ચંડાળને પોતાનાં ઘરમાં બચાવ હેઠળ લેઈ આવવો એ કેવી દુઃખદાયક ફરજ! અને તોબી અસ્પં-દીઆર ફરીને આપના કરેલા સોગંદ લેવાને અચકયો નહીં. તે દીકરી તરફના ચાહને ખાતર કોઇ બી ભોગે અથવા કોઇ બી જોખમે તે જે કહે તે કરવા–તેને કાંઈ બી કરીને જીવાડવાને, ને અંતે મરે તો સુખમાં મરવા દેવાને તે અધીરો હતો, માટે તેણે જઇને તે ધીમી ધડકતી છાતી પર હાથ મુકયો, ને બોલ્યો: "દીકરી, આ હું તારા ને તે કીરતારની સઘળી પાક પેદાયશોના કસમથી કહું છું કે જો તે તારો ધણી મને કેહેથી બી જડી આવશે તો હું જરૂર તેને મારી સાથે તારી આગળ લાવશ."

"આફરીન મારા અશરાફ હેતવંતા કાકાજી," પરીન ઘણાં સુખથી બોલી, "હવે તમો સીધારો. હું નિરાંતે તમારી રાહ જોવશ. હું કાંઈ તેને તમારાં ઘરમાં રાખવા બોલાવતી નથી. મરવા પેહેલાં એક પાંચ દશ મીનીટ તેનીસે વાત કરી, મારી ઉમેદ પુરી પાડી તેની પાસેથી હું એક કોલ લેવાની છું. મને ખોદાઇ આગાહી થાય છે. જાઓ, કાકાજી, ફતેહ કરો!"

અસ્પંદીઆર ધીમાં, ગમગીન કદમે ઘરમાંથી બાહેર પડયો.

કયાં જવું તે તે જાંણતો ન હતો. દેલજંગ દુન્યાના કયા બાગમાં હશે તે તેને ખબર ન હતી. તે જયાં જવાય ત્યાં ચાલતો હતો. આડો અવળો દુઃખી વિચારમાં ગરકાવ તે બે કલાક સુધી તડકાંમાં ભટકયો. તેને ઘર પાછું જવા ગમ્યું નહીં, ઘર પાછો જઇ પરીનને નિરાશીના ખબરથી જખમી કરી તતકાળ મારી નાંખવાનાં

ખ્યાલથી તે હેબત ખાઇ જતો હતો. તે ભટકતો ભટકતો જે બાગમાં દેલજંગને તે પોને એક દોસ્ત તરીકે માનતો હતો તે બાગ તરફ કાંઇ વગર ખ્યાલે ચાલ્યો ગયો, ને તે બાગમાંના પેલાજ ચોકકસ, બાંક ઉપર તેણે એક જણને બેઠેલો જોયો. કાંઇક વાત કરી મન વેરવાના હેતુથી તે તેની આગલ ગયો. તે શખ્સ પણ અસ્પંદીઆરના જેવોજ અને દુખી ગમખાર જણાતો હતો, કેમકે તે પોતાના બંને પગો પર પોતાના બેઉ હાથની કોણી ટેકાવી હદેલીઓમાં માથું નમાવી બેઠો હતો. તેણે અસ્પંદીઆરને પોતા તરફ આવતો જોયો નહીં. અસ્પંદીઆરે જઇને તેના ખરડાપર આહેસ્તેથી હાથ માર્યો—તે બેસનારે ચોંકીને ઉચું જોયું—ને ઓ આફત! તે કોઇજ નહીં પણ દેલજંગ પોતેજ હતો!

પ્રકરણ ૫૦ મું.

દેલજંગ.

દેલજંગ હયાં કયાંથી આવ્યો? કેવો સંજોગ—કેવું સાંટક કે જ્યારે ભલો અસ્પંદીઆર પોતે કરેલા પવિત્ર કરાર પ્રમાણે તેની સોધમાંજ છે ત્યારેજ તે આ પ્રમાણે મલી આવ્યો છે! તે દારાબ રગાંજ મલી આવશે એવી અસ્પંદીઆરને આશા રાખવાનું કશું કારણ ન હતું. તે તો ધારતો હતો કે તે પોતાનો જીવ બચાવવા દારાબગરથી કેટલા માઇલ દુર નાહસી ગયો હશે, અને તોપણ દેલ-

જંગને પોતાનાં મકાનનીજ આસપાસ હજી ભમતો જોઇને તે ભલા બુઢ્ઢાને જે પાર વગરની ખફગી, અચરતી અને દલગીરી પેદા થઇ તે કેહેવાઇ શકાતી નથી.

દેલજંગ હયાં કયાંથી આવ્યો ? છેલ્લે દારાબનાં મુડદાંને ઠેકાણે પાડી તેને બારમાન એક દુરનાં ગામડાંનાં ઉતારૂખાંનામાં ઘસડી ગયો હતો ત્યાં આપણે તેઓને છોડી આવ્યાં હતાં, અને હવે ત્યાંથી દેલજંગ પાછો હયાં કેમ આવ્યો તે ટુંકમાં તપાસી જઇએ.

બારમાન અને દેલજંગ જયારે પેલાં એકાંત ઉતારૂખાનામાં પોંહોંચ્યા ત્યારે રાત થઇ ગયલી હતી. અને થાકેલા હતા, અને બંનેને ખાવાની રૂચી ન હતી. બારમાનનો ખવાસ ગમે એવો રંગીલો હતો તોપણ આજનો બનાવ તેને પણ એવો અસાધારણ ગંભીર અને ખેદયુકત જણાયો કે જાંણે દેલજંગની ગમગીનીનો ને પોતે પડઘા મારતો હતો, અને તેથી જયારે બંનેએ ખાનું લેવાની ના પાડી અને સુવાની તલબ કરી ત્યારે તે બંનેને બે ખુંણામાં કંગાલ સરખાં બીછાણાં બતાવવામાં આવ્યાં, જયાં દેલજંગ અને બારમાન જઇ સુતા. બારમાન સુતો તેવોજ ઉંઘાઇ ગયો, પણ દેલજંગને જરા પણ જપ લાગી નહીં. તેણે આ કોરથી આ કોર બીછાંણાંમાં બેચેન બની ઉછલ્યા કીધું, પણ ઉંઘ આવી નહીં. તેની મનશકિતએ એક એવો આંચકો ખાધો હતો કે જેમાંથી તે એકદમ મોકલી થઇ શકતી ન હતી. દારાબનાં બુઢ્ઢાં કાલજાંમાં વગર વિચાર અને વગર વસવસાએ જે વેહેતી કટારી તેણે ચલાવી દીધી હતી તે ઘાટકી કરપીણ દેખાવ તેની નજર આગળથી કોઇ બી રીતે ખસ્યો નહીં. તે પોતાનાં બીછાંણાં

આગળ દારાબના ભુતને ઉભો થઇ ડોલા કાઢતો જોનો. તેની મનશકતી નબલી થતાં હવે તેને એક નહીં પણ ઘણુંક ભુતો નજરે પડતાં, અને પોતે કરેલાં કરપીણુ કરમો, ઉંઘ વગર બેતાબ હાલે જાગતી હાલતમાં પડી રેહેતાં, એકપર એક તેનાં ભેજાંપર દબાંણુ ચલાવતાં એકની ઉપર એક તેને યાદ આવતાં, અને દેલજંગ જેવો આદમી જે કશાંથી ડગે કે ડરે નહીં તે આજે તેની જીંદગીમાં પેહેલીજ વાર હીચકારો બની બીહે છે। તે રાત કયારે પુરી થઇ જાય તેની અતી આતુરતાથી રાહ જુએ છે। તે જુએ છે કે ઉંઘ આવવાનો તો કશો સંભવ નથી. તો પછી રાત જલદી પુરી થઇ રોશન રોજ શરૂ થાય તો તેનાં ભડકેલાં મનને જરા બી આરામ અને શાંતી મલે.

પાપીઓને ચોંકાવવાને રાતમાં અને રાતનાં સીહા અંધારાંમાં કાંઇ ન્યારી ખુબી છે. કોઇ પણ ખુની સૌ હીમતથી કહેશે કે રાતને સમે વગર રોશણીએ લાંબો વખતવેર એકાદ ઓરડામાં એકલો બેસવાને હીમત કરશે નહીં, અને રોશણી છતાં પણ રાત પડશે ત્યારે કયારે રાત ઢલી દીસ ઉગે એવી ઇચ્છા તે ખરાં જીગરથી દરેક પલે બતાવશે. પાપી કરપીણો જેઓને ખરી આસાએશનાં આશીર્વાદભર્યા સુખ સાથ સદાનું વેર બાઝયા જેવું હોય છે તેમને રાત અકારી છે, અને તે રીતે દેલજંગને પણ આજની રાત અકારી અને અણગમી થઇ પડી છે!

પણ અંતે સહવાર પડી. દેલજંગને હવે જયારે કુદરને તેનાં પાપનાં કરપીણુપણાંનો ભાસજ આપવા માંડયો છે ત્યારે સહવાર

પડયા પેહેલાં રાત કદી નીઠે નહીં એવી તેને જે અસાધારણ લંબાઇની જણાઇ, ને તે લંબાઇમાં એકથી એક હજાર નહીં ખમાય એવા ડરામણા તેને જે ખ્યાલો થયા તે અને તેની આસપાસની સઘળી હકીકત બારીકાઇથી વરણવવાની કાંઇ જરૂર નથી, માટે હવે તે ઓળંગી જઇ આગળ વધી આપણે ટુંકમાંજ કહીશું કે અંતે સહવાર પડી—અને રોશન રોજ ઉગતો દેલજંગને આજે જેવો 'ભલે આવ્યો' લાગ્યો તેવો તેની આખી જીંદગીમાં કદી લાગ્યો ન હતો.

દેલજંગ હવે બીછાંણાંપરથી ઉઠયો, પણ રાત્રે જેવો ભાગેલાં દીલનો, દુઃખી, ગમખાર હાલે સુતો હતો તે કરતાં એક લેશ સારી હાલતમાં ઉઠયો નહીં, કેમકે હમણાં વળી સખત ઉજાગરાથી તેનું માથું અતીશય દુઃખતું હતું ને આંગમાં સખત તાપ ભરાઇ આવી હતી. તે કશું કામ કરી શકયો નહીં, અને અંતે તે પણ માંદગીનાં બીછાંણાંપર પડયો. બારમાન આ સઘળો વખત બીજો દારાબ થયો. તે દેલજંગની દાયા થયો, અને તેની એકલવાઇ ગમખાર હાલતમાં તેની માવજત અને ગદારત મન મુકી કરવા પડયો. તેને દેલજંગની દયા આવતી હતી. દેલજંગની દવા ખાવાનો હવે વખત આવ્યો હતો, અને તેથી તે ખાટલે પડેલા દેલજંગની દયા ખાતો હતો!

માંદગીનાં બીછાંણાંપર દેલજંગને લાગ્યું કે હવે તે જીવવાનો નથી. મોહોતનો ખ્યાલ માંદગીનાં બીછાંણાંપર તેને પેહેલીજવાર થયો ત્યારે આવતી દુન્યાનાં દોજખનો પણ તેને પેહેલીજ વાર ખ્યાલ થવા પછીથી દેલજંગનાં ધ્યાનમાં તેની આખી કરણી કેવાં અને કેટલાં જોશથી ધાઇ આવી હશે તે વાંચનારે વિચારી લેવાનું છે. સાધુ

સન્યાસી થઇને વાંચનારને પહેલપહેલ ધર્મબોધ કરવા અમોને યોગ્યવાની કશી જરૂર નથી, પણ સંસારનો જે સાર કે કીધાં કરમો મોહોતનાં બીછાંણાંપર યાદ આવતાં જીવ આપણાં ખોળીઆંમાંથી નીકળી જવાને ગોથા ડરીને આનાંકાની કરી હૃદયના છેક અંતર ભાગમાં જઇ ભરાઇ બેસવા માંગેછ એ વાત કોઇ ના પાડશે નહીં, અને તેથી હવે જ્યારે દેલજંગમાં સુધારો થવા માંડે છે-કુદરત તેને તેનાં પાપ વચ્ચેથી તેરવી કાઢી ખરે રસ્તે પાડેછ ત્યારે પોતાનાં ભારે પાપોના ખ્યાલથી હેબત ખાઇ જઇ હમણાં દેલજંગના હોઠ તેનાં માંદગીનાં બીછાંણાંપર લાંબો થઇ તે પડેલો છે ત્યારે ફડફડે છે, અને તે પેહેલીજવાર બંદગીથી ફડફડે છે-દેલજંગ દલેર આજે પેહેલીજ બાર પોતાના પેદા કરનારને કાંઇક વરસો પછી યાદ કરી તેની અંતઃકરણથી ચાહી ચાહે છે, અને જ્યારે તે બંદગી કરે છે ત્યારે તેનું હૃદય જો આપણે ધ્યાંન ધરી વાંચીએ તો તે બંદગીમાં તે કીરતારને એક પાક વચન આપતો જણાય છે કે અગર તેની હાલત સુધરે, ને તે પસ્તાવાને ખાતર જીવતો રહે તો તે એક જુદોજ આદમી થઇ જશે.—તે તદન સુધરી જશે !

એ રીતે પાપમાં છેક ડુબેલી હાલતમાં દેલજંગને મરવા ગમતું નથી, અને તેથી તે જીવવાની આશા કરે છે !-અને તે જીવ્યો. તેની માંદગીમાં રોજ બરોજ આરામ થતો ચાલ્યો, ને થોડા દહાડામાં તે તદન સાજો થયો. તદન સાજો એટલે આગળના જેવો જોરેમંદ, ઝનુની, પ્રપંચી થયો એમ નહીં—તે દીવસો તો હવે વહી ગયા છે; હવે તો નાઉમેદ, નબલો, દુઃખી તે સાજો થયો છે, અને હવે

કાંઇક દહાડાઓથી તેનાં ભેજામા એકનોએકજ ખ્યાલ ભમ્યા કરે છે. પરીનનું કેટલી મોટી હદ સુધી નખ્ખોદ વાળી મુકયું હતું તે હવે તે જોઇ શકે છે, અને તેથી તે કેવી હાલતમા હશે તે જાંણવાની તેને કુદરતી જીગ્નાસા થાય છે, માટે સાજો થયા કેડે તે જે પેહેલી તૈવારી કરે છે ને કાંઇબી જોખમે ઠેઠ દારાબગર સુધી જઇ ત્યાં છુપ્યો રહી કાંઇ પરીનની હાલતને લગતા સમાચાર મેલવવા વાસ્તેની છે. અને તે તૈયાર થયો. બારમાને તેને તેની તુરતની ગયલી માંદગી ની યાદ આપી ઘણો વારવા માંડયો પણ તે હટયો નહીં, અને હવે તેણે છુપા લેબાસે પાછું બાહેર ઝોંકાવા માંગ્યું. વાંચનારને યાદ હશે કે છેલ્લો દેલજંગ જયારે અસ્પંદીઆરનાં ઘરથી નાહસી નીકળયો હતો ત્યારે તેણે એક ડોસાનો છુપો લેબાસ ધારણ કરેલો હતો, માટે હવે વળી તુરત તેને કોઇ ઓળખી પાડી પકડી નહીં લે અને તેની ઉમેદને અધુરે મારી નહીં નાખે માટે તેણે પોતાના કુદરતીરૂપે નહીં પણ નવા પોશાકે નીકળવામાં કાંઇક વધારે સલામતી જોઇ, જેથી પાછલી રાત્રે ત્રણ વાગતામાં તે નિકળ્યો. તે પોતાનો સામાન તે ઉતારૂખાનાંમાંજ બારમાનની દેખરેખ હેઠળ મુકી ગયો હતો, અને માત્ર હાથમાં એક લાકડી લઇ પાંઉપયાદો તે નીકળી પડયો છે. તેણે આવતી વેળાએ એક મોટી રકમ બારમાનના હાથમાં તેની સગવડને માટે મુકી છે, અને હવે તે દારાબગરનો રસ્તો લે છે.

પ્રકરણ પર મું.

*　　*　　*

દેલજંગ એ રીતે ચાલતો પેલાજ બાગમાં પેલાજ બાંકપર ગયો. તેણે જોયું કે આવાં કકડતાં તાડકાંમાં ત્યાં કોઇ એકાદ બે જણુંજ હશે, ને તેથી તેમને મોંઢેથી તેને જોઇતા સમાચાર કદાચ મલી શકશે. તે બાગમાં આવ્યો પણ ત્યાં કોઈ હતું નહીં, એટલે નીરાશ થઇને પેલાજ બાંકપર તે બેસી ગયો. તેનું જોર, તુટી ગયું હતું, માંદગી વચ્ચે નબળાઇ ઘણી થઈ ગઇ હતી, તેટલાં આવી જેહમત ને ઝડપભરી ચાલથી તે વધારે નાતવાન થઇ નીરોરા બની બાંકપર બેડો. તે કંમરમાંથી વાંકો વળ્યો, પોતાના બંને પગનાં ગુડણપર હાથોની કોણીઓ ટેકાવી, અને હથેલીમાં માથું નમાવી દલ ગમખાર બેઠો તેટલાં તેના બરડાપર કોઇએ હાથ માર્યો—દેલજંગ ચોંકયો—તેણે ઉંચુ જોયું—અને કોણ? વાંચનાર જાણે છે તેમ તેની શોધમાં બહાર પડેલો તે ઘરડો અસ્પંદીઆર પોતેજ હતો!

દેલજંગને એ મુજબ નહીં ધારેલી રીતે, નહીં વકકી રાખેલી જગ્યે, નહીં વકકી ધારેલા હાલે બેઠેલો જોઇ જેટલો અસ્પંદીઆર ચોંકયો તેથી દેલજંગ પોતે નહીં આશા રાખ્યા છતાં અસ્પંદીઆરનેજ પોતાની રૂબરૂ જોઇ કાંઇ ઓછો ચોંકયો નહીં.

"દેલજંગ દલેર વળી મારાં ઘરની નજદીક!" અસ્પંદીઆર દુ:ખ, ગુસ્સા અને અચરતીથી જખાં ઉપડતાંજ પોકારી ઉઠયો; "અરેરે, હજી તું મારો પીછો મુકતો નથી?"

"સાહેબ," દેલજંગે ધીમા સાદે કહયું, જે સાદ સાંભળી તથા તેનો લેવાયલો લુટાયલો સરખો ચેહરો જોઇનેજ અસ્પંદીઆર બેહદ ગભરાતમાં પાછો હઠી ગયો; "સાહેબ, હું તમારો અપરાધી છું, પણ--"

"પણ અરે આએ કેટલો ફેરફાર!" અસ્પંદીઆર દેલજંગને સાંભળવા કરતાં તેનાં મોંપર ટીકી ટીકીને જોઇને મનસેજ બરબડયો; "આ કેટલો ફેરફાર!"–અને પછી પરીનને આપેલો કોલ સાંભરી આવતાંજ તે બોલ્યો, "તેં મારાં સદાનાં સુખી ઘરમાં ખાતર પાડી અને સદાનો ખોહાર કરી મેલ્યો છે તેજ ઘરમાં તને ચાલી ચલાવીને લઇ જવાને તારી શોધમાંજ હું ખાસ નીકળ્યો છું એમ જો હું તને કેહું તો, દેલજંગ દલેર, તું માનશે નહીં, પણ મારાં હીણાં નસીબે તે ખરૂં છે! મારી ગુલરૂખા બેટી પરીન–" અને હયાં બુઢો અસ્પંદીઆર તે દુઃખી યાદથી રડી પડયો–"મરવા સુતી છે. તે હવે તેણે જેટલા દહાડા કાઢયા છે તેના અરધા કલાક બી કાઢવાની નથી એ દીસ્તુંજ છે, અને મરતી વેલાએ તે તને મલવા માંગે છે!"

અસ્પંદીઆર ચુપ રહયો, ને દેલજંગ પણ ચુપ રહયો. અસ્પંદીઆર ચુપ રહયો કેમકે તેનો ખુલાસો પુરો થયો–દેલજંગ ચુપ રહયો કાંકે શું બોલવું તે તેને સુઝતું ન હતું. પરીનને આ જવેર તેણે કેવા ખોટા, ઠગાઇભર્યા, એકલપેટા અને પાપભર્યા પ્યારથી ચાહી છે તે વાચનારને રોશન છે, પણ તે અબળા હવે તો મરવાજ સુતી છે એવું જયારે દેલજંગે સાંભળ્યું, અને તે બી વળી જયારે તે સુધરવા માંડયો છે તે વખતે અને એક દોસ્તનાં મોહોતે

નીપજાવેલી જુદાઇ ને ખોટનાં આંસુ તેની આંખમાં તાજાં હતાં તેટલાંમાંજ સાંભળ્યું ત્યારે તેને એક વીજલીનો ઝટકો લાગો હોય એવું તેના દીલમાં કાંઇક થયું!

"જુદા ગ્રહસ્થ," દેલજંગ ઘણે વારે બોલ્યો, "આજવેર તારી બેટીને મેં જુદા પ્યારથી ચાહી છે, પણ આજે હમણાં મને એમ લાગે છે કે તે એક ફીરસ્તો છે, અને હું સેહેતાને તેનો જીવ લીધો છે. એટલા વાસ્તે જો તારામાં દયા હોય તો મને વગર ધીલે તારે ઘર તેડી જા. તું મારાથી ડર ના. ડરવાનું તો મને છે. એમ કરો તું મને ઠાગાથી સત્તાવાલાઓના હાથમાં સોંપવા લઇ જતો હશે એમ શકમંદ રહી ડર તો મારે કરવો છે, પણ તેવા ડરની બી હવે મારે દરકાર નથી. તારે જોઇએ તો મને પકડાવ ગમે તે કર. પણ મને તે બાંનુના છેલ્લા દીદાર એક વાર ફરીને જોઇ લેવા દે!"

દેલજંગ કાંઇ એવા તો મીનતજારીના ધીમા ગંભીર બારે આ બોલતો હતો કે અરપંદીઆર તેને સમજી શકતો ન હતો. આવો અચબુચ અને આવો મોટો ફેરફાર એકદમ તેનામાં કેમ આવી ગયો તે તેનાથી સમજી શકાયું નહીં. તે પેહેલાં તો એ સઘળો કલાબાજ દેલજંગનો ફરેબજ સમજ્યો, પણ જ્યારે તેણે તેના ચેહરા તરફ તાંકી તાંકીને જોયું, ને ખરી ગંભીરતા ને દુ:ખનો છાપ તેનાં કપાળપર પ્રગટ જોયો ત્યારે તેના સઘળા શક દુર થઇ ગયા. તે દયાલુ ખુદાએ જોયું કે કાંઇ બી દેલજંગના બાગમાં મોઠો બનાવ બન્યો છે ખરો, અને તેથી તુરત તેને સલામતી માટે સધ્યારો આપી તે તેને પોતાને ઘર લઇ ગયો.

× × ×

અસ્પંદીઆરનાં જવા પછી પરીન ઉંઘી ગઇ. તેણીને કરાર થયો એટલે અને વળી તે તન મને થાકી ગઇ હતી માટે શાંત પણ અફસોસ છેલ્લી જીવતી ઉંઘે પરીન ઉંઘતી હતી. તે એ પ્રમાણે ઘણા કલાક ઉંઘાઇ, અને જ્યારે જાગૃતાવસ્થામાં આવીને આંખ ઉંઘાડી ત્યારે તેના ચેહરા ઉપર તેણીએ પોતાના ભરથારને આતુર આંખે વાંકો વળેલો દીઠો! પરીન ઉંઘતી હતી ત્યારે દેલજંગ દલેર ઓરડામાં દાખલ થયો હતો, અને તે તેણીનો એક હાથ પોતાના હાથમાં પકડી તે એક વારની સાફ નીર્દોશ સુંદરીના સફેદ ઉંઘતા ચેહરા તરફ આતુર આંખે ટીકતો ઉભો હતો. આવી એક સુંદર નારની ખરાબી કરતાં તેને કશીજ શંકા નહીં થઇ-એકલપેટા અભીલાશોથી આવી ભલી નારને વગર મોહોબતે મારી નાંખી મોહોબતનાં બીછાણાંપર નાખતાં-તેણીની ખીલતી જવાંની વચ્ચે તેણીને ખોહાર કરતાં તેને કશીજ દાઝ કે દયા નહીં કેમ લાગી તે વિષે મહા દુઃખદાયક ઘોર કરતો તે તણીની પાસ ઉભો હતો-તેટલાં પરીને અચબુચ આંખ ઉંઘાડી.

પરીન મીઠાસથી હસી.

ઓ તે હસવું! તે હસતા ફીકા ચેહરાએ દેલજંગનું કલેજું ચીરીજ નાખ્યું.

"પરીન," દેલજંગ દુઃખનાં દચકાંથી ગુંગલાતા સાહદે બોલ્યો, "હું તારો ઘણોજ અપરાધી છું; તું મને માફ કરશે?"

"મારા વ્હાલા ખાવંદ," પરીન ઘણાજ ધીમા-નહીં સાંભળી શકાય એવા મરતા સાહદે બોલી-"તારા વાંકને હું વાંક તરીકે જોતી નથી. તુંને જોયા પછી હવે હું સુખથી મરશ."

"એમ ના બોલ, પ્યારી પરીન, એમ ના બોલ!" દેલજંગ મહા દુઃખથી રડી બોલ્યો; "તું મરશે નહીં. તું હજી જીવશે. ખુદા તુને મારે ખાતેર જીવાડશે."

"નહીં, વહાલા ભરથાર" પરીને કહયું, "ખોટી આશાઓથી તમો વહાલાંઓને હું ખુશી રાખવા માંગતી નથી. મોહોતનો ભારી હાથ મારી ગરદન ઉપર છે. મારી જાઆં ખેંચાતી જાય છે, અને થોડાક વારમાં તમો વ્હાલાંઓની મોહબતભરી ગોદમાં તમારા આશીરવાદ સાથે હું સુખમાં મરશ."

"અરે રે મુવો-મુવો હું પાપી!" અને દેલજંગે હયાં મુક્કીવડે પોતાનું માથું અફાલ્યું; "મે તુંને ખોહાર કીધી! તું જેવી સાફ નાજનીનનાં ઉપરતાં સુખનો મેં ભંગ કીધો. પરીન, બીજી નારીને મેં તારીજ પેઠે ખોહાર કીધી હશે, પણ તારાં મોહોત જેવો ફટકો મને કદી લાગ્યો નથી. આજે તને જેવા ખરા પ્યારથી હું ચાહુંછ તેવા ખરા પ્યારથી કદી કોઈ છોકરીને મેં ચાહી નથી પરીન! તું જીવ ને હજી આપણે સુખી થઇશું."

"વહાલા સોગાદ," પરીન બોલી, "હવે તું દુઃખી ના થા. બનવા કાળ બની ચુકયું છે. અને હવે હું જાઉંછ, પણ હું જાઉં તે પેહેલાં તું મારા બે સુખન સાંભલી લે."

"બોલ, બોલ પરીન," દેલજંગ ઘણો ઉરકેરાઇ બોલ્યો. "તારો બોલે બોલ મારા દીલમાં કોતરાઇ રેહેશે."

"તો હું બેવડાં સુખથી મરશ," પરીને કહયું. "મારા ખાવંદ, લોક કહેછ કે તારી આખી જીંદગી પાપથી ભરેલી છે. તેં વધું-

ઓનું સુખ લુટેલું છે, ને ઘણા પ્યારા જાંન લીધા છે-ઘણીક નીર-દોશ નારીઓ અને નાવારેસ બચ્ચાંઓને તેં સદાનાં રડતાં ને રવડતાં કીધાં છે-તે સઘળાંથી ઓ મારા વહાલા સોગાદ, તું હવે પાછો હઠ. તારા પાપના પેશાથી તુ હવે હાથ ઉઠાવ. જો તું તારૂં ભલુ જોતો હોય-તારા પેદા કરનાર પાક ખુદાને હવે પછી બી રાજી રાખવા માંગતો હોય તો પસ્તાવાપર તારૂં ધ્યાંન લગાડ. અને જો તું કહે છે તેમ આજે-આજે બી જો તું મને ખરા પ્યારથી ચાહતો હોય તો મારા ને પ્યારના કસમ આપી કેહુંછ કે હવે એક બી બદીમાં ગીરફ્તાર થતો ના, એ તારી મરનાર ઓરતની છેલ્લી આજીજીભરી મીનતજારી છે,"

હયાં પરીને આંખ વીંચી દીધી.

તે હજી મરી ગઇ નથી. તે થાકી ગઇ. અમારે જણાવવું જોઇએ કે પરીન ઉપલું સઘળું ભાગાં તુટાં વાકયોથી—ખેંચાતી જીભે અને વારે વારે દમ ખાઇનેજ બોલી શકી, પણ તે વાંચનારની સગવડને સારૂ અમો સાગટું લખી ગયા છીએ, અને તે પુરૂં કરી પરીને થાકથી આંખ વીંચી દીધી. તેણીના ડોળા ગળતા ગયા-હાથ પગ ઠંડા થતા ગયા-ચેહરો વધારે ને વધારે બદલાતો ગયો-અને પરીને ફરીને આંખ ખોલી: "કાકાજી," તે તદન નોનરી જબાંને બોલી-"કાકીજી, મારી પાસે આવો, મારી પાસે બેસો. મને માફ કરજો-મારા ખાવંદ, તને સ-લાં-મ!"-અને પરીનનો પ્યારો જાન એકજ બાંચકીથી કબજ થઇ ગયો! તેણીએ આંખ છેલ્લીજ ઉઘાડી હતી, ને હવે તે છેલ્લીજ બંધ થઇ.

કેવો માહેતમભર્યો દેખાવ!

દેલજંગ દલેર પરીનનાં રવાંનપર પડી એક બચ્ચાંપેરે જીગરતોડ રડતો હતો, અને મોહોતવાલા તે મોટા ઓરડામાં તેના પડધા પડતા હતા. અસ્પંદીઆર અને સોદાબે જે તેઓના ઘરનો રોશન ચેરાગ, જે તેમની આશા અને આરામ-જે ઘડપણનો તેમનો એકપુરો સખ્યારો તેની યાદથી ભારે વિલાપ કરતાં હતાં,-અને વાંચનાર! તું પણ તારી ગમગીની વચ્ચે અત્રે લગાર થોભી પરીનના આગલા દહાડા યાદ કર, કે જ્યારે નિર્દોશતા અને નેકી વચ્ચે પોતાના સદગુણોથી દીપતી અમોંએ તેણીની પેહેલી ઓળખાણ તારી સાથ અમારી આ વારતાની શરૂઆતનાં 'ત્રીજા' પ્રકરણમાં અસપંદીઆરની અને એનાં કુટુંબની પીછાંણ કરાંવતાં આપી છે. અમો કહીએ છીએ જે તે વારની તે પરીનની સુખી હાલત યાદ કર, ને આજનું તેણીનું અકાળ મોહોત એકજ-માત્ર એકજ અવિચારી પગલાંથી-એકજ રે માત્ર એકજ નબળાઇથી નીપજ્યું છે તે ઉપર લગાર વિચાર કર. પાપ કરવા પેહેલાંની એ છોકરીની હાલત સાથ પાપ પછીથી તેણીની થયલી હાલત વીસ્તારથી યાદ કરી સરખાવ, અને તને કાંઇક સાર ઉપજાવવા લાયક ખ્યાલ થશે.

નબળી નારીઓને ભમાવી તેમને ખોહાર કરનાર ચંડાળોપર કીરતારનો કરડો કેહેર વરસજો! તેમનાં સુખ વચ્ચે તેમનું નખ્ખોદ વાલી ખુદના તેમના માબ અને પ્યારા જાનથી પણ બરબાદ કરી તેમનાં વહાલાંના, કુલે જગતના અને તેમના પોતાના ધીક્કાર

અને કોપમા લાવી મેલનાર મહા અધમ પાપી બુરાઓપર ખુદાનો ભેવડો ધીક્કાર અને કોપ વરસજો !

પ્રકરણ પર મું.

નવું વાદળ.

પરીનનો જીવ નીકળી જતાંજ બુઢો અરપંદીઆર એક મોટી હાય મારી પાસેની ખુરસીમાં ફસડાઇ પડયો, અને સોદાબે પરીનના હાથો આંખમાં દાબી રડતી હતી. તે એક એવો ગમગીન દેખાવ હતો કે જે જોતાં કોઇ ગમે એવા ઘાતકીની છાતી પણ પીગલ્યા વિના રેહેજ નહીં. તે દેખાવ કે જેમાં સંગેમરમરનાં પુતળાં જેવી સફેદ એક વારની પેલી હસતી અને ખુબસુરત પરીન બીછાંણાંમાં મુડદું થઇ પડી હતી, કે જ્યારે તેનો ભરથાર તેની છાતી ઉપર ઉંધો પડી માહેતમ કરતો હતો. તે દેખાવ કે જેમાં અરપંદીઆર ને સોદાબેનાં ઘરને શોભાવનાર દીપક ગુલ થવાથી તેઓ બંને અકેક ખુણે માતમ કરતાં પડલાં હતાં—તે દેખાવ—તે દુઃખદાયક દેખાવ ઘણો લાંબો વખત વેર ચાલ્યો, પણ અંતે અરપંદીઆરે પોતાની ફરજો બજાવવાની જરૂર જોઇ.

"દેલજંગ દલેર," તે જેમ તેમ ટેકા દઇ ઉઠીને બોલ્યો, "હું તને દોષ દેતો નથી. દોષ મારાં હીણાં નસીબનેજ દેઉંછ, અને

તેટલામાટે તને મારાં ઘરમાંથી તારા આવા વીલાપ વચ્ચે હાંકી કાઢવાને હું ખુશી થતો નથી, પણ મારી મરનાર બેટીની છેલ્લી ખુશી રાખવા તું સત્તાવાળાઓને હાથ નહીં જાય અને પસ્તાવાથી તારી બાકીની જીંદગીનો છેડો લાવે એવું હું ઇચ્છુંછ, માટે બીજા લોકો આ દુઃખી બનાવથી ઘરમાં આવે તે પેહેલાં તું તારી સલાંમતી સારૂ ત્યાંથી નાહસી જાય એવી મારી ખેરખ્વાહી ભરી ભલાંમણ છે."

"હવે મને મારી સલાંમતીની દરકાર નથી," દેલજંગે મહા દુઃખથી કંટાળી કહ્યું; "હવે આ દુનીયા મને ઝેર જેવી લાગે છે. મને જીવવાને હવે કશી લાલચ કે કશું કારણ રહયું નથી; મને સંધ્યારો આપનાર કે મારાં સુખ દુઃખમાં હમશરીક થનાર એકે સાથી હવે રહયો નથી, તોપણ હું જીવવા માંગુ છું, અને તે એટલાજ માટે કે આ મારી ખરી મોહોબતવંતી ને સાચ્ચા પ્યારવાળી મોહરદારે મરતી વેળાએ મારે માથે મુકેલી ફરજ હું અદા કરીને મરૂ, અને તેથી આ તમારાં મકાંનમાંથી હું નાહસી જવાને રાજી છું."—અને દેલજંગ મહા મુશ્કેલાઇએ પરીનની લોથથી છુટો થયો.

"પરીનની પોતાની બી દોલત છે, અને મારા પૈસા પણ ખાનાર હવે કોઇ રહયું નથી," અરપંદીઆરે ગમગીન સાદે કહયું, "માટે ભાઇ, હવે તું તારા ખરચને માટે એક કોઇ સારી જેવી રકમ લેતો જા, અને પછીથી જે છે તે તારૂંજ છે!"

"એક પઇ બી નહી," દેલજંગે નીરાશીના ખીજવાતથી કહયું; "એજ પૈસાપર હું તાપ્યો હતો, અને તેથીજ, રે તેથીજ આ ગુલબદન નારીનો મેં દોજખીએ જીવ લીધો છે, તો હવે તેનાં મુવા

પછી કોઇની એક પઇને હું હાથ લગાડનાર નથી."-અને દેલજંગ હવાં ખરાં જીગરના ખરા ભારથી બોલતો હતો. અસ્પંદીઆરનીજ તો શું, પણ આખી દુન્યાની દોલત એકઠી થઇ તેને હાથ તેડી લલચાવતે તોપણુ દેલજંગ તેની પઇને અડકતે નહી એવો હમણાં તેનો હાલ હતો।

ઓરતની અસરની ખુબી ઓર છે. ઓરતને વાસ્તે ગમે એટલું ક્હો કે તે સુખ દુ:ખની ભાગ્યણુ છે-તે દીલાસો છે-તે સાથી છે-તે એક સાચ્ચો દોસ્ત છે ઇત્યાદી, પણ ઘણીક વાર ઓરત મરદનો સાચ્ચો રાહનુમાઈ ફીરેસ્તો છે એ વાતમાં કશી બનાવત કે સહરાગત નથી, મોટા કસ્પીણુમાંકરપીણો એક ઓરતના પ્યારની પવિત્ર અસરે પોતાનાં જોર વચ્ચે કમજોર અને નબળા બને છે, અને પાપ વચ્ચે સદગુણી થઇ તેની ખુશબોમાં પમરી નીકળે છે એ વાતના કાંઇ કાંહાંણી કીસ્સાવાલાજ નહી પણ ખરા જીવતા જાગતા દ્રષ્ટાંતો એક નહીં પણ અનેક છે.

અસ્પંદીઆરે દેલજંગને બોંહોંસ કરી, પણ તે પોતાના ઠરાવથી ફર્યો નહીં, અને પછી તુરત તે અસ્પંદીઆર અને સોદાબેની આંસુ વચ્ચે દીધેલી ભલી દોઆઓ સાંભળી આંસુભરી આંખ્ગોએ અને તદન જખમી દીલે તેમનાં ઘરમાંથી બાહેર પડયો.

તે ધરયો પેલાજ બાગમાં અને પેલાજ બાંક તરફ ગયો. ત્યાં તેને તેની પરીન મળશે? તેજ બાંકપર પરીન તેની જીંદગીમાં હંમેશ બેઠેલી જણાતી હતી,-આજે તેણી ત્યાં નથી। તેજ બાંક આગળથી ને તેજ બાગમાંથી-તેજ રેતીપરથી અને તેજ ઝાડપાન પાસેથી પરીન

બેરોરદાર ચાલે જીંદગીમાં હસ્તી ચાલતી જતી હતી—આજે તે ત્યાં નથી! રે આજે તો તે હમેશની ઉંઘમાં ઉંઘે છે!

દેલજંગ અંતે બાંકપરથી ઉઠયો, અને જ્યાં બારમાનને મુકી આવેલો હતો તે ગામડામાં તે પોંહોંચખાનાં તરફ ચાલ્યો. તે ઘસડાતો ચાલ્યો. આજની તેની મંજલ, મેહેનત અને જેહમત શું ઓછી છે? અને વળી તે સાથે તેની હાલત કેવી નબળી છે!

બારમાન પાસે પોંહોંચ્યા પછી દેલજંગે રસ્તામાંથી ખ્યાલ કરી મેલ્યો હતો તેમ બારમાનને તાકીદે એક ચીઠી આપી નશરઆબાદ તરફ રવાના કીધો. ત્યાંના શીરીનના મમાવાના મુંનીમ પેલા તેહેમાસ્પ ઉપર આ ચીઠી હતી, અને તેમાં ઘણુંજ નરમ અને નમનતાઇભર્યા આવાજે શીરીન કયાં છે ને કેવી હાલતમાં છે તે દેલજંગે પુછાવ્યું હતું. તે હવે શીરીનને મલવા માંગતો હતો, પણ તે કાંઇ પાપની મકસદથી નહી—તેમાં એની મકસદ ઘણી નેક છે, અને હવે દેલજંગની જે જે હીલચાલો આવશે તે સઘળી આપણુને ખુશી થવા જોગજ આવશે, કેમકે પોતાની મરનાર બાંનુને આપેલા પાક કૌલની ગમગીન યાદ દીલમાં લાવીનેજ હવે તે બધાં કામ કરે છે.

બારગાન મુનીમવાળી ચીઠીનો જવાબ લેઇ આવ્યો, પણ તે લખેલો ન હતો; મોંઢેથીજ હતો. તેણે કહયું કે 'મુનીમ ચીઠી વાંચતાંજ ઘણો ખીજવાઇ ગયો અને કહયું કે જઇને એ ચંડાળને કેહ કે હવે શીરીનની વાત વચ્ચે માથું માર્યા નહી કરે. તે તો પરણી ચુકી છે અને તેણીનાં ખાવીંદ સાથે નસરઆબાદ ખાતે સુખી છે!'

શીરીન પરણી ચુકી છે એ સમાચાર સમજી દેલજંગ ચોંકયો, અને પછી કાંઇ બરબડયો. એ શુ બડબડતો હશે? કાંઇ આશીરવાદ જેવું તે બડબડે છે!

પણ એટલામાં દાદરપર પગલાં વાગ્યાં, ને સત્તાવાલાના ઘણાક આદમીઓએ આવી દેલજંગને કેદ પકડી લીધો. પેલા મુનીમે બારમાનનાં જવાબ લઇ જવા પછી સરકારમાં તુરત ખબર આપી હતી, ને તેથી દેલજંગ પોતાનાં ઘેરાઇ ગયલાં મનના ગુંચવાડાનો ભોગ થઇ પડયો હતો. તેને ધ્યાંન રહયું નહીં કે તેહગારપ સત્તાવાળાઓને બારમાન પુઠે દોડાવશે તો બારમાનની સહરદે તેઓ તેને શોધી કાઢશે, મગર અંતે તેમજ બન્યું.

પણ દેલજંગ દલેરની ધરપકડ કરવા જે ઘણાં માણસો આવ્યાં તે સઘળાંની જરૂર ન હતી. એકજ હતે તોપણ કદાચ દેલજંગ વગર સાંમે થવે શરણ થતે એવી તેની હાલત હતી. તે પકડાવા નહીં માંગતો હતો ને એટલાજ માટે કે જલ્લાદને હાથ તેની ગરદન જાય તે પેહેલા તે પસ્તાવાથી છાતી ખુલ્લી કરી ધીરજભરયાં મોહોતે મરવા તૈયાર થાય, પણ તેણે જોયું કે મોહોત હવે સીતાબી કરે છે ત્યારે શરણ થવામાં ડહાપણ છે. શીરીન પરણી ચુકી છે એ સમાચારમાં પણ તેણે એક પોતાની ધારી મુકેલી ઉમેદ બંગ થયલી જોઇ છે, અને તેથી હવે તો તેને જીંદગી ખરીજ અકારી પડી છે, માટે હવે સત્તાવાલાઓને કશી બી મેહેનત આપવા વીના તે તેમની ધાંર વગરની અચરતી વચ્ચે ગમખાર ચેહેરે ને દુઃખી હાલતે એકદમ તેમને શરણે જઇ કેદ પકડાયો!

———:o:———

પ્રકરણ ૫૩ મું.

દેલજંગની તપાસ.

દેલજંગનાં કેદ પકડાયા પછી ચોથે દને સહવારે વડી અદાલતમાં તેની તપાસ શરૂ થઇ. મજબુત ચોકી પોહોરા હેઠલ તેને દરબારમાં લાવી ઉભો કરવામાં આવ્યો, અને ત્યાં તેની તપાસ—જે ખરૂં કહીએ તો નામનીજ હતી તે—શરૂ થઇ. દેલજંગના વાંકોની તપાસ લેવાની કશી જરૂર ન હતી. તે એક ગલાંફાંસુ લુચ્ચા તરીકે લોકોમાં જણાયલો હતો, અને તેનાં ઘાતકી કર્મોથી એક બાળક પણ બીનવાકેફ હતું નહીં; તોપણ વાંચનાર જાણે છે તેમ આ એક એવી કીસમનો કસાબાઝ ચોર હતો કે તેને માટે જાહેરમાં જબરો ઘોંઘાટ ચાલતો હતો, તોપણ જે જે ખુનો વગેરે તેણે કીધાં હતાં તે સઘળાં એવી સીફતથી કીધાં હતાં કે તે ખુંનો તેણેજ કીધાં છે એમ આબાદ સાબુત સાબેતીથી તેને કોઇ પકડી આપી શકતું ન હતું, અને તેથી જગમાં જાંણીતા થયલા અને એવા એક ગુનેહગારને વગર તપાસે મારી નાખવામાં રાસ્તી કે ઇન્સાફ કશું નથી સમજી દેલજંગની એક કાયદાની રૂહે શમેરસ્તાન શેહેરની વડી અદાલતમાં તપાસ શરૂ થઇ. આટલું તો ખરૂંજ છે કે જો તેનાપર એકપણી વાંક સાક્ષીઓ સહીત સાબેત થાય તો તેને ગરદન મારવાનો હુકમ ફરમાવવામાં ગેરઇન્સાફનો દોષ તો હોયજ નહીં.

અને તે માટે તેનાપર વાંક સાબેત કરી શકવા માટે ઇનામ જાહેર કરેલું હોવાથી એક પોહરેગીરે એ વાતમાં જબરો રસ લેઇ બીડું ઝડપી લીધું હતું, અને તપાસ ચાલવા પેહેલાં તેણે દેલજંગનો સઘળો ઘાટ ઘડી મેલેલો હતો. દેલજંગ આ સઘળું જાંણતો ન હતો. તે સમજતો હતો કે તેનાં પાપો એટલાં બધાં છે કે તે માહેલાં એકને બ પકડી પાડી તેની જુસ્તેજુ અને કેર કાઢવાની સરકારને કે તેનાં સાહયકારીઓને કશી મેહેનત પડવાની નથી, અને તેનાં પરીણામમાં હવે તે મરવાને તો તૈયારજ થયો હતો. તે ઘણા મજબુત, ગંભીર, અને શાંત દેખાવે ને કદમે અદાલતમાં ચાલ્યો આવ્યો, અને આવ્યા પછી પણ તેજ ઢપે નીચી નજરે ઉભો રહયો. તેણે આજુબાજુ કશું જોયું નહીં. કોણ કોણ છે તે જોવાની પણ કાંઇ દરકાર કરી નહીં. ખરે તેને જીવવા ગમતું હતું, પોતાની મરનાર બાંનુને આપેલા પા કોલને ખાતર તે જીવીને સુધરવા માંગતો હતો, તોપણ કોઈ અયોગ્ય રીતે જીવવાને હવે તે રાજી નહીં હતો.

અને દેલજંગની તપાસ સાંભળવાને અદાલતમાં નવરાં નકામ લોકનું જબરૂં ખેંચાણ થયું હતું. તે અતી અગત્યના બનાવથી આખું શેહેર હલમલી રહયું હતું. સૌ દેલજંગથી ને દેલજંગના નામથી ત્રાસ પામતું હતું, પણ આજે લાચાર લાઇલાજ ગમખા અને દેખઇતા પડતીના હાલે જેઓ તેને અદાલતમાં ઉભેલો જોતા હતાં તેઓ પોતે જોયલો અથવા સાંભળેલો તેથી ઉલટીજ ઢપનો અસલ કરતાં અર્ધો તવાયલાં આંગનો નબલો અને અર્ધો મુએલ સરખો તેનો હાલ જોઇ અચરતીથી તદન દંગ થઇ ગયાં હતાં, જયાં

આ અચાનક ફેરફારને મોહોતની નક્કી ધાસ્તીથી થયલો સમજી કુદરતી ઘણાંક હવે તેની દયા આતાં હતાં!

અંતે તપાસ શરૂ થઇ. અને તે વેલા એટલી તો ગમગીન ચુપકીદી અદાલતમાં ફેલાઇ રહી કે દરેક શબ્દ સાંભળી શકવાને માટે ગોયા કોઇ દમ પણ નહીં લેતું હોય એવું લાગતું હતું.

"બંધવા, તારૂં નામ દેલજંગ દલેર છે કે તે નામ તારૂં નથી ને તે શખ્સ તું નથી એમ તું કેહવા માંગે છે?"

"સાહેબ," દેલજંગે મજબુત સાદે કહયું, "હું તે ના પાડતો નથી. એ નામે જે ઓળખાય છે તે હુંજ છું."

"અને તારો એક હમશરીક દારાબ કરી હતો તે કયાં છે?"

"તે ધણુંનો મરી ગયો છે."

"કુદરતી મોહતે?"

"નહીં; તેનું અચાનક ખુન થયું છે."

"કોણુને હાથ?"

"મારેજ હાથ."

"કયાં અને કેમ તે વીગતવાર બયાન કર."

વાંચનાર જોશે કે દેલજંગ ઉપલા સવાલ જવાબોમાં સચ્ચાઇને વળગી રહયો છે, અને પોતાની મરનાર બાંનુની દુ:ખી યાદ દીલે વસારી આખી તપાસમાં તેને જેબી પુછવામાં આવે તેના સાચ્ચાજ જવાબો આપવાનો તેણે કસદ કરેલો છે. તેને છેલ્લા પુછવામાં આવેલા

સવાલનો તેણે બીલકુલ ખરો જવાબ આપ્યો, અને દારાબ કેમ અને કયાં મુવો હતો તેને લગતી જે સઘળી હકીકતથી વાંચનાર વાકેફ છે તે તેણે ધીમા પણ મજબુત સાદે સાંભળનારાંઓની વધતી જતી અચરતી વચ્ચે ખરેખરીજ કહી સંભળાવી.

"બંધવા," ઉપલો ખુલાસો સાંભળી રહયા કેડે 'કોર્ટે' પુછયું, "આજે તારાપર શા શા વાંક મેલવાના છે તે તને ખબર છે?"

"હું બંદીખાનામાંથી એક વાર નાહસી ગયો હતો તે વાંક પેહલાં મોજુદ હશે એમ હું માનું છું."

"એ ઉપરાંત બીજા વાંકો છે, પણ મજબુત પુરવારી સાથે સાબેત થઇ શકે એવો એક વાંક છે તેની હકીકત, મુનીમ, કેદીને વાંચી સંભલાવો."

મુનીમ પોતાની જગ્યાપરથી આ હોકમ થતાં ઉભો થયો, અને નીચે મુજબ વાંચવા લાગ્યોઃ--

"ગયાં સાત વરસની રાતપર બેહરામ નામે એક તાલેવંત ગ્રહસ્થ મુસાફરીને અર્થે પોતાના બેટા નોઝર અને ભાઇ ગોદરેજથી રૂખસદ ચાહી પઇસાની થેલીઓથી ભરપુર નીકળ્યો, ને તે પછીથી તેની નસલ ગુમ થઇ ગઇ ને કશો પત્તો લાગ્યો નહીં.-એ પછીથી જવાંન નોઝરને હાથ મરનાર દારાબની એક કોથલી અકસ્માત પ્રડી ને તેમાં મલી આવેલાં કેટલાંક કાગળ્યાં ઉપરથી ખાનગી જુસ્તેજો કરતાં અંતે પકકે પાયે જણાયું કે હોમાવરાન શહેરની સરહદ ઉપર આવેલાં એક એકાંત ઝુંપડામાં દેલજંગે ને દારાબે

બીજાં એક તેમનાં જેવાંજ પાપી જોડાંની મદદથી તે ડોસાનું ખુન કીધું હતું, અને તેના પઇસા લઇ લીધા હતા. આ મુસાફર પેહેલાં તો હોમાવરાનનાં એક બીજાં આબરૂદાર પોંહોંચખાનાં આગલ ઘોડો થોભાવી ત્યાં ઉતરવા જતો હતો, પણ તેટલાં પછવાડેથી દેલજંગ અને દારાબે નીકલી આવી વચ્ચારે સસ્તાં ને સારાં ઉતારૂખાંનામાં લેઈ જવાનું કહી તેને સમજાવી મજકુર ઉતારૂખાનાવાલાને ત્યાં લઇ જવાતા જોવાયા હુતા. આ વખતે અસલ ઉતારૂખાનાવાલો જો કે દેલજંગને અને દારાબને તેમના ચેહરાથી તે લુટારૂઓ તરીકે ઓલખાતો ના હતો તોપણ આ હીલચાલમાં તેને કાંઇ એવું તો અજબ જેવું લાગ્યું કે તે ઉતારૂખાનાવાલાને દેલજંગ અને દારાબનો ચેહરો મજબુત યાદ રહી ગયો, અને તે આજે અદાલતમાં સાક્ષી આપવાને તૈયાર છે કે તે ગ્રહસ્થને સમજાવી પટાવી ત્યાંથી લેઇ જનાર આ બંધવો પોતેજ હતો. ત્યાર પછી નોઝરની પોતાની સાક્ષીથી સાબેત થઈ શકશે કે તેઓ તે ઉતારૂખાનાંમાં ખુની પેશો ચલાવતાં હતાં. તેઓએ તેની (નોઝરની) જીંદગી લેવાનો પણ કસ્દ કરેલો હતો, અંતે તેમાંથી તે જરાજરામાં બચી ગયો, અને તે ઉતારૂખાનાવાલો પોતાનાંજ પાપના ભોગ તરીકે મારતાં મુવો હતો. એ પછીથી તેની ઓરતે નોઝરના દમ ભરાવાથી તેના બાપનું ખુન કબુલ કર્યું હતું, અને નોઝર તે મરનારનું જે જગ્યે મુડદું પડેલું હતું તે ખોદતો હતો તેટલાં તે ડોસીએ ઝુંપડાંને આગ લગાડી મેલી હતી. આ ડોસી પણ માઠાં ભાગ્યે મરણ પામી છે, કેમકે તેને નોઝરે તરતવેળા એક ઝાડસે બાંધી હતી જ્યાં નોઝર મદદ મેળવે તે પેહેલાં બીમાર થઇ જવાથી તેણી ભુખ અને પેઆસની મારી ટવલી મુઈ હતી. ત્યાર પછીથી

નોઝર પોતે શબેસ્તાંન ખાતે દેલજંગની ત્યાંના એક આબરૂદાર વેપારીની ભત્રીજી સાથ થનાર લગન અટકાવા ગયો હતો ત્યારે બંધવાને મલ્યો, અને ત્યાં તેણે તેની ઉપર પોતાના બાપના ખુનનો આરોપ મેલ્યો, જે દેલજંગ નામુકર જઇ શકયો નહીં, અને એ સઘળી શાહદતોથી નક્કી થઇ શકે છે કે નોઝરના બાપનું ખુન કરનાર દેલજંગ અને દારાબજ હતા."

એ પછીથી બીજી સાક્ષીઓ લીધામાં આવી. પડતા દુશ્મનને વધારે પાડવામાં કે તેની પડતીમાં મોજ માની લેવામાં કોઇ રીતની મજાહ મલતી નથી, અને તેથી દેલજંગ નોઝરનો જોકે કરડો શત્રુ હતો તોપણ દેશને ખાતેર એક પાક ફરજ તરીકે નોઝરને જ્યારે દેલજંગના મરતા ને પડતા હાલ વચ્ચે સાક્ષી આપી ઉભુ રેહવું પડયું ત્યારે તેને કાંઇ ઓછું દુઃખ લાગ્યું નહીં, અને પરીણામ એ થયું કે તેણે દેલજંગપર એક ફ-તેહની કે મગરૂરીની નજર પણ ફેંકયા વિના ગમગીન ચેહરે જે તેને પુછવામાં આવ્યું તેના ખરા જવાબો આપ્યા. એ પછી પેલા ઉતારૂખાનાવાલાએ અને દારાબની ઘરડી માતાએ સાક્ષીઓ આપી. આ ગરીબડી બુઠી લાકડીને ટેકે પણ ભાગ્યેજ ચાલી શકતી હતી. તેણીના બેટાનું મરણ દેલજંગને હાથે થયલું જાંણી તે જીવતી મરી ગઈ હતી, અને પોતાના દીકરાની ખરાબી અને મોહોતના ખારમાં તે જેમ તેમ જીવપર જબરી કરીને બી અદાલતમાં સાક્ષી પુરવા આવી હતી. આ સઘળી સાક્ષીઓમાં થયલા પ્રશ્નોત્તર અતરે ઉતારી નાહક લંબાણ કરવાનો અમારો ખ્યાલ નથી. ઉપર અદાલતના મુનીમે વાંચેલા અપરાધના સારને

લગતા ટેકામાં તેઓએ સાક્ષી આપી હતી. નોકરના બાપનું ખુંન થયા પછી દારાબ એક તેની વીંટી લેઇ પોતાની માને આપી આવ્યો, હતો, અને તેણીએ તે નોકરે તેણીની લીધેલી મુલાકાત વખતે તેને બતાવી હતી, જે તેણે પોતાના બાપની તરીકે પીછાંણી હતી તે સઘળું વાંચનારને યાદ હશે, અને તે સઘળાંને લગતીજ આ બધી જુબાંનીઓ હતી.

દેલજંગ આ તપાસની વચ્ચે તદન ચુપ ઉભો હતો. એક ખુંન જેની તે જરા એ જરા બરખ ડુબી ગયલી માનતો હતો તે ખુંન કેવી રીતે સાહદતો સહીત પસરી નીકળ્યું. તે જોઇ તેણે પોતાની જીંદગીથી પુરા હાથ ધોયા, અને તેના કપાળ 'પરં પરસેવાનું પાંણી મોટાં ફોરાંમાં ફુટી નિકળ્યું, તેના દાંત તુરતની નબળાઇ અને આ ચાલુ ફટકાઓની સખ્તાઇ હેઠળ કડકડવા લાગ્યા, અને તેના ટાંટીયા દેખાઇતી રીતે ધ્રુજવા લાગ્યા!

"બંધવા, આ આરોપના સંબંધમાં તારે બચાવમાં કાંઇ કેહવું છે?

"મારે કેહવું છે, જરા સબર—એ સવાલનો જવાબ મળે તે પહેલાં મારે કાંઇ કહેવું છે," એવો અવાજ અદાલતમાં ભેગી મળેલી લોકોની ગંજાવર ઠઠ વચ્ચેથી આવ્યો, અને થોડા વારમાં લોકોને ખસાડતો એક જબરો, બતકો, ભપકાભરેલો શખ્સ બાહેર આવ્યો. તે 'કોર્ટ'ને નમ્યો, અને વાંચનાર સાથે કાંઇ બી ભરમ સાચવવાની કોશેશ ન કરતાં આપણે એકદમ કહી દઇશું કે આ કોઇજ નહીં પણ દેલજંગનો પેલો પુરાંનો રકીબ બારમાન હતો!

આવી અજબ જેવી રીતે પોકાર મારી એક શખ્સને બાહેર નિકળી આવતાં જોઇ જેટલું બારમાનને નહીં પીછાંણતુ લોક હેરત થયું તેથી દસ હજાર મરતબે વધારે દેલજંગ પોતે બારમાનને પીછાંણી અજબ થયો. તેને છેલ્લે મુકવામાં આવેલા સવાલના જવાબમાં તે તો પોતે અપરાધ કબુલી દેવા જતો હતો, પણ તેજ પળે બારમાન કાં નિકળી આવ્યો, અને તેને શું કહેવું હશે તે વાતથી તે ઘણો ખ્યાલમાં પડયો.

"તું કોણ છે?" હયાં બારમાનની તપાસ ચાલી.

"સાહેબ, હું એક વેપારી છું, અને મરેવન ખાતે મારી બીસ્યાર મીલકત છે."

"તારૂં નામ શું?"

"મારૂં નામ કાફ્રિસ બીન કએખુશરો છે."

"તું શું મકસદ ધરાવે છે?"

"એક બેગુનાહ માણુસ નાહક માર્યો જાય તેના બચાવમાં ધર્મના એક બે સુખન બોલવાને હું આરજુમંદ છું."

"ખુલાસાથી બોલ."

"આ બંધવાને હું પીછાણું છું," બારમાને પુરતી ગંભીરતાથી ચલાવ્યું, "પણ હું એને દેલજંગ દલેરનાં નામથી આજવેર પીછાંણુતો ન હતો. એણે એક વાર એક અકસ્માતથી મારો જીવ બચાવ્યો હતો તે દહાડેથી હું એનો મિત્ર થઇ રહયો છું, પણ એને હું જે નામથી પીછાંણુ છું તે નામ તો આજે જાંણું છું કે એણે મને

ખોટું ધારણ કીધેલું જણાવેલું હતું, અને એનું ખરૂં નામ જાણ્યા પછી ગમે એવી પ્રકારે આટલો લાંબો વખતવેર એક ઠગારા મુરશદ સાથે કાંઇ બી સંબંધ રાખવા કાજે હું કમકમું છું; પણ તેથી કરીને એને મરવા દેવાને હું રાજી થતો નથી. જોકે આજથી તો એની ઠગાઇ અને લુચ્ચાઇને માટે એને દેલજંગ દલેર તરીકે પીછાંણ્યા પછી જેટલો મેં એને ચાહયો છે તેથી બેવડો એને હું ધીકકારશ, તોપણ તે ધીકકારને ખાતર પણ એને મરતો મેલવાનો ખ્યાલ હું કરી શકતો નથી. સાહેબ, મારે કાંઇ લંબાણ કેહેવું નથી. હું એટલુંજ કહું છુ કે જે રાત્રે આ નોકરનાં બાપનું ખુંન કરવાનો અપરાધ આ બંદા ઉપર મેલવામાં આવ્યો છે તેજ રાત્રે તો એ બંધવો મારી સાલગરેહનો રોજ હોવાથી ખાનાંપર છેક મરેવન ખાતે હતો, ત્યારે હું અદાલતના ઇનસાફ પર સોંપું છું કે તેજ રાત્રે બંધવાએ ઠેઠ શબેસ્તાંનની બીજી સરહદ પર આવી ખુંન કેમ કીધું હોય? મુનીમનાં વાંચવામાં મે સાંભળ્યું કે અદાલત આ ખુનને મુદ્દા સાથ પકડેલું સમજે છે, અને તેથી દેલજંગ દલેરને જો મારી નાંખવાની ટેપ મલે તો હું રજાથી કેહેવા માંગું છું કે તે મોટા ગેરઇનસાફ ને ખરાં ઘાતકીપણાંનુંજ એક કામ થશે. આ ખુંનના પુરાવા છેજ કયાં? મુખ્ય પુરાવામાં કેહેવામાં આવ્યું છે કે નોકરના હાથમાં દારાબે એક કોથલી મેલી તે માંહેલાં કેટલાંક કાગળ્યાં પરથી મરનારનાં ખુંનનો પત્તો મળ્યો, પણ એટલું ધ્યાં યાદ રાખવાનું જરૂરનું છે કે તે કોથલી દારાબ પાસે હતી. ખુંન જો દારાબે કીધું હોય તોપણ દેલજંગે કીધું એમ માનવામાં આવવા દેલજંગનો હાથ તેમાં હોવોજ જોઇએ એમ અટકલે સમજવામાં શું

ઇનસાફ છે ? શું દેલજંગ અને દારાબ આખી જીંદગીમાં કદી બી જુદા પડયા ન હતા ? અને જો એક વાર બી જુદા પડેલા અદાલત કબુલ રાખે તો ખુંનની રાત્રે બી તેઓ છુટા પડયા હોય અને દારાબ અને પેલા ઉતારૂખાનાવાંલાઓએજ તે ખુંન કીધું હોય, એમ કાંય નહીં બને ? એમાં દારાબની સાક્ષી જોઇએ—એમાં તે ઉતારૂખાનાવાલાંઓની સાક્ષી જોઇએ, અને ઇનસાફની રાહે હું પુછવા માંગું છું કે તેઓની સાક્ષી કયાં છે ? તેઓ મરી ગયા છે એ વાત ખરી, પણ ત્યારે આપણે આ ખુંન પુરૂં પુરવાર કરવાને અશકત છીએ. પેહેલાં તો ખુંન થયું હતુંજ એમ માનવાને વજનદાર કારણુજ કયાં છે ? દારાબની માતાની સાક્ષી બીલકુલ વજન વગરની છે. દારાબે તે મુસાફરને ખુંન કર્યા વગર માત્ર લુટયોજ હોય, અને તેથી તેની વીટી દારાબની માના હાથમાં આવી હોય, પણ તેથી દારાબે તેનું ખુંન પણ કીધું છે એમ માનવાને શું કારણ છે ? પેલા ઉતારૂખાનાવાલાની બુઢયા ઓરતે નોઝર આગલ આ ખુંન કબુલ રાખ્યું છે તે પણ તેણીએ મનના કાંઇ ગભરાતમાં અમથું એમ કબુલ કરી દીધું હોય એ વાત કાં નહીં બને ? તેણીએ જુઠું કહયુ હોય, અથવા નોઝરે પોતાના દુખોના ખ્યાલો વચ્ચે અજાણે જબરીથી તેના મોંમાં એ કબુલાત મુકી હોય અને તેથી તેનાથી એમ બોલાઇ ગયું હોય એમ નહીં માનવાને શું બાએસ છે ? દેલજંગ અસ્પંદીઆરને ત્યાં નોઝરે પોતાનાં બાપનાં ખુંનનો મુકેલો આરોપ નાસુફર નહીં જઇ શકયો એ વાત પણ કબુલ કીધી, પણ તે વેળાએ નોઝર સાંમે તાણુ કરવા જતાં પકડાઇ આવવાની ધાસ્તીથી અથવા બીજા એવા કોઈ

મનના ગભરાટથી કે કાંઇ અચબુચ મકૂલતીથી શું તે ચુપ નહીં રહયો હોય? તેણે કાંઇ ત્યાં બોલ્લો ખરા બોલોમાં એકરાર કર્યો નથી, અને તેથી તેની ચુપકીદીને તેની વિરૂધ એક પાપના એકરાર તરીકે માની લેવામાં કશો ઇનસાફ નથી. ઇનસાફ પાપીને છટકવાની એક બારી કે એક રસ્તો નહીં રેહે તેવી રીતે તકરારથી તેને પુરે સાબત કરવામાં ને સાબીત કરી સજા ફરમાવામાં છે, પણ આવી અધુરી રીતે દરેક પુરાવાની લથડતી હાલત વચ્ચે બંધવાને તેના જાનથી બેજાન કરવાની અતી સખ્ત સજા થાય તેમાં ઇનસાફ કશો નથી."

ઉપલું ભાષણ છટાથી આપી રહ્યા પછી બારમાન ચુપ ઉભો રહયો, અને સઘળું લોક પણ તેણે દેલજંગની સામેની સાહદતોને આવી તારીફલાયક રીતે લથડાવી નાંખેલી જોઇ ઉંચે દમે ચુપ રહયું—અને હમણાં અદાલતમાં એવી તો શાંત ચુપકીદી ફેલાઇ હતી કે એક ટાંચણી પડે તો તેનો પણ પરગરો અવાજ સંભળાય!

દેલજંગ તો બારમાનની હીંમત અને દીલની ઉદારતા જોઇ દંગજ થઇ ગયો! તેણે બારમાનથી આટલા બધા ચાહની કદી સ્વપને પણ વકી રાખી ન હતી. બારમાન દારાબપર ચઢતી કરતો હતો શું? ગમે તેમ હોય પણ બારમાને દેલજંગ તરફ આડી નજર પણ કરી નહીં, અને આ ખોટી સાક્ષી આપી રહયા પછી તે કાંઇ કેવુંક મોટું માણસ હોય તેમ દમામથી ઉભો. હવે 'કોર્ટ'ના સવાલો પાછા શરૂ થયા.

"તું કહે છે કે તારૂં નામ કાઉસ છે?"

બારમાને હા પાડી.

"અને તું મરેવાનો એક આબરૂદાર રહેવાસી છે?"

વળી બારમાને હા પાડી.

"અને વળી તું કહે છે કે જે રાત્રે ખુંન થયલું માનવામાં આવે છે તે રાત્રે હયાંથી છેક દુર એટલે મરેવન ખાતે તારી સાથ બંધવો ખાણીપીણીમાં શામેલ હતો?"

એક વાર ફરીને બારમાને હા પાડી.

"તને આ શેહેરમાં કોઇ ઓલખે છે? તું પોતે પોતાને જાહેર કરવા માંગે છે એવો તું આબરૂદાર ખરેખરો છે એમ અદાલતને માનવાના પુરાવા કયાં છે?"

"આ શેહેરમાં હું મારી જીંદગીમાં પેહેલોજ આવ્યો છું. મરેવન હયાંથી કેટલું બધું દૂર છે તે તમો જાંણો છો, અને તેથી હયાં મારૂં કદી આવવું થયું નથી માટે મને અતરે કોઇ ઓલખતું નથી. અને ગઇ પરમદીને દેલજંગનાં કેદ પકડાવાની અચાનક ખબર મળી, અને હું અતરે બની એટલી ઝડપથી માત્ર તેની તપાસ સાંભળવા આવ્યો, અને હું ખુશી છું કે હું આવ્યો, કાંકે દેલજંગ કોણ છે તેને આજે મેં બરાબર પીછાણ્યો, અને તેથી જેને હું આજની ઘડીવેર એક દોસ્ત માનતો હતો તેની જોખમભરી દોસ્તીનો હવે ધીકકારથી ઇનકાર કરવાને મને બની આવશે. વળી વધારે કે હું પેલાં ઉતારૂખાનાંમાં થયલાં ખુંનના એનાપર મુકાતા અઘટીત આરોપથી એને તારવાની કોશેશ કરવાને પણ આવવાથી શકિતવાન થયો."

"એ કોશેશ તને કરવાને શું કારણ મલ્યું ? શું બંધવો પોતે પોતાના બચાવમાં તે મરેવન ખાતે હતો એમ કહી તેનું નર્દોશપણું સાબેત કરતે નહીં ?"

"સાબેત કરવા કદાચ જતે બી, તોપણ તેનું માનતે કોણ? હું અતરે આજ નહીં આવ્યો હોતે તો તેનાં કેહવાને વજન શું મલતે? તે ઉપરાંત આ બંધવાની હાલની અને આગલી હાલતમાં આસમાન જમીનનો ફેર છે. એને અગલ પીછાંણનાર દરેક સિપાઇ શાહદત આપશે કે આગળનો દેલજંગ દલેર તે એ નથી એવો એ ફેરવાઇ ગયો છે. કાંઇક દેખઇતી રીતે એને એની જીંદગી અકારી થઇ પડેલી જણાય છે, માટે નહીં વાંકનો વાંક કબુલી એ મરવાને કદાચ રાજી થાય તો એક ખુનના બદલામાં બીજાં અઘટીત ખુંનનો અંજાણ અપરાધ સરકારને શીર નહીં ચોંટે તે માટે મને ધર્માર્થે બોલવું પડયું."

"પણ જયારે તું પોતે પોતાને જાહેર કરે છે એવો આબરૂદાર માણસ સાબીત કરી શકતો નથી ત્યારે તેં બંધવાના કરેલા બચાવપર એતબાર લાવી કાંઇ પણ વખત ખોહવાને અદાલતને કશું કારણ નથી."

"હું કબુલ કરૂં છું કે મારાં અથવા વધારે બરાબર બોલું તો આ કમબખ્ત બંધવાનાં કગનસીબે મારી મોટાઇ અને આબરૂ સાબીત કરી આપનારૂં અતરે કોઇ નથી, તોપણ એક સાધારણ આદમી તરીકે મને ઉમેદ છે કે મને એક વાતપર અદાલતનું ધ્યાંન ખેંચવાની રજા મળી શકશે કે આ બંધવાને ટેપ મારવા પેહલાં કાંઇ નહીં તો એટલું સાબીત થવાની તો ખચ્ચીતજ જરૂર છે કે મજકુર ઝુંપડાંમાં

તે ચોકકસ રાત્રે એક ખુંન થયું હતું, ને તે ખુનના ભોગને પેલા ચોકકસ ભાગમાં ભુમીદા કીધો હતો."

"અને તે હું સાબીત કરી શકયો છું," 'કોર્ટ'ની રજાથી પેલો ઇનામનો ઉમેદવાર પોહરેગીર—જે નોઝરની મદદથી ઉપલાં ખુંનની કટકે કટકે અંતે પડી આવી બારીક ખોલ કાઢી આવવાને શકિતમાન થયો હતો તે બોલી ઉઠયો, "ત્યાં ખુંન થયું છે એમાંતો શક છેજ નહીં, કેમકે એક કીમીયાગરની મદદથી મેં તે બળેલાં ઝુપડાં માંહેલા જે ભાગમાં મુડદું દાટવામાં આવેલું જણાવવામાં આવ્યું છે તે ભાગની રાખની તપાસ લેવાડી છે, અને બળેલાં લાકડાંની રાખ ને બળેલાં હાડકાં પાંસરાંની રાખ જુદી જુદી પરખાઇ આવી શકી છે."

"સાક્ષી, તારો બચાવ રદ બાતલ છે," કોર્ટે હોકમ ફરમાવ્યો; "તું હેઠો ઉતર."

અને બારમાન નીરાશ થઇ પોતાની જગ્યા તરફ ગયો. તેણે પોતે જોખમમાં જઇ બંધવાને બચાવી લેવા ચાહ્યું હતું, પણ નહીં ફાવવાથી તેને જબરી નીરાશી થઇ, અંતે ઘણાક ગંભીર વિચારો અને બીજી ઘણી લાંબી તપાસ પછી દેલજંગને તેના આ અને બીજા અસંખ્ય અપરાધો (જે છુટા છુટા ધ્યાંનમાં લીધા ન હતા, ને જેની છુટી છુટી તપાસ પણ ચાલી ન હતી તે બધા એકત્ર અપરાધો) માટે આઠ દીવસ પછી જલ્લાદને હાથ ગરદન મરાવાનો હોકમ થયો!

પ્રકરણ ૫૪ મું.

એક બીજા બચાવની ગોઠવણ.

દેલજંગની તપાસ સહવારથી છેક સાંહાંજ સુધી ચાલી, અને તેને બંદીખાને પાંછો પુરવામાં આવયો ત્યારે રાત થઇ ગઇ હતી. તે શરીરે અને મને એકસરખી રીતે થાકેલો હોવાથી રાતોરાત તો સુઇ ગયો, અને જોકે થાકનો માર્યો ઉંઘાઇ ગયો તોપણ આખી રાત ભયંકાર સ્વપનાઓથી તે ભડકયા કીધો. તેના સ્વપનાઓમાં તે પરીનને તેના ઉપર એક વાર ખફા થતી જોતો, તો બીજી વાર નરમીથી હસતી કે દુઃખથી આંસુ ખેરવતી જોતો હતો; તે એક વાર પોતાને છુટાપણાંની સ્વતંત્રતાનાં સુખમાં જોતો, તો તુરત બીજીજ પલે પાછો પોતાને જલ્લાદના હાથ હેઠલ પડેલો જોતો, અને પછી તે કાંઇ એવો તો ધુજીને કમકમતો કે તેના ભાર હેઠલ તેનું આખું કંગાલ બીછાણું ગોયા એક ધુજરીમાંથી પસાર થતું હતું.

બીજી સહવારે તે ઘણો મોડેથી ઉઠયો, અને તેણે જોયું કે તે હંમેશ કરતાં ઘણો વધારે નબલો અને નાકૌવત હતો. ઉઠતાંને વાર ગઈ કાલે તેના માથાં ઉપર પસાર કરેલી ટપ તેને યાદ આવી, અને તેણે ગભરાતમાં બીછાંણાં પર બેસી જઇ પોતાનાં તંમ્મર ખાતાં ભેજાંને પોતાના હાથના ટેકા દીધા. પણ તેટલાં બારણું ઉંઘડયું અને કોઇ આવ્યું; દેલજંગે ઉંચો થઇ જોયું,—અને કોણ? વળી બાર-આન હયાં આવ્યો હતો!

"બારમાન," દેલજંગ દલેર તેની આગલ દોડી જઇ તેનો હાથ મમતાથી પકડી બોલ્યો, "ગઇ કાલની તારી ઉદાર ચાલનો બદલો વાલી આપવાની હું હાલતમાં નથી એ અફસોસની વાત છે; તોપણ હું ઇચ્છુંછ કે મારે ખાતર તારાં પાપોમાં વળી તું જુઠી સાહેદીનો એક નવો વધારો નહીં કરતે, પણ તેમ છતાં તેમ કરવામાં મારી તરફના તારા ચાહને માટે મને તારો ખરાં જીગરથી–"

"એ શું ઠાલી બકબકારો, દેલજંગ ?" બારમાન કંટાલી બોલ્યો, "કામની વાત વચ્ચે એવાં તાહેલાં મને પસંદ નથી. એવા તાહેલાં સાંભળવા હું આવ્યોજ નથી. હું તો તને ચેતાવા આવ્યો છું કે આજ રાત્રે તું તૈયાર રેહેજે."

"અફસોસ," દેલજંગે કહયું, "મારા દહાડા ગણાઇ ચુકયા છે. તૈયાર રેહેવાની હવે મારામાં તાકાત નથી, અને હયાંથી નાહસવાનો નવો અપરાધ કરવાને હું રાજી પણ નથી."

"અરેરે દેલજંગ દલેર," બારમાન ઘણીજ નાપસંદ ઢપે બોલ્યો, "તારાં આ માઠા દહાડામાં તને એ શું ઉંધું સુજ પડેછ ? શું તને એક કુત્રાંને મોહોતે મરવા ગમેછ ?"

"તે સિવાય બીજો રસ્તો નથી," દેલજંગે આંસુભરી આંખોએ કહયું.

"રસ્તો નથી ?" બારમાને તુચ્છકારથી કહયું; "મરજી હોય તો રસ્તા મોકળા છે અને વળી ઘણા છે. જયાં નહીં રસ્તા હતા ત્યાં મરજી હતી ત્યારે રસ્તા કરેલા છે ! છેલ્લાં પેલાં બંદીખાનામાં રસ્તો કયાં હતો ? ત્યાં જો તું મારી સાહેતાથી રસ્તો બનાવી શકયો,

તો આ બંદીખાનું એવડું મજબુત છે તોપણ એવડી મેહેનત ને એવડી ચોકારીથી તું રસ્તો નહીં બનાવી શકશે એમ તને માનવાજ કેમ ગમેછ ?"

"મારી ઓરતને આપેલા પાક કોલ પ્રમાણે તું જાણેછ." દેલજંગે કહયું, "કે મારાથી કશું અઘટીત કામ થવાનું નથી."

"તારી ઓરતની ઉમેદ તું કોઇ બી રીતે જીવતો રહે ને સુખરીતે તારાં પાપની તોબેશ કરે એ હતી," બારમાને જોશપર આવી તકરાર ચલાવી; "નહીં કે જલ્લાદને હાથ નીચ મોહોતે તું માર્યો જાય, અને એ તારી બાનુંનાં રૂહને ધુજાવનાર મોહોતમાંથી ઉગરવાનો તું એક રસ્તો લે નહીં ?"

આ તકરારથી દેલજંગ માહાત થયો. તેં ઘચુપચુ થયો. તેણે જોયું કે નાહસવાની એક જોગવાઇ તપાસવામાં કોઇ રીતનું અઘટીત આચરણ નથી, કેમકે જો તે નાહસી શકે તો એકાદ દુર ગામડાંમાં જઇ ભરાઇ, દુન્યાદારીની લાલચથી દુર થઇ, સદા પોતાની જીંદગી એક પાક એકાંતવાસમાં પસતાવાથીજ કાઢવાનો તેનો ખરો નિશ્ચય હતો !

"વળી નાહસવાની કોશેશ કીધાથી તારૂં જવાનું શું છે ?" વફાદાર બારમાંને દેલજંગને ઘચુપચુ થતો જોઇ જે તે એક રસ્તે ઉતારી દેવાને પોતાની તકરાર જારી રાખી; "જો પકડાયા તો તો અંતે બી મરવાનું ને એમ બી મરવાનું છે; એથી વધારે અથવા ઓછું

તો કાંઇ થવાનું છેજ નહીં, પણ જો ફાવ્યા ને બચ્યા તો ઓરત્થી બેહતર !"

"મારે કબુલ છે, અને હું તારો આભારી છુ" દેલજંગે વળી એક વાર બચી નાહસવાના ખ્યાલથી ઉશ્કેરાઇ આવી, ઉઠી ઉભો થઇ કહયું; "આજે રાત્રે હું તૈયાર છું."

"રાસ્ત કહ્યું," બારમાંને હસીને કહ્યું, " અને હવે ત્યારે રસ્તા તપાસવા જોઇએ. હા ! આએ ઠીક છે"–અંને તે દેલજંગને, પોતે યોજી કાઢેલી યુક્તિ સમજાવા પડયો.

"શરીક બારમાન," દેલજંગે મજબુતાઇથી કહ્યું, "આપણે આગળ વધીએ તે પેહેલાં મારે એકકરાર કરવો છે. જોકે તું આ જે જેહેમત અને જબરો જોખમ ખેડે છે તે તો મારે ખાતર છે, તોપણ તાહરી પાસ હું કબુલાત લેવા માંગુંછ કે આપણી નાહસની નડોનો નીકાલ કાઢવા આપણે કોઇનો જીવ લેવો નહીં. મારૂં ખુન બચાવા જતાં કોઇનું ખુંન રેડવું નહીં !"

"એમાં મારે કશી અડચણ નથી," બારમાંને કહયું; "હું તને આજે કેમ બચાવા માંગું છું તે મારી ગોઠવણ તું પુરી સમજી લે, ને તને જણાશે કે ગઇ વેળાથી ઉલટીજ કીસમની મારી ગોઠવણ છે. ગઇ વેળા એક પોહરેગીરનો આપણને જીવ લેવો પડયો હતો. આ વેળા તેવું કશું નથી. આ વેળા આપણે માંથે મેહેનતનો જોખમ વધતો છે, પણ તોબી અંતે સલામત ઉતરવાની મને આશા છે, માટે સાંભળ."–અને બારમાંને દેલજંગ આગળ પોતાની ગોઠવણનું બારીક બ્યાંન કીધું. તેણે આસુંભરી આંખે એક વાર

ફરી બારમાંનનો આભાર માન્યો કે તે ફરી એક વાર બંદી-ખાનાથી બાહેર નીકળ્યો, અને દેહજંમ અતી આતુરતાથી રાતની વાટ જોતો વળી એક વાર પોતાના ગમખાર વિચારો સાથે એકલો પડયો.

પ્રકરણ ૫૫ મું.

બીજો બચાવ.

વખત જેવું હઠીલું બીજું કશું નથી. કાંઇ રંગરામણી હોવ, કાંઇ ખુશી ખુશબખ્તીનો વખત હોય અને જ્યારે એવા સુખી સમે વખત લંબાય એવી આપણે દરેક પલે ઇચ્છા કરતા હોઇશું ત્યારેજ વખત જાણે ખાખસુસ વેહેલો વહી જશે, પણ જ્યારે એકલાં પડયાં હોઇએ, વખતને વેહેલો વહી જવાની દરેક પલે અતી અધીરાઇ પેદા થતી હશે ત્યારે આપણાં મોટાંમાગો કેહે તેમ વખત 'પાહાડ જેવો' લાગે છે! ત્યારે શું ખરેખર વખત એવો હઠીલો છે? આપણે જાંણીએ છીએ તેમ કશોએ નહીં. 'રાત નીઠતાં નીઠતી નથી,' ને 'દહાડો બોલ્ય બોલતાંમાં ઢળી ગયો' એ સઘળું માત્ર કેહવાનું છે. વખત તો કાયદાસર પોતાનું કામ મુગે મોંઢે કરી જાય છે. તે ધીમો નથી, તે ઉતાવળો નથી કે હઠીલો બી નથી, પણ કુદરતના કાયદા પ્રમાણે સૌ તે કીરતારની ડહાપણભરી ગોઠવણી પર ચાલ્યું જાય છે. ઇંગ્રેજીમાં કહે છે કે "Time and Tide wait

for no man," અને તે ખરૂંજ છે કે વખત (અને ભરતી) કોઇ માણસની સગવડને માટે થોભવાને રાજી નથી. તેઓ કોઇની સગવડ સંભાળવા આવતાં નથી, પણ આપણને આપણી સગવડો સાચવી લેવા વખતને સંભાળતાં શીખી લેવું જોઇએ છે.

બારમાનનાં ગયા પછી રાતની વાટ જોતાં બંદીખાનામાં પોતાના અધીરાઇભર્યા દુ:ખી ખ્યાલો વચ્ચે એકલા પડેલા દેલજંગને આજે વખત જેવો 'ભારી' લાગ્યો તેવો, તેણે વિચાર્યું કે, તેને તેની આખી જીંદગીમાં કદી લાગ્યો ન હતો, અને તેથી વખતનો કંટાળો કેમ વીટાડવો અને પોતાના દુ:ખી ખ્યાલોથી કેમ છુટા થવું તેને લગતાં તેણે તરેહવાર ફાંફાં માર્યાં, પણ તેને કશું સુઝ પડયું નહીં.

અંતે વખત ગયો ખરો. બારમાંન તેના આ છુટકારાને લગતી જે ગોઠવણ કરી ગયો હતો તે ગોઠવણમાં સુચવેલો વખત થયો, અને દેલજંગે ઉઠી બારમાન તેને તે ગોઠવણ સમજાવતાં સાથે લાવેલાં જે હથીઆરો આપી ગયો હતો તે પોતાનાં કંગાળ બીછાંણાં તળેથી છુપાવેલાં બાહેર કાઢયાં. રાબેતા માંફક એક પોહરેગીર દરેક બંધવાના ઓરડાઓ 'તપાસી' જઇ ચુકયો હતો, અને તેથી હવે ડર કશો નહીં હતો.

એ બંદીખાનું એક ઉંચા ઢોલાવપર અતી મજબુત દેવાલના એક કીલ્લા સરખું બાંધેલું હતું, અને એક લંબાણ ગલીમાં તેના ઓરડાનાં હારેદોર બારણાં આવેલાં હતાં. તે ઓરડા અકેકસે જોડેલા ન હતા. દરેક ઓરડાની દેવાલ ત્રીકોણાકાર હતી, અને તે ઓરડા છુટા પડેલા હતા, પણ તે સઘળાંને ફરતી એક વસાહતું

પાણી જવાની નળી છાપરાંથી અલગ બાહેર કાઢેલી હતી. આ નળી મજબુત લોખંડની હતી, અને તેનો પાણી નીચે જમીન પર કાઢ- વાનો બીજો છેડો દેલજંગના ઓરડાના બીજા નાકા પર છેક છેલ્લો આવતો હતો. બંદીખાનાના ઓરડાથી છાપરૂં અતી ઉંચું ઉઠાવેલું હતું, અને તે નળીથી અલગ હતું, એટલે તે નળી તેમજ છાપરૂં નીચલાં હેઠાણથી અતીસય મોટી ઉંચાઇનાં હતાં. વળી દેલજંગના ઓરડાની બાજુએ જે નળીનો છેડો હતો ત્યાંથી બંદીખાનાની 'બીલ- ડીંગ'માં દાખલ થવાનો મોટો દરવાજો હતો, પણ પેલા બીજા હાથપર ખાલી મેદાન આવેલું હતું, અને ત્યાં ઉંચી બંદીખાનાંની મજબુત દેવાલ વના બીજું કાંઇ હતું નહીં. . • •

અમોએ કહયું કે વખત થયો ને દેલજંગ ઉઠયો. રાતના અગ્યારના ટકોરા બંદીખાનાંનાં મોટાં ઘડીઆલમાં ધીમે ધીમે ઘેરા- યલા, ઘોઘારી સાદે થયા કે દેલજંગે ઉઠીને એક અણીદાર હથીયાર કાઢયું, ને તે બારણાં તરફ ગયો. છેક હેઠાંણમાં એક પોહરેગીર પસાર કરતો હતો તેનાં પગલાંના એકસરખા પડતા સાદનો ધીમો અવાજ ઉપર દેલજંગને કાને આવતો હતો, પણ છેલ્લી પાંચ મીનીટથી તે મુતલગ બંધ પડી ગયો હતો, એટલે દેલજંગે માનીને તુરત નકી કરી લીધું કે બારમાને પેલા પોહરેગીરને માહાત કીધો હતો; પણ કદાચ વાંચનાર પુછશે કે કઇ રીતે? શું બારમાને તેનો જીવ લીધો? જીવ નહીં લેવાને તો સુધરી ગયલા દેલજંગને તેણે વચન આપ્યું હતું ત્યારે કેમ? ખુલાસો સેહેલ છે. બારમાન એક એવી જાતની નાહની સીરોઇ મેલવી શકયો હતો કે જે સુંગાડવે કોઇપણ

માણસ કલાકો સુધી તેની કેદમાં પડી રહે, અને તેનો તેણે ઉપયોગ કર્યો. તેણે અંધારાંમાં છુપાઇ રહી તે પોહરેગીરની હીલચાલ તપાસી, અને તક મલતાં દાવ સાંધી તેણે તે પોહરેગીરપર ફતેહ મેલવી. પણ વળી સવાલ ઉઠશે કે બારમાન હચાં અંવ્યોજ કયાંથી? તે બંધ દરવાજાઓમાંથી આટલા સખ્ત ચોકી પોહરા છતાં માંહે આવી કેમ શકયો? પણ બારમાન ખરેખર તો બાહેર ગયો હતોજ નહીં. જ્યારે તે દેલજંગ પાસેથી સઘળી ગોઠવણ કરી નિકલ્યો ત્યારે હેઠેનાં મેદાનમાં કોઇ નહીં હતું, અને તેણે જોઇ રાખેલું હતું કે ત્યાં કોરડા દહાડાઓપર ખપને સારૂ પાણી ભરી મુકવાનું એક ગંજાવર પીપ હાલ ખાલી પડેલું હતું, માટે તે ઉપર કોઇનું દયાન નહીં જાય એવી હાલતમાં તે કાંઇક દહાડાઓથી એક ખુણામાં પડી રહેલું હતું, બારમાને એ સઘળું હોસ્યારીથી તપાસી મેલ્યું હતું અને તેથી તે બાહેર જવાને બદલે તે પીપમાં કુદી પડી સાંજથી અંદરજ ભરાઇ રહયો હતો, ખરૂં કે જીવ સટોસટની વાત હતી, પણ આપણી વારતાના સફા ઉપર બારમાનને દેલજંગ તરફ ઓછી વફાદારી બતાવતો આપણે જોઇ આવ્યાં નથી.

એ મુજબ હવે પોહરેગીરને 'ઠેકાણે પાડી' બારમાન પેલી ઉંચી સીડી ચઢી દેલજંગના ઓરડા ભણી આવ્યો, ને તેનાં બારણાં પર ધીમા ટકોરા માર્યા. દેલજંગે તેજ રીતે ઠરાવ પ્રમાણે પોતે તઇયાર છે એવું બતાવવા તેનો જવાબ વાલ્યો, અને પછી એક હથિયાર વડે પેહેલાં બારણાંમાં એક મોટું બાકોરૂં પાડવા માંડયું. આ કામ કાંઇ 'ખાવાનું' ન હતું, અને તેટલાં બારમાન ધીરજથી બાહેર ઉંબર

પર બેસી રહયો. આ બાકોરૂં અથવા ગાળો તઇયાર કરતાં દેલજંગને બરાબર પોનો કલાક લાગ્યો, ને તે પરસેવે ગરકાવ થઇ ગયો. આ કામ પાર ઉતારવા પછી દેલજંગે જરા દમ ખાધો અને એક નાહની કરવત તેણે તે ગાળામાંથી બાહેર કાઢી. બારમાન બાહેરથી ઠંડે કલેજે બેસી આ સઘળી હીલચાલો તપાસતો હતો તે હવે ઉઠયો, અને તેણે બાહેર પેલી કરવત પકડી, અને પછી જેમ બન્યું તેમ અલગા હાથે બારમાને અને દેલજંગે સાથે મળી બાહેરનાં મોટાં તાલાંના નકુચાની આસપાસનો બારણાંનો ભાગ કાપી કાઢવા માંડયો. તાલું એટલું સખ્ત હતું કે ખોટી કુંચીઓએ ઉઘાડવું કે પથરાઓએ ભાંજવું સરતાપા મુર્ખાઇ હતી, અને તેથી આ રસ્તો ઘણો સવલ હતો.

અંતે બારણાંનાં તાલાંની આસપાસનો ભાગ કપાઇ રેહતાં નકુચામાંથી તાલુ છુટુ થઇ શકયું, પણ એ ઉપરાંત બીજી સાંકલો વગેરેની જે નડો હતી તે સઘળી દુર કીધા પછી ઘણી મુશકેલાઇએ બારણું ઉઘડયું ત્યારે દેલજંગ અને બારમાન બેઉ જણાં બાહેર કાઢી કુતરાંની પેઠે હાફ્તા હતા એવી તેમની જેહમતભરી જબરી મેહેનત હતી, પણ હજી વધારે જોખમભરી મેહેનત-તો પાછળ આવનાર હતી!

ખુલ્લી હવામાં ફરી એક વાર નિકળવાથી દેલજંગને ઘણો આરામ થયો, પણ તે લાંબા વખતનો હતો નહીં, કેમકે વધારે જેહેમત હજી રહી છે તે વાતની તેને તુરત યાદ આવી ગઇ. અમો ધારચે છીએ જે વાંચનાર સમજી ચુકયાં હશે કે દેલજંગ અને બાર-

માંન પેલી પાણી જવાની નલી પરથી નાહસનાર હતા. આ નલીના બે છેડાજ માત્ર છાપડાં સાથે લાગેલા હતા ને બાકીની સઘળી છાપડાંથી લગભગ એક ફુટ અલગ હતી. આ નલીજ એક જીવ સતોસત જોખમ-ભર્યો રસ્તો હતો. મોટા દરવાજાપરથી તો જવાય નહીં, પણ જો આ નલી પસાર થાય તો બાહેર ખુલ્લાં મેદાનમાં પડી કોઇને સ્વપને ખ્યાલ નહીં થાય તે રસ્તે તેઓ નાહસી જઇ શકે. પણ નલી ફતે-હમંદીથી પસાર કરવાની જામીનગીરીજ કયાં છે? શું નલી દેલજંગ ને બારમાંનનો બંનેનો એકી વારે ભાર ખમી શકશે? શું તે મરડાઇને લચી પડી ભાંગી જશે નહીં? અને તેથી અથવા જરા બી 'બેલન્સ' ખોહતાં કેટલાં ભયંકાર હેઠાંણમાં ગબડી પડી કટકા બુકલા થઇ જવાનું હતું! તે ઉપરાંત નલી પસાર કરતાં જો કાંઇક અકસમાતથી દરવાજાપરના કોઇ પોહરેગીરે જોયું તો! દેલજંગને તો કોઇ બી રીતે મરવાનું હતું, પણ બારમાંન દેલજંગપર જીવ આપવાજ બેઠો હતો, એટલે નાચારીએ સઘળી રીતીએ આ અતી ભયંકાર અખતરો અજમાવા પર દેલજંગ મંડયો હતો.

થાક ખાઇ લઇને દેલજંગે નલીના નીકળી આવેલા ડુંગરાઓપર પગ મેલી ચઢવા માંડયું, અને બારમાનને પોતાથી ઘણું છેટું રાખવા કહયું, કાંએકે આ ના દેખાઇતુંજ હતું કે બંનેનો સામટો ભાર પેલી નલી કદી ખમી શકે નહીં.

દેલજંગ ઉપર ચઢયો. છાતી ધડક ધડક થતી હતી. કેવી લાંબી નલી પસાર કરવી હતી! એક તાંતણે તેનો જીવ વળગેલો હતો, અને તેની સાથે બારમાંનના પણ તેજ હાલ હતા. પોતાની મરનાર બાંનુને

ત્યાદ કરી અને યજદાંનનું નામ ખરાં જીગરથી મુખ ઉપર લઇ દેલ-જંગે ચાલવા માંડયું કે પછવાડેથી બારમાંને નલીપર ચઢવા માંડયું. દેલજંગનાં દરેક પગલે કમબખ્ત નલી લચી પડતી હતી, અને તે અતીષ્ય મુશ્કેલાઇએ અધવચે પુગો એટલે તો તેને લાગ્યું કે નલી ભાંગ્યા વના રેહવાની નથી. તે તેથી ગભરાઇને ઉભો રહી ગયો. કે પછવાડે બારમાન પણ ઉભો રહી ગયો.

"ખુદાને ખાતર, દેલજંગ," બારમાને ધીમા સાદે કહયું. "બોલ એ શું છે?"

"આ નલી આપણો ભાર ખમતી નથી," દેલજંગે તેવાજ ધીમા ધ્રુજતા સાદે કહયું; "તે જરૂર ભાંગી જશે."

"જે બને તે ખરી," બારમાંને કહયું; "આગળ વધવુંજ પડશે. પાછું હઠવાનું કદી બનશેજ નહીં."

"તો તો મુવા વના પણ છુટક નથી!" દેલજંગે કહયું. "આ નલી હયાં મારા પગ હેઠળ છેકજ લચી પડી છે, ને બીજું પગલું ઉઠાવતાં તે જરૂર ભાંગી જવાની છે."

બારમાને જરા વિચાર કીધો, અને કમરેથી એક સાહુચેતીથી તૈયાર રાખેલો દોરડાંનો વીટો કાઢયો. તેણે એક જોરથી તેનો એક ગાલો કરી સારાં નસીબે પાસેજ એક મીનારો આવેલો હતો તેની આસપાસ નાંખ્યો, ને એક છેડો પોતે પકડી રહી બીજો દેલજંગને આપ્યો. આ દોરડાંનો ગાલો ભેરવવા જતાં બારમાંન એક કોઇ ખુદાઇ ચમત્કારથીજ બચ્યો, કાંકે તેનો એક પગ નલીપરથી બીલકુલ

ખસી ગયો હતો, ને તુરત તેણે તે સાચવી લીધો ન હોત તો એક આંખના પલકારામાં ઘુમરી ખાઇ હેઠળ પડતે।

"આ દોરડાંનો એક છેડો તાંણી પકડી હું ક્યાંજ ઉભો રહું છું," તેણે દેલજંગને અતી ધીમા સાદે કહ્યું, "અને આ બીજો છેડો તાંણી પકડી સઘળો ભાર દોરડાંપર રાખી તું અલગે પગે એ નલીનો વચલો ભાગ પસાર કરી જા એટલે કાંઇ નહીં. પછી પેલે નાકે જઇ તું દોરડું તાંણી પકડજે ને હું તેજ રીતે અલગે પગે આવશ, પછી તેમ કરતાં જે બને તે ખરી।"

અંતે બીજો રસ્તોજ ન હતો એટલે બારમાને મીનારાની આસપાસ નાખેલાં દોરડાંનો છેડો તાંણી પકડયો, કે બીજાપર પોતાનો ભાર લઇ દેલજંગે ઘણાજ અલગે પગે નલીપર ચાલવા માંડયું. ઓ, તે ધાસ્તીભરી પલો। પણ નલીનો ભાગ પુરતો અને ઘણો લચી પડવા છતાં તે ભાંગ્યો તો નહીંજ, ને દેલજંગ તે પસાર કરી જઇ શકયો. તેવીજ બીજી થોડીક ધાસ્તીભરી પલો, ને તેજ રીતે બારમાંન દેલજંગને આવી મળ્યો। દોરડું એ પછીથી મીનારાની આસપાસથી કાઢી લેવામાં આવ્યું, અને તેઓ ઉપર ચઢયા હતા તે રીતે નલીનાં ડુંગરાઓ ઉપર પગ મેલી હેઠે મેદાનમાં ઉતર્યા. દેલજંગ દલેર ફરી એકવાર મોટા જોખમો વચ્ચેથી પણ છુટો થયો॥

પ્રકરણ ૫૬ મું.

શીરીન.

દેલજંગ અને છેલ્લા સઘળા બનાવોમાં તેનાં લાગતાં વળગતાંઓ સાથે નીકળી આવતાં સુંદર શીરીનને આપણે છેકજ વીસારી મેલી છે. તે પરણી ચુકી છે, અને સઘળા સદગુણો પછીની આજનાં તેનાં સુખથી અમારાં બાનું-વાંચનારાંઓ માંહેલી કઇ સદગુણી નાર શીરીનનાં સુખથી ખુશી નહી હશે? નેકી અને બદીનાં બે ચિત્રો આપણી હજુરમાં ઉભાં થવા કેડે બંને તેમનાં કેવાં યથાર્થ સેવટોએ પોંહોંચ્યાં છે! ભાગ્યહીણુ પરીનનાં મોહતપર આપણે દયાથી દુ:ખી થઇશું, તોપણુ તે એક ખતાવાર નાર હતી એટલે એવી એક મનની નબલી નારીની હલકાઇ માટે આપણુને સ્વભાવીક ગુસ્સો પેદા થયા વના રેહતો નથી, કે જ્યારે શીરીનનાં સુખી સેવટમાં આપણે તેણીની નેકીની એક ખરી ઘટતી નવાજેશ જોઇએ છીએ, એટલે આપણુને હરખ પેદા થયા વના રેહેતો નથી.

શીરીન નોઝરનાં સુખમાં સુખી છે. તેને કશી જંજાલ નથી. તે પોતાનાં વ્હાલાંઓની ગોદમાં છે. ખાવંદના અને એક બાપતોલના મમાવાનાં પ્યારભર પાસાંમાં છે, કે જેઓ તેનાં દરેક સુખની કાલજી ધરાવે છે. નોઝર સુંદર શીરીનને લઇ તેના મમાવાના બંગલાથી થોડે-કજ દુર એક બીજા નાહના સુંદર બંગલામાં રહેલો છે, અને આજે જ્યારે ઘણું એ અમો શીરીનને અમારાં વાંચનારાં સાથે મેળવે છીએ

ત્યારે તેનો ભરથાર તુરતનો બાહેર ગયેલો છે. તે દેલજંગના 'કેસ'ને લગતીજ કાંઇ ખટપટ સારૂ ગએલો છે, અને પોતાની પ્યારી નારને તુરત પાછો આવવાનું વચન આપી ગયો છે. શીરીન એકલી છે અને બારી આગલ ખુરસી ખેંચી નીચેના બાગના કયારાઓપર નજર રાખી તે ધીમા, મધુર, ઠંડા, શીરીન હલકે એક દીલબેહલાવનારૂં ગાયન ગાય છે. તેણીના મીઠા સ્વરો હરેક સાંભળનારને ખુશીથી બેતાબ બનાવે છે, પણ તે પોતાનાં ગાયન'વચ્ચે ચોંકી ચુપ થાએ છે! એ શું છે? કોઇ બુઢો ગ્રહસ્થ તેના બાગમા ધસી આવ્યો, અને તેણે હેઠલા ખણુનું બારણું ઠોકયું. એક નોકરે તે ઉઘાડયું ને શીરીને બારીએથી સાંભળ્યું તો નોકરને તે ડોસા વચ્ચે નીચલી વાતચીત થઇ:—

"તારા શેઠ ઘરમાં છે?"

"નહીં સાહેબ, હમણાંજ બાહેર ગયા."

"તારાં બાઇ ઘરમાં છે?"

"હા, સાહેબ."

"ઓર બી બેહેતર; મને લઇ જા તેઓ આગલ તાકીદે. મારે તેઓ જોડે કાંઇ ઘણીજ જરૂરની વાત કરવી છે."

નોકર દાદરપર ચહડયો તેની પુઠે તે ડોસાને ઉપર આવવાનાં પગલાં વાગ્યાં. શીરીન ગભરાઈ ગઇ. એ કોણ? એ પારકો મર્દ તેને કેમ પુછતો આવ્યો? નોકરે અલગું બારણું ઉઘાડી ડોસાને અંદર દાખલ કીધો ને પોતે જતો રહયો, કે તેણે અંદર જઇ

પોતાને હાથે બારણું બંધ કરી સાંકળ પુરી! શીરીનના ગભરાતનો સુમાર રહયો નહીં,

"ગભરા ના બાઇ," તે ડોસાએ કહ્યું; "હું તને ઇજા કરવાનો નથી. હું તને અજાણ્યો નથી." અને, એમ કેહતાં, તે ડોસાએ ધારણ્ કીધેલો લેબાસ અને ઉપર પેહેરેલી ખોટી દાહાડી વગેરે કાઢી નાંખી તો દેલજંગ દલેર શીરીન આગલ "કેરસાસ્પ બીન ગહસ્તમ" તરીકે ખડો થયો!

વાંચનારને યાદ હશે કે શીરીન દેલજંગને 'દેલજંગ' તરીકે પીછાણતી નથી. તે જાણે છે ખરી કે જાણીતો લુટારો દેલજંગ પકડાયો છે ને એક રાસ્તીના હક ખાતર તેમજ દેશ તરફની એક પાક દાઝ સારૂ તેને પકડી આપવાનું કામ તેના ખાવંદેજ કીધું છે. તોપણ તે બંદીખાને પડેલો દેલજંગ દલેર તેજ તેણીને રસ્તામાંથી ઉપાડી લઈ જનાર તેનો રખેવાલ કેરસાસ્પ છે એમ તેને જરા વીચાર વટીક હતો નહીં. કયાંથી હોય? શીરીનના મમાવાએ એ વાત ખસુસ કરીને ખાનગી રાખવાને મુનીમને તાકીદ કરી હતી, તે તેથી તેઓ બે જણ વગર બીજું કોઇ એ વાત જાણતું ન હતું.

"અરે," શીરીને આ બેગાના મર્દ સાથ પોતાને ઓરડામાં એકલી પડેલી જોઇ ગભરાતથી કહયું, "વળી તમેં હયાં કેમ આવ્યા? તમો મને એક વાર રસ્તાપરથી ચોરી લઇ ગયા હતા તે વાત મને યાદ છે, અને ત્યાર પછી ઘણુંએ આજેજ હું તમને પાછી જોઉ છું. બોલો, તમો શું માંગો છો?"

"હું તારી પાસે, શીરીન, આસાએસ, આસરે અને ખોરાક માગું છું," દેલજંગે મુશ્કલ થાકથી ધબ દઇ ખુરસીમાં બેસી જતાં કહયું, "મારો હાલ બહુ માઠો છે મારાં અંગમાં તાઢ અને તાવ ભરાઇ આવી છે. મને કાંઇ પહેલાં પીવા ખાવા આપ."

"મારા ખાવંદની વગર રજાએ હું શું કરી શકું?" શીરીને નાચારીથી કહયું; "કદાચ તેઓ એક બેગાના મર્દપર એમ ધ્યાંન આપવા કાજે મારી ઉપર ગુસ્સે ભરાશે."

"તારો ખાવંદ?" દેલજંગે ધીમા ગમગીન સાદે કહયું, "તારો—તારો ખાવંદ તે પેલો નોઝર છે?"

"હા, તમો તેવણુને ઓળખોછ?" શીરીને વળી ઉસ્કેરાઇ આવી કહયું; "ઓ તે કેવો દયાલુ, સખી, ભલો છે, અને તોપણ—"

"શીરીન, તું સવાલ કરેછ કે હું તેને ઓળખુંચ?" દેલજંગે અતી દુ:ખથી કહયું; "તે મારો હરડતો દુશ્મન છે તેનેજ હું કેમ નહીં ઓળખું?"

"તમો ભુલ કરો છો; તમો મારા નોઝરને ગેરઇન્સાફ આપો છો," શીરીને નેણુ ચઢાવી ગુસ્સાથી કહયું; "તેનો દુશ્મન તો એકજ છે ને તે તો હમણાં બંદીખાનામાં છે."

"નહીં, શીરીન," દેલજંગે ઘણા ગમગીન સાદે કહયું; "તેજ તારા ભરથારનો એકલો શતરૂ હયાં તારા સનમુખ તારા ઓરડામાં છે!"

"દેલજંગ દલેર!" શીરીને માહા ગભરાતથી ચીચીઆરી પાડી કહયું; "તમો દેલજંગ દલેર!"

"હા, પણ અરે આ શું ?" દેલજંગ ચોંકી ઉઠી બોલ્યો; "આ બારણું કેમ ખખડયું ?"

તે બારણાં આગલ ધસી ગયો, તે ઉઘાડયું ને બાહેર જોયું, પણ બાહેર કોઇ હતું નહીં એટલે બારણું ઢાંકી તે પાછો પોતાની જગ્યા પર આવી બેઠો.

"અરે હવે હું શું કરૂં ? કાંહાં જાઉં ? કોણુને તેડું ?" અને શીરીનનો ગભરાત વધતો ચાલ્યો.

"શીરીન, તું મારાથી ના ગભરા," દેલજંગે ઘણા ભારથી કહયું; "હું તને કશું કરનાર નથી, હું તને હયાંથી લઇ જવા આવ્યો છું."

"મને ?" શીરીને પોકાર મારી કહયું.

"હા, તુંને !" દેલજંગે દુઃખથી બોલવાનું જારી રાખ્યું; "આજનો દેલજંગ દલેર તે આગલો દેલજંગ દલેર નથી. બાઇ, હું સુધરી ગયો છું; હું બદલાઇ ગયો છું. રૂપેરંગે તેમજ ચાલચલગતે હું એક નવો માણુસ થયો છું, અને મારાં ભારી પાપો પસ્તાવાથી હલકાં કરવા હું દુનીયાનાં એક ખુનામાં એકાંતવાસમાં જઇ રહું ત્યાં મારાં દુખમાં દીલાસો થવા ને તારા પ્યારા હાથોમાં સુખે મરવા તને સાથે લઇ જવા આવ્યો છું."

"પણુ મનેજ કાંએ ?" શીરીને ઉશ્કેરાઇને પુછયું; "મારાપર તમારો હક શું છે ?"

"એક બાપનો હક !" દેલજંગે ભારથી કહયું.

"હા, પેલાં ઉતારૂખાનાંમાં તમો મારા વાલી હતા, પણ તમોએ તો મને નીચ સંગતમાં મરતી મુકી હતી, અને મારા મમાવા તરફથી મલતી સઘળી રકમ તમો ખાઇ જતા હતા," શીરીને દુઃખી યાદ આપી.

"આજે તે યાદ હયાં આવી ખુટે છે," અને દેલજંગે પોતાની છાતીપર જોરથી હાથ મારગો, "મારાં બીજાં પાપોની સતાવણી વચ્ચે એ પાપ મને ઓછું દુઃખી કરતું નથી."

શીરીનને દેલજંગને એમ બોલતો સાંભળવામાં આજે કાંઇ અજબ દયા, દુઃખ અને બીજા હરેક જુસ્સાઓ થયા, ને તે સઘળું ભુલી જઇ તે ખુરસીપર પડેલા દેલજંગ આગળ વાતમાં રસ લઇ ખુરસી તાંણી બેઠી।

"બેસ શીરીન બેસ," દેલજંગે આંખોમાં આંસુ સાથ કહયું, "મારાં પાસાંમાં બેસ, તારા દુઃખી અભાગ્યા બાપના પાસાંમાં બેસ!"

"મારો બાપ?" શીરીન એક ચીચીઆરી પાડી ઉઠી.

'હા, તારો બાપ!" દેલજંગે હવે ડચકાંથી ગુંગલાતાં કહયું, "શીરીન મારી દીકરી, તારો બાપ કેહેવાવાને આજે હું લાયક નથી. મને ધીક્કાર, મને દુર કર, અને તોપણ મારી બેટી, તે કીરતારના કસમથી હુ કહુ છું કે હું તારો ખરો હકદાર બાપ છું!"

શીરીન બીજું સાંભળવા થોભી નહીં. દેલજંગનાં બોલવામાં એવી તો એકસરખી હૃદયભેદક ગંભીરતા સમાઇ હતી કે તેનાં એ બોલવાની સચ્ચાઇ વિષે તો કશો શક રહયોજ નહીં. તે ઉઠીને પોતાના બાપની બગલમાં જઇ પડી. અને દેલજંગે અને શીરીને સાથે આંસુ ભેલ્યાં.

કેવા કરપીચુને શીરીન બગલગીરી કરતી હતી તેનો વિચાર કરવાને તે સુંદરી થોભી નહીં. પોતાના બાપનેજ તે જોતી હતી તે વના આગલું પાછલું જોવા, સાંભળવા કે વિચારવાને તેવે આંખ કાન થા ભેળ્યું નથી!

"ઓ બાપ! ઓ બાપ!" શીરીન દેલજંગની છાતીપર માથું નાંખી ડચકાં ખાતી બોલી, "મારા અભાગ્યા પીતા––"

"શીરીન," અને દેલજંગનો સાદ પણ ડચકાંમાં ડુબી જવાથી ભાગ્યેજ સાંભળી શકાતો હતો, "તું શું મને ધીક્કારતી નથી? તું મારાથી કમકમતી નથી?"

"તમે ગમે એવા પણ મારા બાપ છેઓ તો મારાં મકાનમાં–મારા પાસાંમાં–મારા ખોલામાં તમો સુખથી મરશો," શીરીને ઉશ્કેરાઇ આવી કહયું. "ઓ બાપ, તમારા આ હીના દહાડામાં હવે હું તમોને એકલા મરવા દેવાની નથી. આ મકાંન તમારૂંજ થશે."

"આફરીન, મારાં બચ્ચાં!" દેલજંગે પોંતાની દીકરીને બોસા લઈ કહયું; "બેટી, તને ભેટયા પછીથી મારી છાતીના ચમટા મારાથી ખમાતા નથી. ઓ તારૂં નખ્ખોદ મને નવી યાદોએ નવેસર દુઃખી કરે છે."

"પસ્તાવો કદી મોડો થતો નથી, મારા પીતા," શીરીને તેની છાતીપર પડી સધ્યારો આપ્યો, "તમારાં પાપો મોટાં છે પણ તે ખરાં જીગરના પસ્તાવાથી ધોવાઇ જશે. તમો મરશો નહીં, તમો જીવશો. હું મારા ભરથાર પાસ અરજ ગુજારશ ને તે તને બચાવી લેશે."

"અને હવે હું ખરાં સુખથી મરશ, મારી દીકરી," દેલજંગે ઘણા સંતોષથી કહયું; "હું મરતાં જાંણશ કે મારા પછવાડે

ધીક્કાર નહીં પણ દયા, ગુસ્સો નહીં પણ પ્યારનાં આંસુ ખેરવનારો એક પ્યારો જીવ મુકીને હું મરૂં છું!"

અને વળી દેલજંગ રડી પડયો. શીરીન તેને બાઝી તેની છાતીપર માથું નાંખી રડતી હતી. ખરેખર, આ એક અતી અસરકારક, મહા કરૂણારસ અને તોપણ અજાએબ દેખાવ હતો! વરસોથી પાપમાં ડુબેલા એક અપરાધીના ખોળામાં એક તદન પાક, સાફ, સુંદર છોકરી પડેલી હતી!

પણ તેટલાં બારણું જેને સાંકલ દીધેલી હતી તે એક કડાકા સહીત ઉઘડી ગયું, ને નોઝર ખીજવાટાના ડોલા કકડાવતો બારણાંમાં આવી ઉભો.

શીરીન તેનાં આંગપર ધસી ગઇ. પણ તેને આંચકો મારી છેડાયલા નોઝરે જઇ દેલજંગને ગળચીમાંથી પકડયો.

"ઓ છોડ, છોડ, પ્યારા નોઝર," શીરીન દુ:ખથી રડીને અતી ઉશ્કેરાઇ બોલી, "એને મુકી દે."

"કદી નહીં," નોઝર ઘણોજ ખીજવાઇને બોલ્યો; "શીરીન, તું શું દેવાંની થઇ છે?"

"હા, હું દેવાની થઇ છું," શીરીને કહ્યું, "મારા ભરથાર; જો એ બચશે નહીં તો હું ખરેખર દેવાંની થઇ જવશ."

"શીરીન," નોઝરે કહયું, "તું બીજું જે કેહશે તે બનશે, પણ આ માહા પાપીને કદી બચાવી શકાવાનું નથી."

"પણ એને બચાવવો પડશેજ."

"કદી–કદી બનશે નહીં."

"અફસોસ, મારા ખાવંદ," શીરીને ઘણીજ ઉશ્કેરાઇ આવી કહ્યું, "તું શું કરવા તાંપે છે તે તું જાંણતો નથી."

"હું મારા વગર મોહતે મુવેલા બાપનું વેર લેઉંછ તેજ મને ખબર છે."

"ત્યારે ઓ અભાગ્યા ખાવંદ, તારા બાપનાં ખુંનમાં તું શું મારા બાપનો ખુની થશે?"

"તારો બાપ?"નોઝર ગભરાઇને દેલજંગને પડતો મેલી બે ચાર પગલાં પાછળ હટી જઇ બોલ્યો; "શીરીન, તારો બાપ?"

"હા મારો બાપ! મારો કમબખ્ત હકદાર પીતા!"

"ખુદા મને માંફ કરો," અને નોઝરે આંખે હાથ ઢાંકી દીધા– "હું તો સરકારના માણસોને અતરે તેડતો આવ્યો છું, જેઓ હમણાં અતરે આવશે, પણ અરે–"

નોઝર અચકી ગયો. દેલજંગ જયાં બેઠો હતો ત્યાં તેનું માથું તેની છાતીપર જીવ નિકળી ગયો હોય તેમ ઝુમી પડયું.

શીરીને એક દુખી ચીચીઆરીથી આખું ઘર ગજાવી મેલ્યું.

"શીરીન, નોઝર," દેલજંગ મરતા સાહદે ધીમે ધીમે બોલ્યો, "હવે કોઇ ગભરાઓ ના. સત્તાવાલાઓનો ડર કરો ના. આ ઘરમાં મારૂં મરવું સરજેલું છે. મારી પાંક ગીઠી દીકરી, તારા ખોલામાં હું

મરવાજ આવ્યો છું. મારો છાતીમાં લાહે બળે છે. ઓ ! પેટમાં આગના સોલા ઉઠે છે—મને કોઇ પાંણી-પાંણી--"

શીરીન પાંણી લેવા દોડી નહીં પણ ઉડી, પણ તેટલાં નોઝરે તેને પાછી તેડી લીધી. કમબખ્ત દેલજંગનો જીવ ખરેખર તેનાં પાપી ખોલીયાંમાંથી નીકલી જતો હતો. તેણે શીરીનનો હાથ પોતાના ફીકકા પડતા જતા ધ્રુંજતા હાથમાં લેઇ પોતાની આંખમાં ચાંપ્યો, પણ તેજ વેળા તે પાછો તેના હાથમાંથી સરી પડયો, અને તેનો પોતાનો હાથ અશકત થઈ પડી ખુરસીની બાજુએ ઝુલાઇ પડયો— એક પલ, અને મોંને વાટે દેલજંગ દલેરને લોહીનું એક ગોટું ગચકરં પડયું, જેની સાથે તે પોતાની દીકરીના ખોલામાં મુરદુ થઇ પડયો. દેલજંગ દલેરનો જીવ તે ગચકરાં સાથ નિકળી ગયો, ને શીરીન એક કાન ફોડી નાખનારી ચીચીઆરી પાડી પોતાના કમનસીબ બાપનાં મુડદાં પર બેસુધ્ધ થઇ પડી ।

સેવટ.

શીરીનની મરનાર માતા જ્યારે દેલજંગ સાથે પ્યારમાં પડી ત્યારે તેને તે એક આબરૂદાર જવાન સમજી હતી, અને તેથી તે પરીનથી ઉલટી રીતે પોતાના પીતાની ઉપરવારી થઇ તેનાસે પરણી હતી, પણ થોડા મહીના તે અબળા સાથે રહીને દેલજંગ તેને તજી ગયો. એ પછીથી એક બેટીને તે બાઇએ જન્મ આપ્યો હતો તે સઘળું

આપણે વાંચી આવ્યાં છીએ. શીરીનને તેના મમાવાએ તુરત વેળા પોતાની બેટી તરીકે કબુલ રાખવાને મોટા ધીકકાર સાથ ના પાડયું; ને દેલજંગની સાથ તે વેળાએ મેળાપ થઇ જતાં તેના પર (દિલ-જંગ તરીકે નહીં પીછાણવાને લીધે) તેનાં ઘાતકીપણાં માટે ફીટકાર વરસાવી એક રકમ આપતી કરવા કરી, જે રકમનાં પેટાંમાં શીરીનને તેની સંભાળ હેઠળ ઉછેરવાનું શીરીનના મમાવાએ તેને સોંપ્યું. દેલજંગે એ ઉપરથી શીરીનની કશી પણ દરકાર કર્યા વના તેને એક હલકી સંગતમાં રાખી, અને આપણે જાણીએ છીએ તેમ ઘણું પોતે રાખી થોડાંથી તે પેલાં પાપી ઉતારખાનાંવાળાંઓને શીરીનની પરવશી ખાતર તૃપ્ત કરતો હતો. એ પછી શીરીનને નોકરે છોડવી, ને દેલજંગ નાણાંનું નકકી કરવા શીરીનના મમાવાના મુનીમ તેહેમાસ્પની પેઠી પર તેણીને રસ્તામાંથી ઉપાડી લઇ ગયો, ત્યાર પછીથી તે બંદી-ખાનાંમાંથી છુટીને નાહસી ગયો ત્યારેજ તેના મમાવાને ખબર પડી કે તેની કમનસીબ બેટીનો ભરથાર તો દેલજંગ દલેર હતો! જો વાંચનાર એ પાછલાં પ્રકરણો યાદ કરશે તો જણાશે કે તેમાં શીરી-નનો બાપ એવો મહા પાપી હતો તે વાત જાહેરમાં નહીં આવે તેની તે ઉમરાવે ઘણીજ સંભાળ લીધી હતી, અને તેથી શીરીન આજ વેર તેનો બાપ કોણ હતો તે વિષે તદનજ અંધારાંમાં હતી.

દેલજંગ શીરીનનાં ઘરમાં તેણે કહયું તેમ તેણીને પોતાની સાથે લઇ જવાજ આવ્યો, પણ લઇ જઇ શકયો નહીં. તેનું આ ઓચીંતું મરણ તેની છેલ્લી માંદગી અને પરીન તથા દારાબનાં મરણના મજબુત ઘા ઉપરાંત બંદીખાનામાંથી નાહાસવાની પાર વનાની મેહેનત સાથ શીરીનને ઘર

પોંહોચવાંની મુસાફરી, તથા ત્યાં શીરીનની ભલાઇથી ઉપજેલા પ્યારના દીલમાં થએલા જોરાવર ઉછાળા અને જોશ વગેરેથી તેનું દીલ ફાટી ગયું હતું તેથી થયું હતું. દેલજંગ પર એ સઘળા ઘસારાની એકદમ અસર થઇ, જેનાં પરીણામમાં તે અચણુચ લોહી ઓકી મરી ગયો.

નોઝર (દેલજંગ) આવ્યો ત્યારે બાહેર ગયો હતો પણ તે બંદીખાનમાંથી નાહસી ગયો હતો તે વાત ખબર પડતાં તે ઉતાવળમાં પાછો ઘર આવતો હતો તેટલાં દેલજંગને ઘરમાં દાખલ કરનાર તેનો નોકર તેને મળ્યો. તેણે બારણાં પછવાડે ભરાઇને શીરીન ને દેલજંગની પેહેલી વાતચીત સાંભળી લીધી હતી (અને તેનાંજ નાહસી જવાથી બારણું હાલ્યું ને દેલજંગ ગભરાયો હતો) માટે દેલજંગને પોતાનાં નામનો એકરાર કરતાં સાંભળેલો હોવાથી ગભરાતમાં તે પોતાના શેઠને સોંપવા નાઠો હતો. તેણે નઓજવાન દેલજંગ શીરીનના ઓરડામાં ભરાયો છે એવી મકસદની નોઝરને ખબર કરવાથી તે ગભરાતમાં દોડતો આવ્યો હતો, જ્યાં શીરીનને તે પાપીનાં પાસાંમાં ભરાયલી જોઇ તેને તરેહવાર ખ્યાલો થયા, ને તેથી તેણે બીજવાતો અંદર આવતાં નોકરને સરકારના માણસોની મદદ લઇ આવવા દોડાવ્યો હતો, જેઓ દેલજંગ મુડદું થઇ પડયો તેજ વેળા આવી પોહોંચ્યા, પણ તેમને નીરાશ થઇ પાછું વળવું પડયું।

દેલજંગનાં મુડદાંને ઠેકાંણે પાડવામાં આવ્યું, ને તેનાં ખુદરતી મોહોતની ખબર સારાં શેહેરમાં ફેલાતાં હવે સૌ કોઇ તેની ખરેખરી દયા ખાવા લાગ્યું !

શીરીનને પોતાના બાપનાં જડવા પછી તુરતજ નીપજેલાં મરણથી ભારે જખમ થયો, પણ તેણીના ભલા ખાવંદના પ્યારમાં તે જલદીજ પાછી ખુદાની મરજીને આધીન થતાં શીખી.

શીરીન ને નોઝર ઘરડા મેહેરોઝની સઘળી મીલકતનાં તેનાં મરણ પછી માલેક થયાં, અને શીરીનની મરનાર માની બે બીજી બેહેનો પોતા પોતાને લાયક ભરથારો જોઇ કાઢી તેઓના સાહયા હેઠળ જઇ રહી.

બુઢો અસ્પંદીઆર અને તેની બાનું સોહાબે પરીનનાં મહા દુઃખદાયક મરણ પછી એકલાં ઝુરી ઝુરીને માત્ર થોડા થોડા દહાડાને અંતરે 'માર્ગે લાગ્યાં,' અને અસ્પંદીઆરના મરતી વેળાની મરજી મુઆફેક તેની બી સઘળી દોલત નોઝરને હાથ આવી, જેમાં નોઝરના પોતાના કાકાનાં મરવાથી એક વળી નવો મોટો વધારો થયો, અને એ સઘળી ગંજાવર દોલત આ ભલાં ધણી ધણીઆંણીએ પોતાનું સુખ જોવા. ઉપરાંત ગરીબોનાં દુઃખ તાળવામાં અને ભલાઇનાં તથા ખરાં પુનનાં કામકાજે કરવામાં વાપરી, સદા સુખ ચેનમાં રેહવા લાગ્યાં.

દારાબની મા દેલજંગ સાંમે સાક્ષી આપી જવા પછી તે મેહેનત તેનાં બુઢાં હાડ માટે જોઇએ તે કરતાં ઘણી વધારે થઇ પડવાના સબબે તેજ સાંજે તેણીનાં ઘરનાં એક ખુણામાં એકલવાઇ હાલતે મરણ પામી.

બાનુ તેહેમીના સુંદર શીરીનને ત્યાં એક ગોઠવણ પ્રમાણે હમેશ સુધી રહી, ને તે શીરીન અને નોઝર બંનેની માતા થઇ.

બારમાને દેલજંગ પછવાડે આટલું બધું કીધા પછી તે કોઇ દુર દેશમાં નાહસી ગયો, અને ફરી તેનું શું થયું તે કદી કશું જણાયું નહીં.

પેલો માંદો ભીખારી નરીમાન અસ્પંદીઆરનાં ઘરમાં દેલજંગને કેદ પકડવામાં મદદ લાગવા ગયો હતો તે થાક તેની તુરતની ભારે માંદગી ખમી શકે તે ઉપરાંત ઘણી વધારે હોવાથી થોડે દહાડે તે પણ મરણ પામ્યો હતો.

મેહેરનોશ ને આજરની પેઠી જેવી ને તેવી ફતેહમંદ રહી, અને તોપણ પોતાના ભલા આડતીયા જવાંન આતશીનની ખોટ તેમને હમેશાં ઘણી ખુંટતી હતી.

અને હવે, વાંચનાર! અમો માનીએ છીએ જે અમારૂં કામ તમામ થયું છે. અમારી વારતા દરેક પ્રકારે મનપસંદ અને ચાનક આપનારી તથા કાંઇક નીતિનો સારો સાર ખેંચવા લાયક બનાવવાને અમોએ બનતું કીધું છે, અને જો તે માટે દરેક 'સરકલ'માં અત્યાર સુધીમાં એક અવાજે જાહેર થએલી પસંદગી ઉપર ખુશી થવાને અમોને તારી રજા હોય તો અમો માન્યે છીએ જે અમો અમારી કોશેશમાં ઘણે દરજ્જે ફતેહ પામ્યા છીએ. "દેલજંગ દલેર"ની વારતા અમો અત્યારે આ ત્રીજી મરતબે સમાપ્ત કરીયે છીયે, અને તેમ કરતાં પુરતી ઉમેદ ધરાવીએ છીએ કે પેહેલી બે મરતબા થતાં તે જેટલી પસંદ પડતી થઇ ચુકી હતી તેટલીજ તે ત્રીજી મરતબે પ્રગટ થએલી તેનાં સઘળાં વાંચનારાંઓને એકસરખી પસંદ પડશે, અને અમારાં તે શોખીન વાંચનારાંઓની "નવરંગ" માસીકના સાહસીક માલેક અને અધીપતી મી० અરદેશર દેશાઇ હસ્તક ફરીને મુલાકાત કરવાને અમને ખુશી ઉપજશે.

સમાપ્ત.